श्रेयस्साधकअधिकारिवर्ग ग्रंथावलि—ग्रंथांक ८०.

૧૯૭૧ ના આષાઢ શુકલ પૂર્ણિમાના મહોત્સવ નિમિત્ત—

श्रेयसदुपदेशश्रेणि.

त्रयस्त्रिंशतितम सदुपदेश.

વિષયાનુક્રમણિકા.

—પ્રવર્તક—

શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાન.

મુ. વડોદરા.

—પ્રસિદ્ધ કરનાર—

શ્રીશ્રેયસ્સાધકઅધિકારિવર્ગ તરફથી

પુંજાલાલ મોહનલાલ શુક્લ.

વડોદરા.

પ્રત ૫૦૦. ઇ૦ સ૦ ૧૯૧૫. પ્રથમ આવૃત્તિ.

મૂલ્ય રૂ. ૦-૮-૦.

યોગિનીકુમારી.

(પ્રથમ વિભાગ.)

શ્રી મહાકાલમાં પ્રસિદ્ધ થયેલી ' યોગિની ' નામની અત્યંત રસવાળી વાર્તાને પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. જ્યારથી મહાકાલમાં આ વાર્તા પ્રકટ થઇ ત્યારથી તેનાં હજારો ગ્રાહક વધ્યાં હતાં. અને એ અંકો અનેક મનુષ્યોમાં વંચાતા હતા. તમે તે વાંચી હોય તો પણ છૂટક છૂટક વાંચેલી હશે, પરંતુ આમ ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલી સાથે સાથે વાંચવાથી કોઇ જુદા જ પ્રકારનો રસ ઉપજશે. આ વાર્તા વાંચ્યા પછી જ ખરી વાર્તા કેવી હોવી જોઇએ તેનો તમને ખ્યાલ આવશે.

આ પુસ્તક તમારા ઘરમાં હશે તો નક્કી માનજો કે તમે અનેક પ્રકારનાં દુઃખ શોકથી મુક્ત જ છો.

મૂલ્ય રૂ. ૧—૪—૦ પોસ્ટેજ ૦—૨—૦

સરનામું—વ્યવસ્થાપક, મહાકાલ.

વડોદરા.

અમદાવાદ.
શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

॥ ॐ श्री ॥

श्रीसदुपदेशश्रेणी.

अर्थात् [illegible]तितम सदुपदेश.

चिंतनानुरूप सर्जन.

(અનુસંધાન અષ્ટવિંશતિતમ સદુપદેશ શ્રેણીના પૃષ્ઠ ૧૨૫ થી.)

૩

ઉદ્દેશવિનાના કરેલા વિચાર નિરર્થક જાય છે.

વિચાર તો પ્રત્યેક મનુષ્ય કરે છે. તે છતાં જે ફળને તે ઇચ્છે છે તે તેમને મળતું નથી. કારણ કે તે જે વિચાર કરે છે તે કોઈ ઉદ્દેશપૂર્વક હોતા નથી. પરંતુ એક સમયે એક વિચાર કરે છે અને બીજે સમયે બીજો કરે છે. આ પ્રમાણે થવાથી એક વિચારરૂપી બીજકને જે પોષણ મળવું જોઈએ તે મળતુ નથી, અને તેથી તે ફળને ઉત્પન્ન કરી શકતો નથી.

ખેડુત આજે એક બીજક વાવે, કાલે બીજું વાવે, પરમ દિવસે ત્રીજું વાવે, અને આ પ્રમાણે નિત્ય નવાં નવાં બીજક વાવે પરંતુ એક બીજકને પોષીને તેને મોટું કરવાની કાળજી રાખે નહિ તો તે એક પણ બીજકના ફળને પ્રાપ્ત થતો નથી. તે જ પ્રમાણે ઘડીમાં આ, અને ઘડીમાં તે વિચાર સેવનારને ફળનું દર્શન થતું નથી. તેથી ફળનું દર્શન કરવા ઇચ્છનારે ઉદ્દેશપૂર્વક જ વિચારની ધારાને વહેરાવવી જોઈએ.

દરીયામાં વહાણ ખેડનાર એક ક્ષણે સુકાનને એક દિશામાં ફેરવે, અને બીજી ક્ષણે બીજી દિશામાં ફેરવે તો તેનો માર્ગ પાકતો

નથી, અને તે ધારેલે સ્થળે પહોંચતો નથી, પણ દરીઆમાં આમ તેમ ગોથાં જ ખાધા કરે છે, તેવી જ સ્થિતિ ઘડીઘડીમાં જૂદા જૂદા વિચાર સેવનારની થાય છે. તેમની નૌકા આ સંસારાર્ણવમાં અહિંતહિં અથડાય છે. જો તમે કોઇ પ્રકારના ફળનું દર્શન કરવાને ઇચ્છતા હો તો તમારા કોઇ એક ઉદ્દેશને લક્ષમાં રાખીને તદનુકૂળ જ વિચાર સેવો, અને વિચારને ઘડીઘડીમાં ફરવા ન દો.

જેમને દુઃખ, વ્યાધિ, પ્રતિકૂળતા વગેરેનો જય કરવો છે, તેમણે ગમે તેવા વિચાર કર્યે પરવડે તેમ નથી. તેમણે એક મધ્યબિંદુમાં સત્વર સ્થિર થવું જ જોઈએ. અને આ મધ્યબિંદુમાં સ્થિર થતાં તેમના જીવનમાં સહજ સ્થિરતા પ્રકટે છે, અને વિવિધ દુઃખકલેશો શમવા માંડે છે.

જેમનું જીવન આજે અસ્થિર જોવામાં આવે છે, તેમના વિચાર પણ તે જ પ્રમાણે અસ્થિર હોય છે. તે એક પ્રસંગે એક ધંધો કરવાનો વિચાર કરે છે, તો બીજે પ્રસંગે બીજો ધંધો કરવાનો વિચાર કરે છે, અને વળી ત્રીજે પ્રસંગે નોકરી કરવાનો વિચાર કરે છે. આ પ્રમાણે તે એક પણ કાર્ય સ્થિર થઈને કરતા નથી, અને તેથી તે એક પણ સ્થાનમાં કે સ્થિતિમાં સ્થિર રહી શકતા નથી.

કોઈ પણ કાર્યનો આરંભ કરતા પૂર્વે તે કાર્ય કરવા જેવુ છે, કે કેમ તેનો પ્રથમ સારી રીતે વિચાર કરો, અને પછીથી જ તે કાર્યનો પ્રારંભ કરો. પછીથી પ્રાણ જાય તો ભલે જાય, પણ તે કાર્યને અધુરૂં મૂકો નહિ.

મનુષ્ય જીવનમાં જે પ્રકારના શિક્ષણની વિશેષ અગત્ય છે તે પ્રકારનું શિક્ષણ લેશ પણ આપવામાં આવતું નથી, અને જેની નહિજેવી જ જરૂર છે, તથા જેના ઉપર સુખનો ઘણો ઓછો આધાર છે તેવા શિક્ષણને આજે આપવામાં આવે છે, જેથી પ્રજા સુખી કરતાં વધારે દુઃખી જોવામાં આવે છે. કયા વિચાર હિતકારક છે, કયા વિચાર સુખના અને ઉન્નતિના વિઘાતક છે, અને કયા વિચાર સુખ અને ઉન્નતિને કરનાર છે, તેનું શિક્ષણ જ મનુષ્યજીવનમાં અધિક ઉપયોગી છે; પરંતુ પ્રજાને તેવું શિક્ષણ આપનારના આજે અલક્ષ જોવામાં આવે છે. અને આ પ્રકારનો અલક્ષ જોવામાં આવે છે, તેમાં આશ્ચર્ય પણ નથી, કારણ કે તેમને પોતાને જ આ દિશાની ઝાંખીસરખી પણ થએલી નથી.

અમુક વિચારમાં કેવી રીતે સ્થિર થવું તે મનુષ્યના જાણવામાં હોતું નથી, તેમ જ તેમાં સ્થિર થવાથી કેવા લાભ છે તેનું પણ તેમને અજ્ઞાન હોય છે, જેથી એક વિચારમાં મનુષ્યો સ્થિર રહી શકતાં નથી, પણ તે વિવિધ તરંગમાં હંમેશાં ભમ્યા કરે છે, જેનો પરિણામ અશાંતિમય જીવનમાં જ આવે છે તથા કોઈ પણ પ્રકારના ચોકસ ફળને જોવામાં આવતું નથી.

કોઈ પણ વસ્તુને પ્રાપ્ત કરવાનો એક જ અમોઘ ઉપાય છે, કે તદનુરૂપ વિચારમાં સ્થિર થવું, એક ધારાએ તેનું ચિંતન કરવું. ચિંતનાનુરૂપ સર્જન ત્યારે જ થાય છે કે જ્યારે ચિંતન અખંડ અને સદોદિત ચાલતુ હોય છે. અનેક મનુષ્યોતરફથી આજે એવો બોધ કરવામાં આવે છે, કે આપણે જે જોઈતું હોય તેનું ચિંતન કરવું એટલે તે વસ્તુ આપણને મળી જશે. પરંતુ માત્ર આટલું જાણ્યાથી કે ખંડિત વિચાર કરવાથી તે વસ્તુ આપણને પ્રાપ્ત થતી નથી. પરંતુ આ વાતનું તેમને અજ્ઞાન હોય છે, અને તેથી જ્યારે તે જાણે છે કે જેની આપણને જરૂર હોય તેનું ચિંતન કરતાં તે વસ્તુ આપણને મળી જશે, ત્યારે તે એમ માને છે, કે હવે આપણા સર્વ અર્થ સિદ્ધ થશે જ. પરંતુ જેમજેમ સમય જાય છે તેમ તેમ તેમને સમજાય છે, કે તેમના અર્થ સિદ્ધ થતા નથી. આ પ્રમાણે થવાનું કારણ એ છે કે સતત અને એક ધારાવડે વિચાર સેવાવા જોઈએ, તેનું આ મનુષ્યોને જ્ઞાન નથી.

હરતાં ફરતાં, ખાતાં પીતાં અને સર્વ સમયમાં એક જ વિચારમાં રમો, અને તદનુરૂપ ફળ તમને પ્રાપ્ત થયા વિના નહિ જ રહે.

આ સ્થળે એ પણ જણાવવાની જરૂર છે, કે એક સ્થિતિ એવી પણ આવે છે, કે જેમાં સ્થિત થતાં મનુષ્ય કોઈ ઇચ્છા થતાં તેને પ્રાપ્ત થવાનો સંકલ્પ–વિચાર કરે છે, કે તત્ક્ષણ જ તે વસ્તુ પ્રાપ્ત થઈ રહે છે. પરંતુ આ સ્થિતિ કંઈ એકદમ મનુષ્યને પ્રાપ્ત થઈ જતી નથી. આ સ્થિતિ પ્રાપ્ત થવાને અમુક અધિકારની અપેક્ષા રહે છે, અને તેવો અધિકાર જ્યારે મનુષ્યનો થાય છે, ત્યારે જ તે સ્થિતિ તેને પ્રાપ્ત થાય છે. આ સ્થિતિ કેવા ક્રમથી પ્રાપ્ત કરી શકાય છે, તે દર્શાવવાનો આ પ્રસંગ નથી, તેથી અન્ય પ્રસંગે આ વાર્તાની ચર્ચા થશે. પરંતુ એમ એટલું જ જણાવવાની જરૂર છે, કે જે વસ્તુની આપણને જરૂર હોય તેનું સદોદિત ચિંતન કરવું, અને વિચારને ગમે તેમ ભમવા દેવા નહિ.

એક જ વિચારમાં સ્થિર રહેવું, એ વાર્તા સરલ નથી જ. તો પણ અભ્યાસે કરીને તે કાર્ય સિદ્ધ થાય છે જ. જે મનુષ્યો આ પ્રમાણે એક વિચારમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે છે તેમનું ચારિત્ર્ય પણ ઉત્તમ થાય છે, અને તે યોગ્ય કાળે યોગ્ય સામર્થ્યને પ્રાપ્ત થઈ રહે છે.

આપણી કોઈ મહત્વાકાંક્ષાસંબંધી વિચારમાં કદાચ આપણે સ્થિર ન રહી શકતા હોઈએ તો, એમ કરવું કે પ્રથમ સામાન્ય અર્થને સિદ્ધ કરવાનો નિશ્ચય કરવો, અને તેના જ વિચારમાં રમવું. આ પ્રમાણે એક વિચારમાં સ્થિર થવાનો અભ્યાસ પાડવો, અને ક્રમથી અધિક સ્થિરતાને પ્રાપ્ત કરવી. પરિણામે આ પ્રમાણે કરનાર મનુષ્યો મોટાં કાર્ય સિદ્ધ કરી શકે છે.

વિચારમાં અતુલિત સામર્થ્ય રહેલું છે, પણ તે સામર્થ્ય જેમ જેમ વિચાર સ્થિર થતો જાય છે તેમ તેમ પ્રકટતું જાય છે. વિચારને સ્થિર કરવો, એનો એ જ અર્થ કે તેને એક જ દિશામાં વહેવરાવવો. આ પ્રમાણે એક જ દિશામાં જ્યારે વિચારનું વહેવું થાય છે, ત્યારે તે વિચાર સામર્થ્યયુક્ત થાય છે.

આજે આપણે કોઈ વિચાર કર્યો અને આજે જ આપણને અર્થસિદ્ધિ થાય તેમ બનતું નથી. ફળનું દર્શન થવામાં અમુક સમય જાય છે. પણ ફળ મળે છે એ તો સિદ્ધ વાર્તા જ છે. બીજક વાવતાં અને તેનું યોગ્ય રીતે પોષણ કરતાં તે અંકુર કાઢ્યા વિના રહ્યું છે શું ? તો તે જ પ્રમાણે વિચારરૂપી બીજક વાવતાં પણ યોગ્ય ફળ યોગ્ય સમયે મળ્યા વિના નથી જ રહેતું. માત્ર તે બીજકને પોષણ મળવું જોઇએ, એટલી જ સાવધાનતા રાખવાની છે. અનુકૂળ વિચારનું સતત સેવન કરવું, એ જ તેને પોષનાર છે. પ્રતિકૂલ વિચાર વિઘાતક છે, અને બીજકનો નાશ કરનાર છે.

નિર્બળ અથવા માંદા મનુષ્યો જેમ સબળ અને સાજા થઈ શકે છે, તેમ વિચારમાં જે મનુષ્યો નિર્બળ છે અને મંદ છે તે તેમાં પણ સબળ અને સાજા થઈ શકે છે. વિચારમાર્ગમાં આગળ વધવાનો પણ ક્રમ હોય છે, અને તે ક્રમમાં, આગળ વધવા ઇચ્છનાર મનુષ્યો આગળ વધે છે જ. માત્ર વિચાર માર્ગમાં પ્રગતિ કરવાની ઇચ્છા હોવી જોઇએ.

જૂદા જૂદા પ્રસંગે જૂદા જૂદા વિચાર કરવા, એક વિચારમાં સ્થિર ન રહેવું, તથા ઉદ્દેશવિનાના વિચારો કર્યા કરવા, એ વ-

ગેરે વિચારમાર્ગમાં વિઘ્ન કરનાર છે, તથા ધારેલા ફળને પ્રકટાવનાર નથી. તેથી એક જ વિચારને ફળનું દર્શન થતાં પર્યંત સ્થિર રાખવો, તથા કોઈ એક ઉદ્દેશને લેઈને જ વિચારે કરવો, એ વિચારમાર્ગમાં પ્રગતિ કરાવનાર છે, અને ઈપ્સિત ફળને અર્પનાર છે,

જેમણે આગળ અને આગળ વધવું છે તેમણે આડી અવળી દૃષ્ટિ કરવાની કંઇ જ જરૂર નથી. તેમણે માત્ર સીધા જ જોવું જોઈએ. માત્ર ફળનેજ કોણે માનસ ચક્ષુવડે જોવું ઘટે છે. ભય, શંકા, અશ્રદ્ધા વગેરેને તેમણે ત્યજવાં જોઇએ. અને દૃઢ શ્રદ્ધાપૂર્વક એક જ વિચારમાં સ્થિર રહેવું જોઈએ. ભય, શંકા વગેરે આગળ નહિ વધવા દેનાર વિઘ્નરૂપ મોટા ડુંગરો છે. જેમણે આ બેનો જય કર્યો છે તેમણે અવિજયનો પણ જય કરેલો છે, એમ સમજવું.

જેમ જેમ મનુષ્ય એક વિચારમાં શ્રદ્ધાપૂર્વક સ્થિર થતો જાય છે તેમ તેમ તેના વિચારમાં સામર્થ્ય આવતું જાય છે. વિચારની પેલી પાર આત્મા રહેલા છે, અને તે આત્મા સામર્થ્યનો મહોદધિ છે; તેમાંથી જેમ જેમ વિચાર [મન] સ્થિર થાય છે તેમ તેમ સામર્થ્યનો આવિર્ભાવ થતો જાય છે.

૪

વિજયમાં વિચાર કેવી રીતે કાર્ય કરે છે.

મનુષ્યને વિજય મળે, કે અવિજય મળે પણ તે ઉભયમાં તેના વિચાર જ કારણભૂત હોય છે. વિચાર એ બેધારી તલવારજેવો છે, તેને મનુષ્ય પોતાના હિતમાં પણ વાપરી શકે છે, અને પોતાના અહિતમાં પણ તેનો ઉપયોગ કરી શકે છે. અને તે જ પ્રમાણે તે તેનાવડે વિજય મેળવી શકે છે. અને તેના વડે અવિજય પણ મેળવી શકે છે. સ્વલ્પમાં એ જ કે મનુષ્યના સુખ અને દુઃખનું કારણ તેનો વિચાર જ છે. તેથી બુદ્ધિમાન્‌નું એ કર્તવ્ય છે, કે તેણે વિચારવડે સુખને, વિજયને, અને હિતને શી રીતે મેળવવું તે જાણવું ઘટે છે, મનુષ્ય પોતાના વિચારવડે જ ઉંચે ચઢે છે કે નીચે ઉતરે છે. પ્રસંગે એક મનુષ્ય પોતાને સુખદુઃખ પ્રાપ્ત થવામાં અન્યને કારણભૂત ગણે છે, પરંતુ વસ્તુતઃ તે પોતે જ પોતાની સ્થિતિમાં કારણભૂત હોય છે. જેવા મનુષ્ય વિચાર સેવે છે તેવો જ તે થાય છે.

બીજાં મનુષ્યોને આપણે પ્રસંગે સાહાય્ય કરી શકીએ છીએ

પરંતુ જ્યાં સુધી તે પોતે પોતાના પગઉપર ઉભા રહેતાં શીખતાં નથી, ત્યાં સુધી તેમનો સાચો ઉદય નથી થતો. તે જ પ્રમાણે જો આપણે પણ બીજાની સાહાય્યની આશા રાખતા હોઇએ તો આપણો સાચો ઉદય થનાર નથી. પ્રસંગે જરૂર હોય તો બીજાની સાહાય્ય લેવી તેની ના નથી, પરંતુ હંમેશાં બીજાના આધારને ઇચ્છવો એ હિતકર નથી જ. આપણી પોતાની સ્થિતિ સુધારવાને માટે આપણે પોતે જ તૈયાર થવું ઘટે છે. બીજાની સાહાય્યથી આપણને ગમે તેટલો વિજય મળે તો પણ તે વિજય, આપણી પોતાની મેળે મળતા વિજયની તુલ્ય નથી જ. વિચાર અને આચાર, એ બે વડે મનુષ્ય ઇચ્છે તે કરી શકે છે કે ઇચ્છે તે ફળને પ્રાપ્ત કરી શકે છે. અને વિચાર કરવાનું અને એને આચારમાં ઉતારવાનું સામર્થ્ય ઇશ્વરે મનુષ્યને અર્પેલું છે જ, અને આ સામર્થ્યનો ઉપયોગ કરનાર ઇચ્છે તે સિદ્ધ કરી શકે છે. તે આ સામર્થ્યવડે પોતાના વ્યવહારને સાધે છે, એટલુંજ નહિ પણ તે ત્રિભુવનઉપર પણ સ્વામિત્વ મેળવી શકે છે.

દીન, દુઃખી, અને સામાન્ય મનુષ્યોને માટે શ્રીમાન્ સુખી અને મહાન્ થવાનો એક જ માર્ગ છે, કે તેમણે તે પ્રમાણે થવાના વિચાર કરવા. તેઓ આવી ક્ષુદ્ર સ્થિતિમાં રહ્યા છે તેનું એક જ કારણ છે, કે તેમણે તે સ્થિતિના જ વિચાર કર્યા છે. આ વિચારને તે બદલે છે અને ઉત્કૃષ્ટ વિચારને સેવે છે તો તે ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થાય છે. દીન રહેવું, કે શ્રીમાન્ થવું દુઃખી રહેવું કે સુખી થવું, નિકૃષ્ટ સ્થિતિમાં પડયા રહેવું કે ઉન્નતિના શિખરે વિરાજવુ, એ સર્વ મનુષ્યના જ હાથમાં છે. મનુષ્યના એટલે મનુષ્યના વિચારના જ હાથમાં છે. મનુષ્ય જેવા વિચાર સેવે છે તેવો તે થાય છે.

જગતમાં ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરવા ઇચ્છનારે પ્રથમ પોતાના વિચારમાં ઉચ્ચ થવું જ જોઈએ. જ્યાંસુધી મનુષ્ય પોતાના વિચારમાં ઉત્કૃષ્ટ થતો નથી ત્યાંસુધી તેની બાહ્ય સ્થિતિ કદી જ સુધરતી નથી, એ સિદ્ધ વાર્તા છે.

તેમ જ મનુષ્ય જ્યારે નિંદ્ય અને ક્ષુદ્ર વસ્તુઓના કે વિષયોના મોહમાં રચ્યો પચ્યો રહે છે ત્યારે પણ તેનો યોગ્ય વિજય થઈ શકતો નથી. કારણ કે તેનો ઘણો સમય આ ક્ષુદ્ર વસ્તુઓના ચિંતનમાં જ જતો હોવાથી તેનાથી ઉચ્ચ વસ્તુનું ચિંતન થઇ શકતું ન-

થી, અને તેથી તે ઉંચે ચઢી શકતો નથી. તેથી ઉંચે ચઢવા ઇચ્છનારે ક્ષુદ્ર વિષયોના ચિંતનને દૂર કરવાની પ્રથમ જરૂર છે. ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત કરવાને માટે તુચ્છ વસ્તુના મોહને પ્રથમ જ છોડવો પડે છે. એકી વખતે મનુષ્ય ગગનમાં અને કાદવમાં રમી શકતો નથી. તેથી જેણે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવી છે તેણે તુચ્છ વિષયોના કે પદાર્થોના મોહને જીતવાની જરૂર છે.

જેમ મનુષ્ય ઉચ્ચ વિચાર સેવે છે, તેમ સ્વાભાવિક રીતેજ તેનું જીવન ઉચ્ચ થતું જાય છે. તેથી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા ઇચ્છનારે નિરંતર ઉચ્ચ વિચારમાં રમવાની જરૂર છે. જે મનુષ્યોને આપણે આજે ઉત્તુંગ સ્થિતિને પ્રાપ્ત જોઈએ છીએ, તે મનુષ્યોએ આજસુધી તેવા જ ઉત્તુંગ વિચારો કરેલા હોય છે. તે જ પ્રમાણે જેમને આવી ઉત્કૃષ્ટ સ્થિતિની જરૂર હોય તેમણે ઉત્કૃષ્ટ વિચાર જ સેવ્ય છે.

વિચારનું બળ એટલું અદ્‌ભુત છે, કે મનુષ્યને તે અનુકૂલ સ્થિતિમાં સ્થાપે છે જ. તેથી જે સ્થિતિની આપણને જરૂર હોય તેના જ વિચાર નિત્ય સેવ્ય છે.

કોઈ કોઈ મનુષ્યોનું કહેવું થાય છે કે મનુષ્યની અવનતિ થતીજ નથી. પરંતુ આ વિચાર ઉચિત નથી. જો મનુષ્ય અવનતિ થાય તેવી કૃતિ કરે છે તો તેની અવનતિ થાય છે, અને તે ઉન્નતિ થાય તેવી કૃતિ કરે છે તો તેની ઉન્નતિ થાય છે. તેથી જો મનુષ્યે પોતાની ઉન્નતિ જ કરવી હોય તો નીતિ, સત્ય, વગેરેની ઉપેક્ષા કરવાની નથી, પણ તેમની અપેક્ષા રાખવાની છે, એ ધ્યાનમાં રાખવાનું છે.

ગમે તે શાખામાં મનુષ્ય વિજય મેળવે, પરંતુ તેના વિચાર જ તેમાં કારણભુત હોય છે. જો તે વિજયના વિચાર કરે છે તો તેને વિજય મળે છે, તેથી વિજય મેળવવા ઇચ્છનારે વિજયનું જ ચિંતન કર્તવ્ય છે.

૫.

કલ્પના.

વિવિધ શાખામાં વિજયને ઇચ્છનારે કલ્પના શક્તિનો ઉપયોગ કરવાની જરૂર છે. અનેક મનુષ્યો કલ્પનાને વખોડી કાઢે છે, અને

તેનો આશ્રય લેનારને તરંગીમાં ગણી કાઢે છે. પરંતુ આ વાર્તા સત્ય નથી. કલ્પનાની મનુષ્યને અનિવાર્ય જરૂર છે જ, પરંતુ તેનો લાભ ત્યારે નથી જણાતો અથવા તો તેથી હાનિ ત્યારે થાય છે કે જ્યારે મનુષ્ય માત્ર કલ્પનાના ઘોડા જ દોડાવ્યા કરે છે, અને તેની સાથે તેણે જે પુરુષપ્રયત્ન કરવો જોઈએ તે કરતો નથી. એકલી કલ્પના પાંગળી છે. તેની સાથે જ્યારે પ્રયત્ન ભળે છે ત્યારે જ તે ફળને પ્રકટ કરે છે. તેથી જે મનુષ્યો માત્ર કલ્પનાના ઘોડા દોડાવીને બેસી રહે છે, અથવા તો કલ્પનાના ઘોડા દોડાવ્યા જ કરે છે, તે કદી ફળનું દર્શન કરતા નથી, કારણ કે એકલી કલ્પના ફળને પ્રકટ કરી શકતી નથી.

આપણે જેની જરૂર હોય તેને પ્રથમ કલ્પનામાં ઉત્તમ પ્રકારે રચવાની જરૂર છે. પછીથી તે કલ્પનાને દઢ રાખવાની પણ તેટલી જ જરૂર છે. જો આ કલ્પનાનાં ચિત્રો વારંવાર બદલવામાં આવે છે તો તે પણ નિરર્થક જ છે. આજે આપણે ઘરનું ચિત્ર મનમાં રચીએ. એક બે દિવસ રહીને વળી આરોગ્યનું ચિત્ર રચીએ, વળી પુનઃ ત્રીજું જ ચિત્ર કલ્પનામાં ચિતરીએ, અને આ પ્રમાણે આપણી કલ્પનામાં નવાં નવાં ચિત્ર ચિતર્યા કરીએ, તો એક પણ ચિત્ર સ્થિર થતું નથી, અને આપણને કંઇ જ લાભ થતો નથી. કોઈ મનુષ્ય પોતાને જે ઘર બાંધવું હોય તેનો નકશો પ્રથમ કાગળઉપર ચિતરે, બીજે દિવસે બીજો નકશો ચિતરે, ત્રીજે દિવસે ત્રીજો નકશો કાઢે, અને આ પ્રમાણે તે કર્યા કરે તો તેનું ઘર બંધાઈ જશે અને તેમાં તે રહેશે, એમ તમને લાગે છે શું ? કદી જ નહિ. તો તે જ પ્રમાણે કલ્પનામાં વિવિધ નકશા ચિતરનાર ફળને પ્રત્યક્ષ કરી શકતા નથી. કલ્પના કરીને જ માત્ર અટકી જવાનું નથી, પણ આગળ ચાલવાનું છે. કલ્પનાને પ્રયત્નમાં ઉતારીને તેને પ્રત્યક્ષ કરવાની છે. અને આ પ્રમાણે જે કરે છે તે ફળને જોઈ શકે છે, અને તેનો લાભ લેઇ શકે છે.

જે મનુષ્યો આ જગતમાં તરંગી ગણાય છે, અને જે કંઇ જ કરી શકતા નથી, તેઓ હાંસીને પાત્ર ઠરે છે, તેનું એ જ કારણ હોય છે, કે તે માત્ર કલ્પનાના જ ઘોડા દોડાવ્યા કરે છે, અને પ્રયત્નમાં કંઇ કરતા નથી. તેથી કલ્પનાની સાથે પ્રયત્નને પણ જોડવાની જરૂર છે.

અનેક પ્રસંગે એમ પણ બને છે, કે મહાન્ કલ્પના કરનાર મનુષ્યો હાસ્યને પ્રાપ્ત થાય છે, અને પ્રસંગે તે ગાંડાજેવા ગણાય છે, પરંતુ વસ્તુતઃ આ વાર્તા સત્ય હોતી નથી. કલ્પના એ અંતરાત્માનો એક સ્વર છે, કે જે સ્વર અમુક વસ્તુ સિદ્ધ થઈ શકે તેમ છે એવું દર્શાવે છે. ગમે તેવી કલ્પના હો, પણ તેનું પ્રભવસ્થાન અંતરાત્મા છે. તેથી તે સિદ્ધ થઈ શકે તેમ હોય છે. પણ તદનુકૂલ યોગ્ય પ્રયત્ની જરૂર રહે છે.

રેલ્વેગાડી, બલુન, એરોપ્લેન, વિદ્યુતશક્તિ, ગ્રામોફોન વગેરે અનેક શોધોને કરનારના મનમાં પ્રથમ તેની કલ્પના થઈ હતી. આ કલ્પના તેમણે જગતને જણાવી હોત તો તે હાસ્યને પાત્ર થયા હોત. અને તે પ્રમાણે કોઈ કોઈ થયા પણ છે, પરંતુ તેમણે તે કલ્પનાનુકૂલ સ્થિતિ વા વસ્તુ આ જગતમાં સંભવિત છે, એમ માનીને તેની પાછળ અતુલ પ્રયત્ન કર્યો અને તે, પોતાની કલ્પનાને જગત્માં સ્થૂલ રૂપમાં પ્રકટ કરી શકયા.

આવી મોટી કલ્પના જેમના અંતઃકરણમાં ઉદ્ભવે છે, તેમની અને જગતનાં ઇતર મનુષ્યોની વચ્ચે ઘણું અંતર હોય છે બંન્નેના અધિકારમાં ઘણો ફેર હોય છે. અને તેથી એકની કલ્પનાના સત્યને અન્ય મનુષ્યો સમજી શકતાં નથી, અને તેથી તેનો સ્વીકાર કરી શકતાં નથી. પરંતુ તેટલા ઉપરથી બુદ્ધિમાને આવી ઉત્તુંગ કલ્પના કરતાં અટકી જવાનું નથી. પરંતુ સાવધાનતા એટલી રાખવાની છે કે, તેમણે માત્ર કલ્પના કરીને બેસી રહેવાનું નથી, પણ આગળ પ્રયત્ન કર્તવ્ય છે.

કોલંબસને અમેરિકાસંબંધમાં જે કલ્પના થઈ હતી તે કલ્પનાને જગત્ અનુમોદન આપે તેમ નહતું, પરંતુ તેણે તેને સંભવિત માનીને અમેરિકાને શોધી કાઢવાને યોગ્ય પ્રયત્ન કર્યો અને તેને તેમાં વિજય મળ્યો. તે જ પ્રમાણે તમને આવી કોઈ મહાન્ કલ્પના થતી હોય, તમારા અંતર્માંથી કોઈ સ્વર ઉઠતો હોય તો તેને દબાવી દેતા નહિ, પણ તેને સંભવિત માનીને તેને સ્થૂલ જગત્માં પ્રત્યક્ષ કરવાનો યોગ્ય પ્રયત્ન કરજો.

કલ્પનામાં શું શું રહેલું છે તે કોણ કહી શકશે ? તેમાં કેવું અદ્ભુત સૌંદર્ય, કેવાં અદ્ભુત સામર્થ્ય, તથા કેવી કેવી વિલક્ષણ વસ્તુઓ રહેલી છે, તે કોણ જણાવી શકે તેમ છે ? આ સર્વની

કંઇક ઝાંખી, ચિત્રકાર, શિલ્પી, કવિ, તથા સંયમી કરી શકે છે, અને તેને તે યથાશક્તિ સ્થૂલ જગતમાં પ્રકટ પણ કરી શકે છે, તથા જગતને તેનું ભાન કરાવી શકે છે.

આ મનુષ્યોને તમે જગતમાંથી લેઈ લો અને જગત્ શુષ્કવત્ લાગશે, તથા સૌંદર્યમાત્રનો વિનાશ થશે. આ મનુષ્યોવડે જગતમાં સૌંદર્યની પ્રતીતિ થાય છે તથા જગતને અદૃશ્યમાં શું શું રહેલું છે તેની કંઇક ઝાંખી થાય છે. આ મનુષ્યો જગતમાં ન હોત તો તે દુઃખી જ વિશેષે કરીને જોવામાં આવત.

આ મનુષ્યોને જે કંઇ ઝાંખી કલ્પનાના પ્રદેશમાં થાય છે તેને સ્થૂલ રૂપમાં પ્રત્યક્ષ કરવાનો તે યત્ન કરતા ન હોત તો તે તેને તે પ્રદેશમાં જ વિરમી જાત. પણ આ મનુષ્યો તેને સ્થૂલ રૂપમાં લાવવાને યથાશક્તિ પ્રયત્ન કરે છે, અને તેથી તેનું પ્રત્યક્ષીકરણ કરે છે. તે જ પ્રમાણે તમે પણ તમારી કલ્પનાને સ્થૂલરૂપમાં લાવવાને કરવો ઘટે તે પ્રયત્ન કરજો, અને માત્ર કલ્પનાને જોઈને અટકી જશો નહિ, તો જગતમાં તમે કંઈ નવીન જ કાર્ય કરશો તથા નવીન જ વસ્તુનું દર્શન કરાવશો.

તમારા મનમાં ઉદ્ભવતી મનોહર કલ્પનાને ઉત્તેજન આપો, તમારી મહત્વાકાંક્ષાને પોષો, તમારા અંતરમાંથી ઉઠતા દિવ્ય સ્વરને વધાવી લો, અને જે કંઈ સૌંદર્યમય સ્થિતિ, કે વસ્તુનું તમને તમારી કલ્પનાચક્ષુથી દર્શન થાય તેને ઉવેખી કાઢતા નહિ, પણ તેનો સત્કાર કરીને તેને પ્રત્યક્ષ કરવાને યત્ન કરો. તમારા અંતરમાં રહેલા તમારા સૂક્ષ્મ જગતને તમે પ્રકટ કરો, અને મનુષ્યોને જોવા દો, કે તમે કેવો ચમત્કાર કરી શકો તેમ છે.

જે કંઇ મનોહર કલ્પના તમે કરી શકો, અથવા તમને જે કંઇ સુંદર કલ્પના આવતી હોય તે કલ્પનાની તમે ઉપેક્ષા કરતા નહિ, પણ તેને સ્થિર રાખીને તેને સ્થૂલ રૂપમાં પ્રકટ કરવાને યત્નશીલ થજો.

જેમ એક મનુષ્યના અંતરમાં ઉચ્ચ કલ્પના સ્વાભાવિકરીતે રચાય છે તેમ અન્ય મનુષ્ય તેને સ્વેચ્છાથી પણ રચી શકે છે, તો તે પ્રમાણે તમે તમારાથી બને તેટલી ઉચ્ચ કલ્પના કરજો, અને તેને સ્થિર રાખીને તેને પ્રકટ કરવાને યત્ન કરજો; તો એક દિવસે તમે તદનુકૂલ સ્થિતિમાં સ્થિત થશો જ.

એક નાના સરખા બીજકમાં કેટલું મોટું વૃક્ષ રહેલું છે! તેજ પ્રમાણે આરંભમાં થતી મનુષ્યની કલ્પનામાં મોટી મોટી સંભવિત વસ્તુઓ રહેલી છે. આ કલ્પનાઓ બીજકજેવી છે. જેનું પોષણ કરતાં તે વૃક્ષરૂપમાં પરિણામ પામે છે જ.

તમારી પરિસ્થિતિ કે સ્થિતિ ગમે તેટલી નિકૃષ્ટ, કે પ્રતિકૂલ હોય, તો પણ જો તમે તમારી કલ્પનામાં અનુકૂલ સ્થિતિને રચો છો, અને તેને સ્થિર રાખી રહો છો, તો એક દિવસ એવો આવે છે કે તમારી નિકૃષ્ટ કે પ્રતિકૂલ સ્થિતિ પલટાઈને ઉત્કૃષ્ટ અને અનુકૂલ સ્થિતિ તમને પ્રાપ્ત થઈ રહે છે. તમે તમારા આંતર પ્રદેશમાં પ્રગતિ કરો, અને બાહ્ય પ્રદેશમાં ગાંત કર્યા વિના રહો એમ બની શકે તેમ નથી. આંતર ફેરફાર યોગ્ય સમયમાં બહિર્ પ્રદેશમાં દર્શન દે છે જ.

નિર્ધન, રોગી કે વ્યાવહારિક નિકૃષ્ટ સ્થિતિમાં પડી રહેનાર મનુષ્યો જો પોતાના મનમાં ઉત્કૃષ્ટ સ્થિતિને રચે છે, અને તેમાં ઉત્સાહ તથા આશાથી રમે છે, તો તેમની નિર્ધનતા, રોગ, તથા નિકૃષ્ટ સ્થિતિ સહજ પલટાઇ જાય છે. એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવાનો આ જ માર્ગ છે. પ્રથમ તમારી કલ્પનામાં તમે ફેરફાર કરો, અને તમારી સ્થિતિમાં તે ફેરફાર પ્રકટ થયા વિના નહિ રહે. સાપને પોતાની જૂની કાંચળી ઉતારી નાખતાં જેમ કાંઈ પરિશ્રમ પડતો નથી, તેમ આવા મનુષ્યોને પોતાની જૂની સ્થિતિ બદલતાં કંઇ પરિશ્રમ પડતો નથી. તે સ્થિતિ સાપની જૂની કાંચળીની પેઠે સહ જ બદલાઈ જાય છે. કારણ કે નિર્ધનતા અને શ્રીમાન્ સ્થિતિ એ બે સાથે રહી શકતાં નથી, અને જ્યારે સધન સ્થિતિનો યોગ આવે છે ત્યારે નિર્ધન સ્થિતિ સહ જ ટળી જાય છે.

આરંભમાં નિકૃષ્ટ સ્થિતિમાં હતા, અને પાછળથી ઉત્કૃષ્ટ સ્થિતિમાં આવેલા એવા મનુષ્યોના જીવનને જોતાં જણાશે, કે તેમના જીવનમાં કેટલું બધું અંતર પડી ગયું છે. જગત્નાં મનુષ્યો આમ થવામાં બીજાં અનેક કારણોને નિમિત્ત ગણે છે. પરંતુ વસ્તુતઃ તેમના અંતર્માં થએલો ફેરફાર જ કારણભૂત હોય છે. તેમનું ચિંતનજ એ પ્રકારનું હોય છે, કે તેમને તે સ્થિતિમાં તે સ્થાપે. તમે પણ તમારી સ્થિતિ બદલવા ઇચ્છતા હો તો એ જ પ્રમાણે પ્રથમ તમારા ચિંતનને બદલો અને તમે સહજ તેવી ઉત્કૃષ્ટ સ્થિતિમાં મૂકાશો.

ઘણા મનુષ્યો પોતાની ઇચ્છાપ્રમાણે ફળ તરત નથી મળતું, તો અકળાય છે અને પછી ગમે તેવા વિચારને સેવે છે. પણ આ ઉચિત નથી. ફળને મળવાનો જ્યાં સમય થાય છે ત્યાં એક ક્ષણનો પણ વિલંબ થતો નથી. જેથી જ્યાં સુધી ફળ ન મળે ત્યાં સુધી યોગ્ય ચિંતનને ત્યજી દેવાનું નથી, તથા યોગ્ય પ્રયત્નને પણ ત્યજી દેવાનો નથી.

જેમને વિચાર કરવાનું સામર્થ્ય નથી તે જ એ પ્રમાણે બોલતા બેસી રહે છે કે નશીબ જ સર્વ કરે છે, યોગથી જ સર્વ મળે છે વગેરે. પણ જેમને વિચાર કરવાનું સામર્થ્ય પ્રાપ્ત છે, તે કદી પણ એ પ્રમાણે બોલતા નથી. પણ વિચારવડે જ સર્વ થાય છે એ પ્રમાણે માને છે. ફળ મળવામાં શું કારણ હોય છે તે આ મનુષ્યો જોઈ જાણી શકતા નથી, અને તેથી તેમાં અનેક તર્કવિતર્ક કરે છે. મનુષ્ય જાણતાં કે અજાણતાં જે પ્રકારની કલ્પના પોતાના મનમાં રચે છે, તે પ્રકારનું ફળ તેને મળે છે જ. તેથી તમારે જે સ્થિતિ જોઇતી હોય તે પ્રકારનું ચિત્ર તમારે પ્રથમ રચવાની જરૂર છે તથા તદનંતર તેમાં રમવાની જરૂર છે. અજાણતાં જે મનુષ્યો આ પ્રમાણે કરે છે તેમને જ્યારે ફળ મળે છે ત્યારે ભાનપૂર્વક જે મનુષ્યો ક્રિયા કરે છે તેમને તેનું ફળ મળે તેમાં આશ્ચર્ય જ શું છે?

૬

શાંતિ.

શાંતિરત્ન જેને પ્રાપ્ત છે તેનો સંસાર સુખમય જ ચાલે છે. મનઉપર જેને કંઇ પણ સ્વામિત્વ પ્રાપ્ત થયું હોય છે તે જ શાંતિને ધારણ કરી શકે છે. જે મનના દાસ છે તે શાંતિને રક્ષી શકતા નથી. કાર્યકારણવચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે, અર્થાત્ અમુક વિચારનું કે ક્રિયાનું ફળ અમુક મળે છે, એ જે રુડી રીતે જાણે છે તે જ શાંતિને સેવી શકે છે. ઇતર મનુષ્યો ભય, ચિંતા વગેરેને વશ વર્તે છે અને શાંતિને ધારણ કરી શકતા નથી. અમુક ક્રિયાનું ફળ અમુક સમયે મને મળનાર છે, એ પ્રમાણે જે જાણે છે તેને અશાંતિ સેવવાનું કોઇ પ્રયોજન રહેતું નથી. અને તેથી તે શાંતિપૂર્વક પોતાનું જે કર્તવ્ય હોય છે તે જ કર્યા કરે છે.

શાંત પુરુષ જેમ પોતાના અંતઃકરણને વશ વર્તાવી શકે છે તેમ તે બીજાની સાથે કેવી રીતે વર્તવું તે પણ જાણી શકે છે. બીજા મનુષ્યો અનેક પ્રસંગે આ મનુષ્યની શાન્તિ ચળાવવાને પ્રયત્ન કરે છે, છતાં તે શાંતિને ત્યજતો નથી, અને ધૈર્યથી પ્રશાંત જ રહે છે.

મનુષ્ય જેમ શાંતિને અધિક ધારણ કરતો જાય છે તેમ તેને વિજય મળવાના સંભવ અધિક રચાતા જાય છે. કારણ કે શાંતિમાં અત્યંત બળ રહેલું છે, જે બળ તે પુરુષને સહજ પ્રાપ્ત થાય છે, અથવા તો શાંતિને ધારણ કરવાથી આત્મા કે જે અનંત બળનો સમુદ્ર છે તેમાંથી બળનો આવિર્ભાવ થાય છે અને જે મનુષ્યો અશાંતિને ધારણ કરે છે તે મનુષ્યો બળથી રહિત થતા જાય છે; કારણ કે અશાંતિવડે જે બળ તેમના અંતરાત્મામાંથી પ્રકટવું જોઇએ તે પ્રકટતું નથી, અને તેની સાથે જે કંઇ બળ પ્રાપ્ત હોય છે તેનો પણ ક્ષય થાય છે. કોઈ પણ ધંધામાં શાંતિને ધારણ કરનાર મનુષ્ય વિજયને અધિક પ્રમાણમાં વરે છે, એ શાંત મનુષ્યોને જોવાથી સહજ જણાશે.

વળી જે શાંત મનુષ્ય છે તે સર્વનો પ્રીતિપાત્ર થાય છે તથા તે સન્માનને પણ પામે છે, કારણ કે સહજ સ્વભાવે જ તે સર્વને ગમે છે. અને સર્વને ગમે છે તેનુ કારણ એ હોય છે કે તેના સહવાસથી સર્વને એક પ્રકારનું સુખ ઉપજે છે. ઉનાળામાં વૃક્ષથી જેમ મનુષ્યને શાંતિ મળે છે તેમ શાંત પુરુષથી તપ્ત મનુષ્યોને સુખ ઉપજે છે. શાંત મનુષ્યના આંતરસમુદ્રમાં ખળભળાટ થતો નથી અને તેથી તે કદી પણ વિકળ થતો નથી. કેળવણીનો અંતિમ ઉદ્દેશ આ જ હોવો ઘટે છે કે મનુષ્ય સર્વ સમુદ્રમાં શાંતિને ધારણ કરે. વિદ્યામાત્ર અને દ્રવ્યમાત્ર આ એક શાંતિમાં સમાઈ જાય છે, કારણ કે તેનાથી જેટલું સુખ ન મળે તેટલું શાંતિથી મળે છે. તેથી સર્વ ઉપાયે સર્વ સમયમાં એક શાંતિ જ સેવ્ય છે.

અશાંત મનુષ્યો જેમ પોતાને દુઃખ ઉપજાવે છે તેમ બીજાને પણ તે દુઃખ અને કલેશના કારણભૂત થઈ રહે છે. જેથી અશાંત સ્વભાવ સર્વ રીતે ત્યજવા યોગ્ય છે.

તેથી ગમે તેવા પ્રસંગો આવીને પ્રાપ્ત થાય, કે ગમે તે સ્થિતિ પ્રાપ્ત થાય તોપણ શાંતિને ત્યજતા નહિ, અને સમુદ્રના ગર્ભભાગમાં જેમ કેવલ શાંતિ પ્રવર્તે છે તેમ પ્રશાંત રહેજો. તમારી વિચારનૌકાનું સુકાન તમારા હાથમાં જ હંમેશાં રાખજો, અને તેને છટકી જવા

દેશો નહિ. શાંતિ એ અતુલિત બળને પ્રકટ કરનાર છે, એ ભૂલી જતા નહિ, કારણ કે વિજયને પ્રાપ્ત કરવામાં તમારે બળની અનિવાર્ય જરૂર છે. જેથી નિરંતર શાંત, પ્રશાંત રહેજો, અને આ સંસારના ક્લેશોથી અલિપ્ત રહીને યથેચ્છ સ્થિતિને પ્રાપ્ત કરવા ઉન્નતિ ગિરિના શિખરે સ્થિત થજો.

જગન્નાથ.

प्राथमिक शिक्षण.

કેળવણીનો હેતુ, વિચાર તથા ફલ, એ બાબતનું પાછા વળી અવલોકન કરનાર હાલ જેટલો વર્ગ છે, અને તેમના તરફથી જે જે અભિપ્રાયો પુસ્તકોદ્વારા, માસિકો તથા વર્તમાન પત્રોદ્વારા તથા સામાજિક ચર્ચાના પ્રસંગોદ્વારા, વારંવાર જાણવામાં આવે છે, તે ઉપરથી સર્વેનું કહેવું ટુંકાણમાં એટલું થાય છે કે આપણા દેશમાં, આપણી પ્રજામાં પ્રાથમિક કેળવણીનો પાયો અત્યંત કાચો છે, તેને સુધારી મજબુત કરવાની ઘણી જ જરૂર છે, અને તે થાય તો જ તેના ઉપર ભવિષ્યમાં ચણવામાં આવતી ઇમારત ભવ્ય તથા સુશોભિત થઈ કાંઈક ઉચ્ચ આદર્શરૂપ ફલને આ સમગ્ર દેશના કલ્યાણઅર્થે અર્થાત્ પ્રત્યેક મનુષ્યપ્રાણી આદિના સુખને અર્થે પ્રકટાવી શકાય. જ્યાંસુધી તે પાયો જીર્ણ રહે ત્યાં સુધી ભવિષ્યના ઉચ્ચ સુખની વિવિધ આશાઓ વર્તમાનના દૃષ્ટિગોચર પદાર્થમાં પ્રત્યક્ષ થવી કઠિન છે. પ્રાથમિક શિક્ષણને જ ઉચ્ચતમ સ્થિતિએ લઈ જવા યત્ન કરવો જોઈએ. તે યત્નમાં સર્વ પ્રકારના યત્નોનો સમાવેશ થઈ જશે.

વળી આ સાથે બીજો અગત્યનો વિચાર એ જણાવવામાં આવે છે કે પ્રાથમિક શિક્ષણ આપણી શાળાઓમાં જે જે સાધનોવડે આપવામાં આવે છે અને તેમાં જે પ્રકારના સાહિત્યની સગવડતા માનવામાં આવી છે તે સર્વ ઘણે અંશે અપૂર્ણ, તથા યોગ્યાયોગ્યતાના સંપૂર્ણ વિચારવિના ગોઠવાએલું, તથા તે સાહિત્યનો ઉપયોગ કરી જાણવાની પૂર્ણ માહિતીવિનાની પદ્ધતિ, તેમ જ શિક્ષકોની

નિર્ધનસ્થિતિ અને ટુંકા પગાર છે. આ સર્વ કારણોને એકત્ર કરી પ્રાથમિક શિક્ષણના અંગને દોષયુક્ત માનવામાં આવ્યું છે, તે વાર્તા ઘણે અંશે સત્ય છે. તેને ત્યાંથી સુધારી ઉત્તમ યોજનામાં ફરી ઉતારવાનું છે. તેનો જ્યાં છે ત્યાંથી નાશ કરવાનો નથી અને તેમ કોઈ કરી શકે તેમ પણ નથી. જ્યાં જેવી સ્થિતિમાં છે ત્યાંથી તેને નવું જીવન આપી તેના સમગ્ર અંગને નવું રચવાનું છે. ક્રમે ક્રમે તે સહજ થાય તેવું છે. ઉતાવળ તેમાં કામ આવે તેમ નથી તેમ છતાં વિશેષ પ્રમાદ કે આળસને અવકાશ આપી સુધારાના શસ્ત્રને આગળ રસ્તો કાપતાં મંદવેગવાળું કરવાની જરૂર નથી. પાણીદાર શસ્ત્ર કુશળ પુરુષના હાથમાં રહી હમેશાં રક્ષણ આપી વિજય-સમીપ લાવે છે.

શિક્ષણના સાહિત્યમાં, કેવા કેવા વિષયોની તથા કેવા કેવા પદાર્થોની કયાં કયાં અને કેવી રીતે ગોઠવવાની જરૂર છે તે સર્વે બાળકોના અત્યંત પ્રેમપૂર્વક સહવાસ અને તેમના અવલોકનવડે જાણી શકાય છે. તેમની કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેંદ્રિયોનો વિકાસ કુદરત કેવી રીતે કરે છે તથા કયા ક્રમથી કુદરત તેની વૃદ્ધિને અનેક રીતે પમાડ્યા કરે છે તેનું જ્ઞાન સૂક્ષ્મ રીતે કુદરતના શારીરિક તથા માનસિક નિયમોદ્વારા જાણવું જોઈએ.

સમગ્ર વસ્તુમાં જ્યાં ત્યાં એક સરખું ધોરણ કુદરતમાં લાગુ પડતું હોય તો તે એક સરખા ધોરણને તથા જ્યાં જ્યાં વિવિધતા-વાળું ધોરણ લાગુ પડતું હોય ત્યાં તેવું વિવિધતાવાળું ધોરણ લાગુ પાડવાની કલા ઉચ્ચશિક્ષણકલાભિજ્ઞે જાણી લેવાની અનિવાર્ય અગત્ય છે.

શિક્ષણની કલા નિયત પદ્ધતિપૂર્વક ગોઠવનાર પુરુષોની યોગ્યતા અત્યંત મહાન્ હોવી જોઈએ છે. દેશના આચાર, વિચાર, વર્તમાનમાં આશયો સિદ્ધ કરવા ધારેલા હોય તે અને ભવિષ્યમાં સિદ્ધ કરવાના મનોરથો મુકરર કરવામાં આવતા હોય તે, ચાલુ સ્થિતિમાં કરવા જોઈતા યોગ્ય સુધારા તથા જે સ્થિતિએ પહોંચવા ધાર્યું હોય તે સ્થિતિને અનુકૂળ શિક્ષણના ક્રમો, તથા બાળકો હાલ છે તેમની યોગ્યતા, તેમની શક્તિ આદિનો વિચાર, એ સર્વ અંગો ખાસ યાદ રાખવા જોઈએ. તેનો અભ્યાસ કરી સમયને અનુકૂળ રચના ઘડવી જોઈએ.

સાહિત્યની બાબતમાં કેટલાક પ્રાચીન પદ્ધતિને કેવળ વળગી રહેવાના આગ્રહવાળા હોય છે ત્યારે કેટલાક અર્વાચીન પોતાના

અભ્યાસ અને અવલોકનવડે શોધાએલી નહિ પરંતુ પાશ્ચાત્ય વગેરે પ્રજાના ક્રમોને અપૂર્ણ અંશમાં, છિન્નભિન્ન રીતે અનુકરણ કરી એકદેશી સાહિત્યને દાખલ કરવામાં માન અને ક્રિયાસિદ્ધિના ઉપાયને ગ્રહણ કરે છે.

આપણા દેશની વસ્તુસ્થિતિ, વિચાર વિગેરે અન્ય દેશોકરતાં અનેક રીતે ભિન્ન છે. તેમાં કેવળ ત્યાંનું જે હોય તે નભે તેમ નથી, તેમ કેવળ અહિંનું જે કાંઈ જુનું રહ્યું સહ્યું હોય તે પણ નભે તેવું નથી. તેમ સેળભેળ કરી અર્થવિનાનુ મહેનત લઈ અભ્યાસ કર્યા વિના વેઠ ઉતારી આગળ મૂકવાનું ધાર્યું હોય તે પણ નભવાની આશા ઘણી ઓછી છે.

શિક્ષણસાહિત્યને માટે સાચો પ્રેમ હોય, દેશના બાળકોની અને દેશના કલ્યાણની અંતરમાં દાઝ હોય તો તે માટે આગેવાન પુરુષોએ ઘણો આત્મભોગ આપી, ઘણા મિથ્યા માનપાનને છોડી દઈ, જ્યાં ત્યાંથી અભ્યાસ અને અવલોકન શક્તિને સીધે રસ્તે દોરી લક્ષ્યને સતત કાયમ રાખી કાર્ય કરવાનું છે.

બાળકોના સ્વભાવ અને શક્તિઓનું અવલોકન સહજ થતું નથી. તેમની વૃત્તિઓમાં અનેક વસ્તુઓ બીજરૂપે જ પડી રહેલી હોય છે. તે સામાન્ય દૃષ્ટિથી નજરતળે આવી જતી નથી. તેને માટે સૂક્ષ્મ પ્રયાસ કરવાની જરૂર રહે છે. અને તે જ્યારે બાળકના સહવાસમાં ઘણી ઘણી રીતે આવવાનું બને છે, તથા મનને ધૈર્ય તથા ઉત્સાહવડે કાબુમાં રાખવામાં આવે છે ત્યારે જ તે સમજાય છે.

આવા ઉચ્ચ ગુણો જેના તેનામાં સહજ હોતા નથી. કેટલાક વિરલ ગણાતા પુરુષોમાં જ હોય છે. અને તેઓ જ શિક્ષણના ક્રમને નક્કી કરવાના અધિકારી અર્થાત્ યોગ્યતાવાળા ગણાય છે.

બાળકની મનોવૃત્તિઓ સુંદર અને મહાન્ વસ્તુઓતરફ કુદરતમાં સહજ આકર્ષાય છે, તેમના તરફ તેમની દૃષ્ટિ પડતાં જીજ્ઞાસાવૃત્તિ ઉત્પન્ન થાય છે, અનેક પ્રકારના પ્રશ્ન સ્ફુરે છે તથા કલ્પનાની સંકલના પણ કાંઇ વિચિત્ર પ્રકારે ઉદય થાય છે. પ્રેમભાવ સ્વભાવથી જ સ્ફુરે છે, તેમનું જીવન કવિતામય હોય છે રસમય, આનંદમય, સૌંદર્યમય જીવન સ્વભાવસિદ્ધ છે.

પ્રાથમિક કેળવણીમાં લક્ષમાં રાખવાનો પ્રથમ નિશ્ચય એ છે કે બાળકોમાં જે સ્વાભાવિક પ્રેરણાઓનો ઉદય થતો જોવામાં આવે

તેને કોઇ રીતે દાબી દેવાનો પ્રયત્ન ન કરતાં તેને સરળ અને ઉપયોગી દિશામાં વાળવા પ્રીતિપૂર્વક પ્રયત્ન કરવો. તેની લાગણીઓનો સૂક્ષ્મ અભ્યાસ કરવો અથવા તેની લાગણીઓનું બારીકીથી અવલોકન કરવું. તેનામાં વિરોધી લાગણી ઉત્પન્ન થવાના જે કાંઈ કારણો બનતાં હોય તેને ઉત્પન્ન થતાં પૂર્વે જ તેનું ધ્યાન બીજા પ્રીતિવાળા વિષયમાં જોડી દેતા શીખવું. તેના કોમળ અંગને–શરીર મન તથા આત્માના વિવિધ સ્ફુરણોને મિથ્યા વિવેકવડે અથવા પ્રબળ શરીર, મન તથા આત્માના ભાવવડે સહજમાં આડે રસ્તે વાળી દેવા કદી પણ પગલું ભરવું નહિ. કેળવણીનો મોટો પાયો મનની તથા હૃદયની ઉર્મિઓને સ્વભાવથી વળતી હોય તે દિશામાં સારી રીતે વાળતા શીખવું તે છે.

પુષ્પ, પાણી, નદી, સમુદ્ર, પર્વત, તારા, સૂર્ય, ચંદ્ર, વગેરે અનેક વસ્તુઓના દર્શનથી બાળકમાં અનેક કલ્પનાઓ ઉઠે છે. અને તે ગમે તેવી અસંબદ્ધ જણાતી હોય તો પણ તે સર્વનો મૂળ પાયો તેનામા રહેલી સુંદરતાને પારખવાની, મહાન્‌ને જોવાની, ઉચ્ચને આશ્ચર્યભાવથી ગ્રહણ કરવાની અને સર્વને પ્રેમથી સ્પર્શ કરવાની તીવ્ર શક્તિમાં રહેલો છે. તે શક્તિવિનાનું કોઇ પણ બાળક હોતુ નથી.

જ્યારે પ્રાથમિક શિક્ષણમાં જ આવી મહાન્ શક્તિને ક્રમે ક્રમે વસ્તુ, વિવેક વિચારવડે શોધવામાં આવે છે તથા કેળવવામાં આવે છે ત્યારે તેનુ ભવિષ્ય સૌંદર્યમય, મહાન્, ઉચ્ચ તથા પ્રેમમય થાય તેમાં શુ આશ્ચર્ય ! નવી શોધ ખોળતરફ મનનો વેગ પ્રકટે, નવી વિદ્યાઓના રહસ્યને જનહિતના કાર્યઅર્થે પ્રકટાવી શકે, સ્વતંત્ર ઉદ્યોગોની પ્રવૃત્તિઓ ઉત્પન્ન કરી શકે, સાહિત્યના અને કલાના વિવિધ ક્ષેત્રોમાં અપ્રતિમ ઉત્સાહ બતાવી પ્રત્યેક અદ્વિતીય પદ ધારણ કરવા ભાગ્યશાળી થાય, તે સર્વ આવા ઉચ્ચ કેળવણીના પાયાવડે જ આશા રાખી શકાય.

રમત ગમતના સાધનોમાં, વાંચનમાળામાં, તથા અવલોકઅર્થે લઇ જવામાં આવતાં બાગ બગીચા, સંગ્રહસ્થાન, મેળા તથા મહાલયોમાં, જે પ્રધાન લક્ષ છે તે એક કેળવણીનો છે, તેને આગળ સતત રાખ્યા કરવાનો છે. તેની ગૌણતા પાડી સાધનોને મોટું પદ આપી તેની વિશેષતાઉપર જોવાનું નથી. તે વડે જે હેતુ

સિદ્ધ કરવાનો છે તે હેતુતરફ ધ્યાન રાખવું જરૂરનું છે. ક્રિયાનો અર્થ ન સરે તો ક્રિયા નકામી ઠરે છે તેમ સાધનો સિદ્ધ વસ્તુની પ્રાપ્તિ થવામાં પુરેપુરાં કારણભૂત ન થાય તો તે નકામાં ઠરે છે.

વાંચતાં, લખતાં, હરતાં, ફરતાં, રમતાં પ્રત્યેક શાળામાં કે બહાર મણાતી પ્રવૃત્તિમાં કાંઇ ને કાંઇ બાળકોની શક્તિઓને ખીલવવાની યોજના વિવેકી પુરુષોએ ઘડી કાઢેલી હોય છે, અને કુશળ શિક્ષકો તેનો ઉપયોગ અત્યંત ચાલાકીથી કરતા હોય છે. બાળકમાં રહેલી મહત્તા, અદ્વિતીય પદને પ્રાપ્ત કરવાની યોગ્યતાને કુશળ શિક્ષકો સહજમાં આગળ લાવી તેને વૃદ્ધિ પમાડે છે. તેનામાં નવું જીવન, નવી સ્ફુર્તિ લાવે છે તથા તેના સમગ્ર જીવનને સુશોભિત બનાવવાનો પાયો રચે છે.

જગતમાં પ્રત્યેક પ્રાણી તથા પદાર્થમાં કુદરતે અસાધારણ બળ, તથા જ્ઞાનના બીજકો રોપ્યાં છે, અને તેમને જ્યાં ત્યાં ફેલાવી મૂકયાં છે કોઇ પણ જગ્યાએ અયોગ્ય પક્ષપાત કરેલો જણાતો નથી. તેમાંથી પોતાને તથા પરને ઉપયોગી કાર્યને સિદ્ધ કરાવનાર શુ શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે જેમની દૃષ્ટિ કેળવાયલી હોય છે અર્થાત્ પ્રાથમિક કેળવણીના પાયામાં ઉપયોગિતા, સુંદરતા, મહત્તા વગેરેને શોધવાના અભ્યાસને સેવી તીવ્ર સામર્થ્યવાન્ થઇ હોય છે, તેમને તે વાર્તા જાણવી સહજ હોય છે. મનુષ્યમાં અમુક પ્રકારના ગુણ કેળવાયા પછી તે કોઇ પણ કાર્યમાં સહજ સમય અને અભ્યાસના બળથી આગળ દીપી નીકળ્યા વિના રહેતો નથી. જેની જરૂર છે તે એ જ કે પ્રત્યેક મનુષ્યનામાં, નાના તથા મોટામાં અમુક પ્રકારના ગુણ તથા સ્વભાવ પ્રાથમિક કેળવણીદ્વારા જ કેળવાવા જોઇએ. તે ગુણ પાછળથી કેળવાતાં ઘણો વિલંબ થાય છે અને તેમાં મોટા ભોગ આપવાની જરૂર પડે છે, પણ પ્રથમથી જ જો તે કેળવાયા હોય છે તો અલ્પ ભોગથી મહાન્ વસ્તુની પ્રાપ્તિનાં સાધનો રચાય છે. વાસ્તવિક કેળવણી મનુષ્યપાસે અમુક પ્રકારનાં કાર્યો કરવા માટે હોતી નથી પરંતુ તે તે કાર્યો કરવાની કુશળતા પ્રાપ્ત કરાવવા અર્થે હોય છે. લેખકની કેળવણી પુસ્તક માટે કે લેખ માટે નથી પરંતુ લેખનકલાને સમજવા અને તેમાં પ્રેમ પ્રકટાવવા માટે છે. કવિની કેળવણી કવિતામાટે નથી પરંતુ કાવ્યમય રસમય જીવનને જાગ્રત્ કરી તેનું અવલોકન કરવા અર્થે છે, યોદ્ધાની

કેળવણી કેવળ સંહાર માટે નથી પરંતુ યુદ્ધકલાને દર્શાવી આપવા માટે છે. તેમ કેળવણી અમુક પ્રકારનાં બીબાં રચવા માટે નથી પણ અનેક બીબાંને રચવાના તથા સમજવાના સામર્થ્યવાળા કારીગરો બનાવવા માટે છે. યંત્ર રચવાની જ જરૂર નથી પણ યંત્રકળાને અથથી ઇતિસુધી સમજનાર યંત્રશાસ્ત્રીની જરૂર છે. અનુયાયીઓની સંખ્યાની મોટી જરૂર નથી પણ શાસ્ત્રી અને વેત્તાઓની સંખ્યાની મોટી જરૂર છે.

પ્રાથમિક કેળવણીનો પાયો મનની તથા હૃદયની શક્તિઓને અમુક દરજ્જે કેળવવાઉપર રાખવાનો છે. પરંતુ અત્યારે તેનાથી પર હકીકત અને અંકો મગજઉપર બળાત્કારે ઠોકી બેસાડવામાં આવે છે. ઘણો થોડો અંશ જ કેળવણી જેને સાચા અર્થમાં લઇ શકાય તેના ઉપયોગમાં આવે છે.

ઘણી એવી બાબતોનો સમાવેશ કર્યો હોય છે કે જે બાળકના મન વગેરેઉપર ઘણી થોડી જ અસર સીધી રીતે પ્રકટાવી શકે તથા તેમાં તેની આંતર વૃત્તિઓ જોડાઈ કોઈ પણ ઉચ્ચ ભાવોને પ્રેમથી પ્રદર્શિત કરતી હોય. જે જે વસ્તુઓ તત્કાળ, સરળતાવડે બાળકોના મનને પ્રસન્નતાપૂર્વક આકર્ષણ કરે તથા તેના સ્વરૂપ સાથે વિશેષ માહિતી મેળવવાની જિજ્ઞાસાથી જોડાય, તે તે બાબતોને જ તેમના આગળ વિશેષ ધરવી જોઇએ, અને તે વડે તેમની અન્ય શક્તિઓને ખીલવવા કુશળ શિક્ષકોએ પ્રયત્ન કરવા જોઈએ. અસંબદ્ધ બાબતોને દૂર કરવી જોઇએ. સ્વાભાવિક, સરળ જીવનમાં આવતી નિકટની બાબતોને વિશેષ ચર્ચવી જોઈએ તથા તે વડે તેમનામાં અભ્યાસના, બળના, સુખના, આનંદના, પ્રેમના, દયાના, મૈત્રીના, શૌર્યના, આશ્ચર્યના, વગેરે અદ્દભુત ગુણોના સંસ્કાર પ્રકટાવી તેમને સ્વતઃબોધરૂપ થવા દેવા માટે અવકાશ આપવો જોઇએ. કલ્પના અને લાગણી સહજમાં પ્રકટી અવિકારી ભાવો ઉત્પન્ન કરે, ગુણગ્રાહી સ્વભાવ બંધાય, તેથી ફલરૂપ ક્રિયા નીવડે તેવા પરિણામની વાતો, વિગતો તથા રમતો વગેરે બાળશિક્ષણના ક્રમમાં દાખલ કરવા અને તેથી પ્રતિકૂલ જણાતા દૂરના સબંધી સાહિત્યને ભવિષ્યકાલમાટે મુકરર કરવા ઉપર રાખવા.

શિક્ષણના નવિન ક્રમમાટે તથા તેના ફલને જોવાના પરિપાક સમય માટે, પરસ્પર દોષ જોવાનાં કેટલાંક કારણ મળી આવે છે, તે ખરું

છે. કાંઇક શિક્ષકનો દોષ, કાંઈ શિક્ષણનો દોષ, કાંઇક નેતા પુરુષનો દોષ, કંઇ માબાપનો દોષ અને કાંઇક બાળકનો દોષ;પણ તેવી સ્થિતિ આગ્રહથી અને આત્મભોગથી બદલાવા ધારનારને ન જ બદલી શકાય તેમ લાગે તેમ નથી. દોષ છે, પણ તે અનિવાર્ય નથી. તેમાંથી બીજે રસ્તે પણ તે દોષને અળગો કરી શકાય તેવું હોય છે. અનેક પ્રકારની ભૂલો સામાન્ય વર્ગમાંથી સહજ જડી આવે છે. પણ જો એક પ્રયોગરૂપ શિક્ષણનો પાયો, દેશના યથાર્થ હિતચિંતક અને જેમને કેળવણીનો, શિક્ષકોનો તથા બાળકોનો વિશેષ પરિચય થએલો છે, તેવા વયોવૃદ્ધ પુરુષો, કેટલાક ભોગને આપી, નાંખવાનો હાથમાં લે તો તે અવશ્ય ઉત્તમ પરિણામ લાવ્યા વિના રહે તેમ નથી અને તો નોકરી વગેરેની ઉપાધિથી વહેલા મુકત થઈ અથવા સમય પૂરો થવા આવતાં તેવા ઉપાધિને છોડી, દેશસેવાની ખાતર તેવું કાર્ય તેમણે આરંભવું જોઈએ. તેમને જોઈતાં સર્વ સાહિત્યો, તેમની અમુક પ્રકારની બંધાએલી પ્રતિષ્ઠાને લીધે, કોઈપણ રીતે આવી મળ્યા વિના રહે તેમ નથી. તેમણે નવીન પદ્ધતિની શાળાઓ કહો કે આશ્રમો કહો તે બાંધવા અને અનુકુલ સાધન એકત્ર કરવું. રાજા કે પ્રજા કોઇ તેમને આડે ન આવતાં મદદ કરવા તૈયાર થશે. કાર્ય નહાનું તથા સરળ જણાશે પરંતુ સમગ્ર ઉન્નતિના પાયારૂપ ગણાશે. ખરૂં છે કે ઘણાને નોકરીઉપરથી મુક્ત થયા પછી પણ હાલ જે પ્રકારનું જાહેરમાં ફરી માનપાન મેળવવાનુ તથા કારભારી થઇ કે દિવાનગીરી ખોળી કે વ્યાપાર ઉદ્યોગમાં જોડાઇ કેટલાક સ્વાર્થ સિદ્ધ કરનાર હેતુઓને દૂર રાખવા પડશે. પરંતુ ઉત્તર અવસ્થામાં પરમાર્થરૂપ જીવન ગાળવાની તથા દેશની સેવાઅર્થે જીવન ગાળવાની જેમની ઇચ્છા ઘણા અનુભવને અંતે થયા વિના રહેતી નથી તેમાંના ઘણા માટે આ એક સર્વોત્તમ, સરળ અને નિવૃત્તિનો માર્ગ ગણાશે.

અનુભવી, સ્થિર મનના, વિચારશીલ પુરુષોવિના આવાં આરંભનાં કાર્યો, દેશહિત માટે, કોણ લઈ શકે તેમ છે? 'જા બીલ્લી કુત્તેકુ માર ' એના જેવી પદ્ધતિ કાંઈ કોઇનો શુક્રવાર સિદ્ધ કરતી નથી. જે કાંઇ કરવાનું છે તે તેમણે જ કરવું. તે કટિકસી બહાર પડશે તો અવશ્ય યુવાન્ વર્ગ પણ તે સાથે જોડાશે અને તેમના અનુભવના પકવ ફલોનો લાભ લઇ ઉત્સાહથી કાર્ય કરશે.

અલ્પ અનુભવના, ઉતાવળીઆ તથા અસ્થિર મનના પુરુષોમાટે પાયો રચવાનું કામ નથી. પાયામાં હમેશાં દૃઢ, સુસ્થિર મતિની જરૂર છે. યુવાનોમાં કામનાઓ અનેક હોય છે અને ચંચળતા સ્વાભાવિક હોય છે.

પાયારૂપ મહાપુરુષો ! તમે એકત્ર થાઓ, છેલ્લો શ્વાસ લેતાં સુધી કેવળ સ્વાર્થમય પ્રવૃત્તિના પાશને વળગી રહેવાનું છોડી દો. તમારા અનુભવને એકત્ર કરો, તેનું માનસ ચિત્ર, એક સુંદર પ્રાથમિક શિક્ષણના ભવ્ય આદર્શરૂપ ફલને પ્રકટ કરવામાં, નિમિત્તરૂપ બનાવો અને જે બુમ જ્યાં સભળાયા કરે છે અને દોષદર્શન થી આગળ વધતી જણાતી નથી તેને શાંત પાડો. તેને સાચો ખોરાક આપી પરિતૃપ્ત કરો. એક જ યોગ્ય દૃષ્ટાંત તમે રચશો તો તેવાં હજારો ઉભાં થશે. પ્રજાનું તે કાર્ય છે, અને પ્રજા જ્યારે તે કરશે ત્યારે તેનામાં પ્રજાનું યોગ્ય અભિમાન સ્ફુરશે તથા તેનામાં કાંઇક બળ છે, કાંઇક કર્તવ્ય છે, પ્રાપ્તવ્ય તથા જ્ઞાતવ્ય છે એમ સમજાશે.

પ્રાથમિક શિક્ષણનો એક પાયો નાંખો અને તરત તમે જોશો કે તેવા અનેક દેશહિતના પાયા નંખાવા માંડશે. તથા જે અનુભવ થોડા વખત પછી નષ્ટપ્રાય થઇ જાય છે એમ થવા સંભવ તે જળવાઇ રહી પ્રજા આગળ અને આગળ વધ્યા કરશે. અનુભવને જાળવી રાખવો અને તેના ઉપર ભવિષ્યની ઇમારત ચણવી તે પ્રગતિનું એક ઉત્તમ અંગ છે. માટે વિરલ અનુભવિ, દેશ બંધુઓ ! હવે ઉત્તર વયમાં મિથ્યા જંજાળમાં ન ફસાતાં દેશનું કલ્યાણ કરવા આગળ પડો. દેશ તમને અજરામરત્વ આપશે. તમે ચિરકાલ શાંતિમાં રહેશો. અહિં અને તહિં જયઘોષ શુણાશે, પ્રજા તમને આશીર્વાદ આપશે અને તમે પ્રજાને આશીર્વાદરૂપ થઇ રહેશો. આથી શું વધારે મોટું માન પાન તમારે જોઇએ છે ? કયું ભાગ્ય આથી મહાન્ ગણાશે ?

आन्तर मन अने विचारसंक्रमण.

આન્તર મનના અદ્‌ભુત ચમત્કારોના [1] વિષયમાં કેટલાક ચમત્કારોજેવા જણાતા વ્યતિકરોનું વર્ણન કરવામાં આવ્યું છે અને

---

૧ વાંચો શ્રીમહાકાલનામા વર્ષથી રાસ થતો એ નામનો લેખ.

એમાં કયા કયા નિયમો રહેલા છે તે પણ દર્શાવવામાં આવ્યા છે. અહિં વિચારસંક્રમણ અથવા વિચારસંક્રાન્તિ અને આંતર મનનો સંબંધ પ્રતિપાદ્ય છે.

વિચારસંક્રમણને પાશ્ચાત્ય ભાષામાં 'ટેલીપથી' નામ આપવામાં આવે છે. એ આંતર મનની એક શક્તિવિશેષ છે. પાંચ બાહ્ય ઇન્દ્રિયોની સહાયતાવિના જ, બે અથવા અધિક આંતર મનની વચ્ચેનો વ્યવહાર આ શક્તિવડે થાય છે. બાહ્ય મનના સંબંધમાં એ પ્રસિદ્ધ છે કે એ બાહ્ય પંચ જ્ઞાનેન્દ્રિયદ્વારા બાહ્ય જગત્‌ના જ્ઞાનને પ્રાપ્ત કરે છે. પણ એ ઇન્દ્રિયોની સહાયતાવિના એ આંતર મન પરસ્પર વ્યવહાર કરી શકે છે. એક બીજાના વિચારો જાણી શકે છે, એક બીજાને અસર કરી શકે છે, એક બીજાને લાંબાં શિક્ષણો આપી શકેછે ઇત્યાદિ એટલું પ્રસિદ્ધ નથી અને તેથી એનાં ઉદાહરણો આદિની અપેક્ષા એ સંબંધમાં રહે છે.

મનુષ્યોની અશ્રદ્ધા પ્રથમ તો આવા કોઈ વિષયને માનતી જ નહિ. પોતાના જ્ઞાનની મર્યાદાની ટેપ લઈને તે વડે જ્ઞાનમાત્રના સંભવનું માપ કાઢવા મનુષ્યો તત્પર થતા. કોઇ પણ વિષય પોતાની બુદ્ધિમાં ન સમજાય તો તેનો અસંભવ તરત જ કહેવામાં આવતો અને તેવા વિષયને માનનારના મતની જાહેરમાં ગણતરી થતી. હાલ પણ પ્રજા વર્ગનો ઘણો ભાગ આ દશાનું અતિક્રમણ કરી ગયો છે એમ નથી. છતાં વિજ્ઞાનની કેટલીક શોધોને લીધે આવા મનુષ્યોને પણ પ્રસંગે વિચારમાં પડવાનું થયું છે અને એમના મતપ્રમાણે વહેમને ધારણ કરનાર મનુષ્યોને ઉત્તર આપવો એક સમયે કઠિન થઇ રહ્યો છે. જ્યાં સુધી ટેલીફોનની શોધ નહોતી થઇ ત્યાં સુધી દૂર દેશસ્થ બે મનુષ્યો વાત કરી શકે છે એ માનવામાં નહોતું આવતું. એવું મેં જોયું છે અથવા કર્યું છે એમ કહેનાર મનુષ્યને હાસ્યપાત્ર ગણવામાં આવતું. પણ હવે કેવલ ગ્રામ્ય મનુષ્યોશિવાય સર્વ એ વ્યતિકરને માનનાર જાણનાર અને સ્વાભાવિક ગણનાર થઇ રહ્યા છે. તારના સંદેશા તારવડે મોકલવામાં આવતાપૂર્વે એ વ્યતિકર પણ એવો જ અસંભવિત અને અશક્ય મનાતો, ક્રમે ક્રમે એ શોધ થઇ સર્વના અનુભવમાં એ વ્યતિકર આવ્યો એટલે એ સ્વાભાવિક જેવો થઇ ગયો. પણ પછી તારવિના સંદેશા એક સ્થળેથી બીજે સ્થળે મોકલી શકાય એ અશક્ય મનાતું. ક્રમે કરી એ શોધ થઇ એટલે એ વ્યતિકરને વહેમ ગણનારની સંખ્યા ઓછી થઇ એટલું

જ નહિ પણ એને વહેમ ગણનાર જે પૂર્વે ડાહ્યા અને પ્રાજ્ઞ ગણાતા તે હવે અજ્ઞાન અને હાસ્યમાત્રની પંક્તિમાં આવી રહ્યા છે. આ જ પ્રમાણે બે મન પરસ્પર વાત કરી શકે છે, એક બીજાના વિચારને કોઇ પણ દૃષ્ટ સાધનવિના પરસ્પર મોકલી શકે છે એના વ્યતિકરો હજારો વર્ષથી વિશ્વમાં થતા રહ્યા છે અને એ ચાલતા આવ્યા છે છતાં એની સકારણ ઉપપત્તિ ન જડવાથી એ વ્યતિકરો વહેમમાં ગણવામાં આવે છે અને મનુષ્યોનું મન એની આ રીતે ઉપેક્ષા કરતું હોવાથી જગત્માં એવા કેટલા વ્યતિકરો પ્રતિદિવસ થાય છે તેની નોંધ પણ લેવામાં આવતી નથી. આમ છતાં આંતર મનની શક્તિપ્રતિ વિદ્વાન્ શોધકનું લક્ષ જવાથી એ સંબંધના વ્યતિકરો હાલ કેવલ અપ્રસિદ્ધ રહ્યા નથી અને આંતર મનની શક્તિનો ખ્યાલ આવવાથી એ વ્યતિકરોને સુજ્ઞ પ્રજા હવે વહેમમાં ગણાતી નથી અને પોતાના જ્ઞાનની મર્યાદાથી જ કુદરતમાં શું શક્ય છે અને શું અશક્ય છે તેનો નિર્ણય કરતાં અટકે છે.

હાલ પણ માનસ વિદ્યાના અભ્યાસીઓ અને તેમાં પ્રવીણ થયેલા પુરુષો વિચારસંક્રમણ થઈ શકે નહિ એવું ખાનગીમાં માને છે અને પ્રસિદ્ધપણે પણ કહે છે—કેમકે તેમણે અધ્યયન કરેલા માનસ શાસ્ત્રોના ગ્રંથોમાં આવા વ્યતિકરોનું પ્રતિપાદન નથી અને તેઓ પોતે વિચારસંક્રમણ ધાર્યા પ્રમાણે કરી શકતા નથી, પણ પોતે કરી શકતા નથી એટલાપરથી વિચાર સંક્રમણ અશક્ય છે એ માનવામાં મોટી ભૂલ થાય છે. પ્રત્યેક વ્યક્તિ પોતે પ્રત્યેક ક્રિયા કરી શકે તેમ નથી જ. જે જે રમત ગમતો શારીરિક કેળવણીવાળા કસરતી યુવાનો કરી દેખાડે છે તે શું સર્વ મનુષ્યો હાલતાં ચાલતાં કરી શકે છે? અને કરી શકતા નથી તેટલાપરથી શું એ કસરતી યુવાનો કરી દેખાડે છે એ નજરબંધી છે, ભ્રાન્તિ છે એમ માની શકાય છે? નહિ જ. પ્રત્યેક અસાધારણ વ્યતિકર ઉપજાવવામાં અનુકૂળ અભ્યાસની અપેક્ષા રહેછે અને તે અભ્યાસ જેમણે કર્યો હોય તે જ વ્યક્તિ તે વ્યતિકર ઇચ્છાનુસાર ઉપજાવી શકે અને ઇતર વ્યક્તિઓ તેમ ઉપજાવી ન શકે એ ઉચિત જ છે. એક યોગી મહાત્મા જે સ્થિતિમાં આરૂઢ થઈ શકે તે સ્થિતિમાં ક્ષિપ્ત, મૂઢ કે વિક્ષિપ્ત ચિત્તવાળો પુરુષ કદાપિ દૃષ્ટિ પણ કરી શકે છે? પણ તેટલા ઉપરથી એ સ્થિતિનું અસ્તિત્વ જતું રહેતું નથી. આ જ પ્રમાણે વિચારસંક્રમણની ક્રિયા ગમે તે મન ગમે ત્યારે કરી શકતું નથી. પણ

એને માટે તેને મનની અમુક પ્રકારની સ્થિતિ અપેક્ષિત રહે છે અને તે સ્થિતિની જ્યારે અને જેટલા પ્રમાણુમાં સિદ્ધિ થાય ત્યારે અને તેટલા પ્રમાણુમાં વિચારસંક્રમણુ થઇ શકે છે અને એ સ્થિતિની ન્યૂનાધિક અંશે પણુ સિદ્ધિ' જેને ન થઇ શકે તે વિચાર સંક્રમણુ ન કરી શકે એ સ્વાભાવિક છે. તેથી આવા વિષયમાં પોતાની શક્તિથી સર્વનું માપ લેવું એ ભૂલ છે.

આ સાથે એ પણુ વિચારવાનું અત્ર રહે છે કે બાહ્ય જગતના પદાર્થોનું જ્ઞાન પરાક્ વૃત્તિથી થાય છે તેથી તેના સંબંધમાં ઉપપત્તિ પણુ સહસા થાય છે. બાહ્ય મન મસ્તિષ્કરૂપ હોવાથી અથવા મસ્તિષ્કના અવયવવિશેષ હોવાથી એના વ્યાપારો આદિની ઉપપત્તિ સહજ થઈ શકે છે અને તેથી તે કળી શકાય છે. પણુ આંતર મન એથી ભિન્ન નિયમોથી જ પ્રવર્તે છે અને એનાથી અતીવ સૂક્ષ્મ છે તેથી એના સંબંધના વ્યાપારોનો, પોતે માનેલા સંભવ અને અસંભવના સ્વરૂપોથી નિર્ણુય થઇ શકતો નથી. પણુ તે માટે તો એ વ્યાપારો જેના જેનામા આવિષ્કારને પામતા હોય તેની તેની તટસ્થ વૃત્તિથી તપાસ કરવી જોઇએ અને તેને અનુસરી સંભવ અને અસંભવની પોતાની મર્યાદાને નાની મોટી કરવી જોઇએ. આ પ્રકારની સ્થિતિ હોવાથી આ સબંધમાં માનસ શાસ્ત્રના અભિજ્ઞ પુરુષોને પણુ શંકા રહેતી જણાય તો તેથી ચકિત થવા જેવું નથી. એ પુરુષોએ એ વ્યાપારોનો અનુભવ કરવો હોય તો જે પ્રકારની માનસ સ્થિતિ એ વ્યાપારોના આવિષ્કારમાટે અનુકૂલ હોય તે સ્થિતિને પ્રથમ સાધવી જોઇએ, ઇતર સામાન્ય વ્યાપારોની માફક આ વ્યાપારો જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થતા નથી, તેમ જ્યારે ત્યારે આવિર્ભાવને પામતા નથી. તેમ થતું હોય તો એમની જ્યાં ત્યાં થતી અનુપલબ્ધિને લીધે એમના અભાવનો નિશ્ચય કરી શકાય. પણુ જ્યારે અમુક સ્થિતિમાં જ અને અમુક વાતાવરણુમાં જ એ આવિર્ભાવને પામે તેમ છે અર્થાત્ એ વ્યાપારો અસાધારણુ છે અને વિરલ છે ત્યારે તો જે જે વિરલ પ્રસંગે અને વિરલ વ્યક્તિમાં એમનો આવિર્ભાવ થતો હોય તેને તેને અવલોકવા એ જ એમના અભ્યાસમાટે સાદો અને સરલ ઉપાય છે.

એક દૂરદેશસ્થિત મનપર અમુક વિચારને મોકલવો, અમુક વિચારનું સંક્રમણુ કરવું એટલી જ આંતરમનની શક્તિ નથી—એટલાનું જ નામ અત્ર વિચારસંક્રમણુ આપ્યું નથી. પણુ **अ** અને **ब** એવાં બે મનો

પરસ્પરથી દૂર રહેલાં છે, તેમાંથી અ નામનું મન બ ની સમીપ જાય છે અને એ બ નામના મનવાળી વ્યક્તિના સંબંધના સમાચાર ત્યાંથી ગ્રહણ કરી લે છે અને અનું જે બાહ્ય મન તે મનના સંવેદનના એ સમાચારને વિષય કરે છે. આનો પણ વિચારસંક્રમણમાં જ સમાવેશ થાય છે, અર્થાત્ એ આંતર મનની શક્તિવિશેષ છે.

બે દૂર દેશમાં રહેલાં મનનું આ પ્રકારે સંમિલન કેવી રીતે થાય છે એ આપણા કળવામાં આવે કે નહિ પણ આવે, પણ તેટલાથી આ શક્તિમાં ભેદ થતો નથી. આપણે વિદ્યુતનો ઉપયોગ કરીએ છીએ, એના ઉપયોગથી વિવિધ વ્યવહારો સાધીએ છીએ છતાં એ વિદ્યુત્ સ્વરૂપે શું છે તે કયે દિવસે જાણીએ છીએ? પણ વિદ્યુત્ શામાટે અને કેવી રીતે આ વ્યવહારો સધાવી શકે છે એ જ્ઞાન નહિ હોવાથી વિદ્યુતના અસ્તિત્વમાં અથવા એનાવડે સધાતા તે તે વ્યવહારોમાં ભેદ થતો નથી. વિદ્યુત્ નથી અથવા એ વ્યવહારો થતા નથી એવું કોઇ માનતું નથી અથવા શામાટે અને કેવી રીતે એ પ્રશ્નોનું ઉત્તર ન જણાવાથી વિત્દ્યુને કોઇ નિરુપયોગી ગણતું નથી. ગુરુત્વાકર્ષણ સ્વરૂપે શું છે તે પણ તેટલું જ અજ્ઞાત છે, ગુરુત્વાકર્ષણ કેવી રીતે પોતાનો વ્યાપાર કરી શકે છે તે પણ અજ્ઞાત છે છતાં સર્વ એના નિયમનો સ્વીકાર કરે છે અને એને વશ વર્તે છે, અને એના નિયમોને વશ વર્તી તે નિયમોવડે વિવિધ ઉપયોગી વ્યવહારો સાધે સધાવે છે. આ જ પ્રમાણે વિચારસંક્રમણના સંબંધમાં કદાચ શા માટે અને કેવી રીતે એ પ્રશ્નો અનુસરિત રહે તો પણ તેટલાથી એ શક્તિનો અભાવ થતો નથી અને એનાવડે થયેલા અને થતા વ્યતિકરો ભેદ પામતા નથી.

લગભગ પ્રત્યેક મનુષ્યના અનુભવમાં આ વિષયના વ્યતિકરો કોઇ કોઇ સમયે આવી ગયા હોય છે પણ એ વ્યતિકરોને ન સમજવાથી અને એનું કારણ સ્પષ્ટ નહિ થવાથી બહુ કરીને મનુષ્યો તેને અકસ્માત્ અથવા કાકતાલીય ગણી કાઢી નાંખે છે. આમ થવાથી એ વ્યતિકરોપ્રતિ ધ્યાન રહેતું નથી અને એ કેવી રીતે થાય છે એનું જ્ઞાન પણ પછી થવા પામતું નથી આ સર્વ વિચારી જ્યારે એ વ્યતિકરોનો ખ્યાલ આવ્યો ત્યારે એના નિર્ણયમાટે વિવિધ સંસ્થાઓ ઉભી થઈ અને તેથી એ સંસ્થાઓએ આગ્રહ કરી પ્રયાસ કર્યો અને તેના પરિણામમાં આવા વ્યતિકરોની સંખ્યા સહસ્રશઃ જણાઈ છે. આથી આ વ્યતિકરોની સત્યતા તથા એના

સંબંધના કેટલાક નિયમો જાણવામાં આવી શકયા છે.

એ વ્યતિકરોની સહસ્રાવધિ સંખ્યા પ્રસિદ્ધિમાં આવી છે. છતાં દિગ્દર્શનાર્થે માત્ર કેટલાકને જ અત્ર ઉદાહૃત કરવામાં આવે છે.

પારિસનાકેમિલી ફ્લેમેરિઓન નામના સુપ્રસિદ્ધ વિદ્વાને ઈ. સ. ૧૮૯૯ ના ડીસેમ્બરમાં એક "ધી અન્નોન" નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. એમના પર આવેલા હજારો પત્રોમાંથી વિશ્વાસપાત્ર ગણેલા લગભગ એક હજાર પત્રોમાંનાં ૧૮૦ પત્રો આ ગ્રંથમાં એ વિદ્વાને પ્રસિદ્ધ કર્યા છે. તેમાંનાં કેટલાંક આ પ્રમાણે છે:

એન્જેલી એસ્પેરોનની બેનેટ નામની સ્ત્રીએ એક પત્ર લખ્યો છે અને એ પત્રની હકીકત કેવળ સત્ય છે એમ એમના પતિએ ખાતરી આપી છે. એ પત્રની હકીકત આ પ્રમાણે છે: ઇ. સ. ૧૮૮૪ ના ડીસેમ્બરની તા. ૪ થી એ પ્રાતઃકાલે લગભગ ૭ાા કલાકને સુમારે હું સાફ જાગ્રત્ હતી ને ઉઠી અને ઉભી થઇ. એ સમયે મારા ભાઇ જૉસેફ બોનેટના પ્રેતનુ મને સ્પષ્ટ દર્શન થયું. આલજીરીઆમાં આવેલા કૉન્સ્ટેઇલિ દેશના બાટનામાં એક રેજીમેન્ટમાં એ પુરુષ સબલેફટેનંટ હતા. આ સમયે એ યુદ્ધવ્યાપારમાં રોકાયા હતા અને એમને એમના સંબધના કોઈ પણ સમાચાર નહોતા કે એ કયાં છે. આ સમયે મારા ભાઇએ મારે લલાટે ચુંબન કર્યું; મને શીતની કંપારી થતી જણાઇ અને મને એનુ આ વચન સંભળાવું કે "એન્જેલિ ! જય, જય, મેં દેહ ત્યજ્યો છે." આ સાંભળતાં જ હું ગભરાઈ ગઇ અને ચમકી ઉઠી અને મારા પતિને મેં જાગ્રત્ કર્યા તથા તેમને જણાવ્યું કે જોસફ મરણ પામ્યા છે, એમણે પોતે જ મને આ સમાચાર જણાવ્યા.

હમે આ ડીસેમ્બરની તા. ૪ થી એ એ મારા ભાઈનો જન્મ દિવસ હતો અને એ દિવસે એની ૭૩ વર્ષની ઉમર થઇ હતી. આથી વ્યતીત રાત્રિએ અમે સર્વે એના સંબંધમાં ઘણી વાતો કરી હતી અને તેથી મારા પતિએ મને "આ માત્ર મારી કલ્પના છે" વગેરે કહી આ સંબંધમાં ઠપકો આપ્યો. એ આખો દિવસ મેં કલેશમાં વ્યતીત કર્યો, મધ્યાહ્નોત્તર ત્રણ વાગે મને તાર મળ્યો. તેને ઉઘાડતા પૂર્વે મેં જાણ્યું કે એમાં આ સમાચાર લખેલા છે કે મારો ભાઇ આલજીરીઆમાં આવેલા કેનીહીલામાં ગઈ રાત્રિએ ત્રણ વાગે મરણ પામ્યો છે.

એની ઈ. રાઈટ નામની સ્ત્રીએ પોતાની દીકરીના સંબંધમાં આ પ્રમાણે લખ્યું છે:—

મારી દીકરી ફેનીનું મરણ ઇ. સ. ૧૮૭૯ ના મે માસની તા. ૧૭ મી એ થયું છે. મારે કહેવું જોઇએ કે એ ચિત્ર આજે પણ મારી દૃષ્ટિઆગળ એટલું સ્પષ્ટ આવે છે કે જાણે એ મરણ થોડા દિવસપર જ થયું હોય. એ દિવસે પ્રાતઃકાળનો સમય સુંદર જણાયો હતો અને એવી સવાર જાણે મેં પૂર્વે કદાપિ અનુભવી નથી એવું મને ભાન થયું હતું. મારી દીકરીનું વય ૪ વર્ષ અને ૮ માસનું હતું અને એ અતિચાલાક અને હસમુખી હતી. સવારના ૧૦—૫૫ ના સમયે એ છોકરી રસોડામાં દોડતી આવી અને મને પૂછ્યું કે હું બહાર રમવા જાઉં ? મેં હા કહેતાં એ રમવા ઘરની બહાર નીકળી; અને હું એને હા કહી મારા ઓરડામાં પાણીની તામડી લઇ જવા ગઇ. જેવી હું આંગણામાં આવી એટલે મને એ પ્રકાશમય છાયાકૃતિ મારી છોકરીની જણાઈ. હું તેને જોવા અટકી અને દક્ષિણતરફ નજર ફેરવું છું એટલામાં તો એ ચિત્ર અંતર્ધાન થઇ ગયું. આ પાછી તરત જ મારા પતિના ભાઇએ મને એકદમ જણાવ્યું કે ફેની છુંદાઇ ગઇ છે. હું બાણની માફક ઘરમાં દોડી આવી અને ત્યાંથી શેરીમાં દોડી ગઇ તો ત્યાં એ પડેલી જણાઇ. એક ગાડાને જોડેલા ઘોડાએ એને લાત મારવાથી તેની ખરીનીચે એ છુંદાઇ હતી. અને એ ગાડાનુ પૈડું એની ગરદનપર ફરી ગયું હતું તેથી એની ગરદન તૂટી ગઇ હતી. હું તેની પાસે ગઈ અને થોડા જ ક્ષણમાં તેણે પ્રાણ ત્યજ્યા હતા. આ પ્રમાણેની હકીકત એમના પત્રમાં એણે સ્પષ્ટ જણાવેલી છે.

સાઇકીકલ રીસર્ચ માટે સ્થપાયેલી સોસાઇટી તરફથી આવા અને આવાને મળતાં હજારો વ્યતિકરોની તપાસ થઇ છે અને તેમની નોંધ લેવાઇ છે. વળી આવા વ્યતિકરોમાંથી જેટલાની નોંધ લેવાય છે તેના કરતાં સહસ્રગુણ એ બને છે.

અહિં એ પ્રશ્ન થાય તેમ છે કે આવા વ્યતિકરો બહુ કરીને મરણ પામતા મનુષ્યોના સંબંધના જ કેમ થાય છે ? એનુ ઉત્તર એ છે કે એક આંતર મન પોતાની હકીકત બીજા આંતર મનને દૂર દેશથી જણાઈ શકે તે માટે પ્રથમ તો એ સંદેશો મોકલનાર આંતર મનના સામર્થ્યની અપેક્ષા રહે છે. એ સામર્થ્યને ઉદ્દભુત

કરનાર તીવ્ર ઇચ્છા છે. જ્યારે તીવ્ર ઇચ્છા થાય છે ત્યારે જ આંતરમનનું સ્વભાવસિદ્ધ બલ સપાટીપર આવે છે, જાગ્રત્ થાય છે અર્થાત્ કાર્ય કરવાને શક્તિમાન્ થાય છે. આ તીવ્ર ઇચ્છા ઇતર દશામાં કોઈ કોઇવાર પ્રયત્નથી અને તેવા સંયોગોનું સંમેલન થતાં પ્રકટે છે, પણ મરણનો સંધિ આવે છે અથવા કોઈ મોટું ભય પ્રાપ્ત થાય છે ત્યારે તત્કાલ એનો ઉદય થાય છે. દૂર દેશમાં સ્થિત આસક્તિવાળા મનુષ્યને આવો પ્રસંગ આવે છે ત્યારે તેને સ્વભાવથી જ એવી આતુર ઇચ્છા પ્રકટે છે કે મારા સંબંધિઓ, મારા પ્રિય મિત્ર અને સગાંઓને મારી દશાની શી ખબર પડશે. આ તીવ્ર ઇચ્છા ઉદય થાય છે એટલે આંતર મનની કાર્ય કરવાની શક્તિ એને લીધે જાગ્રત્ થય છે.

વળી આંતર મનના સંબંધમાં એ પ્રસિદ્ધ થયું છે કે જ્યારે બાહ્ય મનના વ્યાપારનો ઉપરામ થાય છે ત્યારે આંતર મન પોતાનું કાર્ય પૂર્ણ વેગથી કરી શકે છે અને જેટલા પ્રમાણમાં બાહ્ય મનનો નિરોધ થાય છે તેટલા પ્રમાણમાં આંતર મનનો વ્યાપાર સ્ખલનથી રહિત થઇ રહે છે. ઘણા મનુષ્યો જાગ્રત્ દશામાં વિચારસંક્રમણ જરા પણ કરી શક્તા નથી તેઓને અર્ધ જાગ્રતરૂપ હિપ્નોટિક દશામાં આણવામાં આવે છે ત્યારે વિચારસંક્રમણની તેમની શક્તિ અદ્‌ભુતરૂપે જણાય છે. ભુવાઓ, પ્રેતાવાહન કરનારાઓ દૂર દર્શન કરનારાઓ વગેરેમાં તે તે શક્તિ બાહ્યમનની વ્યાપારવિનાની સ્થિતિ થાય છે ત્યારે જ અભિવ્યક્ત થાય છે. આ આદિ વિવિધ કારણોથી એ સિદ્ધ થયેલું છે કે બાહ્યમનના વ્યાપારની ઉપરતિના પ્રમાણમાં આંતર મનની શક્તિનો ઉદ્‌ભવ થાય છે.

આ નિયમપ્રમાણે જોતાં પણ એ ઉચિત જણાય છે. મરણનો સંધિ આવે છે ત્યારે જાગ્રતનો અભિમાની ઉઠી જાય છે. મસ્તિષ્કમાં રહેલા બાહ્ય મનનો અભિમાની ત્યાંથી પોતાની સત્તા ઉઠાવી દે છે અને અભિમાનીની વિકીર્ણ સત્તા હૃદયપ્રદેશમાં એકત્ર થાય છે. આથી એ સંધિમાં બાહ્ય મન નિર્વ્યાપાર થાય છે અને આંતર મન પોતાની વિકીર્ણ કલાને સંમિલિત કરી રહ્યું હોય છે. આથી એ દશા આંતર મનના વ્યાપારને માટે અત્યંત અનુકૂલ થઈ રહે છે અને તેથી એ દશામાં આંતર મનની ઉર્મિઓ અતિ વેગથી ઉઠે છે અને તે ગ્રાહક આંતર મનને અધિક વેગથી અથડાઈ ત્યાં સ્વસ-

માન વિક્રિયારૂપ વિચારોને ઉત્પન્ન કરે છે, એ આંતર મનનો સ્વભાવ જોતાં ઉચિત થઈ રહે છે.

આ સાથે એ પણ અધિક વિચારવાનું છે કે ઇતર ગ્રાહક આંતર મનમાં વિચારનું સંક્રમણ થાય છે. તે તો જેમ વિદ્યુતના યંત્રમાં તત્કાળ જ સંદેશાનું ગ્રહણ થાય છે તેમ થાય છે, પણ એ ગ્રહણ થયેલો સદેશો તે ગ્રાહક આંતર મનનું જે બાહ્ય મન તેની મર્યાદામાં તત્કાળ આવતો નથી. એમાં સમયની અપેક્ષા રહે છે. આ સંબંધમાં મિનેસોટામાં રહેનાર મીસીસ એમ. અને તેના પતિની હકીકત ઉદાહરણરૂપે આપવી અસ્થાને નથી. મીસ્ટર એમ. મુસાફરીમાં જ જીવન ગાળનાર પુરુષ હતો અને જે સમયની આ હકીકત આપવામાં આવે છે તે સમયે એ, એ દેશમાં મુસાફરીમાં હોઈ કોઈ માર્ગમાં હતો. એ ક્યાં છે તેના સમાચાર મીસીસ એમ. ના જાણવામાં નહોતા. એ જ શહેરમાં રહેનાર એક બાઈ ભુવાની સ્થિતિમાં આવી શકતી અને તેની સાથે મીસીસ એમ. ને સારો સ્નેહ હતો. ભુવાતરીકે ઘણા પ્રયોગ મીસીસ એમ. ના સમીપ એ બાઈએ કરેલા હતા. એનામાં ભુવાની અદ્‌ભુત શક્તિ હતી. અગર જો જાહેરમાં એ બાઈ કોઈ પ્રયોગ કરતી નહોતી. આ સમયે મીસીસ એમ.ને એકદમ ગ્લાનિજેવું લાગવા માંડયું. તેનુ કોઈ પણ કારણ એને સમજાયું નહિ. છતાં કંઈક નવું જૂનુ થયું છે એવું ભાન એને થવા લાગ્યુ. એના અંતરમાં ભય તથા ઉદાસી પથરાયાં છતા તેનું કોઈ પણ કારણ એના કળવામાં નહિ આવ્યું. આથી આ સંબધમાં પોતાની સખીની મદદ લેવાનું એણે યોગ્ય વિચાર્યું. તેની પાસે જઈ અને આ હકીકત કહી. એ સખીએ એને પોતાની પાસે બેસાડી અને એકદમ કહેવા માંડયું કે “ મને તારો પતિ જણાય છે, એ...શહેરમાં છે, ત્યાં અમુક હોટેલમાં જણાય છે, એ હોટેલના માલિકનું આ નામ છે, તારો પતિ...ઓરડામાં છે. લખવાનું સાહિત્ય લઈ એ એક ટેબલપાસે બેઠો છે; એનું માથું હાથપર પડી ગયું છે અને એ મરણ પામ્યો છે.” આ પ્રકારની હકીકત શ્રવણ કરતાં મીસીસ એમ. ચમકી ઉઠી પણ પાછળથી તપાસ કરતાં એ હકીકત સર્વાંશે સત્ય જણાઈ છે. હોટેલ, હોટેલના માલિકનું નામ, લખવાનું સાહિત્ય આદિ સર્વ પ્રત્યેક અંશમાં સાચાં ઠર્યાં છે. એ ભુવારૂપ થનાર સ્રી તો સ્વાભાવિક રીતે કોઈ પ્રેત આવી મને આ હકીકત જણાવે છે એમ માનતી. પણ આંતર મનના વ્યાપારના નિયમ-

પ્રમાણે આ વ્યતિકરની ઉપપત્તિ આ પ્રમાણે થાય છે. જ્યારે મીસીસ એમ.ના પતિને મરણનો સંધિ જણાયો ત્યારે એ વાત પોતાની સ્રીને જણાવવાની આતુર ઇચ્છા એને પ્રકટી અને તેથી એ પત્ર આદિ લઈ લખવા બેઠો. પણ ત્યાર પૂર્વે આંતર મનમાં ઉઠેલા તરંગે પોતાનો સંદેશો મીસીસ એમ.ને તત્કાળ પહોંચાડ્યો અને એના આંતર મનમાં એ હકીકત પ્રેરી દીધી. પણ એ સમયે એ આંતર મન જોઇએ તેવી યોગ્ય સ્થિતિમાં નહિ હોવાથી અથવા બાહ્ય મન અધિક ઇતર વ્યાપારવાળું હોવાથી મીસીસ એમનું આંતર મન એના બાહ્ય મનને આ હકીકત જણાવી શક્યું નહિ, બાહ્ય મને આ હકીકત ગ્રહણ કરી નહિ. તેથી એને ગ્લાનિ, ઉદાસી, ભય ઇત્યાદિ આંતર મનના વિચારો સ્ફુટ થયા પણ તેનું કારણ બાહ્ય મનની મર્યાદામાં નહિ આવવાથી એ જાણી શકી નહિ. જ્યારે એ પોતાની સખીની પાસે ગઇ ત્યારે એ સખીએ પોતાના આંતર મનને અને એના આંતર મનને સંલગ્ન કર્યાં અને તેથી એ સખીના આંતર મને એના આંતર મનમાં પ્રેરાયેલા સદેશાનું તરત ગ્રહણ કર્યું અને એ સંદેશાને એ સખીના બાહ્ય મનમાં પહોંચાડવામાં આવ્યો અને પછી તે ઉપરથી એ સખીએ એ સંદેશાને મીસીસ એમ.ને જણાવ્યો. તાત્પર્ય કે મીસીસ એમ.ના બાહ્ય મનને એ સદેશો એનું પોતાનું આંતર મન તત્કાળ પહોંચાડી શક્યુ નહિ.

આ રીતે બાહ્ય મનને સંદેશો ગ્રહણ કરતાં વિલંબ થાય છે અને પૂર્વપ્રેરિત સંદેશો હોય તે પણ ઉત્તરકાલીન જણાય છે. તેથી જે જે સંદેશાઓ મરણપૂર્વે મોકલવામાં આવેલા હોય તે પણ તે તે પ્રેરનાર વ્યક્તિના મરણ પછીના સમયમાં ગ્રહણ થતા જણાવાથી મનુષ્યોને એવું ભાન થાય છે કે આ મરણ પછી મોકલેલો સંદેશો છે. વસ્તુતઃ એ સદેશો જીવતાં જ પ્રેરવામાં આવ્યો હોય છે પણ તેનું ગ્રહણ થતાં વિલંબ થવાથી આવી પ્રતીતિ થાય છે. આ આદિ કારણને લીધે આવી રીતે થતી વિચારસંક્રાન્ત એ આંતર મનની જ શક્તિનો પરિણામ છે અને એ મૃત વ્યક્તિતરફથી થાય છે એમ નિશ્ચય કરતાં પૂર્વે આ નિયમ વિચારવાનો હોય છે.

મરણના સંધિએ આવેલા મનુષ્યો આ પ્રમાણે વિચારસંક્રમણ કરી શકે છે અને એવાં ઉદાહરણો અધિક છે એ સત્ય છે, અને તે ઉપરના વિચારોથી સકારણ સમજાય છે. પણ તેટલા ઉપરથી

આ સમયે જ વિચારસંક્રાન્તિ થાય છે એમ માનવું ભૂલભરેલું છે. જીવતાં મનુષ્યો પણ આ જ નિયમે વિચારનું સંક્રમણ કરી શકે છે.

ઓસ્ટન સાહેબના એક મિત્રને કેન્સસ શહેરમાં મુસાફરી કરતાં ઇચ્છા થઈ કે નેબ્રાસ્કામાં મારી સ્ત્રી છે તેને મારે જણાવવું કે અમુક રાત્રે હું ક્યાં છું. આ ઇચ્છાને લીધે તેણે રાત્રે એક વાગે સંદેશો માનસ વ્યાપારથી પ્રેરવાનું શરુ કર્યું કે જ્યારે તેની ખાતરી હતી કે એ સ્ત્રી નિદ્રાવશ જ હોવી જોઈએ. આ ક્રિયા—આ માનસ વ્યાપાર વેગવડે તેણે પ્રયત્નથી ચાલુ રાખ્યો અને તે આતુર ઇચ્છા તથા દઢ નિશ્ચયપૂર્વક એ વ્યાપાર કરતો રહ્યો. અને પરિણામ એ થયો કે એની સ્ત્રી નેબ્રાસ્કામાં એકદમ વિચિત્ર લાગણીસાથે જાગ્રત્ થઇ; તેને લાગ્યું કે કોઇ એના ઓરડામાં છે; પછીથી ભાન થયું કે મારો પતિ જ છે. તેણે પોતાના મનને સાવધ કર્યું અને પોતાનો પતિ ત્યાં હોવાનો અસંભવ છે એ નિશ્ચય કર્યો. કેમકે તે તો ૨૦૦ માઇલ દૂર હતો. અને તપાસ કરતાં ત્યાં કોઇ જણાયું નહિ તેથી એ પાછી સુઇ ગઇ અને અર્ધ નિદ્રામાં પડી એમ થતાં એક શહેરનું માનસ ચિત્ર એને જણાયું. એ વસ્તુતઃ એની સમીપ જ છે અને એ સ્વપ્ન નથી કે ભ્રાન્તિ નથી એવું તેને સ્પષ્ટ દેખાયું. એ શહેરનો દેખાવ એટલો સ્પષ્ટ જણાયો કે એ કેન્સાસમાં આવેલું હોર્ટન શહેર છે એમ એ ઓળખી શકી, અગર જો એ પોતે કોઇ દિવસ એ શહેરમાં ગઇ નહોતી. એ શહેરની હોટેલ એને સ્પષ્ટ જણાઈ. એના પતિએ જેવું એ શહેરનું અને હોટેલનું ચિત્ર પોતાના મનમાં ધાર્યું તેવું જ ચિત્ર આબેહુબ એ સ્ત્રીના ચિત્તની સમીપ ખડું થઇ રહ્યું. અર્ધ જાગ્રત્ અને અર્ધ નિદ્રાની દશા આવા કાર્યમાટે પ્રસ્ત સિદ્ધ થઇ છે અને તે દશામાં તે હતી તેથી એ ચિત્રનું ગ્રહણ એના ચિત્તે સારી રીતે કરી લીધું. અર્ધ જાગ્રત્ દશા આ વિચારસંક્રમણ માટે વિશેષ યોગ્ય જણાઇ છે તેનું કારણ એ છે કે વિચારસંક્રમણમાં બે અંશો રહેલા છે (૧) વિચારનું ગ્રહણ અને (૨) વિચારનું બાહ્ય મનને પ્રદર્શન. ત્યાં બાહ્ય મન જ્યારે પૂર્ણ વેગથી વ્યાપાર કરી રહ્યું હોય છે ત્યારે આંતર મનને સ્વસ્થતા હોતી નથી અર્થાત્ આંતર મન પોતાના વ્યાપારમાં સ્ખલનને અનુભવે છે અને તેથી વિચારનું ગ્રહણ કરી શકતું નથી. તેમ બાહ્ય મન કેવલ વ્યાપારરહિત થઈ જાય છે એટલે કે નિદ્રા અથવા મૂર્છામાં હોય છે ત્યારે આંતર મન કોઇનું ગ્રહણ કરે પણ તેનું જ્ઞાન બાહ્ય મનને થઈ શકતું નથી અને

એ જ્ઞાન થયા વિના તે વ્યક્તિને તેવી સ્ફુટ પ્રતીતિ થતી નથી. આથી અર્ધ જાગ્રત્ દશા આ વ્યાપારમાટે પ્રશસ્ત ગણાય છે તે યોગ્ય જ છે.

એવું પણ બને છે કે જ્યારે એ આંતર મન આ પ્રમાણે પોતાનો વ્યાપાર કરી રહ્યા હોય છે ત્યાર પછી જાગ્રત્ થતાં જ અંતર મન બાહ્ય મનના પ્રદેશમાં સંદેશો મોકલી આપે છે. એ સંદેશો જાગ્રત્ દશામાં તે સમયે ગ્રહણ કરેલો હોતો નથી, પણ ત્યાર પૂર્વે એટલે કે નિદ્રાના સમયમાં ગ્રહણ કરેલો હોય છે. એ સ્પષ્ટ કહેવું જોઈએ કે આંતર મનને નિદ્રા નથી. આંતર મન અહોનિશ જાગ્રત્ રહે છે. નિદ્રા એ બાહ્ય મનના વિજ્ઞાનનો અથવા વ્યાપારનો ઉપરમ છે અને આંતર મનની તો જાગ્રત્ દશા જ છે. આથી નિદ્રામાં બાહ્ય મનની જે નિદ્રા છે તેમાં આંતર મન જાગ્રત્ હોય છે તેથી તે વિચારનું ગ્રહણ કરી શકે છે. પણ એ દશામાં બાહ્ય મન નિદ્રિત હોવાથી એ સંદેશાનું પ્રદર્શન બાહ્ય મનને કરાવી શકાતુ નથી. છતાં એ સંદેશો જતો રહેતો નથી. આંતર મનના અદ્ભુત ચમત્કારોના પૂર્વે કરેલા પ્રતિપાદનમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આંતર મનની સ્મૃતિ પૂર્ણત્વને પહોંચે છે. તેથી તે નિદ્રામાં ગ્રહણ કરેલો સંદેશો આંતર મનમાં પડી રહે છે અને એ જ્યારે બાહ્ય મન જાગ્રત્ થાય છે, ત્યારે તે સંદેશો ઘણે પ્રસંગે એના જાણવામાં આવે છે. આવા પ્રસંગમાં એવી ભ્રાન્તિ થવાનો સંભવ આવે છે કે ગ્રહણ થયેલો સંદેશો તે જ સમયે પ્રેરવામાં આવ્યો છે. વસ્તુતઃ એ સંદેશો પૂર્વ સમયમાં પ્રેરેલો હોય છે. આથી સંદેશો મોકલ્યા છતાં તેનું ગ્રહણ મોડું થવાથી અને એ ગ્રહણ સમકાલીન થયું છે, એવું ભાન થવાથી ઘણે પ્રસંગે સમયમાં ફેરફાર હોય છે અને તેથી આ વિષયમાં યથાર્થ નિરીક્ષણ ન કરનારને સંશય અથવા ભ્રાન્તિ થવા યોગ આવે છે. છતાં આ પ્રકારે સમયનું અંતર ઉપપન્ન થઇ રહે છે અને તેથી એટલા માત્રથી આ વિચારસંક્રમણની શક્તિમાં સંશય ધરવા કારણ રહેતું નથી.

આ જ નિયમપ્રમાણે જાગ્રત દશામાં કોઇ વ્યક્તિમાં અમુક વિચારની સંક્રાન્તિ કરવામાં આવે છે તો એ વિચારનું ગ્રહણ તે વ્યક્તિ પ્રસંગે–ઘણે પ્રસંગે તરત કરી શકતી નથી કારણ કે એ દશામાં બાહ્ય મન વેગવડે વ્યાપાર કરતું હોય છે. પોતાના ઇતર વ્યાપારમાં વ્યાવૃત હોય છે. તેથી એ વિચાર આંતર મનમાં સ્થિત

થાય છે અને એવું સંવેદન બાહ્ય મનને નિદ્રાના સમયે થાય છે. આ નિદ્રાના સમયે સ્ફુરણ થવાથી એ સ્વપ્ન છે એવું ભાન તે વ્યક્તિને થાય છે અને તેથી એને સ્વપ્ન ગણી કાઢવામાં આવે છે. પણ વસ્તુતઃ એ કેવલ સ્વપ્ન નથી પણ ઇતરના વિચારની સંક્રાન્તિ હોય છે. સ્વપ્ન માત્ર આ પ્રમાણે સંક્રમિત વિચાર છે એવું કહેવાનો ભાવ નથી. જાગ્રત્‌માં કરેલા વ્યવસાયોને લીધે, અતિ શ્રમને લીધે એમ વિવિધ કારણોથી મજ્જાતન્તુઓ નિદ્રાસમયે શાન્ત થઈ ન જતાં કંપને પામ્યા કરે છે અને તેથી તે પ્રકારનાં સ્વપ્નો આવે છે. તેમ જ રાત્રિના ભાગમાં કઠોળજેવા વાયડા પદાર્થોનો અથવા ઇતર દુર્જર પદાર્થોનો આહારમાં ઉપયોગ કરવામાં આવે છે તેથી તેમ પણ જઠરનું કામ ધમધોકાર ચાલતું રહેવાથી તેના સંબંધવાળા મજ્જાતન્તુમાં ક્ષોભ કાયમ રહે છે અને સ્વસ્થ નિદ્રા ન આવતાં સ્વપ્નદર્શન થાય છે. વળી પૂર્વ જન્મકૃત સૂક્ષ્મ કર્મો જે તે વ્યક્તિમાત્રને અત્યંત અલ્પ સમય જ ભોગ આપનાર હોય છે તેના બલે પણ સ્વપ્નભોગ અભિમાનીને પ્રાપ્ત થઈ શકે છે. આમ વિવિધ કારણોથી સ્વપ્નો થાય છે અને કેવલ વિચારસંક્રમણથી જ સ્વપ્ન થાય છે એમ નથી. તેથી સ્વપ્નમાત્ર વિચારસંક્રમણને સૂચન કરનાર નથી. છતાં સ્વપ્ન હોવાથી તે અસત્ય છે અને સંક્રમિત વિચાર નથી એમ પણ કરી શકાય તેમ નથી. તેથી પ્રત્યેક સ્વપ્નને અસત્ય ગણી કાઢતાં વિચાર કરવાનો રહે છે અને વિચારસંક્રમણના પરિણામરૂપે સ્વપ્ન હોવાનો આસપાસની હકીકતથી સંભવ જણાય તો ત્યાં તે સ્વપ્નને સંક્રમિત વિચારરૂપ ગણવું યોગ્ય છે. તાત્પર્ય કે આવાં સ્વપ્નો એ વિચારસંક્રમણનાં જ ઉદાહરણો છે.

બે વ્યક્તિઓ—બે આંતર મન અમુક ભાવથી દીર્ઘસમય સાથે રહે છે અને તેથી તેમની વચ્ચે તદાત્મતા બંધાય છે તો તેમાં જે આંતર મન ગ્રાહક થવાની યોગ્યતાવાળું હોય છે તેમાં ઇતર મનના વિચારમાત્રનું સંક્રમણ અનાયાસે પણ થઇ રહે છે, એટલે કે જેમ ફોટોગ્રાફના કેમેરાઆગળ જે જે પ્રતિમા આવે છે તેની તેની છાપ તે કાચપર પડતી રહે છે, તેમ આવી સ્થિતિમાં એ મન આવી જાય છે ત્યારે પ્રેરક મનના વિચારમાત્રની છાયા ગ્રાહક મનપર પડતી રહે છે અને તેનું જ્ઞાન તે પ્રેરક મનને પણ હોતું નથી. તરજાવાળા સીતાર, તાઉસ વગેરે વાદ્યત્રોમાં તરાપના તાર બરાબર મેળવવામાં આવે છે, ત્યારે પછી જે જે સ્વર આંગળીથી વગાડવામાં

આવે છે તે તે સ્વરને મળતી તરાપ પોતાની મેળે રણકાર કરી ઉઠે છે. તે જ પ્રમાણે એવી રીતે બે મન મળી ગયેલાં થઈ રહ્યાં હોય છે ત્યારે એક મનનાં આંદોલનરૂપ વિચારો તે તે જ પ્રકારે બીજા મનમાં પ્રતિફલિત થઇ રહે છે. જેવા આંદોલનરૂપ વિચાર એક મનમાં ઉઠે છે, તેવા જ આંદોલનરૂપ વિચારો બીજા મનમાં પોતાની મેળે જ ઉઠે છે. આવે છે. આવે પ્રસંગે પ્રથમ મનને પોતાના વિચારો પ્રેરવા તીવ્ર ઇચ્છા કે પ્રયત્ન આદરવા પડતા નથી.

એલ્બર્ટ બી. ઓસ્ટની પોતાના સંબંધમાં જણાવે છે કે હું વિચારને ગ્રહણ કરવા યોગ્ય આંતર મનવાળો નથી પણ વિચારનું સંક્રમણ મેં ઘણી વાર કર્યું છે. કેટલાંક વર્ષપૂર્વે હું વારંવાર પ્રદેશ મુસાફરી કરતો અને ઘણા અઠવાડીયાંસુધી બહાર જ રહેતો. એકવાર મારી મુસાફરી પૂર્વ પ્રદેશપ્રતિ જ કરતો હતો. ઘણીવાર પૂર્વથી હું રાત્રિની ગાડીમાં ઘેર આવતો અને એ ગાડી પ્રાતઃકાળે ૩ વાગે મારા સ્થાનમાં પહોંચતી હતી. એક સમયે આવી મુસાફરીપર હું ગયો હતો અને કેટલાંક અઠવાડીયાં સુધી હું દેશમાં નહિ આવું એવી વકી હતી. થોડા દિવસપૂર્વે મેં પત્ર પણ લખ્યો હતો કે એક અઠવાડીયાસુધી મારાથી આવી શકાય તેમ નથી. આમ છતાં મારી સ્ત્રી હું એકાએક આવ્યો ત્યારે મારે માટે બારણાઆગળ વાટ જોઈ ઉભી હતી. તેને પૂછતાં તેણે જણાવ્યુ કે જ્યારે તમે આવવાના હો છો ત્યારે હું એકાએક રાત્રે જાગી ઉઠું છું, તમે આવનાર છો એવું મને ભાન થાય છે, ટ્રેનનો અવાજ તથા સીસોટો પણ હું સાંભળતી હોઉં તેવુ મને ભાન થાય છે, અને તે પ્રમાણે હું સમયસર વાટ જોતી સ્થિત થઈ શકું છું.

એક વખતે એ ગૃહસ્થ નેબ્રાસ્કામાં રહેતા હતા. અને પ્રસંગવશાત્ ત્યાંથી ફ્રેમન્ટમાં ગયા હતા. ત્યાંથી પશ્ચિમમાં મુસાફરી કરવાનો છું એવો પત્ર એમણે એમની સ્ત્રીપર લખી મોકલ્યો હતો અને તેમાં જણાવ્યું હતુ કે બે અઠવાડીયા ત્યાં રહેવું થશે અને ત્યાર પછી ઘેર આવી શકાશે. એ બાઇ ૭૦ માઇલ દૂર એક સ્થાને રહેતી હતી. જ્યારે એના પતિનું બહાર જવું થતું ત્યારે એની એક સખીને એ બાઇ પોતાને ઘેર સંગતિમાટે સુવાડતી હતી. એક સમયે શનિવારે બપોરે એ ગૃહસ્થને વિચાર આવ્યો કે આજે બપોરે હું ઘેર જઇ આવું અને ત્યાં રવિવાર રહી સોમવારે પાછો મારી મુસાફરીમાં જોડાઇ જઈશ. વિચાર થતાં ત્યાંનું કામ ત્વરાથી એણે આટોપી લીધું

અને ગાડીપર જવાની તૈયારી કરી. એક વિચાર આ સમયે એવો આવ્યો કે મારી સ્ત્રીપર મારા આવવાનો તાર કરી દઉં અને તે પ્રમાણે ગાડી ઉપડતાંપૂર્વે તેવો તાર એ ગૃહસ્થે કરી દીધો. આ વિચાર આવ્યો તે જ સમયે મારી સ્ત્રીની સખી મારે ઘેર આવી પહોંચી. તેની સામે વાત કરતાં મારી સ્ત્રીએ જણાવ્યું કે આજે રાત્રે તમારે અહિં સુવા આવવાની જરૂર રહેશે નહિ કેમકે મારા પતિ સાંજની ગાડીમાં અહિં આવી જનાર છે. તે સખીએ પૂછ્યું કે એ સમાચાર તમને કયારે મળ્યા તેના જવાબમાં એ સ્ત્રીએ જણાવ્યું કે એવા સમાચાર હજી મળ્યા નથી. પણ હું ધારૂં છું કે ડીપોનો એજન્ટ થોડા વખતમાં જ એવો તાર લાવશે. પાંચ મિનિટ નહિ થઇ એટલામાં એવો તાર મેં કરેલો તે, એને મળ્યો.

એ જ ગૃહસ્થ પોતાના ઓળખાણના એક કુટુંબનું વર્ણન કરતાં કહે છે કે એ કુટુંબમાં પિતા, માતા અને એક પુત્રી એમ ત્રણ જણ હતાં એ ત્રણનાં મનનો એવા પ્રકારનો સંવાદ થઈ રહ્યો હતો કે વારંવાર તેમનામાં વિચારસંક્રમણ થતાં. ઘણી વાર માતાને કે પુત્રીને કોઈ વસ્તુ ખરીદવાનો વિચાર ઘરમાં બેઠાં થતો અને તે જ સમયે પુરુષ બહાર હોય ત્યાં તેને તે વસ્તુ ખરીદી લઈ જાઉં તો સારૂં એવો વિચાર અનાયાસ સ્ફુરતો અને તે પ્રમાણે સ્વેચ્છા નહિ હોય તો પણ તેવી વસ્તુને ખરીદી ઘેર લઈ જતો અને ત્યાં તેને પછી જણાતું કે એ વસ્તુ ખરીદવા તેવી સ્ત્રીની કે પુત્રીની ઇચ્છા હતી. કેટલીકવાર આ ત્રણમાથી બે વ્યક્તિઓ બજારમાં પૃથક્ પૃથક્ જતી ત્યારે એક વ્યક્તિ એક વસ્તુ ખરીદ કરતી એટલે બીજી વ્યક્તિને તે જ વસ્તુ ખરીદવાનું સ્ફુરતું અને તે પણ તેવી જ વસ્તુ ખરીદ કરતી અને તેથી ઘરમાં આમ વસ્તુઓ બેવડી થતી. આને લીધે એ કુંટુંબના માણસોને ઘણીવાર થવાથી વસ્તુ બેવડાઈ ન જાય તે માટે ઘણીવાર સાવધાનતા રાખવી પડતી હતી.

નેબ્રાસ્કામાં આવેલા સેબર્ડ ગામમાં મી. બી. નામના એક ગૃહસ્થ રહેતા હતા, એમને દાંતનું ઓપરેશન કરાવવાનું હતું. એ શસ્ત્રક્રિયા કરનાર ડૉ. કલાર્ક હતા. આ પ્રસંગમાં ડૉ. કલાર્કની મદદે પ્રો. ઓલ્સ્ટન હતા. એમણે માનસિક વિચારની સંક્રાન્તિ મી. બી. પર કરી હતી. અને તેથી કાંઇ વેદનાવિના અને મી. બી.ને ખબર પણ નહિ પડે એવી રીતે ડોકટર બે દાઢ કાઢી નાંખવા સમર્થ થયા હતા. ત્યાર પછી એ દાંતસાથે સંલગ્ન મજ્જાતન્તુપર ક્રિયા કરવાની

હતી. અને તે માટે પણ મી. ઓલ્સ્ટને વિચારનું સંક્રમણ કર્યું હતું. તેમ છતાં એ દરદી અશુદ્ધિમાં આવી પડ્યો હતો. પછી એ સંબંધમાં મી. ઓલ્સ્ટને તપાસ કરી તો એમણે પોતાને જણાયું કે એ પોતે પ્રથમ અશુદ્ધિમાં આવી ગયો હતો અને તે જ ક્ષણે મી. બી.ને અભાનાવસ્થા જેવું થયું હતું. તાત્પર્ય કે મી. ઓલ્સ્ટનના જાણની બહાર છતાં અને ઈપ્સિત નહિ છતાં પણ એમની અશુદ્ધિની મી. બી.માં સંક્રાન્તિ થઇ હતી.

આ પ્રમાણે સહસ્રાવધિ ઉદાહરણો આ ક્રિયાના સંબંધમાં સ્થળે સ્થળે અને પ્રત્યેક મનુષ્યના જીવનમાં બનતાં જણાઇ આવે તેમ છે. મી. જોશી નામના ગૃહસ્થ વિચારસંક્રમણને જાહેરપ્રયોગ રૂપે કરી બતાવે છે એ ઉદાહરણ તો એક પ્રસંગે અપાઇ ગયું છે, અને એ પ્રયોગ જોવા ઇચ્છા હોય તેમને સ્વાધીન છે. જેથી અધિક ઉદાહરણો ન આપતાં અત્ર એટલુ જ જણાવીએ છીએ કે આ ઉદાહરણો અને એવાં બીજાં પ્રસિદ્ધ થયાં છે તેટલા પરથી એટલું નિર્વિવાદ સિદ્ધ થઈ શકે છે કે આંતર મનમાં વિચારસંક્રમણનુ સામર્થ્ય છે એ કેવલ સત્ય છે. જેટલે અંશે સૂર્ય, ચંદ્ર આદિ પદાર્થો ઓકસીજન, હાઇડ્રોજન આદિ વાયુઓ સત્ય છે તેટલે જ અંશે આ વિચારસંક્રમણની શક્તિની સત્યતા છે. એ વિચારસંક્રમણની શક્તિ અસાધારણ છે એટલે કે અમુક સ્થિતિમાં જ આવિર્ભાવને પામી શકે છે અને અમુક નિયત નિયમપ્રમાણે જ વ્યાપાર કરે છે. તેથી એ નિયમોનું જ્યાં પાલન થતું નથી અને એ હેતુભૂત સ્થિતિની જ્યાં સિદ્ધિ થતી નથી ત્યાં એ શક્તિની ઝાંખી થતી નથી. ત્યાં એના વ્યાપારોનું દર્શન થતું નથી. પણ આ પ્રકારના નિયમ વિશ્વાધીન સર્વ શક્તિઓ અને પદાર્થમાટે જ છે. સર્વ પદાર્થના સ્વભાવ નિયત થયેલા હોય છે અને સર્વનો વ્યાપાર અમુક નિયત થયેલા નિયમપ્રમાણે જ પ્રવર્તે છે તેથી એનું જ્યાં પાલન થતું નથી ત્યાં એનું દર્શન પણ થતું નથી. છતાં જેમ આવાં અદર્શનથી એમનું અનાસ્તિત્વ થતું નથી તેમ આ વિચારસંક્રમણની શક્તિનું જ, જ્યાં એને માટેના નિયમોનું પાલન નહિ થાય ત્યાં આદર્શન થાય તો તેટલા ખરચ એનું અનસ્તિત્વ ઠરતું નથી. પ્રસ્તુત ઉદાહરણોથી એનું અનસ્તિત્વ ઠરતું નથી. પ્રસ્તુત ઉદાહરણથી એનું અસ્તિત્વ તથા એને વ્યાપાર કરવાના નિયમો સ્પષ્ટ જણાય છે તેથી અધિક ચર્ચાને હવે અવકાશ નથી. એ માટે સંશયનું સ્થાન નથી.

હવે એ શક્તિનો કેવી રીતે ઉપયોગ થઈ શકે છે તે સંક્ષેપમાં જોવું ઉચિત છે. ત્યાં એ શક્તિ સંદેશો પ્રેરવાના સામર્થ્યરૂપ છે તેથી જ્યાં જ્યાં સંદેશો દષ્ટરીતે દષ્ટ બાહ્ય સાધનોવડે પ્રેરી ન શકાય ત્યાં એનો ખાસ ઉપયોગ થઇ શકે છે. ઉદાહરણરૂપે યુદ્ધના સમયમાં જે કામ તારવિનાની વાયરલેસ ટેલીગ્રાફી કરે છે તેથી ઉત્તમ પ્રકારે આ વિચારસંક્રમણ કામ કરી શકે છે. એક નગરને ઘેરો ઘાલવામાં આવે છે ત્યારે ત્યાંથી બહાર આવ જા સાફ બંધ થાય છે. એવે સમયે તે ઉપરોધ પામેલા નગરમાં નિવાસ કરી રહેનાર તેમના મિત્રો બહાર હોય છે અને તેમનાં આંતર મન સાથે પ્રથમથી સંવાદ સ્થાપવામાં આવ્યો હોય છે તો તે નગરમાં જે જે બને છે, તેનો બરાબર ચિતાર તે તેમનાં મિત્રોને આપી શકે છે. એમાં કોઈ પણ પ્રકારનો બાહ્ય ઉપરોધ પ્રતિબંધ કરી શકતો નથી. આવાં કાર્યમાટે પાળવામાં આવતાં કબૂતરો અથવા તારના દોરડાવિના સંદેશો મોકલવાની કળા એ સર્વ કોઇ કોઇ પ્રતિબંધને વશ થઈ રહે છે. કબૂતરોને પકડવાનો ભય રહે છે ત્યારે આ કલા—વિચારસંક્રમણની કળામાં કોઇ વિચારને પકડાવાનો અને તેથી પ્રતિબંધ પામવાનો ભય રહેતો નથી. તારવિનાના સંદેશા જેમને ન જાણવા દેવા હોય તેમના પણ જાણવામાં આવી જાય છે અને તે સાથે એનો પણ પ્રતિબંધ કરી શકાય છે ત્યારે આ વિચારસંક્રમણમાં જે વ્યક્તિને વિચાર જણાવવો હોય તેને જ જાણવા દેવામાં આવે છે અને તે સાથે તે સંક્રમિત વિચારના પ્રેષણમાં કોઈ ઇતર વ્યક્તિ પ્રતિબંધ કરી શકતી નથી. તેથી આ આદિ પ્રકારે આ કળા એ ઇતર દષ્ટ કલાઓ તથા સાધનોના કરતાં સર્વોપરિપદ ભોગવે છે. એવું ઇતિહાસમાં પ્રસિદ્ધ છે કે જ્યારે ૧૮૫૭ નો બળવો થયો ત્યારે એક સ્થાને જે થતું તેની બરાબર ખબર દૂર દેશોમાં તરત જ અને સર્વાંશે સત્યરૂપે પડી જતી હતી. એ ખબર મોકલવાનું કોઇ દષ્ટ સાધન નહોતું તેમજ આવી ત્વરાથી ખબર પડી જાય તેવું કોઈ દષ્ટ સાધન કળવામાં પણ આવતું નથી. તેમ એ પ્રશ્ન ઇતિહાસમાં અદ્યાપિ ઉભો જ છે કે આ સંદેશા શી રીતે ફરી વળતા ? આવા પ્રસંગમાં આ વિચારસંક્રમણની કલાપ્રતિ શોધકોનો લક્ષ ગયો હોત અને તેને અનુસરી તપાસ કરવામાં આવી હોત તો પ્રસંગે આ વ્યતિકર આટલો દુર્બોધ અને અમેય પ્રશ્નરૂપે નહિ પણ સ્થિત થયો હોત.

કોઈ પણ દરદીપર શસ્ત્રક્રિયા કરવાની હોય છે ત્યારે તેમાં આ વિચારસંક્રમણનો એક મોટો લૌકિક ઉપયોગ થઇ શકે છે. જે વ્યક્તિના મનસાથે તે દરદીના આંતર્ મનનો સંવાદ હોય છે તે વ્યક્તિમાત્ર પોતાના મનમાં એવા સંકલ્પો કરે છે કે આ દરદીને જરા પણ વેદના નહિ થાઓ, એને વેદનાનું ભાન નથી જ, એને વેદના થતી નથી, એના પર થતી શસ્ત્રક્રિયાનું એને અભાન છે ઇત્યાદિ, તો એ વિચારનું તે દરદીના આંતર્ મનમાં સંક્રમણ થતાં તેનાપર શસ્ત્રક્રિયા વિનાવેદનાએ અને ક્લોરોફોર્મ આદિ જોખમકારક અભાનજનક ઔષધોના પ્રયોગવિના થઇ શકે છે. વળી જ્યાં રક્તાશયની દુર્બળતાઆદિ હેતુને લઇને ક્લોરોફોર્મ આપી શકાતું જ નથી ત્યાં આ કલા દરદીને એક આશીર્વાદરૂપ થઈ રહે છે. અને એ કામમાં એ કલાનો ઉપયોગ પાશ્ચાત્ય પ્રજાએ ઘણે પ્રસંગે કર્યો છે અને હાલ પણ કરે છે. પ્રો. ઓલ્સ્ટન પોતે ડો. ક્લાર્કના દરદીઓમાં આનો ઉપયોગ કરેલો અનેક પ્રસંગે જણાવે છે, અને એ પ્રયોગ સર્વાંશે વિજયી થયેલા વર્ણવે છે.

આ શિવાય જે વ્યાધિઓ ઔષધની મર્યાદાની બહારના છે તેમાં આ કલા પોતાનું સામ્રાજ્ય સારી રીતે ભોગવે છે. મજ્જાતન્તુના વ્યાધિઓમાં આ કલાના પ્રયોગથી કોઇ પણ ઔષધ લીધાવિના સર્વોત્તમ લાભ થાય છે. તે સાથે તે તે અવયવનો વ્યાપાર અવ્યવસ્થિત થયેલો હોય તો તેને નિયમન કરનાર મજ્જાતન્તુનો નિયમમાં સ્થાપવાથી તે તે વ્યાપાર પુનઃ યથાસ્થિત થઈ શકે છે. તેથી આ રીતે વિવિધ શારીર અવયવોનો અનિયમિત વ્યાપાર આ પ્રયોગથી નિયમિત થઇ શકે છે અને એમાં ઔષધજન્ય કોઇ પણ ઉપદ્રવને અવકાશ રહેતો નથી. હિપ્નોટીઝમમાં તે તે પાત્રને અમુક અસાધારણ સ્થિતિમાં લાવવો પડે છે અને તેથી કોઈ કોઈ વિદ્વાનો હિપ્નોટિઝમના પ્રયોગની સામે અભિપ્રાય આપે છે. આ વિચારસંક્રમણમાં આવી કોઇ અસાધારણ સ્થિતિ થતી નથી તેથી એમાં કોઇ રીતનો વિરોધ વિદ્વાનોને લેવાનો રહેતો નથી.

મનુષ્યોને કુટેવો પડી હોય છે તે અનાયાસે આ કલાના પ્રયોગથી છોડવી શકાય છે. એક મનુષ્યને હદપાર સુરાપાન કરવાની ટેવ પડી હતી, અને તે સાથે તમાખુનો પણ તેવો જ ઉપયોગ કરનાર હતો. મી. ઓલ્સ્ટનને એના સ્થિતિ જોતાં બંને ટેવ સાથે છોડવવા યોગ્ય ન જણાયું તેથી સુરાના વ્યસનને છોડાવવા પ્રથમ પોતાની

શક્તિ વાપરવા વિચાર કર્યો. મી. ઓલ્સ્ટને કહ્યું કે હું તમાખુના વ્યસનને હાલ છેડવા માંગતો નથી. બે અઠવાડીયાંસુધી એ સંબંધમાં કાંઈ પણ કરવા માંગતો નથી. પણ હાલ તો માત્ર દારૂના વ્યસનમાટે જ માનસિક વિચારોને પ્રેરીશ આ પ્રમાણે કરીને પછી પ્રતિદિવસ વિચારસંક્રમણના નિયમપ્રમાણે એ મનુષ્યને વિચારો પ્રેરવા માંડ્યા. દારૂની એને જરૂર નહિ પડશે, દારૂ પીવાનુ એને ગમશે નહિ, દારૂથી એ વિમુખ થઇ રહેશે ઇત્યાદિ વિચારોની સંક્રાન્તિ દૂર રહ્યે રહ્યે જ કરવામાં આવી. આવા ત્રણવાર પ્રયોગ થતાં તો એ દારૂ પી શકે જ નહિ એવી એની આંતરસ્થિતિ થઇ. ચતુર્થ દિવસે એ માણસ પ્રયોગને માટે આવ્યો ત્યારે આત્મદ્યોતનની આમાં કેટલી અસર થઈ છે અને વિચારસંક્રમણની કેટલી અસર થઇ છે તે નક્કી કરવાનો મને વિચાર થયો. આ મારા આશયની એને તથા કોઇને પણ ખબર આપ્યા વિના તે દિવસે દશ મિનિટ સુધી મેં તમાખુના સંબંધમાં વિચારસંક્રાન્તિ કરી અને તરત જ મને જણાયું કે એ તમાખુ વાપરવા પોતાને અસમર્થ જણાયો. એ પોતાના ઉદ્યમે ગયો અને ત્યાં તમાખુની વાસ પણ એ સહન કરી શકયો નહિ. બે દિવસમાં એણે બીલકુલ દારૂ પીધો નહોતો અને મારી ઓફિસમાંથી એ આ દિવસે ગયો અને એક કલાક થયો એટલામાં એને લાગ્યું કે મારે કોઇ ઉત્તેજક પદાર્થની જરૂર છે. એણે તમાખુનો ઉપયોગ કરવા ઘણીવાર પ્રયત્ન કર્યો પણ તે એ કરી શકયો નહિ. એ એક પીઠામાં ગયો અને ત્યાં એક ગ્લાસ દારૂ એણે પીધો પણ તેનું તરત જ એને વમન થઈ ગયું. એ માણસને દારૂ આદિ પદાર્થોનો એટલો અભ્યાસ થઇ ગયો હતો કે કેવલ એવા પદાર્થને અધીન જ થઇ રહ્યો હતે; અને જયારે એ પદાર્થોનું એ ગ્રહણ કરી શકયો નહિ ત્યારે એ પદાર્થના અભાવને લીધે, પૂર્વે જેમ બે પદાર્થોના સેવનથી મત્ત થતો તેમ, તેવો જ મત્ત થયો જણાયો.

આ પ્રયોગમાં આત્મદ્યોતનને અવકાશ નથી એ સ્પષ્ટ છે. કારણ કે તમાકુના વ્યસનમાટે પ્રયોગ કરવાનો નથી એ પ્રકારનું આત્મદ્યોતન એ માણસને તો હતુ. અને ચતુર્થ દિવસે જે પ્રયોગ કર્યો તે દારૂના વ્યસન માટે જ કર્યો છે એવું આત્મદ્યોતન હતું તેથી આત્મદ્યોતનથી બિરુદ્ધરૂપે કાર્ય થયેલું સ્પષ્ટ હોવાથી એ વિચારસંક્રાન્તિનો જ પરિણામ હતો એ સ્પષ્ટ થાય છે.

આ પ્રયોગમાં વ્યસન તત્કાળ છોડાવવાનો પ્રયત્ન હતો અને

તેથી એનો દૃઢ સંસ્કાર થયો નહોતો. અને તે સાથે તે તે પદાર્થના અભાવને લીધે અસ્વસ્થતાનું ભાન તેને થયું હતું. પણ જો એ પ્રયત્ન ક્રમે ક્રમે કરવામાં આવે છે અને અંતરને તે તે નવી સુધરેલી સ્થિતિમાં રહેવાનો સમય આપવામાં આવે છે તો આવી કોઇ પણ અસ્વસ્થતાવિના તે તે વ્યસન છોડાવી શકાય છે.

આ જ નિયમપ્રમાણે સર્વ વ્યસનો, સર્વ કુટેવ, કુછંદ આદિમાં આ વિચારસંક્રમણનો ઉપયોગ કરી શકાય છે. તેથી માનસ શાસ્ત્રપ્રણીત એક મહાવિદ્યારૂપ આ કલા છે એ સ્પષ્ટ સમજાય છે.

વિચારસંક્રમણ મનુષ્યમાત્રમાં જ થાય છે, એમ નથી પણ તિર્યક્ પ્રાણિવર્ગ પણ એને અધીન છે. તિર્યક્ પ્રાણીવર્ગમાં મસ્તિષ્ક નહિ જેવુ જ હોય છે અથવા કોઈ કોઈ વર્ગમાં નહિ પણ હોય. છતાં એ સર્વને આંતર મન છે એ નિર્વિવાદ છે. ઇ. સ. ૧૯૦૮ માં યુનિવર્સિટિના એક પ્રોફેસરે પોતે પિપીલિકાના સબંધમાં કરેલા પ્રયોગોનું વર્ણન કર્યું હતું. તેમણે પ્રથમ તો એક ૧૬ ઇચ જાડી ભીંત બનાવી અને તેમાં કોઈ રીતે પિપીલિકાનો પ્રવેશ ન થઇ શકે તેવી બનાવી. જેમ હાલ વૉટરપ્રુફ છત્રીઓ આવે છે તેમ આ પથ્થરનું ૧૬ ઇંચ જાડી દીવાલવાળું ગૃહ 'પિપીલિકા પ્રુફ' બનાવવામાં આવ્યું હતું, એમાં બારી એક પણ રાખવામાં આવી નહોતી. માત્ર એક દ્વાર જ રાખ્યું હતું. એવા પ્રકારના આ ગૃહમાં પિપીલિકા જન્મી શકે તેવી યોજના એક પાંજરામાં કરી તે પાંજરૂં મુકવામાં આવ્યુ. ત્યાર પછી એ પ્રોફેસર વારંવાર એ ગૃહમાં પ્રવેશતા અને પિપીલિકા શું કરે છે, કેમ વર્તે છે તે આદિનો અભ્યાસ કરતા હતા એમાં એમને એવું જણાયું કે ભીંતની જે બાજુએ પાંજરૂં અદર રાખવામાં આવ્યું તે બાજુએ ભીંતની બહારના ભાગમાં બહારથી એકત્ર થઇ પિપીલિકા ઉભરાવા લાગી અને તે ભીતની અદર તે જ સ્થાને અંદર પ્રવેશવાને દબાણુ કરતી જણાઇ. જેમ જેમ એ અંદરનું પાંજરૂં ભિન્ન ભિન્ન સ્થાને ખસેડવામાં આવતું તેમ તેમ બહારનું પિપીલિકાનું ટોળું પણ તે તે સ્થાને જ બહારથી ભીતપર ચઢતું જણાયું. સર્વ ભીંતો અને તેના સર્વ પ્રદેશોપર આવો પ્રયોગ કરી જોવામાં આવ્યો અને તે સર્વમાં આ એક સમાન પરિણામ જ જોવામાં આવ્યો. આથી એ પ્રોફેસરને ઘણો વિસ્મય થયો અને એનું કોઈ પણ કારણ એમને જડી શકયું નહિ—આ વ્યતિકરની કોઈ રીતે એ ઉપપત્તિ કરી શક્યા નહિ. એમને આંતર મનની કલાપ્રતિ દૃષ્ટિ ગઈ નહોતી.

અને તેથી એ લક્ષમાં આવે તેમ નહોતું કે એમનું પોતાનું આંતર મન બહારની પિપીલિકાને તે તે સ્થાને લઈ જાય છે કે નહિ. એ લક્ષમાં આવ્યું હોત તો તે પ્રકારના પ્રયોગ કરી જોવામાં આવત અને તેથી આવા વ્યતિકરની ઉપપત્તિ એમને સહજ થઇ શકત. જેમ મનુષ્યનુ આંતર મન પ્રેરક થઇ રહે છે તેમ પિપીલિકાનું આંતરમન પણ પ્રેરક શા માટે નહિ થાય તે જોવાનું રહે છે. તાત્પર્ય કે જ્યારે આ પ્રકારે તિર્યક્ પ્રાણિવર્ગના આંતર મનપર પણ અસર થઇ શકે તેમ છે, તો આ વિચારસંક્રમણની કલાને માનસશાસ્ત્રપ્રણીત મહાવિદ્યા કહેવામાં અતિશયોક્તિ ન્યૂન જ છે.

આ રીતે સર્વ પ્રકારના આધિઓમાં, કુટેવના ત્યાગમાં અને વ્યાધિઓમાં તથા વિશેષે કરીને મજ્જાતન્તુસાથેના સંબધવાળા વ્યાધિઓમાં આ વિચારસંક્રમણનો ઉપયોગ કરી શકાય છે. પણ એ સર્વઉપરાંત એ વિદ્યા સ્પષ્ટપણે જણાવે છે કે ગમે તે વ્યક્તિ આ રીતે દૃઢ સંકલ્પ કરે અને વિચારનું પ્રેરણ કરે તો એ વિચારની સક્રાન્તિ ઇતર આંતર મનમાં થઇ શકે છે. આપણાં શાસ્ત્રોમાં મારણ, મોહન અને વશીકરણ વિદ્યાનુ વર્ણન છે. તેના પ્રયોગો જોતાં ત્યાં વિચારસંક્રમણનું રહસ્ય અનુસ્યૂત કરેલુ જણાય છે. હાલ જે રૂપમાં વિચારસંક્રમણની વિદ્યા જાણવામાં આવી છે તે પ્રકારે પૂર્વે એ જાણવામાં આવી હોય કે નહિ આવી હોય તોપણ આ પ્રયોગોનું જ પ્રકારનું વર્ણન કરાય છે તે પ્રકાર જોતાં ત્યાં વિચારસંક્રમણનુ રહસ્ય રહેલુ છે એટલું સ્પષ્ટ દેખાઇ આવે તેમ છે. અમુક પ્રકારનુ ચક્ર પદ્મ રચી તેમાં જે વ્યક્તિપર મારણ, મોહન કે વશીકરણ કરવાનું હોય તે વ્યક્તિનું નામ લખવામાં આવે છે. અને પછી તેને આપેલો મંત્ર તે યંત્રને સમીપ સ્થાપી ઉચ્ચારવામાં આવે છે તે મંત્રમાં પણ અમુકને મારણ થાઓ, મોહન થાઓ, વશીકરણ થાઓ એ પ્રકારના શબ્દો છેવટે આવે છે. તેથી આમાં તે તે વ્યક્તિપ્રતિ અમુક અમુક અશુભ વિચાર—આંતર વૃત્તિનું પ્રેરણ—થાય છે અને તે પણ યંત્રપર દૃષ્ટિ સ્થાપી દૃઢ ભાવનાવડે કરાય છે અર્થાત્ તીવ્ર વેગથી કરવામાં આવે છે એ સ્પષ્ટ છે. આ સાથે તે તે મંત્રનો સંકેત ભળે છે એટલે એ સર્વના પરિણામરૂપે તે તે અહિતકર વ્યતિકર તે સામી વ્યક્તિને થાય છે. તેથી એ યંત્રનો વિધિ તથા તે તે મંત્રના પછી ઉચ્ચારણ કરવામાં આવતા શબ્દો વિચારસંક્રાન્તિના પ્રયોગનો એ સ્થળે

સ્પષ્ટ સદ્ભાવ સિદ્ધ કરે છે. આવા મોટા પ્રયોગો ત્યજી દઈએ અને સામાન્ય વિચારો લઈએ તો ત્યાં પણ એ સમજાય છે કે પ્રત્યેક મનુષ્યના જે વૈરી હોય છે, જે સકારણ કે અકારણ શત્રુ હોય છે, તે આ નિયમથી વિચારની સંક્રાન્તિ કરે તો તે ન્યૂનાધિક અંશે થઈ શકે તેમ છે. તેમ જ અન્યપક્ષથી વિચાર કરીએ તો જેમ તાર-વિનાના સંદેશા પ્રેરવામાં આવે છે ત્યારે તેવા સંદેશાનું ગ્રહણ સર્વ ગ્રાહક સ્થલે થાય છે એ, એ દર્શાવે છે કે પ્રેરવામાં આવતા સં-દેશાનાં આંદોલનો સર્વત્ર પ્રસરે છે અને અમુક સ્થલે જ પ્રસરતા નથી અને તેથી કરીને જ્યાં જ્યાં ગ્રાહકયંત્ર ઉભું કરવામાં આવે છે ત્યાં ત્યાં સર્વત્ર એનું ગ્રહણ થઈ શકે છે. વિચારસંક્રમણના સંબંધમાં પણ એ જ પ્રકારે છે. તીવ્ર ઇચ્છાથી કરવામાં આવતા તે તે વિચારનાં આંદોલન વાતાવરણમાં પ્રસરે છે અને તે તે ગ્રાહક-યંત્રરૂપ આંતર મન જ્યાં જ્યાં હોય છે ત્યાં સર્વત્ર તેનું ગ્રહણ થઈ શકે છે. આથી સર્વત્ર પ્રસરતા દુષ્ટ વિચારોથી પોતાનું ઉત્તમ પ્રકારે રક્ષણ કરવાની સર્વને કેટલી જરૂર છે તે સ્પષ્ટ જણાય છે. વાતા-વરણમાં પ્રતિક્ષણે ચાલતાં આવા વિચારના આંદોલનો પોતાના આંતર મનમાં ન પ્રવેશ કરી રહે એ માટે કેટલી સાવધાનતાની અપેક્ષા છે ? જ્યારે આ પ્રશ્નનો વિચાર વિશેષ દૃષ્ટિથી કરવામાં આવે છે ત્યારે એ પણ જણાય છે કે એથી પ્રત્યેક મનુષ્યે બચવાની જરૂર છે તે સ્પષ્ટ છતાં એમાં સાવધાનતા કેવી રીતે કાર્યસાધક થઈ રહે ? સાવધાનતા એ બાહ્ય મનનો વ્યાપાર છે અને વિચારસંક્રાન્તિનો પ્રદેશ આંતર મન છે. વળી બાહ્ય મન અષ્ટ પ્રહર કેવી રીતે સાવ-ધાન રખાય ? આ વિચાર કરનારને સ્પષ્ટ થાય છે કે આમાં બાહ્ય મનની સાવધાનતા ખાસ ઉપાયરૂપે સ્થાપી નિવૃત્તિએ રહેવાય તેમ નથી. ત્યારે પુનઃ એ પ્રશ્ન થાય છે કે આ માટે શું કરવું ? એનું ઉત્તર એ જ કે પોતાના આંતર મનને અનિષ્ટ વિચારના ગ્રાહકરૂપે ન થવા દેવું, તેવા વિચારોને તે ગ્રહણ કરી શકવા અસમર્થ થઈ રહે એવી સ્થિતિમાં તેને સ્થાપવું. એવી સ્થિતિ ક્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે એ આંતર મનને કોઇ ઇતર આંતર મનસાથે દૃઢપણે ત-દાત્મ કરી દેવામાં આવે છે ત્યારે. એ ઇતર આંતર મનને સમગ્ર સદ્ગુણ અને સદ્વિચારના વિલાસસ્થાનરૂપ હોય તો એની સાથે તદાત્મ કરી રાખવામાં આવતાં આપણું આંતર મન પણ કોઇ પણ અનિષ્ટ વિચારના સંક્રમણથી વિનાયત્ને બચે છે એટલું જ નહિ

તે સદાચારવિચારના વિલાસસ્થાનરૂપ આંતર મનના સમગ્ર વિચારબળનું અને વિચારોનું સંભાગી થઈ રહે છે. અને તેથી એનામાં તે તે સદ્‌વિચારો અનાયાસે પ્રાપ્ત થઇ સ્થિત થઇ રહે છે. આ સર્વ વિચારી જ આપણું શાસ્ત્ર ધ્યાતા ધ્યેયરૂપ થાય છે એ નિર્વિવાદ સિદ્ધાન્તને સ્થાપે છે અને પર્વતશૃંગપરથી તેનો પોકાર કરી પ્રજાવર્ગને પ્રબોધે છે ભક્તિમાર્ગનો સિદ્ધાન્ત આ રહસ્યને અનુમોદન આપે છે. ભક્તના અંતરમાં ભક્તિનો ઉદય ઇષ્ટપ્રતિ થાય છે તે ભક્તિ, આંતર મનનો જ ધર્મ છે. એ ભક્તિરૂપ નિરતિશય પ્રેમને લીધે ભક્તનું આંતર મન સતતપણે ભગવાન્‌શ્રીપ્રતિ લાગેલું રહે છે અને તેથી ભગવાન્‌માં વિશુદ્ધ, શુદ્ધ સત્ત્વમય સમષ્ટિ આંતર મનના સર્વ ઐશ્વર્યો અનાયાસે ભક્તના આંતર મનમાં સંક્રાન્ત થાય છે અને ભક્તના આંતર મનને તે સમગ્ર વિભૂતિવડે વિભૂષિત કરી રાખે છે. વિચારપ્રધાનમાર્ગરૂપ વેદાન્તશાસ્ત્ર પણ નવ વખત તત્ત્વમસિનો ઉપદેશ કરી અને અસકૃત્ આવૃત્તિને સાધનરૂપે સ્થાપી એ જ જણાવે છે કે બ્રાહ્મી ભાવનાને કેવલ બાહ્ય મનમાં સ્થાપન કરવાથી બ્રહ્મનિષ્ઠતાની સિદ્ધિ થતી નથી પણ એ ભાવનાનો પુનઃ પુનઃ અભ્યાસ કરી, એ ભાવનાની પુનઃ પુનઃ આવૃત્તિ કરી એને આંતર મનની દૃઢ ભાવના, આંતર મનના દૃઢ વલણરૂપે કરવામાં આવે છે ત્યારે બ્રહ્મનિષ્ઠા અને બ્રહ્મસંસ્થા પ્રાપ્ત થાય છે. તેથી આ સર્વ વિચારો અને આપણાં શાસ્ત્રના સિદ્ધાન્તો સર્વનો સમન્વય કરી જોતાં એક જ અબાધિત અર્થ સિદ્ધ થાય છે કે સર્વ પ્રકારના અનિષ્ટ વિચારોથી અનાયાસ જે બચવા માગે છે, સર્વ પ્રકારના અનિષ્ટથી જે પોતાનું રક્ષણ કરવા આતુર ઇચ્છાવાળો છે, ભક્તિ કે જ્ઞાન આદિ ગમે તેને સિદ્ધ કરી કૃતકૃત્યતા મેળવવાની જેને અભિલાષા છે, સર્વ પ્રકારના શુભ અથવા ઐશ્વર્ય જેના આંતરને વેગવાળું કરી રહ્યું છે, દેવત્વ, ઈશત્વ કે દ્રષ્ટૃત્વ એમાંથી કોઇ પણ અન્વેષણીય અને પ્રાપ્તવ્ય સ્થિતિ જેના લક્ષ્યરૂપે સ્થિત થયેલી છે તેને માટે એક જ ઉપાય સર્વથી સરળ અને અવશ્ય કાર્ય કરનાર એ છે કે તેણે **સદ્‌ગુરુશ્રીને** સર્વાત્મના શરણ થઈ રહેવું. જો એ પ્રકારનું દેખવા માત્ર નહિ, બાહ્ય મનનું નહિ પણ આંતર મનના સાચા ભાવથી શરણ ગ્રહણ કરવામાં આવે છે તો એ શરણના માહાત્મ્યને લીધે અને **શ્રીસદ્‌ગુરુશ્રીના** માહાત્મ્યને લીધે એ ધીરવીર પુરુષ સદા સદાચારી, સદ્‌ગુણી, સર્વગુણવિભૂષિત, સર્વૈશ્વર્યવાન્ આપ્તકામ, અકામ અને આ-

ત્મકામ થઇ રહે છે અને સદાનિર્ભય સ્થિત થાય છે.

સત્ સંગતિનું માહાત્મ્ય શાસ્ત્ર જે વર્ણન કરે છે તે આ નિયમથી સ્પષ્ટપણે સત્ય જણાય છે. સત્સંગતિમાં સર્વોત્કૃષ્ટ સંગતિ તો સદ્ગુરુશ્રીની જ આંતર મનવડે કરાતા શરણરૂપ સંગતિ છે. પણ એ કરવા જે ભાગ્યશાળી થયો નથી તે પુરુષ બાહ્ય મનવડે અને તે નહિ તો છેવટે શરીરવડે પણ એ સંગતિને સેવે છે તો તે ક્રમે ક્રમે ઉત્તરોત્તર ભૂમિકામાં જતાં યથાર્થ સંગતિને સેવવા ભાગ્યશાળી થાય છે. જેમને સાચા સદ્ગુરુશ્રીની પ્રાપ્તિ થઇ શકી નથી તેવા પુરુષોએ પણ પોતાનું રક્ષણ કરવા લૌકિક સત્પુરુષોની સંગતિનું સેવન કરવું આવશ્યક છે. તેમ કરવામાં આવે છે તો તેટલાથી પણ તે લૌકિક સત્પુરુષ જે જ્ઞાન, સદ્ગુણ આદિના ભંડારરૂપ હોય છે અને જેટલે અંશે હોય છે તેટલે અંશે આ સગતિ સેવનાર પુરુષ પણ થઈ રહે છે. પ્રકારાન્તરે કહીએ તો જેમ કોઇ અતિ ધનાઢ્ય પુરુષ કોઈ મનુષ્યને દત્તકવિધાન કરે છે તો તેટલા માત્રથી જ તે મનુષ્ય તે પુરુષની અનર્ગળ સંપત્તિનો અધિકારી થઈ રહે છે તેમ સત્પુરુષોના મુકુટમણિરૂપ સદ્ગુરુશ્રી અથવા લૌકિક સત્પુરુષ પોતાની સંગતિની જે દીક્ષા પુરુષને અર્પે છે તે જ તે પુરુષને તેમની પોતાની અનવધિ દૈવીવિભૂતિનો અધિકારી કરી સ્થાપે છે. તેથી પ્રત્યેક મનુષ્યે સત્સંગતિ સદા આત્મરક્ષણાર્થે સેવ્ય છે અને તે સુભાગ્યવાન્ હોય તેણે સદ્ગુરુશ્રીનું શરણ સર્વાત્મના અવશ્ય ગ્રહણ કરવું એ જ સર્વોત્કૃષ્ટ શ્રેયસનો ઉપાય છે એ સિદ્ધ થાય છે, અને આ વિચારસંક્રમણની વિદ્યાનો સર્વોપરિ સિદ્ધાન્ત પણ એ જ નીકળે છે.

जे जे कणीया.

वेदान्तपरिभाषाव्याख्या.

(અનુસંધાન શ્રી સદ્ધર્મદેશશ્રેણી ૩૨ ના પૃષ્ટ ૩૯ થી)

વાસનાઃ—વાસના શબ્દ શાસ્ત્રમાં મુખ્યત્વે કરીને બે અર્થમાં વપરાય છે. કર્માશય જે જન્મને આપે છે, તે જાતિના શરીરસાથે જીવાત્માનો સબંધ કરાવે છે તે જાતિના શરીરમાં મળતા ભોગની વાસનાને પ્રથમ અભિવ્યક્ત કરે છે અને તે વાસનારૂપ અભિસચિત્રશાત્ જીવનું તે તે શરીરમાં ગમન થાય છે, આ પ્રમાણેનો શાસ્ત્રનો સિદ્ધાન્ત છે. અહિં વાસનાનો અર્થ અભિરુચિ અથવા ઇચ્છા છે. ઉદાહરણ તરીકે જ્યારે જીવ મનુષ્ય-શરીરમાં હોય છે ત્યારે તેને માનુષ ભોગની વાસના જ અભિવ્યક્ત થયેલી હોય છે. તેથી માનુષ ભોગની રુચિ તેને થયા કરે છે અને દેવભોગનું અજ્ઞાન હોવાથી તે લોકના ભોગની વાસના થતી નથી. તેમ જ શ્વાન આદિ પશુને કુત્સિત પદાર્થના ભક્ષણની ઇચ્છા થાય છે તેવી ઇચ્છા પણ મનુષ્યોને થતી જાય. તેથી મનુષ્યશરીરમાં જીવ હોય છે ત્યાં સુધી તેને એ શરીરને અનુરૂપ વાસના અભિવ્યક્ત થયેલી હોય છે. હવે એ જ જીવ એ જ શરીરમાં જ્યોતિષ્ટોમ યાગ કરે છે અથવા તો એવાં નિષિદ્ધાચરણ કરે છે કે તેથી એને પશુ-આદિ યોનિની પ્રાપ્તિ થાય છે. જ્યોતિષ્ટોમના ફળરૂપે સ્વર્ગશરીરની પ્રાપ્તિ થાય છે. આ બન્ને સ્થિતિ પ્રાપ્ત થતાં પૂર્વે માનુષ શરીરનો ત્યાગ થવો આવશ્યક છે. તેથી એ થયા પછી એ જીવ પોતાના પરિપકવ કર્મોને અનુસરી દેવશરીરને પામે છે અથવા પશુઆદિ-ના શરીરને પામે છે. એ શરીરની પ્રાપ્તિ શા માટે થાય છે કે એને તે તે શરીરજન્ય ભોગની સંપત્તિ થવા માટે. હવે જ્યારે દેવશરીર પ્રાપ્ત થાય છે ત્યારે પણ જો એ જીવની માનુષ વાસના વિદ્યમાન રહે છે તો એને દેવલોકના ભોગની અભિસક્તિ નહિ હોવાથી તજ્જ-ન્ય સુખાદિની પ્રતીતિ થઇ શકે તેમ નથી. તેમ જ પશુઆદિની યોનિની પ્રાપ્તિ થાય છે ત્યારે પણ માનુષ વાસના વિદ્યમાન રહે તો તે પશુઆદિના એ એ શરીરની પ્રાપ્તિ થઇ તજ્જન્ય ભોગ પ્રાપ્ત થાય

ત્યાર પૂર્વે તેને શરીરને અનુસરતી વાસનાનો શરીરનો ભોગ પણ થઈ શકવો અસંભવિત છે. તેથી સ્પષ્ટ છે કે આવિર્ભાવ એને થવો જોઇએ. તેથી શાસ્ત્ર સ્પષ્ટ સિદ્ધાન્ત સ્થાપે છે કે જ્યારે માનુષ શરીર એ જીવ ત્યજે છે કે જે શરીરના પ્રાપક કર્મો ઉદય પામે છે તે કર્મો જ તે તે શરીરને અનુરૂપ વાસનાનો પ્રથમ એનામાં આવિર્ભાવ કરે છે અને પછી એ વાસનારૂપ બલવશાત્ એ જીવ તે તે શરીર પ્રતિ આકર્ષાય છે. અને તે તે શરીરની પ્રાપ્તિ કરી તેમાં પ્રાપ્ત થતા ભોગને ભોગવી શકે છે. જીવોનું સંસારચક્રમાં ભ્રમણ અનાદિ કાળથી થતું ચાલે છે તેથી જીવોમાં—અંતઃકરણમાં અથવા તો પુર્યષ્ટકમાં—સર્વ શરીરોની વાસના વિદ્યમાન હોય જ છે. તેથી માત્ર તે તે શરીરની પ્રાપ્તિનો સંધિ આવે છે ત્યારે તે તે વાસના જે પૂર્વસિદ્ધ હોય છે તેની અભિવ્યક્તિ માત્ર કર્મવશાત્ થાય છે. વાસનાને નવી ઉત્પન્ન કરવી પડતી નથી. આ પ્રક્રિયામાં વાસનાનો અર્થ અભિરુચિ અથવા ઇચ્છા અથવા કામના છે. ખરૂં જોતાં તો એ અભિરુચિ આદિ પણ વાસના શબ્દવડે સંસ્કારરૂપે જ વિવક્ષિત છે એટલે કે તે તે ભોગના અનુભવથી પડેલો, તે તે ભોગમાટે અનુકૂળ બુદ્ધિરૂપ સંસ્કાર એ વાસના છે. આ વાસના અભિવ્યક્ત થાય છે ત્યારે તે અભિરુચિ અથવા કામનાને પ્રકટાવે છે.

પ્રકારાન્તરે વાસનાનો એવો અર્થ થાય છે કે અનુભવથી જન્ય હોઇને સ્મૃતિનો હેતુ થાય છે તે સંસ્કાર તે વાસના છે. વસ્ત્રપર સુગંધી પદાર્થ છાંટવામાં આવે છે ત્યારે તે પદાર્થનો વાસ સ્પષ્ટ આવે છે. પછી એ વસ્ત્રને ધોવામાં આવે છે ત્યારે સ્પષ્ટપણે એ વાસ આવતો નથી છતાં ઘણે પ્રસંગે એ પદાર્થનો પાસ—સ્પર્શ—તે વસ્ત્રનો થયેલો જણાય છે એટલે કે એ પદાર્થનો સંસ્કાર તે વસ્ત્રપર રહેલો અનુમાન કરાય છે. આ જ પ્રમાણે જ્યારે અનુભવ થાય છે ત્યારે જ્ઞાનની સ્ફુટ પ્રતીતિ હોય છે, સ્મૃતિ થાય છે ત્યારે સ્મરણરૂપ જ્ઞાનની સ્ફુટ પ્રતીતિ હોય છે, છતાં એ બંને તત્કાલ થતાં નથી. અનુભવ થયા પછી ઘણે દીર્ઘ સમયે પણ તેને અર્થની સ્મૃતિ થાય છે. તેથી જે સૂક્ષ્મરૂપે, સંસ્કારરૂપે અનુભવ અંતરમાં એ અવાંતર કાળમાં રહે છે તે સંસ્કાર અથવા સૂક્ષ્મરૂપનું નામ વાસના છે.

આ પ્રકારની વાસના (સંસ્કારરૂપ વાસના) અને પ્રથમ અર્થમાં કહેલી વાસના એ બેમાં મહાન્ ભેદ નથી. બંને અર્થમાં વાસના સંસ્કારરૂપ જ છે, અને તેથી અનુભવથી ઉત્પન્ન થનાર છે.

પ્રથમ હમેશાં એ સંસ્કાર ઇચ્છા અથવા કામનાને પ્રકટાવે છે અને બીજા અર્થમાં સ્મૃતિરૂપ જ્ઞાનને પ્રકટાવે છે એટલો અવાન્તર ભેદ છે. ખરૂં જોતાં તો બંને સ્થળે વાસના સ્મૃતિને જ પ્રકટાવે છે. એ સ્મૃતિ પૂર્વાનુભૂત સુખ અથવા સુખસાધનવિષયક હોય છે ત્યારે એ દ્વારા કામના અથવા ઇચ્છા પ્રકટે છે અને એ સ્મૃતિ ઇતર પદાર્થવિષયક હોય છે ત્યારે કામના અથવા ઇચ્છા પ્રકટતી નથી. આ રીતે આ ભેદ સ્મર્યમાણ વિષયને લીધે થાય છે અને વાસનાના સ્વરૂપનો ભેદ નથી. તેથી વાસના અનુભવજન્ય અને સ્મૃતિનો હેતુ જે સંસ્કાર, તે રૂપે લેવામાં આવે તો એ બંને અર્થનો એમાં સમાવેશ થઇ શકે છે.

આ વાસના બે પ્રકારની છે, શુદ્ધ વાસના અને મલિન વાસના. ત્યાં દૃઢ અપરોક્ષ તત્ત્વાનુભવ થઇ ગયા પછી જે ઇન્દ્રિયવ્યવહાર થાય છે તેનો હેતુ શુદ્ધ વાસના છે. પ્રાથમિક બોધ શાસ્ત્ર અથવા ગુરુઉપદેશના શ્રવણ અને મનનથી થાય છે. પણ પછી એ તત્ત્વબોધનો જીવબ્રહ્મના ઐક્યના નિશ્ચયની દીર્ઘકાલ, નૈરંતર્ય અને સત્કારવડે ભાવના કરવામાં આવે છે ત્યારે પછી તત્ત્વમસિ આદિ વાક્ય તથા એ નિશ્ચયને અનુકૂલ યુક્તિના અનુસંધાનવિના જ પુરોવર્તી ઘટાદિવત્ તત્ત્વનું પરિસ્ફુરણ પોતાની મેળે જ થાય છે. આ પ્રકારની બોધાનુવૃત્તિસહિત જે ઇન્દ્રિયવ્યવહાર તે શુદ્ધ વાસના છે. આ શુદ્ધ વાસનાનું બીજું નામ ज्ञातज्ञेया પણ છે કેમકે એ સમયે જ્ઞેયમાત્રનો બોધ થઈ ગયો હોય છે અને જ્ઞેય અવશિષ્ટ રહેતું હોતું નથી. આ શુદ્ધ વાસના તે દેહના જીવનમાત્રમાં ઉપયોગી છે અર્થાત્ જીવન્મુક્તના દેહના નિર્વાહના ઉપાયરૂપ છે. આ વાસના દંભ, દર્પ આદિ અસુર સંપત્તે ઉપજવનાર નથી, તેમ જ અહં મમત્વનો ત્યાગ થઈ ગયેલો હોવાથી એ ધર્માધર્મરૂપ અદૃષ્ટને ઉપજાવનાર પણ નથી અને તેથી સંસારના હેતુરૂપ નથી. પણ શેકેલાં બીજના જેવી છે. જેમ શેકેલાં બીજ રુચિર અન્નના સાધક નથી, તેમ જ નવાં ધાન્યની નિષ્પત્તિના હેતુરૂપ નથી, પણ માત્ર ભરી રાખવાના જ કામમાં આવે છે તે પ્રકારે આ વાસના મુખ્યભોગ આપનારી નથી, અને નવા ભોગને ઉપજાવનાર ધર્માધર્મને રચનારી નથી, પણ માત્ર દેહનિર્વાહાર્થે અંતરમાં પડી રહે છે.

બીજા પ્રકારની વાસના તે મલિન વાસના છે. એ પુનઃ ત્રણ પ્રકારની છેઃ लोकवासना, शास्त्रवासना અને देहवासना. તે ત્યાં લોકના

અનુભવથી ઉત્પન્ન થઈને જે, લોકના રંજનાદિ અર્થે પુનઃ પુનઃ લોકનું સ્મરણ કરાવનાર છે તે લોકવાસના છે. પ્રકારાન્તરે કહીએ તો સર્વ મનુષ્યો મારી કોઈ પણ રીતે નિન્દા ન કરે અને મારી સ્તુતિ કરે, મને વાહ વાહ કહે, તે પ્રકારે મારે વર્તન રાખવું એવો અભિનિવેશ તે લોકવાસના છે. આ પ્રકારની લોકવાસના સિદ્ધ થવી અસંભવિત હોવાથી એ મલિન વાસના છે. જ્યારે પતિવ્રતાઓમાત્રમાં શિરોમણિરૂપ શ્રી **સીતા**જીના સંબંધમાં પણ લોકોએ અપવાદ મૂકતાં આંચકો ખાધો નથી તથા શ્રી કૃષ્ણ પરમાત્મા જેવા સાક્ષાત્ ઈશ્વરના અવતારને વિષે પણ યથામતિ બોલતાં ચૂક્યા નથી ત્યારે ઇતર સ્ત્રીપુરુષોના સંબંધમાં સર્વ એકમતે અને એક અવાજે સ્તુતિ કરે એ કેવલ અસંભવ છે. વળી ભિન્ન ભિન્ન દેશનિવાસીઓ પરસ્પરની નિન્દા કરતા જણાય છે. ઉત્તરીય વેદવિદ્ વિપ્રોની દાક્ષિણાત્ય વિપ્રો "માંસભક્ષી" કહી નિન્દા કરે છે અને મામાની દીકરીને પરણનાર તથા યાત્રામાં મૃત્તિકાનાં વાસણો રાખનાર કહી દાક્ષિણાત્ય વિપ્રોની ઉત્તરના વિપ્રો નિન્દા કરે છે. ઋગ્વેદીઓ અશ્વલાયન શાખાને કણ્વશાખાથી પ્રશસ્ત માને છે અને વાજસનેયી એથી વિપરીત માને છે. આ જ પ્રમાણે પોતપોતાનાં કુલ, ગોત્ર, બન્ધુવર્ગ અને ઇષ્ટદેવતાની સ્તુતિ અને ઇતરની નિન્દા સર્વત્ર પ્રચલિત છે. તેથી શાસ્ત્રકારો આ આદિ અર્થનો ઉપન્યાસ કરી જણાવે છે કે લોકમાત્રનું આરાધન કરવાનો અભિનિવેશ સદા મિથ્યા જ છે, કોઈ પણ દિવસ સિદ્ધ થઈ શકે તેમ નથી. આમ લોકવાસનાનું મલિનપણું હોવાને લીધે જ શાસ્ત્રમાં લોકની સ્તુતિ તથા નિન્દામાં સમત્વ રાખવાનું મોક્ષ સાધનરૂપે ઉપદેશ કરવામાં આવ્યું છે. વળી આ પ્રકારની લોકવાસના તે લોકૈષણાને જ પોષણ કરનાર છે અને તેથી સંસારના હેતુરૂપ છે તેથી પણ એ મલિન વાસના છે. આ જ પ્રમાણે મનુષ્ય લોકથી ઇતર લોકની ઇચ્છા ઉત્પન્ન કરનાર સંસ્કારવિશેષ તે પણ એક રીતે લોકવાસના જ છે. એ પણ લોકલોકાન્તરમાં ભ્રમણ કરાવવામાં હેતુ હોવાથી સંસારજનક છે અને તેથી મલિન વાસના છે.

દ્વિતીય પ્રકારની મલિનવાસના તે શાસ્ત્રવાસના છે. શાસ્ત્રના અનુભવથી ઉત્પન્ન થયેલી અને શાસ્ત્રનું જ પુનઃ પુનઃ સ્મરણ કરાવનાર હેતુ તે શાસ્ત્રવાસના છે. એ શાસ્ત્રવાસના પુનઃ આ ત્રણ ભેદવાળી છેઃ **પાઠવ્યસન, શાસ્ત્રવ્યસન અને અનુષ્ઠાનવ્યસન,** ત્યાં વેદશાસ્ત્રાદિનો પાઠમાત્ર કર્યાં કરવાની ઇચ્છા, પાઠ કર્યાં કરવાથી તૃપ્તિ જ જે

સંસ્કારને લીધે થતી નથી તે પાઠવ્યસન છે. આનું ઉદાહરણ શાસ્ત્રમાં ભરદ્વાજનું આપવામાં આવે છે. પુરુષનું જે પૂર્ણ આયુષ્ ગણાય તેવાં ત્રણ આયુષ્સુધી એમણે વેદાધ્યયન કર્યા કર્યું અને પછી ઇન્દ્રે ચતુર્થ આયુષ્ આપ્યું જો તેમાં પણ એમણે પરિશિષ્ટ વેદોના અધ્યયનમાટે જ ઉદ્યમ કર્યો. આ પાઠ કરવાનું કાર્ય પણ પૂર્ણઅંશે સિદ્ધ થવું અશક્ય છે અને એ વાસના પણ તત્ત્વથી અતિરિક્ત વિષયમાં મનને લગાડેલું રાખે છે તેથી સંસારના હેતુરૂપ છે તેથી બંનેરીતે એ મલિનવાસના છે. આ જ પ્રમાણે શાસ્ત્રનું અધ્યયન કરવું, તેવા અર્થને સમજવો, તેમાંની યુક્તિઓને સમજી જિહ્વાગ્રે કરવી ઇત્યાદિ ઉદ્યમ કરાવનાર હેતુ તે શાસ્ત્રવાસના અથવા શાસ્ત્રવ્યસન છે. જેમ પાઠવ્યસનવાળો પુરુષ પાઠથી કંટાળતો નથી, પણ આવી આવીને પાઠ કરવા જ તત્પર થઈ રહે છે તે જ પ્રમાણે શાસ્ત્રવ્યસનવાળો પુરુષ આત્યંતિક પુરુષાર્થની સિદ્ધિપ્રતિ લક્ષ ન આપતાં વાદીના જયને અર્થે અથવા પોતે શાસ્ત્રનિષ્ણાત છે એ ખ્યાતિને અર્થે અથવા સ્વભાવથી જ વળી વળીને શાસ્ત્રનું પઠનપાઠનાદિ કરવા જ મચેલો રહે છે. આનુ ઉદાહરણ કાળષેયગીતામાં આપ્યું છે. ત્યાં કહ્યું છે કે દુર્વાસસ નામના મુનિ હતા તે અસંખ્ય પુસ્તકોનો ભાર સાથે લઇને જ શ્રીમહાદેવના દર્શન કરવા આવ્યા અને તેમને જોઇને નારદ મુનિએ તે સભામાં તેમને ભારવાહી ગર્દભની સાથે સરખાવ્યા. તેથી કોપને વશ થઇ તે મુનિએ સર્વ પુસ્તકોને મોટાના સિંધુમાં નાખી દીધાં અને પછી શ્રીમહાદેવે તેમને આત્મવિદ્યામાં જોડ્યા. આ પ્રમાણે ત્યાં પ્રતિપાદન કર્યુ છે. અને તેથી જે અંતર્મુખ નથી તથા શ્રીસદ્ગુરુની કરુણાને પ્રાપ્ત નથી તેમને વેદશાસ્ત્રમાત્રવડે આત્મવિદ્યાની સિદ્ધિ થતી નથી. તેથી આ શાસ્ત્રવ્યસન પણ મલિનવાસના છે એ અહિં સૂચવ્યુ છે. અનુષ્ઠાનવ્યસન એટલે વેદપ્રતિપાદિત યજ્ઞયાગાદિ કર્મોને જ કર્યા કરવાનો અનિવાર્ય ઉત્સાહ જેવડે પ્રકટે છે તે વાસના. આ વાસના કર્મજાડ્ય તથા શ્રદ્ધાજાડ્યને ઉપજાવે છે. દાશૂર નામના એક પુરુષનું વર્ણન કરતાં શ્રીવિષ્ણુપુરાણમાં કહેવામાં આવ્યું છે કે યજ્ઞમાટે ભૂમિની–શુદ્ધ ભૂમિની એને અપેક્ષા હતી. પણ શ્રદ્ધાજાડ્યને લીધે એ પુરુષ સર્વત્ર ફર્યાં છતાં એની દૃષ્ટિમાં કોઈ શુદ્ધ ભૂમિ જ નહિ જણાઇ. આ અનુષ્ઠાનવ્યસનરૂપ વાસના પણ કર્મના હેતુરૂપ હોવાથી સંસારના જ કારણરૂપ છે અને તેથી એ પણ મલિનવાસનારૂપ છે. આ રીતે

શાસ્ત્રવાસના જે દર્પ આદિના હેતુરૂપ હોવાથી વિવિધ રીતે મલિનવાસનારૂપ છે તેના આ ત્રણ વિભાગ છે.

તૃતીય પ્રકારની મલિનવાસના તે દેહવાસના છે. આત્મત્વભ્રાન્તિ, ગુણાધાનભ્રાન્તિ અને દોષાપનયન ભ્રાન્તિ. એ ત્રણ પ્રકારની ભ્રાન્તિવડે આ દેહવાસનાનુ પુનઃ ત્રૈવિધ્ય થાય છે, એ વાસના પુનઃ ત્રણ પ્રકારની થઇ રહે છે. ત્યાં દેહમાત્ર જ ચૈતન્યવિશિષ્ટઆત્મા છે એ પ્રકારની ભ્રાન્તિ પ્રાયશઃ સર્વ લોક અને ચાર્વાકાદિને પ્રસિદ્ધ છે. વિરોચનને પ્રજાપતિએ સાક્ષાત્ બોધ આપ્યો તોપણ પોતાના ચિત્તના દોષને લીધે તે બોધથી એની દેહાત્મબુદ્ધિ જ દૃઢ થઇ અને તદનુસાર એણે અસુરોને અનુશાસન આપ્યુ એ છાંદોગ્યોપનિષદ્‌ના આઠમા અધ્યાયમાં પ્રસિદ્ધ છે. જેઓ શાસ્ત્રાદિનું અધ્યયન કરે છે અને શાન્તિ તથા સુખના સમયમાં પોતાને દેહાત્માધ્યાસ નથી એવું માને છે તેમને પણ સમય આવ્યે સમજાય છે કે દેહાત્મવાસના તેમની ગયેલી નથી. તેથી દેહાત્મવાસના અતિદુર્જય છે અને સર્વત્ર પ્રાયશઃ પ્રસરી રહેલી છે એ પ્રસિદ્ધ છે. એ વાસના જ્યાંસુધી હોય છે ત્યાંસુધી શુદ્ધાત્માનું જ્ઞાન થવાનો, દૃઢ અપરોક્ષ જ્ઞાન થવાનો અસંભવ હોય છે અને જ્ઞાન થાય છે તોપણ તેમાં નિષ્ઠા સિદ્ધ થતી નથી, તેથી દેહાત્મવાસના સંસારમૂલક હોવાથી મલિનવાસના છે.

ગુણાધાન—લૌકિક અને શાસ્ત્રીય એમ બે પ્રકારનુ છે. ત્યા સમીચીન શબ્દાદિનું સંપાદન કરવુ તે લૌકિક ગુણાધાન છે. આની સિદ્ધિમાં લોકોની પ્રાયશઃ પ્રવૃત્તિ થતી સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. કોમળધ્વનિવડે ગાયન કરવા અથવા અધ્યયન કરવા અર્થાત્ આ આદિ કાર્યોમાટે કોમળધ્વનિરૂપ ગુણનું સંપાદન કરવા નાનાવિધ ઉપાયોને લોકો સેવતા જણાય છે.

આ જ રીતે મૃદુ સ્પર્શવાળું શરીર કરવા લોકો પુષ્ટિકર ઔષધ તથા આહારને શોધતા ફરે છે; લાવણ્યની સિદ્ધિમાટે અભ્યંગ દુકુલાદિ વસ્ત્રોવડે આચ્છાદન અને અલંકારને ધારણ કરે છે; સુગંધની સિદ્ધિ માટે સ્રગ્આલેપન આદિને ધારણ કરે છે. આ સર્વ ગુણાધાનને સાધકવાસનાનો પરિણામ છે, અને એ ગુણાધાન તે લૌકિક ગુણાધાન છે. ગંગારનાન, તીર્થસેવન આદિવડે જે શરીરનું ગુણાધાન સંપાદન કરાય છે તે શાસ્ત્રીય ગુણાધાન છે. વૈદ્યવડે ઉપદેશ કરવામાં આવતાં ઔષધના સેવનવડે તથા મુખાદિના પ્રક્ષાલન-

વડે શરીરમાં ઉદ્ભવતા દોષોનું દૂરીકરણ કરવું તે લૌકિક દોષાપનયન છે; અને શૌચ, આચમનાદિવડે એ કરવું તે વૈદિક દોષાપનયન છે. આ રીતે આ ત્રણ પ્રકારની ભ્રાન્તિવડે દેહવાસના ત્રણ પ્રકારની છે.

આ સર્વ પ્રકારની દેહવાસના તે મલિન વાસના છે એમ શાસ્ત્ર સ્પષ્ટપણે કહે છે. શાસ્ત્ર કહે છે કે પ્રસિદ્ધ ગાયકો અને અધ્યાપકો મહાન્ યત્ન કરતા છતાં પણ ધ્વનિના સૌષ્ઠવને પામ્યા નથી એ વિદિત છે; મૃદુ સ્પર્શ અને અંગપુષ્ટિ અત્યંત અનિયત છે; લાવણ્ય અને સૌગંધ્ય પણ તે તે વસ્ત્રાલંકારનિષ્ઠ છે અને દેહનિષ્ઠ નથી. વળી આ શરીર શુક્રશોણિતના મિથુનીભાવથી ઉત્પન્ન થયું છે, સવિતરૂપ જ્ઞાનથી રહિત છે, ગર્ભસ્થાનથી બહાર પ્રકટ થયું છે, અસ્થિથી દૃઢ કરાયું છે, માંસવડે અનુલિપ્ત છે, ચર્મથી મઢાયું છે, મળ, મૂત્ર, કફ, પિત્ત, મજ્જા, મેદ, વસા આદિ વિવિધ આમયથી પૂર્ણ છે તેથી સદા જુગુપ્સિત છે; ઔષધોપચારથી રોગની શાન્તિ નિયમે કરીને થતી નથી અને થાય છે તોપણ તે રોગનો પુનઃ ઉદ્ભવ ન જ થાય તેમ નથી; સદા પ્રસ્વેદાદિ મલો એમાંથી ઝરતા રહે છે તેથી વારંવાર પ્રક્ષાલનાદિ કરવાથી પણ શુદ્ધ થઇ શકે તેમ નથી. તેથી આ વાસનાના વિષયની સર્વથા પૂર્ણાંશે સિદ્ધિ થવાનો અસંભવ છે અને તેથી એ મલિનવાસના છે.

આ ત્રણ પ્રકારની મલિનવાસના ઉપરાંત દોષ, દર્પ આદિ આસુરી સંપત્તિરૂપ ચતુર્થ માનસવાસના છે. એ તો કેવલ નિરયના હેતુરૂપ જ છે અને તેથી અત્યંત મલિનવાસના છે.

આ પ્રકારે ત્રિવિધ અને માનસવાસનાસાથે ચતુર્વિધ મલિનવાસના છે. એ વાસનાનું પ્રતિપાદન શાસ્ત્ર કરે છે તેમાં આશય એ છે કે એ સર્વ વાસનાનો ક્ષય અવશ્ય કર્તવ્ય છે. તત્ત્વજ્ઞાન, મનોજય અથવા મનોનાશ અને વાસનાક્ષય એ ત્રિવિધ સાધનોની યુગપત્ સિદ્ધિ થાય છે ત્યારે જ આરૂઢ જીવન્મુક્તિનો અપરોક્ષ અખંડિત અનુભવ કરી શકાય છે. જો એ ત્રણ સાધનોનું એકૈકશઃ અનુષ્ઠાન કરવામાં આવે છે તો સંકાલિત મંત્રના જપની પેઠે સિદ્ધિ થતી નથી. પણ એ ત્રણેનું સહાનુષ્ઠાન થાય છે ત્યારે જ દીર્ઘકાળનો અભ્યાસ થયે હૃદયગ્રંથીઓ અવશ્ય ત્રૂટે છે.

આ ત્રણે સાધનો વળી પરસ્પરના ઉપકારક છે, પરસ્પરના સાધનરૂપ છે તેથી એકને માટે કરેલો પ્રયત્ન ઇતરની સિદ્ધિ થવામાં

સહાયક થઇ રહે છે. ત્યાં વાસના એ મનમાં રહેનાર છે અને એ મનને ચંચલ કરનાર છે તેથી જ્યાંસુધી વાસનાનો ક્ષય થતો નથી ત્યાંસુધી મનનું શમન થતું નથી અને જ્યાંસુધી મનનો જય થતો નથી ત્યાંસુધી વાસનાનો ક્ષય થઇ શકતો નથી એ તો સ્પષ્ટ છે. તેથી વાસનાક્ષય અને મનોજય એ પરસ્પરના ઉપકારક છે. જ્યારે મનનો નાશ થાય છે ત્યારે વાસનાનો આશ્રય કોઇ રહ્યો નહિ તેથી આશ્રયનો નાશ થવાથી આશ્રિત જે વાસના તેનો નાશ થાય છે. તેમ જ વાસનાનો ક્ષય થયો ત્યારે ક્રોધાદિવૃત્તિનો ઉદ્ભવ કરાવનાર સંસ્કારરૂપ વાસના રહી નહિ તેથી એ વૃત્તિનો ઉદય થયો નથી તેથી મન વૃત્તિશૂન્ય થઇ સ્થિત થાય છે અર્થાત્ મનોજય સિદ્ધ થાય છે, અને શમાદિ સાધનો અને તેનું પરિણામી ફલ અનાયાસે પ્રાપ્ત થઇ રહે છે. તેથી વાસનાક્ષય અને મનોજય પરસ્પરના ઉપકારક છે એ સિદ્ધ થાય છે.

જ્યાં સુધી મનનો જય સધાતો નથી, ત્યાં સુધી મનની ક્રોધાદિ વૃત્તિ ઉદ્ભવ્યા કરે છે અને તેથી શમાદિ સાધનોની સિદ્ધિ થઇ શકતી નથી અને એ સાધનોની અસિદ્ધિ રહ્યે તત્ત્વજ્ઞાનનો ઉદય થતો નથી. વળી મનની નાનાવિધ વૃત્તિ સ્ફુર્યા કરે તો તેથી મન ક્ષિપ્ત અને વિક્ષિપ્ત રહે છે તેથી સમાહિત દશાની અપ્રાપ્તિ રહે છે. એ અપ્રાપ્તિને લીધે તત્ત્વજ્ઞાન કદાપિ સ્થિર થઇ શકતુ નથી. આજ પ્રમાણે મનની વૃત્તિમાત્રનો નિરોધ ન થઇ જાય ત્યાં સુધી દ્વૈતનું ભાન થયા કરે છે. તેથી તત્ત્વજ્ઞાનીની પૂર્ણ સિદ્ધિ થઇ જે આરૂઢ દશાની પ્રાપ્તિ થવી તે દૂર રહે છે. એથી ઉલટુ જ્યારે મનોજય સિદ્ધ થાય છે ત્યારે શમાદિ સાધનોમાં સુખપૂર્વક પ્રવૃત્તિ થઇ શકે છે, એ સાધનોની સહજ પ્રયત્ને સિદ્ધિ થઇ રહે છે, મનની ક્ષિપ્ત અને વિક્ષિપ્ત દશા મટી એકાગ્રદશા સિદ્ધ થાય છે એટલે ધ્યેયનો સાક્ષાત્કાર થઇ શકે છે અને પરિણામે એ સાક્ષાત્કારરૂપવૃત્તિ પણ શમી જતાં ધ્યેય (જ્ઞેય) રૂપે જ સ્થિતિ થઇ રહે છે. તેથી ઉભયથા જોતાં મનોજય તત્ત્વજ્ઞાનનો ઉપકારક છે. આ જ પ્રમાણે તત્ત્વજ્ઞાન મનોજય અથવા મનોનાશનુ ઉપકારક પણ છે. જ્યાં સુધી જીવ બ્રહ્મના ઐક્યનુ જ્ઞાન થયું નથી, જ્યાં સુધી જગત્‌વિષે મિથ્યાબુદ્ધિ સિદ્ધ થઇ નથી ત્યાં સુધી શત્રુ મિત્ર આદિ, મારા તારા આદિ ભેદ રહે છે અને તેથી દ્વૈતની સત્યરૂપે પ્રતીતિ થાય છે અને મન તેના પ્રતિ વેગે કરીને દોડે છે અને એ ભ્રાન્તિમાં જ રચ્યુંપચ્યું રહે છે. એથી

ઉલટું જ્યારે જગત્વિષે મિથ્યાત્વ સિદ્ધ થાય છે, જ્યારે જીવબ્રહ્મના ઐક્યનો બોધ થાય છે, જ્યારે એક અખંડ સમરસ ચૈતન્ય જ સર્વે વિલસી રહ્યું છે એ જ્ઞાન થાય છે ત્યારે સર્વત્ર સમબુદ્ધિ પ્રકટે છે, ભેદમાત્રની નિવૃત્તિ થાય છે અને તેથી વૃત્તિમાત્રનો વેગ ત્રૂટી જવાથી તે શમે છે અર્થાત્ મનોજય સિદ્ધ થવાનો સહજ પ્રયત્ને યોગ આવી રહે છે. તેથી તત્ત્વજ્ઞાન મનોજયનું ઉપકારક છે. તાત્પર્ય કે મનોજય અને તત્ત્વજ્ઞાન આ રીતે પરસ્પરનાં ઉપકારક છે.

વાસનાક્ષય અને તત્ત્વજ્ઞાનનો સંબંધ સ્પષ્ટ છે. વાસના માત્ર દ્વૈતને અવલંબી ઉદ્ભવે છે અને દ્વૈતને આશ્રયે જ રહેલી છે. જ્યાં દ્વૈત છે, જ્યાં કામના ધરનાર અને કામ્ય પદાર્થનો ભેદ છે, જ્યાં આત્મા અને અનાત્મા એવું દ્વૈત રહેલુ છે ત્યાં જ વાસનાનો સંભવ છે. જ્યાં સર્વ એકરૂપ છે એ નિશ્ચય થઇ અપરોક્ષ થયું છે, જ્યાં આત્મામાત્ર જ વસ્તુ ભાસે છે ત્યાં વાસનાને ઉદ્ભવ થવાનો પ્રસંગ જ નથી. તેથી તત્ત્વજ્ઞાન વાસનાક્ષયનુ ઉપકારક છે. આજ રીતે જ્યાં વાસનાક્ષય સિદ્ધ થયો છે ત્યાં જ શમાદિ સાધનોની નિર્વિઘ્ન સિદ્ધિ થઇ શકે છે અને ત્યાં જ આરૂઢદશાની પ્રાપ્તિ થઇ રહે છે. તેથી વાસનાક્ષય તત્ત્વજ્ઞાનનો ઉપકારક છે. તેથી આ દ્વંદ્વ પરસ્પરનું ઉપકારક છે.

આ પ્રમાણે વાસનાક્ષય, મનોજય અને તત્ત્વજ્ઞાન એ ત્રણે પરસ્પરના ઉપકારક છે એમ શાસ્ત્ર પ્રતિપાદન કરે છે અને તે સત્ય છે. આ પ્રતિપાદન કરી એક તાત્પર્ય શાસ્ત્ર એ સૂચવે છે કે એ ત્રણેનું સહાનુષ્ઠાન કરવું આવશ્યક છે અને બીજું તાત્પર્ય શાસ્ત્ર એ સૂચવે છે કે વાસનાક્ષયની સિદ્ધિ કરવા બે સમર્થ ઉપાય તે મનોજય અને તત્ત્વજ્ઞાન છે.

આપણે જોઇએ છીએ કે એક વસ્તુપર રાગ થાય છે તો પોતાની મેળે તેના અસંબંધી બીજી ઘણી વસ્તુપરની કામના તત્કાલ છુટી જાય છે, કોઇ વિદ્યાર્થી સારી રીતે અભ્યાસ કરતો હોય છે છતાં નિમિત્તવશાત્ રમતમાં તેનું ચિત્ત લાગી જાય છે તો વિદ્યાભ્યાસપ્રતિની તેની પ્રવૃત્તિ પોતાની મેળે શિથિલ થઇ રહે છે. સ્ત્રીવિષયક કામના મર્યાદાથી અધિક થઇ રહેતાં ઘણા આવશ્યક વ્યવહારોને પણ મનુષ્યો ત્યજી દે છે એટલું નહિ પણ સમર્થ તપ-

સ્ત્રીઓ પણ પોતાની ઘણાં વર્ષથી સેવતા આવેલા તપઃપ્રવૃત્તિને છોડી દે છે વગેરે. તેથી આ નિયમથી જોતાં જેમ મનોજય અને તત્ત્વજ્ઞાન એ સમર્થ સાધનો વાસનાક્ષયનાં છે તે જ પ્રમાણે ભક્તિ પણ એવું જ સમર્થ સાધન છે. પરમેશ્વર અને પરમેશ્વરના અવતારો અને પરમેશ્વરના અદૃષ્ટવિશેષરૂપ વિવિધ ઈશ અને દેવો તથા પરમેશ્વરસ્વરૂપ થયેલા સદ્ગુરુવિષે પરાનુરક્તિરૂપ ભક્તિનો ઉદય થાય છે તો એથી અતિરિક્ત સર્વ વસ્તુની કામના શિથિલ થઇ રહે છે એટલું નહિ પણ એ ભક્તિને લીધે પરિણામે ઇષ્ટનો સાક્ષાત્કાર થઇ પોતાનું અને શ્રી ઇષ્ટ અભેદજ્ઞાનરૂપ સાક્ષાત્કાર થાય છે. જયારે એ સત્યરૂપ અભેદ તે ભ્રાન્તિજન્ય ભેદને અવલંબન કરી રહેલી વાસનાનોક્ષય સાધે છે અને વળી ભક્તિની આરૂઢ દશાએ મનોજય પૂર્ણાંશે સિદ્ધ થઇ રહે છે તેથી એ દ્વારાએ પણ વાસનાનો ક્ષય થાય છે અને ભક્તિને લીધે શ્રીઇષ્ટનો અનુગ્રહ ભક્ત સહજ પ્રાપ્ત થાય છે તેથી એ સર્વશક્તિમાન્ અનુગ્રહના બદલે એને સર્વ સાધ્ય સિદ્ધ થઇ રહે છે. તેથી ભક્તિરૂપ ચતુર્થ સાધન વાસનાક્ષયને સાધનાર છે એ સ્પષ્ટ થાય છે.

આ ચારે સાધનોમા સર્વથી શ્રેષ્ઠ સાધન તે તત્ત્વજ્ઞાન છે. કારણ કે મનોજય જેમને થયો છે અને ભક્તિની સાધના પણ જેમણે કરી છે તોપણ જો તેમને ભેદબુદ્ધિ રહી હોય છે તો ત્યા સુધી દરમાં પ્રસુપ્ત રહેલી સર્પિણીની માફક વાસના ગમે ત્યારે પોતાનું ડોકું બહાર કાઢે છે, અર્થાત્ વાસનાક્ષયની પૂર્ણપણે સિદ્ધિ થતી નથી. આમ હોવાથી જ ઘણા આરૂઢ સ્થિતિએ ગયેલા વીર મનુષ્યોના સંબંધમાં અંત સમયે શુદ્ધ વાસનાનું તેમને સ્ફુરણ થયું અને તેથી તેમને અમુક જન્મ ધારણ કરવો પડ્યો એવું ઇતિહાસ પુરાણમાં પ્રતિપાદન કરેલુ છે. જો તત્ત્વજ્ઞાન અખંડિતરૂપે જાગ્રત્ રહે છે તો વાસનાને લેશ પણ અવકાશ રહેતો નથી. તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત થયેલા મહાત્માઓને વાસનાનો ઉદય થયેલો વર્ણન કરવામાં આવે છે અને તેવો ઉદય થતો જોવામાં પણ આવે છે તેનું કારણ એ છે કે તે સમયે એ જ્ઞાનનું વિસ્મરણ થાય છે. જ્ઞાનને નિરંતર સતેજ રાખવાની જરૂર છે. જેમ તલવારની ધારા સતેજ નથી હોતી તો તે તાકયું કામ આપી શકતી નથી, તેમ તત્ત્વજ્ઞાનની ધારા જો અખંડિત હોય છે તો તો ભેદાવલંબી વાસનાને જરા પણ અવકાશ કદાપિ રહેતો નથી, પણ એ ધારા ખંડિત થાય છે, એ જ્ઞાન અલ્પ

સમય પણ વિસ્મૃતિપટમાં જતું રહે છે તો તેવે સમયે લાગ જોઇને વાસનાનો ઉદય થઇ શકે છે. તેથી જ્ઞાનીને વાસનાનો ઉદય થાય છે તે જ્ઞાન છતાં નથી થતો પણ જ્ઞાન તત્ક્ષણ જતું રહેવાથી જ થાય છે અને ઇતરસાધનસંપન્ન મનુષ્યોને તો તે સાધન સતેજ હોય તોપણ વાસનાનો ઉદય થઇ શકે છે તેથી વાસનાક્ષયમાં તત્વજ્ઞાનરૂપ સાધન સર્વોપરિપદ ભોગવે છે.

કોઇ કોઈ સ્થળે મનોજયને વાસનાક્ષયમાટે પ્રધાન સાધન વર્ણન કરવામાં આવે છે એને તે પણ સત્ય છે. વાસનાના વિવિધ ભેદ ઉપર કહ્યા છે તે ઉપરાંત સર્વ વાસનાના પ્રકારાન્તરે સ્થૂલ અને સૂક્ષ્મ એવા બે ભેદ પડે છે. યાવત્ ચિત્તની સ્થિતિ છે ત્યાં સુધી રહેનારી વાસનાપુરી જ્યાં સુધી અભિમાનીસાથે સંલગ્ન છે ત્યાં સુધી સ્થિતિ કરીને રહેનારી વાસનાતે સૂક્ષ્મ વાસના છે. આ વાસના સ્થિત થયેલી હોય છે પણ અભિભૂત થયેલી હોય છે તેથી એ અભિભવની વિદ્યમાનતા હોય છે ત્યાં સુધી સ્વકાર્યને પ્રકટ કરતી નથી. જે વાસના પોતાના કાર્યને પ્રકટ કરનારી છે તે સ્થૂલ વાસના છે. હવે મનોજય એ સાધનમા મનનો જય એટલે મનનો નિગ્રહ તથા મનનો નાશ એ બેનો સમાવેશ કરાય છે, તેથી મનોજય સ્થૂલ વાસનાનો નિરોધ કરે છે અને મનોનાશ સ્થૂળ સૂક્ષ્મ ઉભયનો ઉચ્છેદ કરે છે. આમ હોવાથી મનોજયને વાસનાક્ષયનુ મુખ્ય સાધન કહ્યુ છે. તત્વજ્ઞાન વાસનાનુ મૂલ તે ભેદદર્શન તેનો ઉચ્છેદ કરે છે અને તેથી વાસનાને આલબનરહિત, આશ્રયરહિત કરી મુકે છે છતાં તત્વજ્ઞાન થયા પછી પણ પ્રારબ્ધકર્મનો વેગ રહે છે તેથી મનની વિદ્યમાનતા તેટલો સમય રહે છે અને તેથી વાસનાના આશ્રયરૂપ મનનો તેટલો સમય નાશ નહિ થયેલો હોવાથી સૂક્ષ્મ વાસનાની તેટલો સમય સ્થિતિ હોઇ શકે છે એટલુ જ નહિ પણ જ્ઞાનના અવાંતર સમયમાં પ્રારબ્ધવેગથી પ્રેરાતી સ્થૂલ વાસનાનો પણ આવિર્ભાવ થઇ શકે છે. આ કારણની વિવક્ષા કરી કોઇ કોઇ સ્થળે મનોજયને વાસનાક્ષયમાટે પ્રધાન સાધન વર્ણન કરવામાં આવ્યું છે તે યુક્તિયુક્ત જ છે.

વાસનાક્ષયમાટે ક્રમપ્રમાણે પ્રવૃત્ત થવું સાધકને વિશેષ અનુકૂલ પડે છે. તેથી તેણે વાસનાના ભેદ પાડવા ઘટે છે અને પ્રથમ અશુભ વાસનાની નિવૃત્તિ કરવા શુભ વાસનાનો આશ્રય લેવો યોગ્ય છે. જ્યારે શુભ વાસનાના બળવડે અશુભ વાસનાની દઢપણે નિવૃત્તિ

થઈ જાય છે ત્યારે શુભ વાસનામાં પણ લૌકિક વિહિત અર્થ અને કામની વાસનાની નિવૃત્તિ લૌકિક વિહિત ધર્મનું અવલંબન કરી કરવી ઘટે છે અને એ નિવૃત્તિ યથાર્થ સધાય છે ત્યારે પારમાર્થિક અર્થની વાસનાને આશ્રય કરી લૌકિક વિહિત ધર્મની વાસનાને ક્ષય સાધવો યોગ્ય છે. અને પરિણામે તત્વજ્ઞાનવડે અને તેથી પછી મનોનાશવડે સંપૂર્ણ વાસનાની નિઃશેષ નિવૃત્તિ સાધવાની હોય છે. આ પ્રકારને કોઇ ક્રમ પ્રત્યેક સાધકે પોતાને માટે સ્થાપવો ઘટે છે અને પછી તે ક્રમપ્રમાણે કયી કયી વાસનાની નિવૃત્તિ કેટલા પ્રમાણમાં થઈ છે અને કયી અવશિષ્ટ રહી છે, અવશિષ્ટનું કેટલું બલ છે, તેને કયા ક્રમ અને ઉપાયથી સરળપણે નિવૃત્ત કરવી તેને વિચાર કરી એ ઉદ્યોગમા સાવધાનપણે પ્રતિદિયન પ્રવૃત્ત થવું ઘટે છે. સાવધાનપણે, પ્રમાદરહિતપણે પ્રવૃત્તિ સેવાય છે તો જ આ મહા કઠિન કાર્યમાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. સર્વ સાધકોને ઉપયોગમાં આવે અને સરલપણે સમજાય તથા અમલમાં મુકી શકાય એવો એક સર્વોત્કૃષ્ટ ક્રમ શ્રીસિદ્ધાન્તસિન્ધુ પ્રથમ રત્નમાં વિસ્તારથી પ્રતિપાદન કરવામાં આવેલો છે, તેથી તે ત્યાંથી જોઇ જાણી લઇ સુખ પ્રાપ્ત થઇ રહેવુ ઉચિત છે. અત્ર સક્ષેપમાં દિગ્દર્શનમાત્ર કરાવ્યુ છે.

વિઘ્ન—ઈપ્સિત કાર્યનાં જે પ્રયોજક હોય તેને વિઘાત કરનાર વિઘ્ન કહેવાય છે. આ વિઘ્નનું અન્ય નામ प्रातिबन्धक પણ છે. શાસ્ત્રમાં સમાધિનાં ચાર વિઘ્નો મુખ્યપણે વર્ણન કરાય છે અને તેને વિઘ્નચતુષ્ટય નામ આપવામાં આવે છે, તે વિઘ્નો તે લય, विक्षेप, रसास्वाद અને कषाय છે. સમાધિની સ્થિતિને ઉત્પન્ન કરનાર જે પ્રયોજક હેતુરૂપ ધર્મો, તેને આ ચાર વિઘાત કરે છે તેથી આ ચાર સમાધિનાં વિઘ્નો કહેવાય છે. ત્યાં લયને અર્થ નિદ્રા છે પુનઃ પુનઃ વિષયોનું અનુસંધાન થવું તેનું નામ વિક્ષેપ છે; ચિત્તને રાગાદિ હેતુને લીધે જે સ્તબ્ધીભાવ થઇ જવો તે કષાય છે; અને સમાધિના આરંભસાથે બ્રહ્માનંદની પ્રાપ્તિ થતી નથી પણ સ્થૂલ વૃત્તિનો અભાવ થઈ જવાથી તત્પ્રયુક્ત આનંદ થાય છે, તે આનંદમાં લીન થઇ રહેવું તે અથવા એ આનંદ પોતે તે રસાસ્વાદ છે. એ ચારે સમાધિમાં પ્રતિબંધક છે અને તેથી વિઘ્નરૂપ છે. સમાધિએ આગળ સ્પષ્ટ કરવામાં આવશે તેમ ધ્યેયવિષયપર વૃત્તિની એકાગ્ર સ્થિતિ છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવામાં વૃત્તિઓ વિવિધ વિષયપર પ્રસરી રહેલી હોય તેને સમેટીને અથવા શમાવીને ધ્યેય પદાર્થમાં

એકત્ર કરવામાં આવે છે. જ્યારે વૃત્તિઓને સમેટવામાં આવે છે ત્યારે ચિત્તમાં રહેલા તમોગુણને લીધે ચિત્ર નિદ્રામાં લીન થઇ જાય છે. એમ થતાં એ વૃત્તિઓને ધ્યેયવિષયમાં એકત્ર કરવાનું બની શકતુ નથી. તેથી નિદ્રારૂપ લય સમાધિમાં પ્રતિબધક છે અર્થાત્ સમાધિમાં વિઘ્ન છે. વિષયોનું પુનઃપુનઃ અનુસંધાન થતું રહેવું એ તો સ્પષ્ટ રીતે જ સમાધિનું વિરોધી છે. તેથી એ સ્થિતિરૂપ વિક્ષેપ સમાધિથી વિરોધી હોવાથી સ્પષ્ટપણે વિઘ્નરૂપ છે ચિત્ત સ્તબ્ધ થઇ રહે અને ધ્યેયપ્રતિ પ્રવર્તે નહિ એ પણ સમાધિની અપ્રાપ્તિ જ કરાવનારી સ્થિતિ છે તેથી એરૂપ કષાય તે વિઘ્ન છે. તેમ જ રસાસ્વાદ એ ગંતવ્ય દેશે ન જવા મધ્ય માર્ગમાં જ રોકી દેનાર, લલચાવનારી સ્થિતિ છે તેથી એ પણ સમાધિના વિઘ્નરૂપ છે. આ ચાર વિઘ્નોમાથી જેને જે સમયે જે પ્રાપ્ત થાય તેણે તે સમયે અનુરૂપ ઉપાયથી તે વિઘ્નનું શમન કરવાનું રહે છે. ત્યાં ચિત્ત નિદ્રામાં પ્રવેશવા માંડતુ જણાય કે તરત સાધકે સાવધાન થઇ જઇ ચિત્તને જગાડવું ઘટે છે. ચિત્તનો જરા સંબોધ થયો એટલે નિદ્રાને વશ પછી તે તરત થતું નથી. વિષયોનું અનુસંધાન વિષય પ્રતિની કામનાને લીધે અથવા વિષયના વ્યાસંગને લીધે થાય છે. તેથી વિષયોમાં દોષ દર્શન કરવાનો અભ્યાસ પાડવાથી અને વિષયોનો અધિક વ્યાસંગ નહિ રાખતાં એકાન્તસેવનનો અધિક અભ્યાસ રાખવાથી વિક્ષેપની નિવૃત્તિ થાય છે. ચિત્ત શેમાંથી નીકળે છે, કેવી રીતે એનું ઉત્થાન થાય છે ઇત્યાદિ જ્ઞાન પ્રાપ્ત થવાથી કષાયની નિવૃત્તિ થાય છે. અને સમાધિપૂર્વે જે સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં લુબ્ધ ન થઇ જતાં પોતે હજી અપૂર્ણ છે એ ભાવના કાયમ કરવાથી રસાસ્વાદનો અભિભવ સધાય છે. તેથી આ આદિ વિવિધ ઉપાયોવડે આ વિઘ્નોનો અભિભવ કરી સમાધિની આશુતર સિદ્ધિ કરવી એ કર્તવ્ય છે.

વિધિઃ—પૂર્વમીમાંસા તથા ઉત્તર મીમાંસા પ્રમાણે અપૌરૂષેય વાક્ય તે વેદ છે. જેમાં કોઇ પણ પુરુષનુ કર્તૃત્વ હોય છે તે પૌરુષેય ગણાય છે. મહાભારત, પુરાણો આદિ માન્ય ગ્રથો છે છતાં તે તે અમુક અમુક ઋષિમુનિએ રચેલા છે તેથી એ સર્વ ગ્રથો પૌરુષેય ગણાય છે. વેદ કોઈ પણ પુરુષકૃત નથી અને તેથી એ પૌરુષેય નથી. વેદના મંત્રોમાં અમુક ઋષિ, અમુક છંદ અને અમુક દેવતા એમ અનુક્રમણમાં સ્પષ્ટ કર્યું છે, છતાં તે તે આપેલા ઋષિ તે તે વેદભાગના કર્તા નથી પણ માત્ર તે તે વેદભાગના દ્રષ્ટા

છે એટલે કે તે તે ઋષિનું બુદ્ધિપૂર્વક કર્તૃત્વ તેમાં નથી પણ જેમ સમાધિની દશામાં કોઇ પુરુષ બેઠા હોય અને તે સાથે ચિત્તનો લય ન થયો હોય તો તેને અમુક અમુક વ્યતિકર દેખાય છે તેમ તે તે ઋષિને આવી કોઇ દશામાં એ મંત્ર ભાગનું દર્શનમાત્ર થયેલુ છે અને તેથી તે તે વેદભાગના તે તે ઋષિ દ્રષ્ટામાત્ર ગણાય છે. આ હેતુથી જ તેમને ઋષિ (દ્રષ્ટા) કહેવામાં આવે છે, મંત્રોમાં કેટલેક સ્થળે ઋષિઓએ પોતાને મંત્રના કર્તારૂપે વર્ણવ્યા છે અને કેટલેક સ્થળે દ્રષ્ટારૂપે વર્ણવ્યા છે. તે બંને સ્થલે દ્રષ્ટારૂપ અર્થ જ મીમાંસા લે છે. यस्यैतन् नि:श्वसित–ઇત્યાદિ શ્રુતિમાં ઈશ્વરના નિઃશ્વાસરૂપ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ આદિ છે એમ કહ્યું છે. ત્યાં પણ ઈશ્વરને વેદના પ્રણેતા લેવામાં નથી આવતા. પણ પૂર્વ પૂર્વ કલ્પમાં જેમને વેદાદિનુ જ્ઞાન જતુ રહ્યુ છે તેવાને પરમેશ્વર, કે જે સદા વિદ્યમાન છે અને તેથી સદા વેદના જ્ઞાનવાળા છે તે અનુગ્રહ કરી વેદનો બોધમાત્ર કરે છે, એ અર્થ જ વિવક્ષિત લેવાય છે. તેથી પરમેશ્વર પણ વેદના કર્તા નથી. આ રીતે અનાદિ અપૌરુષેય વેદ છે એમ મીમાંસાનો અને યોગનો પણ સિદ્ધાન્ત છે.

એ વેદના, મીમાંસાપ્રમાણે, પાંચ ભેદ છે. એ પાંચમાં વિધિ, મંત્ર, નામધેય, નિષેધ અને અર્થવાદ એ પાંચનું ગ્રહણ કરાય છે. ત્યાં પ્રયોગના સંબદ્ધ અર્થનું સ્મરણ કરાવનાર મંત્ર છે. એ મંત્રો એવા અર્થનું સ્મરણ કરાવે છે તે જ એમનું પ્રયોજન છે. અર્થાત્ એ દ્વારા એ અર્થવાન્ ગણાય છે. યજ્ઞ યાગના જે નામો તે નામધેય કહેવાય છે. વિધેય યજ્ઞ યાગાદિનો નિર્ણય કરનાર હોવાથી એ સપ્રયોજન છે જેમકે उद्भिदा यजेत पशुकामः–જેને પશુની ઇચ્છા છે તેણે ઉદ્ભિદ્ નામનો યજ્ઞ કરવો. આ વાકયમાં यजेत પદથી યાગ સામાન્યનુ વિધાન થાય છે પણ તે યાગ કયો તેનો પરિચ્છેદ उद्भिदा એ પ્રથમ પદથી કરાય છે. એથી એ જણાવાયુ છે કે ગમે તે યાગ ન કરવો પણ તેણે ઉદ્ભિદ્ યાગ જ કરવો. તેથી આ નામધેય આ રીતે સાર્થક છે પુરુષને કર્મવિશેષથી નિવૃત્ત કરનાર વાકય તે નિષેધ છે. જે ક્રિયા અનર્થના હેતુરૂપ છે તેવી ક્રિયાથી નિવૃત્તિ કરનાર આ વાકયો હોવાથી અર્થવાન્ છે. જેમકે न कलञ्जं भक्षयेत् ઇત્યાદિ વાકયો કલંજભક્ષરૂપ ક્રિયા અનર્થના હેતુરૂપ છે માટે તેનાથી પુરુષે નિવૃત્ત રહેવું એમ બોધ કરવાથી ચરિતાર્થ થાય છે. પ્રશસ્તિ અને નિંદા એ બેમાંથી એકમાં તાત્પર્યવાળું વાકય તે અ-

ર્થવાદ છે. આ વાક્યોનું સ્વાર્થ પ્રતિપાદનમાં તાત્પર્ય હોતું નથી પણ એ વિધેય અને નિષેધ્યની અનુક્રમે સ્તુતિ અને નિન્દા પ્રતિપાદન કરે છે તેથી વિધિ અને નિષેધના અર્થ સાથે મળવાથી એ તાત્પર્યવાળાં ગણાય છે. આ અર્થવાદ વાક્યો આ રીતે બે ભેદવાળા છે [૧] વિધિશેષ અને [૨] નિષેધશેષ वायव्य श्वेतमालमेत भूतिकामः ભૂતિથી ઇચ્છા રાખનારે વાયુદેવતાવાળા શ્વેતનું આલંબન કરવું એ વિધિના શેષરૂપ वायुर्वै क्षेपिष्ठा देवता વાયુ સર્વથી અધિક ક્ષિપ્ર જનાર દેવ છે એ અર્થવાદ છે તેથી એ વિધિશેષ અર્થવાદ છે. बर्हिषि रजतं न देयम् એ નિષેધના શેષરૂપ सोऽरोदीद्यदरोदीत्तद्रुद्रस्य रुद्रत्वम् એ અર્થવાદ હોવાથી એ નિષેધશેષ અર્થવાદ છે. આ રીતે પ્રાશસ્ત્ય અને નિન્દાનો બોધ આ અર્થવાદ વાક્યો કરે છે અને તેથી પ્રમાદ સેવનારને તે તે વિધેયના અનુષ્ઠાનમાં ઉત્સાહ આપે છે અને નિષેધ્યના સેવનમાં થતી પ્રવૃત્તિને અટકાવે છે તેથી એ બંને પ્રકારના અર્થવાદ ઉપયોગના છે.

અર્થવાદના પ્રકારાન્તરે આ ત્રણ ભેદ પાડવામાં આવે છે.—(૧) ગુણવાદ, (૨) અનુવાદ અને (૩) ભૂતાર્થવાદ જેમાં અન્ય પ્રમાણનો વિરોધ છે એવા અર્થનું કથન કરનાર અર્થવાદ તે ગુણવાદ કહેવાય છે आदित्यो यूप.– એ અર્થવાદ વાક્ય જણાવે છે કે યજ્ઞનો યૂપ છે તે આદિત્ય છે. યૂપ આદિત્ય નથી એ પ્રત્યક્ષ પ્રમાણથી સ્પષ્ટ છે તેથી આ વાક્યમાં કહેલો અભેદ પ્રત્યક્ષપ્રમાણથી વિરૂદ્ધ છે, પ્રત્યક્ષવડે બાધિત છે તેથી ઉજ્જવલત્વરૂપ ગુણવાળો છે એવો અર્થ એ વાક્યનો લક્ષણાથી કરવો પડે છે. આ રીતે પ્રત્યક્ષ પ્રમાણથી રૂપ અન્ય પ્રમાણથી વિરુદ્ધ અર્થને કહેનાર આ અર્થવાદ હોવાથી એ ગુણવાદ છે. અન્ય પ્રમાણથી જે અર્થ જ્ઞાત છે તેને કહેનાર અર્થવાદ અનુવાદ કહેવાય છે. अग्निर्हिमस्य भेषजम् અગ્નિ હિમનું ઔષધ છે એ અર્થવાદ વાક્ય જે અર્થ કહે છે તે પ્રત્યક્ષ પ્રમાણથી જ્ઞાત છે. અગ્નિ હિમનો વિરોધી છે એ પ્રત્યક્ષસિદ્ધ અર્થ છે. તેથી આ અર્થવાદ અનુવાદ છે. અન્ય પ્રમાણથી જે અર્થ પ્રાપ્ત નથી અને જે વિરુદ્ધ પણ નથી એવા અર્થને જણાવનાર અર્થવાદ તે ભૂતાર્થ વાદ છે. इन्द्रो वृत्राय वज्रमुदयच्छद् ઇન્દ્રે વૃત્રને મારવા વજ્રને ઉંચું કર્યું– ઇત્યાદિ વાક્યમાં જે અર્થ કહ્યો છે તે પ્રત્યક્ષાદિથી જ્ઞાત નથી, તેમજ તેથી વિરુદ્ધ પણ નથી તેથી એ અર્થવાદ ભૂતાર્થવાદ છે.

આ ચાર પ્રકારથી ભિન્ન જે વાક્યો છે તે વિધિવાક્યો છે, એટલે અજ્ઞાત અર્થને જ્ઞાપન કરનાર તે વિધિ છે. જેટલા અંશમાં, અન્ય પ્રમાણથી અજ્ઞાત અર્થને એ વિધાન કરે છે, તેટલા અંશમાં એ સપ્રયોજન છે. अग्निहोत्रंजुहुयात्स्वर्गकामः સ્વર્ગની ઇચ્છા રાખનારે અગ્નિહોત્ર હોમ કરવો એ વાક્ય પ્રત્યક્ષાદિ કોઈ પણ પ્રમાણથી જેનું જ્ઞાન થયું નથી એવા—અગ્નિ હોત્ર હોમ સ્વર્ગ પ્રાપ્તિનું સાધન છે—એ રૂપ અર્થનું કથન કરી એ હોમનું વિધાન કરે છે તેથી એ વિધિવાક્ય છે; જે વાકયમાં કર્મ અન્ય પ્રમાણથી પ્રાપ્ત હોય છે ત્યાં ગુણનું વિધાન કરનાર તે વાક્ય હોય છે. दध्ना जुहोति એ વાક્ય હોયનું વિધાન કરનાર નથી કારણ કે હોય તો अग्निहोत्रंजुहुयात् એ વાક્ય વિહિત થઇ ગયો છે તેથી એ શ્રુતિરૂપ પ્રમાણથી પ્રાપ્ત થયો છે. તેથી એ હોમને ઉદ્દેશી દધિવડે એ હોમ કરવો એમ દધિરૂપ સાધનનું માત્ર આ વિધાન કરે છે. જ્યાં તે તે કર્મ અને સાધન ઉભય અપ્રાપ્ત હોય ત્યાં વિશિષ્ટનું વિધાન થાય છે. सोमेनयजेत એ સ્થળે સોમરૂપ સાધન અને યાગ બંને અપ્રાપ્ત છે તેથી અહિં સોમવિશિષ્ટયાગનું વિધાન કરનાર એ વિધિ લેવાય છે.

આ પ્રકારનો વિધિ તે ચાર ભેદવાળો છે (૧) उत्पत्ति વિધિ, [૨] विनियोग विधि [૩] अधिकार विधि અને [૪] प्रयोग વિધિ.

કર્મના સ્વરૂપમાત્રનો બોધ કરનાર વીધિ ઉત્પત્તિવિધિ કહેવાય છે. अग्निहोत्रं जुहोति એ વાક્ય વિધિવાક્ય છે અને અહીં વિધિમા કર્મનો કરણરૂપે અન્વય છે અર્થાત્ અગ્નિહોત્ર હોમવડે ઇષ્ટની ભાવના કરવી એ એ વાક્યનો અર્થ છે, આ વિધિ ઉત્પત્તિ વિધિ છે કેમકે એમાં કર્મનુ અગ્નિહોત્રરૂપ જે સ્વરૂપ તેનુંજ કથન કર્યુ છે. (દ્રવ્ય અને દેવતા એવો યાગનાં સ્વરૂપ છે.)

અંગો અને પ્રધાન એટલે અંગી તેના સંબંધને જણાવનાર વિધિ વિનિયોગ વિધિ છે. दध्नाजुहोति એ વાકયમાં દધિવડે (दध्ना) એ તૃતીયાંત પદ છે; તેથી દધિ અંગરૂપ છે અને હોમ અંગી છે. એ એનો સંબંધ અહીં તૃતીયાવડે કહેવાયો છે. તેથી આ વિનિયોગવિધિ છે. શ્રુતિ, લિંગ, વાક્ય, પ્રકરણ, સ્થાન અને સમાખ્યા એ છ આ વિધિના સહકારી છ પ્રમાણ મનાય છે. [એ છતાં સ્વરૂપ પૂર્વે કહેવાઇ ગયાં છે.]

પ્રયોગનો પ્રાશુભાવ એટલે અવિલંબ જણાવનાર વિધિ પ્રયોગવધિ કહેવાય છે. અંગવાક્યની સાથે એકવાક્યતાને પામેલો

એ અનિયત હોય તો પ્રયોગમાં વિક્ષેપ થાય છે. તેથી આ પ્રયોગ વિધિજ અવિલંબનું વિધાન કરે છે. તેથી તેને અર્થેજ નિયત ક્રમનું પણ વિધાન કહે છે. આમ હોવાથી અંગોના ક્રમનો બોધક વિધિ તે પ્રયોગવિધિ છે. એ પ્રકારે પણ આ વિધિનું લક્ષણ કરાય છે. આ ક્રમનો નિર્ણય I કરવામાં શ્રુતિ, ક્રમ, અર્થક્રમ, પાઠક્રમ, સ્થાન ક્રમ, મુખ્ય ક્રમ અને પ્રવૃત્તિ એ છ પ્રમાણે નો ઉપયોગ કરાય છે. આ સર્વનું સ્વરૂપ પૂર્વ મીમાંસાના ગ્રંથોમાંથી જોઇ લેવું.

પ્રધાન વિધિ તે જ પ્રયોગવિધિ છે. એ વિધિ અંગોસહિત પ્રધાધાનનું અનુષ્ઠાન કરાવે છે અને તેમાં, વિલંબ કરવામાં પ્રમાણ નહિ હોવાથી, અવિલંબરૂપ પ્રાશુભાવનું વિધાન કરે છે. આ પ્રકારનો અવિલંબ ક્યારે થાય છે કે જ્યારે નિયત ક્રમનો આશ્રય કરાય છે ત્યારે. આના પછી આ કર્તવ્ય છે કે આ કર્તવ્ય છે, કર્મથી ઉત્પન્ન થનાર જે ફલ તેના સ્વામિત્વનો બોધ કરનાર વિધિ અધિકારવિધિ છે. અન્ય શબ્દોમાં કહીએ તો તે તે કર્મથી ઉત્પન્ન થનાર ફલનો ભોક્તા કોણ છે તેને જણાવનાર, એટલે કે એ ફલના અધિકારીને જણાવનાર વિધિ તે અધિકારવિધિ છે. यजेत स्वर्गकामः—સ્વર્ગની ઇચ્છા રાખનારે યાગ કરવો—એ વાક્ય સ્વર્ગરૂપ કર્મફલને ઉદ્દેશીને યાગરૂપ કર્મનું વિધાન કરે છે. તેથી સ્વર્ગકામ પુરુષ એ ફલનો ભોક્તા છે એ પ્રતિપાદન કરે છે અર્થત્ એ કર્મ અને તજ્જન્ય ફલનો અધિકારી પુરુષ સ્વર્ગકામ પુરુષ છે એ જણાવે છે તેથી એ અધિકારવિધિ છે. કામ્ય કર્મમાં તે તે કામનાવાળો અધિકારી છે, નૈમિત્તિક કર્મમાં તેને નિર્ણિત નિમિત્તની જેને પ્રાપ્તિ થાય છે તે અધિકારી છે અને નિત્ય કર્મમાં શુચિવિહિત કાલ જીવનવાળો અધિકારી છે.

આ પ્રકારના વિધિવાક્યોની બાહુલ્યે ચર્ચા પૂર્વમીમાંસામાં આવે છે. કેમકે ત્યાં વૈદિક કર્મકાણ્ડવિષય લેવામાં આવ્યો છે. છતાં વેદાન્તમાં તે નિરર્થક છે એમ નથી. કારણ કે ઉપનિષદ્‌માં કોઇ કોઇ સ્થળે કર્મવિષયની ચર્ચા હોય છે, તે સાથે ઉપનિષદ્‌માં ઘણે સ્થળે ઉપાસનાની ચર્ચા હોય છે અને તેમાં આ સર્વ પ્રકારના વિધિનો ઉપયોગ આવે છે. તેથી વેદાન્તગ્રંથના અધ્યય ન કરનારને આ સર્વ સ્વરૂપો જાણવાની આવશ્યક્તા રહે છે.

આ વિધિ પ્રકારાન્તરે (૧) उत्पत्तिविधि, (૨) नियमविधि અને (૩) परिसंख्याविधि એમ ત્રણ ભેદવાળો છે. ત્યાં અન્ય પ્રમાણથી

જેની પ્રાપ્તિ થઇ નથી તેવા અર્થની પ્રાપ્તિ કરનાર, તેવા અર્થને વિધાન કરનાર તે ઉત્પત્તિવિધિ અથવા અપૂર્વવિધિ છે. यजेत स्वर्गं कामः—એ વાકયમાં યાગનુ જે વિધાન કરવામાં આવ્યું છે તે અપૂર્વ વિધાન છે. કોઇ પણ ઇતર પ્રમાણુથી એવું જ્ઞાત નથી કે સ્વર્ગને માટે આ યાગ સાધન છે. એવા અજ્ઞાત અર્થનું આ વાકય વિધાન કરે છે તેથી એ ઉત્પત્તિવિધિ અથવા અપૂર્વ વિધિ છે.

જે અર્થ પક્ષે પ્રાપ્ત હોય અને પક્ષે અપ્રાપ્ત હોય તેની પ્રાપ્તિ કરાવનાર વિધિ તે નિયમવિધિ છે. व्रीहीनवहन्ति ઇત્યાદિ નિયમવિધિ છે. વ્રીહીનાં છોડાં કાઢી નાંખવાનું કાર્ય યાગને અંગે આવશ્યક છે. તે છોડાં અવહનનથી નીકળી શકે છે તેમ જ અન્ય અનેક રીતે નીકળી શકે તેમ છે. તેથી એ સર્વ ઉપાયોની છોડાં કાઢવા માટે પાક્ષિકી પ્રાપ્તિ છે એટલે કે બેની સાથે પ્રાપ્તિ નથી પણ ગમે તે એક ઉપાય એકી વખતે કરી શકાતો હોવાથી સર્વની અયુગપત્ પ્રાપ્તિ છે. તેથી અવહનન કેવલ અપ્રાપ્ત નથી પણ પક્ષે પ્રાપ્ત છે, અને પક્ષે અપ્રાપ્ત છે. તેથી જ્યારે ઇતર ઉપાયવડે છોડાં કાઢવાનુ કાર્ય કરવામાં તત્પર થવાય છે ત્યારે આ વાકય આવી તેને તેમ કરતો અટકાવે છે અને આમ નહિ કર પણ અવહનન કર એમ જણાવે છે. તેથી અવહનન અત્યંત અપ્રાપ્ત નથી પણ અન્વય વ્યતિરેકથી પ્રાપ્ત જ છે, માટે તેનો બોધ કરનાર આ વાકય હોવાથી એ અપૂર્વવિધિ નથી તેમ જ અવહનન અને ઇતર ઉપાયો એ બેની સાથે પ્રાપ્તિ નથી તેથી આ વાકય પરિસંખ્યા નથી, પણ નિયમવિધિ છે.

નિયમવિધિ અને પરિસંખ્યાવિધિ એ બેનું તાત્પર્ય અમુકનું વિધાન કરવામાં જેટલુ છે તેના કરતાં અમુકનો નિષેધ કરવામાં અધિક છે.

બેની યુગપત્ (એકેકાલે) જ્યાં પ્રાપ્તિ હોય ત્યાં એકની વ્યાવૃત્તિમાં તાત્પર્યવાળો વિધિ પરિસંખ્યાવિધિ છે. पञ्च पञ्चनखा भक्ष्याः એ વાકયમાં પાંચ પંચનખનું ભક્ષણ કરવાનું જણાવ્યું છે. પણ પંચનખનું ભક્ષણ કરવું એ રાગતઃ પ્રાપ્ત છે તેથી એ ભક્ષણનું વિધાન કરવામાં આ વાકયનું તાત્પર્ય નથી અને તે કારણથી એ અપૂર્વવિધિ નથી. તેમ જ આ વાકય નિયમવિધિ પણ નથી. કારણ કે પંચનખ અને અપંચનખ એ બંનેનું ભક્ષણ યુગપત્—એકે કાળે થઇ શકે છે તેથી ઉભયની યુગપત્ પ્રાપ્તિ છે. તેથી આ વાકય અપંચનખનું ભક્ષણ ન કરવું, અને પંચનખમાં પણ અમુક પાંચથી

છટ્ઠાનું ભક્ષણ ન કરવું એ કહેવામાં તાત્પર્યવાળું છે. તેથી આ પરિસંખ્યા વિધિ છે.

આ પરિસંખ્યાવિધિ–શ્રૌતી અને લાક્ષણિકી એવા બે ભેદવાળો છે. જ્યાં ઇતરની વ્યાવૃત્તિનો બોધ કરનાર પદ છે ત્યાં શ્રૌતી કહેવાય છે અને તેમ હોતુ નથી ત્યાં લાક્ષણિકી કહેવાય છે. अत्र ह्येवावयन्ति–એ શ્રુતિમાં एव પદ છે અને તેથી અવમાન અતિરિક્ત સ્તોત્રની વ્યાવૃત્તિ સ્વશબ્દથી બોધિત છે તેથી એ શ્રૌતી પરિસંખ્યા છે. पंच पञ्चनखाः–એ વાક્યમાં એવું નિષેધ દર્શાવનાર, ઇતરની વ્યાવૃત્તિનો બોધ કરનાર કોઇ પદ નથી તેથી એ પરિસંખ્યા લાક્ષણિકી છે. આ લાક્ષણિકી પરિસંખ્યા ત્રણ દોષવાળી કહેવાય છે. એ ત્રણ દોષ તે શ્રુત હાનિ, અશ્રુત કલ્પના અને પ્રાપ્તનો બાધ એ છે. શ્રુત પંચનખનું ભક્ષણ એમાં છોડી દેવું પડે છે તેથી શ્રુત હાન છે, અશ્રુત જે અપંચનખના ભક્ષણથી નિવૃત્તિ તેની કલ્પના કરવી પડે છે તેથી એમાં અશ્રુતકલ્પન છે અને રાગપ્રાપ્ત જે અપચનખભક્ષણ તેનો બાધ કરવામાં આવે છે તેથી એમાં પ્રાપ્તબાધ છે.

ઉપાસનાનાં જે વાક્યો ઉપનિષદ્‌માં આવે છે તેમાં તથા કર્મનું ચિંતન જ્યાં હોય છે ત્યાં આ ત્રિવિધ વિધિને જાણવાની જરૂર પડે છે. એટલું જ નહિ પણ आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्य.–ઇત્યાદિ વાક્યોમાં પણ तव्यः પ્રત્યય હોવાથી વિધિનું ભાન થાય છે આ વાક્યથી વેદાન્તશ્રવણનો વિધિ પ્રતીત થાય છે તે કેવા પ્રકારનો છે? પ્રકટાર્થકાર આદિના મતપ્રમાણે એ અપૂર્વ વિધિ છે. કારણ કે વેદાન્તશ્રવણ બ્રહ્મસાક્ષાત્કારનો હેતુ છે એ અન્વય વ્યતિરેકથી સિદ્ધ થતુ નથી. લોકમાં જોઈએ છીએ તો વેદાન્તનું શ્રવણ કરેલા ઘણાએ એ સાક્ષાત્કારવિનાના જણાય છે અને વામદેવ આદિને વેદાન્તશ્રવણ કર્યા વિના જ ગર્ભમાંથી જ બ્રહ્મસાક્ષાત્કાર થયેલો કહેવામાં આવે છે તેથી કોઇ ઇતર પ્રમાણથી એ જ્ઞાત નહિ હોવાથી આ વાક્ય અજ્ઞાત અર્થને વિધાન કરનાર હોવાથી આ શ્રવણવિધિ અપૂર્વવિધિ છે.

અન્ય વિદ્વાનો એવું લે છે કે આ અપૂર્વવિધિ નથી. કારણ કે વેદાન્તનું શ્રવણ એ નિત્ય અપરોક્ષ બ્રહ્મના સાક્ષાત્કારનો હેતુ છે એ અપ્રાપ્ત નથી. જે પ્રમાણનો વિષય અપરોક્ષ વસ્તુ છે, તે પ્રમાણ તેના સાક્ષાત્કારનો હેતુ છે, એ શાબ્દાપરોક્ષવાદમાં સિદ્ધ થયેલું

છે. તેથી અપરોક્ષ બ્રહ્મ વેદાન્તશ્રવણનો વિષય હોવાથી એ શ્રવણ તેના સાક્ષાત્કારનો હેતુ છે, એ પ્રાપ્ત જ છે. લોકમાં કૃતશ્રવણ મનુષ્યો એ સાક્ષાત્કારરહિત પણ ઘણા જણાય છે. તેટલાપરથી અન્વયનો વ્યભિચાર સિદ્ધ થતો નથી કારણ કે શ્રવણના સહકારીકારણોની પ્રાપ્તિ નહિ હોવાથી ફળની અસિદ્ધિ જણાય તેટલાપરથી અન્વયનો વ્યભિચાર સિદ્ધ થતો નથી. તેમ જ વામદેવાદિ જાતિસ્મર મહાપુરુષોએ પૂર્વજન્મમાં કરેલા શ્રવણના બલે ગર્ભમાંથી જ સાક્ષાત્કારરૂપ ફલ પ્રાપ્ત થાય એ સંભવે છે. તેથી વ્યતિરેક વ્યભિચાર પણ સિદ્ધ થતો નથી. તેથી આ રીતે શ્રવણ સાક્ષાત્કારનો હેતુ છે. એ અત્યંત અપ્રાપ્ત નથી પણ પ્રાપ્ત છે અને તેથી આ વિધિ અપૂર્વ વિધિ નથી, પણ આ નિયમવિધિ છે એમ વિવરણાનુસારી આદિ કહે છે. એ નિયમવિધિ આ પ્રકારે થઇ શકે છે.

કોઈ વસ્તુને ચક્ષુદ્વારે જોવામાં આવે ત્યારે તેના કોઈ કોઈ ધર્મનું પ્રત્યક્ષ થઇ જાય છે. પણ તેમ નહિ પ્રત્યક્ષ થયેલા કોઈ વિશેષ ધર્મ હોય અને તેનો અન્ય તરફથી બોધ થાય તો તે જોનાર પુરુષ ધારીને પછી જુએ છે અને તે વિશેષને સાક્ષાત્ કરે છે. તેમ મનવડે જીવનું અહરૂપે ગ્રહણ કરાય છે. અધીત વેદાન્તવડે એ જીવ નિર્વિશેષ બ્રહ્મરૂપ છે એવુ સાંભળવામાં આવે તો તે પુરુષ એ જ્ઞાનમાટે મનના પ્રણિધાનમાં પક્ષે પ્રવૃત્ત થાય છે. તેમ જ ભિન્નાત્મજ્ઞાનથી મોક્ષ છે એવો ભ્રમ સંભવે છે તેથી તેને લઇને મુક્તિના સાધનોના જ્ઞાનમાટે વેદાન્તથી ઇતર શાસ્ત્રના શ્રવણમાં પણ પુરુષ પક્ષે પ્રવૃત્ત થાય છે. તેથી આ રીતે પક્ષે વેદાન્તશ્રવણમાં પ્રવૃત્તિ પ્રાપ્ત છે અને પક્ષે ઇતર શ્રવણમાં પ્રવૃત્તિ પ્રાપ્ત છે તેથી એ ઇતર શાસ્ત્રશ્રવણની નિવૃત્તિ કરી વેદાન્તશ્રવણની વ્યવસ્થિતિ કરનાર આ વિધિ નિયમવિધિ છે.

વેદાન્તશ્રવણવડે બ્રહ્મસાક્ષાત્કાર નથી થતો, પણ તે મનવડે જ થાય છે કારણ કે मनसैवानुद्रष्टव्यम्–ઇત્યાદિ શ્રુતિમાં મનને જ સાધન કહેવામાં આવ્યું છે. શ્રવણથી નિઃસંશય પરોક્ષ જ્ઞાનમાત્ર થાય છે. તેથી એ પ્રકારના જ્ઞાનને માટે આ શ્રવણવિધિ હોવાથી એ નિયમવિધિ છે એમ અન્ય કહે છે. અન્ય ગ્રંથકારો જેઓ નિયમવિધિ અહિં સ્વીકારે છે તેઓ આથી અન્યરીતે પણ નિયમવિધિનું વર્ણન કરે છે.

ચિકિત્સા જ્ઞાનને માટે ચરકશુશ્રુતાદિના શ્રવણમાં પ્રવૃત્ત થયેલો પુરુષ જેમ મધ્યે મધ્યે અન્ય વ્યાપારોમાં પણ પ્રવૃત્ત થયેલો રહે છે

તેમ બ્રહ્મજ્ઞાનને માટે વેદાન્તશ્રવણુમાં પ્રવૃત્ત થયેલો પુરુષ મધ્યે મધ્યે ઇતર નાનાવિધ વ્યાપારોમાં પણુ પ્રવૃત્ત થાય એ પ્રાપ્ત થાય છે. એની નિવૃત્તિ દર્શાવનાર આ વેદાન્તશ્રવણુવિધિ છે અને તેથી એ પરિસંખ્યાવિધિ છે એમ પરિસંખ્યા વિધિનો પક્ષ સ્વીકારનાર જણાવે છે. ब्रह्मसंस्थोऽमृतत्वमेति–એ છાંદોગ્ય શ્રુતિમાં અનન્ય વ્યાપારત્વ મુક્તિનો ઉપાય છે એમ કહેવામાં આવ્યું છે તેથી તથા तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथ–એ આત્મતત્ત્વને જ માત્ર તું જાણુ અને અન્ય સર્વ વાણીનો પરિત્યાગ કર એ શ્રુતિમાં ઇતર વ્યાપારનો શ્રુતિ કણ્ઠરવથી જ નિષેધ કરે છે. તેથી અન્ય વ્યાપારથી નિવૃત્તિ આવશ્યક છે અને તે નિવૃત્તિનો બોધક આ શ્રવણુવિધિ છે તેથી એ પરિસંખ્યા છે.

આ શ્રુતિમાં જેમ શ્રવણુનું કથન છે તેમ મનન અને નિદિધ્યાસનાદિનુ પણુ કથન છે. મનનાદિનો વિષય આત્મા છે. તે જ પ્રમાણે શ્રવણુ પણુ આત્મવિષયક જ લેવું જોઇએ, અર્થાત્ શ્રવણુનો અર્થ તાત્પર્યનો વિચાર નથી પણુ આગમ અને આચાર્યના ઉપદેશવડે ઉત્પન્ન થતું આત્મવિષયક જ્ઞાન છે. અને જ્ઞાનમાં કોઇ પણુ વિધિ હોઇ શકતો નથી. તેથી આ વાક્યમાં કોઈ પણુ પ્રકારનો વિધિ નથી. બ્રહ્મમીમાંસાના સમન્વયસૂત્રમાં આત્મજ્ઞાનમાં વિધિ હોઇ શકે નહી એમ વિધિનું નિરાકરણુ ભાષ્યકારે આવાં વાક્યોને વિધિચ્છાયાવાળાં વાક્યો કહ્યાં છે. તેથી આ વાક્યોમાં વિધિનો આભાસ થાય છે પણુ વસ્તુતઃ એમાં વિધિ નથી. આ પ્રકારે પણુ આ વાક્યોના સંબંધમાં અપર વિદ્વાનોનો નિર્ણુય છે, છતાં જે ગ્રંથકારો વિધિ સ્વીકારે છે તેઓ ઉપર જણુાવ્યા પ્રમાણે તે તે વિધિને ઘટાવે છે. અત્ર દિગ્દર્શનાર્થે જ આ ઉદાહરણુ કર્યું છે. સર્વથા બ્રહ્મતત્ત્વ વસ્તુતઃ સર્વ વિધિથી પર છે અને તેમની સાથે જીવના અભેદનું દૃઢ અપરોક્ષ જ્ઞાન જ મોક્ષનું સાધન છે એ વેદાન્તનો સિદ્ધાન્ત છે અને તેમાં અવતરણુ ભિન્ન ભિન્ન મતિવાળા મનુષ્યોનું ભિન્ન ભિન્ન પ્રકારે થઇ શકે છે માટે આ વિવિધ મતોનો પ્રચાર છે તેથી તે હાનિકર નથી પણુ કલ્યાણુકર જ છે.

(અપૂર્ણ)

जे. जे. कणीया.

महुवानी कोयल

શિષ્યઃ—ગુરુજી ! આજકાલ જ્યાં જોઈએ ત્યાં આંદોલનની ચર્ચા ચાલી રહી છે.

ગુરુ—એટલું જ નહિ પણ આંદોલન શબ્દ, જેને પચીશ વર્ષપહેલાં કોઇ ઓળખતું ન હતું, તે આજે ઘરગથુ જેવો થઇ પડયો છે.

શિષ્ય—એ આંદોલનનો સિદ્ધાંત કૃપા કરી મને સમજાવશો ?

ગુરુ—વત્સ ! તારી જિજ્ઞાસા પ્રસંશનીય છે. ધ્યાન રાખ. હું રમતમાં એ પ્રક્રિયા તને સમજાવી દઇશ.

શિષ્ય—આપના અનેક ઉપકારોમાં એથી વૃદ્ધિ થયેલી માનીશ.

ગુરુ—પ્રિય બધુ ! તારી જન્મભૂમિ કઇ ?

શિષ્ય—મારી જન્મભૂમિ આર્ય ભૂમિ—ભારત—છે તે આપને અજ્ઞાત નથી.

ગુરુ—આર્યભૂમિવિષે તારા મમત્વને લીધે તને ધન્યવાદ હો, પરંતુ આર્યભૂમિના કયા ભાગમાં, કયા શહેરમાં કે ગામમાં, તારો જન્મ થયલો એમ હું પુછવા માગું છું.

શિષ્ય—મારો જન્મ મહુવામાં થયલો છે.

ગુરુ—મારી યાદદાસ્ત જો બરાબર હોય તો મહુવા બે છે; એક ગુજરાતમાં નવસારીપાસે આવેલુ ગાયકવાડ સરકારને તાબે, અને બીજું કાઠિયાવાડમાં આવેલું બંદર ભાવનગર દરબારને તાબે.

શિષ્ય—ભાવનગર તાબાના મહુવા બંદરમાં મારો જન્મ થયલો છે.

ગુરુ—એ મહુવા બંદર કશા માટે પ્રસિદ્ધ હશે ?

શિષ્ય—એ શહેરની ભૂમિ બહુ રસાળ છે. વાડીઓ ફળથી ભરપૂર છે અને મનોહર છે, વૃક્ષોનું રોપણ મોટા પાયાઉપર ત્યાં કરવામાં આવ્યું છે, જે કારણથી મહુવાને કાઠિયાવાડનું કાશ્મીર કહેવામાં આવે છે.

ગુરુ—મહુવાની બીજી કંઇ ખુબી છે ?

શિષ્ય—હા જી. મહુવામાં અનેક તરેહનાં રમકડાં બને છે; બનાવટી બદામ, સોપારી, દરાખ, એલચી, ખારેક વિગેરે વિવિધ ફળો આબેહુબ સાચાં લાગે એવાં તૈયાર કરવામાં આવે છે.

ગુરુ—રમકડાંથી મુખ્યત્વે કરીને કોને આનંદ આવતો હશે?

શિષ્ય—બાળકોને.

ગુરુ—તો બાળકોને વિશેષ આનંદ આપે એવાં મહુવામાં બનતાં એક બે રમકડાંનાં નામ દેશો?

શિષ્ય—બાળકને માટે કોયલ બનાવવામાં આવે છે.

ગુરુ—એ કોયલ શેની બનતી હશે?

શિષ્ય—એ કોયલ ઘણું કરીને સીસમના લાકડાની બનાવવામાં આવે છે, પરંતુ ક્વચિત્ શોભામાટે હાથીદાંત પણ એની બનાટમાં વપરાય છે.

ગુરુ—કોયલને કવિઓએ અતિશય સતાવી છે તેથી તેને ઓછામા ઓછો પચીશ વર્ષનો આરામ આપવો જોઇએ એવો વિદુષી સૌ. વિદ્યાગૌરીનો અભિપ્રાય છે. એ અભિપ્રાયને હું તદ્દન મળતો આવું છું, છતાં તેં આંદોલનનો વિષય ઉપાડ્યો છે તેથી મારે એ બિચારીને સતાવવી પડશે. પરતુ ફિકર નહિ, કારણ કે એ કોયલ બનાવટી છે અને એને સતાવનાર કવિ નથી. વત્સ! હું ધારું છું કે એ કોયલ પણ ટહુકાર કરતી હશે!

શિષ્ય—દાંડી, છિદ્રવાળું પેટું અને આર એ કોયલના ભાગ હોય છે. દાંડીઉપર દોરી વીંટવામા આવે છે; એ દોરીને બળકળથી ખેચી લેવાથી કોયલ આરઉપર ફરે છે અને સુદર ધુઉઉઉં અવાજ કરે છે.

ગુરુઃ—ત્યારે તમારી કોયલ તો હું ધારતો હતો તે કરતાં પણ મને વધારે ઉપયોગી થઇ પડશે. આપણો વિષય સમજવા માટે કોયલને આપણે લોઢાની કલ્પીએ તો તમારે કંઇ હરકત છે ?

શિષ્યઃ—ના જી, હું આપને અધીન છું.

ગુરુઃ—ત્યારે ધારો કે એવી એક કોયલ લોઢાની બનાવેલી છે અને તેની દાંડીઉપર દોરીને બદલે મજબુત તાર વીંટવામાં આવ્યો છે. તમે સમજ્યા?

શિષ્યઃ—હા જી.

ગુરુઃ—વળી એમ ધારો કે એ કોયલ એક ક્ષણમાં બે આંટા ફરે છે.

શિષ્ય—ખરી કોયલ તો ક્ષણમાં અનેક આંટા ફરે છે.

ગુરુઃ—આપણી કોયલ ક્ષણમાં કેટલાક આંટા ફરે છે તે આગળ ઉપર તમે જોશો. આપણી કાલ્પનિક કોયલ મહાપ્રાણ છે, પરંતુ તેની પાસે આપણે ઘણું સખત કામ લેવાનું છે તેથી શરૂઆતમાંજ એને પરસેવો છુટી જાય એ ઇષ્ટ નથી. આ વિચાર તમને પસંદ છે કે નહિ ?

શિષ્યઃ—આપની યોજના ઉત્તમ જ છે.

ગુરુ—ધ્યાન રાખો. આપણી કોયલ પહેલી ક્ષણે બે આંટા ફરે છે. ધારો કે તેનો વેગ વધતાં બીજી ક્ષણે તે ચાર આંટા ફરે છે, ત્રીજી ક્ષણે આઠ આંટા ફરે છે, ચોથી ક્ષણે સોળ આંટા ફરે છે. હવે એ પ્રમાણે વેગ વધતો રહેતાં પાંચમી ક્ષણે તે કેટલા આંટા ફરશે ?

શિષ્યઃ—વેગ બમણો થતો રહે તો બત્રીશ આંટા ફરશે.

ગુરુઃ—અહિં આપણે જરા અટકીશું. ચોથી ક્ષણસુધી કોયલની માત્ર વધતી જતી ગતિ આપણે જોઈ. પાંચમી ક્ષણથી એક નવું તત્ત્વ ઉમેરાય છે. કોયલ જ્યારે એક ક્ષણમાં ૩૨ આંટા ફરશે ત્યારે ગતિઉપરાંત ધ્વનિનું આપણને ભાન થશે.

શિષ્યઃ—એ ધ્વનિ કેવો હશે ?

ગુરુ—અવાજની શરુઆત જેવો અવાજ, અર્થાત્ આપણા કાનથી સાંભળી શકાય એવો મંદતમ એટલે ધીમામાં ધીમો અવાજ.

શિષ્યઃ—ત્યારે ૧૬ આંટા ફરતી વખતે અવાજ નહિ થતો હોય ?

ગુરુઃ—ધન્ય છે તારી સૂક્ષ્મ બુદ્ધિને ! અવાજ થતો તો હોવો જ જોઇએ, પરંતુ મનુષ્યોનો કાન તે અવાજ સાંભળી શકતો નથી તેથી મનુષ્યપરત્વે તે અવાજ નથી એમ કહીએ તોપણ ચાલે.

શિષ્યઃ—ત્યારે બીજું કોઇ પ્રાણી એ અવાજ સાંભળી શકાતું હશે ?

ગુરુઃ—હા, મનુષ્યથી હલકું ગણાતું કોઇ પ્રાણી એ અવાજ સાંભળી પણ શકે, એટલું જ નહિ પણ યોગાભ્યાસથી મનુષ્યને પણ એ સૂક્ષ્મ શબ્દ સાંભળવાની શક્તિ પ્રાપ્ત થાય.

શિષ્યઃ—આ પ્રમાણે તો બે આંટા ફરવા વખતે પણ કોઈ પ્રકારનો અવાજ થતો હોવો જોઇએ.

ગુરુઃ—એમાં લેશ પણ સંશય નથી. વત્સ ! આ સૂત્ર યાદ

રાખ કે ગતિવિના સૃષ્ટિ નથી, અને શબ્દવિના ગીત નથી. આ આદિ શબ્દને અથવા શબ્દના સૂક્ષ્મતમ સ્વરૂપને આપણા પવિત્ર ગ્રંથોમાં પ્રણવ અથવા શબ્દ બ્રહ્મ કહે છે.

શિષ્ય:—આપની કૃપાથી એ અર્થ હવે મને વિશેષ સ્પષ્ટ સમજાય છે.

ગુરુ:—ત્યારે આગળ વધીએ. છઠ્ઠી ક્ષણે આપણી કોયલ ૬૪ આંટા ફરશે, ૭ મી ક્ષણે ૧૨૮, અને એ પ્રમાણે બમણા વેગથી આગળ ચાલતાં ૨૫૬, ૫૧૨, ૧૦૨૪, ૨૦૪૮, ૪૦૯૬, ૮૧૯૨, ૧૬૩૮૪, ૩૨૭૬૮ એ આંટાની શ્રેણિ ઉપસ્થિત થશે.

શિષ્ય:—૩૨૭૬૮ આંટા ફરતી વખતે અવાજ કેવો થતો હશે?

ગુરુ:—એ પ્રશ્ન તને ઠીક સુઝ્યો. મનુષ્યના કાનથી ગ્રહણ કરાતા શબ્દનો એ પરાવધિ છે. તારતમ એટલે તીણામાં તીણી ચીસજેવો એ અવાજ છે.

શિષ્ય:—ત્યારે એ અવાજની આગળ શું હશે?

ગુરુ—એ અવાજની આગળ શાંતિ. બીજું શું હોઈ શકે? અવાજનું તીણાપણું વધતું જાય છે પરંતુ આપણા કાનથી તેનુ ગ્રહણ થતું નથી તેથી આપણી દૃષ્ટિમાં તે અવાજ નથી જ એમ કહીએ તો ચાલે.

શિષ્ય:—ત્યારે તો ૩૨ આંટાની નીચે અને ૩૨૭૬૮ આંટાની ઉપર શાંતિનો જ નિવાસ સમજવો કેની?

ગુરુ:—ધન્ય છે વત્સ! તને ધન્ય છે! ઉપર નીચે મનુષ્યકર્ણની મર્યાદાનો તેં ઠીક નિર્ણય કર્યો. બીજી ઇન્દ્રિયોની બાબતમાં પણ એમ જ સમજવું આ દૃષ્ટિથી ગીતાના નીચેના શ્લોકનો અર્થ આપણને વિલક્ષણ સમજાય છે:—

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधानान्येव तत्र का परिदेवना ॥

અતિ સૂક્ષ્મ અર્થ અવ્યક્ત છે, તેમ જ અતિસ્થૂલ અર્થ અવ્યક્ત છે. એ બંને કળાની વચ્ચે જે કળા રહેલી છે તેનું જ મનુષ્યને ભાન થાય છે. અર્થાત્ તેટલા પૂરતું જ જગત્ મનુષ્યનું છે, તો પછી હે અર્જુન! આવા મર્યાદાવાળા પ્રપંચવિષે શોક કરવાનું શું કારણ છે?

શિષ્યઃ—ખરે! ગીતાના એ શ્લોકઉપર આપે નવી ! પ્રકાશ પાડ્યો.

ગુરુઃ—એ સૂચવે છે કે આપણે પ્રકાશની સૃષ્ટિમાં દાખલ થયા છીએ. પરંતુ થોડે સુધી શાંતિનો ઉપભોગ કરીએ. ભમરડાને આપણે અતિશય જોરથી ફેરવીએ છીએ ત્યારે શરુઆતમાં આપણને અવાજ સંભળાય છે કે નહિ?

શિષ્યઃ—શરુઆતમાં સંભાળતો નથી. થોડા વખત પછી ધું-ઉંઉઉં એવો અનિતીક્ષ્ણ ધ્વનિ સંભળાય છે.

ગુરુઃ—અવાજ સંભળાતો નથી ત્યારે ગતિ જોઈ શકાય છે કે નહિ?

શિષ્ય—અતિશય જોરથી જ્યારે ભમરડાને ફેરવીએ છીએ ત્યારે તો શરુઆતમાં જાણે ભમરડો ફરતો જ ન હોય, પરંતુ સ્થિર હોય–ધ્યાન ધરતો હોય–એવું ભાન થાય છે.

ગુરુઃ—ગતિ અને ધ્વનિ, ક્રિયા અને શબ્દનું કેવું અદ્‌ભુત સાહચર્ય! અતિ ક્રિયા સ્થિરતા જેવી ભાસે છે, અને અતિશબ્દ શાંતિ જેવો ભાસે છે.

શિષ્યઃ— હા જી, બરાબર સમજાયુ.

ગુરુ.—ચાલો ત્યારે આપણે શાંતિનો આનંદ ભોગવીએ. ૨૬ મી ક્ષણથી શાંતિનો આરંભ થશે અને ૪૪ મી ક્ષણ સુધી તે ટકશે.

શિષ્યઃ—પછી કઇ સૃષ્ટિમાં પ્રવેશ કરવાનો છે?

ગુરુઃ—હું કહી ગયો છું કે પ્રકાશની સૃષ્ટિમાં આપણે પ્રવેશ કરવાનો છે. ૪૫ મી ક્ષણે આપણી કોયલ ૩૫,૧૮૪,૩૭૨,૦૮૮૮૩૨ આંટા ફરશે ત્યારે ઉષ્ણતાની પ્રથમ કળાનું આપણને ભાન થશે. પ્રત્યેક ક્ષણે એ ઉષ્ણતામાં વધારો થતો જશે. સહેજ આગળ વધતાં મંદ ઝાંખા પ્રકાશનુ આપણને દર્શન થશે. પછી આગળ ઉપર એ ઝાંખા પ્રકાશનું રૂપાંતર ઘેરા લાલ પ્રકાશમાં થશે.

શિષ્મઃ—ઓહો!

ગુરુઃ—હા, આશ્ચર્યની શરુઆત અહિં થાય છે. પછી ક્ષણોની સ્વારી આગળ ચાલતાં એ રક્તવર્ણ પ્રકાશનું રૂપાંતર નારંગીવર્ણના પ્રકાશમાં, તે પ્રકાશનું પીળા પ્રકાશમાં, તેનુ લીલા પ્રકાશમાં, તેનું ભૂરા પ્રકાશમાં, તેનું ગળીના રંગના પ્રકાશમાં, તેનું જાંબુના રંગના પ્રકાશમાં રૂપાંતર થશે.

શિષ્યઃ—આમાં તો મેઘ ધનુષ્યના બધા વર્ણ આવી ગયા.

ગુરુઃ—બરાબર છે. જાંબુના રંગના પ્રકાશનો અસ્ત આગળ-

ઉપર થતાં શ્વેતવર્ણું પ્રકાશનો ઉદય થશે, અને તેની કળા ઉત્તરોત્તર એટલી વધતી ચાલશે કે તેનું દર્શન કરતાં આપણી આંખ ઝંખવાઇ જશે.

શિષ્ય:—પ્રક્રિયા અવશ્ય અદ્દ્ભુત છે.

ગુરુ:—ચમત્કાર અહિં અટકતો નથી. ઘેરા લાલ પ્રકાશના આંદોલન એક ક્ષણમાં ૪૫૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ હોય છે, અને જંબુવર્ણું પ્રકાશનાં આંદોલન એક ક્ષણમાં ૭૫૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ જેટલાં હોય છે, પરંતુ તેની આગળ પણ પ્રકાશનાં કેટલાંક રાસાયનિક કિરણો હોય છે, જેનાં આંદોલન એક ક્ષણમાં ૧૮૭૫,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ જેટલાં હોય છે. પૂર્વે જેમ આપણી કર્ણશક્તિની મર્યાદા આવી રહી હતી તેમ અહિં આપણી નેત્રશક્તિની સીમા આવી રહે છે, અને આપણી કોયલનાં આંદોલન પ્રતિક્ષણ વધતાં જાય છે છતાં અતિપ્રકાશ આપણને અંધકારરૂપે ભાસે છે.

શિષ્ય:—અંધકારસરખા અતિપ્રકાશનાં એ કિરણો તે કેવાં હશે ?

ગુરુ:—એ કિરણોનુ પાશ્ચાત્ય પારિભાષિક નામ X–Rays (એક્સ–રેઇઝ) છે. એનો અર્થ અજ્ઞાત કિરણો એવો થાય છે.

શિષ્ય:—પાશ્ચાત્ય વિજ્ઞાનનો ખ્યાલ આપે એવું આપણા ગ્રંથોમાં એ કિરણસંબંધી કશું હશે કે નહિ ?

ગુરુ:—એ કિરણોનો સ્વભાવ વ્યાપન શીલતા હોય છે. અર્થાત્ ઘન પદાર્થોમાં પણ એ પ્રવેશ કરી શકે છે. મનુષ્યને બંદુકની ગોળી વાગી હોય અને તે મૂર્ચ્છિત થઇ ગયો હોય પરંતુ એ કિરણની મદદથી એના શરીરની છબિ લેવામાં આવે તો જાણી શકાય કે શરીરના કયા ભાગમાં ગોળી દાખલ થઇ છે. વત્સ ! તને ખબર છે કે આપણામાં સૂર્યનારાયણ જો કે એક છે છતાં આદિત્યો એટલે સૂર્યનારાયણની શક્તિઓ બાર છે. એમાં જે કિરણો વ્યાપનશીલ હોય તેને વિષ્ણુ નામના આદિત્ય કહી શકાય.

શિષ્ય—અહા ! આ તો અજબ અજવાળું થયું. आदित्यनामहं विष्णुः (આદિત્યોમાં હું વિષ્ણું છું) એ ગીતાવચન આપના સમર્થ ભાષ્યના પ્રકાશથી હવે સુસ્પષ્ટ રીતે સમજાય છે.

ગુરુ–આપણા પવિત્ર ગ્રંથોનાં વચનમાં એવા કંઇ કંઇ ગૂઢાર્થ રહેલા હોય છે. તે સમજવા માટે શ્રદ્ધા, વિજ્ઞાન અને તર્કની અપેક્ષા રહે છે.

શિષ્ય–એ વિષ્ણુ આદિત્ય તપતા હશે ત્યાર આપણી કોયલાની સ્થિતિ કેવી હશે ?

ગુરુ–આપણે કોયલ લોઢાની લીધી હતી, પરંતુ લોઢું તો કોણ જાણે ક્યાં ઉડી ગયું ! કોયલનો આકાર માત્ર રહ્યો છે અને તે પણ આપણી કલ્પનામય ! કોયલની ધાતુ વિશીર્ણ થઇ ગઇ છે અને તેને ઠેકાણે અનુક્રમે તેજોમય અણુઓ, અને અદૃશ્ય વાયુમય અણુઓ આવીને ગોઠવાયા છે. હજી આપણે આગળ ચાલવાનું છે.

શિષ્ય—મારી કલ્પના શક્તિને ચક્કર આવે છે અને તેને વિશ્રાંતિની જરૂર જણાય છે.

ગુરુ–તથાસ્તુ.

શિષ્ય–આગળ જો પ્રક્રિયા રહી હોય તો સ્વલ્પમાં જણાવી અનુગ્રહ કરશો.

ગુરુ–વાયુ પછી આકાશ, આકાશ પછી તન્માત્રા, તન્માત્રા પછી અહંકાર, અહંકાર પછી મહાન્, મહાન્ પછી અવ્યક્ત—આટલો પ્રદેશ હજી આપણે વટાવવાનો છે. આંદોલનની પ્રક્રિયા તે આનું નામ આંદોલન એટલે સ્પન્દ અથવા શબ્દયુક્ત ગતિ. સ્પન્દમાં માયાનો મુલક આવી જાય છે. પરમતત્ત્વ સ્પન્દવિનાનું છે, અને વેદમાં કહ્યા પ્રમાણે વાણી તેમ જ કલ્પનાને ત્યાં અવકાશ નથી.

શિષ્ય–આશ્ચર્યના સર્વ ઉદ્‌ગાર હવે ફીકા લાગે છે.

ગુરુ–વત્સ ! ખરી વાત છે. ત્યારે બોલો

ॐ शान्तिः शान्तिः शान्तिः !

कौशिकराम विघ्नहरराम महेता.

अर्वाचीन मानसशास्त्र.

(અનુસંધાન અષ્ટવિંશતિતમ સદુપદેશના પૃષ્ઠ ૧૪૬ થી.)

જેટલા પ્રમાણમાં આપણે કોઇ પણ વસ્તુ અથવા વિષયમાં ધ્યાન આપી શકીયે છીએ ટેટલા પ્રમાણમાં તે વસ્તુ કે વિષયના સંસ્કાર આપણામાં સ્થપાય છે એ વાર્તા આપણા હકમાં અત્યંત લાભ કરનારી છે એ આપણુને સારી રીતે સમજાય તેમ છે. કારણ કે જો આપણે આપણી ઇચ્છાનુસાર ધ્યાનને કોઇ પણ વિષયમાં એકાગ્ર કરવાની કલાને કેળવીએ, તો જે સંસ્કારની આપણુને જરૂર નથી તે સંસ્કારોને આપણે દૂર રાખી શકીએ છીએ અને જેની આપણુને અગત્ય હોય તે સસ્કારોને આપણામાં સારી રીતે સ્થાપી શકીએ છીએ. આ ઉપરથી આ ધ્યાનની કલાને ઉત્તમ પ્રકારે કેળવવાની મહત્તા આપણુને સહજ સ્પષ્ટ થાય છે. કારણુ કે આપણા જીવનમાં એવા અનેક પ્રસગો બને છે, એવી અનેક વસ્તુઓ જોવામાં આવે છે, જેમાં આપણુને હાનિ અથવા લાભના સંભવો રહેલા હોય છે. આવા પ્રસગમાં જે કંઇ આપણી ઉન્નતિના સાધનભૂત થઇ શકે તેમ હોય, જે કંઇ આપણા જીવનમાં યથાર્થ સુખ અથવા આનંદનો અનુભવ કરાવવા સમર્થ હોય તેના પ્રતિ આપણે આપણા ધ્યાનને સંપૂર્ણ એકાગ્ર કરી આપણું અપરિમિત હિત સાધી શકીએ છીએ.

બહારના પદાર્થો, બહારના પ્રસંગો અને બહારની સ્થિતિઓઉપર વૃત્તિને એકાગ્ર કરવાથી આપણે જેમ આપણા જીવનમાં ઇચ્છાનુસાર સ્થિતિને પ્રકટાવી શકીએ છીએ તેવી જ રીતે વૃત્તિને અંતરમાં આપણા હૃદયના પ્રદેશમાં આપણી વૃત્તિને સ્થાપી આપણે કોઇ અસાધારણ ફેરફાર કરવા સમર્થ થઇએ છીએ. આપણી માનસિક શક્તિઓના બળને આપણે એકાગ્રતાના પ્રભાવથી જાગ્રત્ કરી શકીએ છીએ. અને આપણી આધ્યાત્મિક શક્તિઓના અલૌકિક સામર્થ્યોને આપણે પ્રકટ કરી શકીએ છીએ.

ધ્યાનની બીજી ખૂબી એ છે કે જેમ આપણે તે સાધનથી સબળ સામર્થ્યોને જાગ્રત્ કરી શકીએ છીએ તેમ જ જે દુર્બળ વિચારો,

દુર્બળ સ્થિતિઓ, પ્રતિકૂળતાઓ આપણા જીવનમાં અરુચિકર જણાય છે તેમના પ્રતિથી આપણું લક્ષ ખેંચી લેવાથી આપણે તે સ્થિતિઓને દુર્બળ કરી છેવટે તેમનો નાશ કરી શકીએ છીએ. અને આ કળા ઘણી જ સરળ છે. તેમાં માત્ર એટલું જ કરવાનું હોય છે કે જે કંઇ પ્રતિકૂળ જણાતું હોય તેના તરફ લક્ષ જરા પણ ન આપવું. તે આપણે વિચારી જોઇશું તો આપણને જણાશે કે પ્રતિકૂળ પ્રસંગો, પ્રતિકૂળ સ્થિતિઓ વગેરે તરફ આપણે જોઇએ તે કરતાં વધારે લક્ષ આપીએ છીએ, તેમાં આપણે નિમગ્ન થઈ જઈએ છીએ. આમ કરવાથી તે સ્થિતિનો નાશ થતો નથી, પરંતુ તેને પુષ્ટિ મળે છે. આથી ઉલટું તેવા પ્રસંગમાંથી લક્ષને ખેંચી લેવાથી, તેના તરફ કેવળ અલક્ષ કરવાથી તે સ્થિતિ આપો આપ વિલાઇ જાય છે. આવું શી રીતે થાય છે તે આ સ્થળે ચર્ચવાનો પ્રસંગ નથી પરંતુ માનસશાસ્ત્રના કોઇ નિયમથી જ તે બને છે અને તે કેવળ સત્ય છે.

ધ્યાન બે પ્રકારે ક્રિયામાં મૂકાય છે, અને તેથી કરીને માનસ શાસ્ત્રના વિદ્વાનો તેના બે ભેદ પાડે છે—અનૈચ્છિક ધ્યાન અને ઐચ્છિક ધ્યાન. જ્યારે આપણી ઇંદ્રિયમર્યાદામાં થઇને કોઇ પણ વસ્તુ જતી આવતી હોય છે અને આપણી વૃત્તિ સ્વાભાવિક વેગથી તેમાં સહેજસાજ સ્થપાય છે ત્યારે તે અનૈચ્છિક ધ્યાન કહેવાય છે કારણ કે તેમાં આપણી સ્વતંત્ર ઇચ્છા કે નિશ્ચય હોતો નથી. પરતુ જ્યારે આપણે આપણા નિશ્ચયથી કોઇ વસ્તુપ્રતિ આપણી વૃત્તિને દોરી જઇ તેમાં જોડી રાખીએ છીએ અને સ્થિરતાથી તેને વળગી રેહેવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તે ઐચ્છિક ધ્યાન કહેવાય છે. આપણી ઇષ્ટ મૂર્તિનું ધ્યાન કરવુ એ આ દ્વિતીય પ્રકારનું ધ્યાન છે. આ દ્વિતીય પ્રકારનું ધ્યાન જ મનુષ્યને અસાધારણ સામર્થ્યો આપવા સમર્થ છે, અને તેથી તે પ્રકારના ધ્યાનની કળાને સિદ્ધ કરવી એ પ્રત્યેક બુદ્ધિમાન્‌નું લક્ષ હોવું જોઇએ. આગળઉપર આપણે વિચારી ગયા છીએ તેમ જ્યાં જ્યાં બુદ્ધિનો વિકાસ, સામર્થ્યનો વિકાસ, વગેરે જણાય છે ત્યાં ત્યાં ધ્યાનની કલાની સિદ્ધિ જ આપણને જણાશે. ધ્યાનની સ્થિરતા એ કેળવાયલા મનની નિશાની છે. અણુઘડ મનુષ્યોમાં ઐચ્છિક ધ્યાનનું સામર્થ્ય જરા પણ કેળવાયલું હોતું જ નથી. એક વસ્તુ કે વિચારમાં એકાદ બે ક્ષણુકરતાં તેઓ ભાગ્યે જ વધારે વખત ધ્યાનને સ્થાપી શકે છે.

જ્યારે ઇચ્છાપૂર્વક ધ્યાનને સ્થિર કરવાનું થોડા ઘણા અંશમાં પણ બળ મળ્યું હોય છે ત્યારે અનૈચ્છિક ધ્યાનના ઉપર સ્વાભાવિક અંકુશ પ્રાપ્ત થાય છે અને તેથી કરીને વૃત્તિઓ એકાએક ગમે તે વસ્તુમાં સ્થિર થતી નથી. સ્થિર વૃત્તિવાળા પુરુષોમાં વૃત્તિનું ચાંચલ્ય અત્યંત ન્યૂન હોય છે અથવા કેવળ નથી હોતું એ સુવિદિત વાર્તા છે. આથી ઉલટું જ્યાં ઇચ્છાપૂર્વક ધ્યાનને સ્થિર કરવાનું બળ હોતું નથી ત્યાં વૃત્તિ ઘણી જ ચંચળ હોય છે અને મનુષ્યની પોતાની અનિચ્છા છતાં વૃત્તિ અનેક પ્રસંગોમાં જઇ જઇ ચોંટે છે આ પ્રકારના ધ્યાનનું બળ કંઇક આવા મનુષ્યોમાં વધારે હોય છે, અને તેથી કરીને કોઇ કોઇ પ્રસંગમાં તેમની વૃત્તિ અનિચ્છાથી દોરવાઇ ગઇ છે એવું તેમને ઘણીવારે ભાન થઇ આવે છે.

આ ઐચ્છિત ધ્યાનની સ્તુતિ જેટલી થાય તેટલી ઓછી છે. તેના વડે શું શું સિદ્ધ નથી થાય તેવું એ કહી શકાય તેમ નથી. અર્થાત્ તેના યથાર્થ ઉપયોગથી કંઇ પણ અસાધ્યજેવું રહેતું નથી. આ વિશ્વનાં પ્રચડ સામર્થ્યોઉપર જય મેળવવાનુ તેને શકય છે. આ વિશ્વમાં રહેલી વિદ્યામાત્રના રહસ્યને અનુભવવું સરળ છે. આ વિશ્વના સામ્રાજ્યને પ્રાપ્ત કરવું કઠિન નથી. આ વિશ્વની દુર્ઘટ ગણાતી વસ્તુને સુલભ કરવી સહજ છે. સામાન્ય કાર્યથી આરંભીને અત્યંત મહત્વના કાર્યને તેના વડે સાધી શકાય છે. એકડે એક ભણતા બાળકને જુઓ કે એક તત્ત્વમાં સ્થિર થનાર તત્ત્વજ્ઞ પુરુષને જુઓ, વિજ્ઞાનના પ્રદેશના પ્રારંભક અભ્યાસકને જુઓ કે વિજ્ઞાનનો પાર પામેલા નિષ્ણાત વિજ્ઞાનવિદ્‌ને જુઓ, રાજનીતિજ્ઞ પુરુષને જુઓ કે યુદ્ધ કળાવિશારદ પુરુષને જુઓ,જ્યાં ત્યાં તમને ધ્યાનનો ચમત્કાર જણાશે. ધ્યાનની સ્થિરતાથી જ પોતપોતાના વિષયમાં સ્વામિત્વ પ્રાપ્ત કરતા મનુષ્યો આપણને જણાશે. પ્રત્યેક દિશામાં જે અનુભવજ્ઞાન જણાશે તેના પૃષ્ઠ ભાગમાં ધ્યાન અવશ્ય હશે હશે અને હશે જ.

પરંતુ જે મનુષ્યને આ ધ્યાનની કલા આવડી નથી તેની સ્થિતિ ખરેખર દયાપાત્ર છે. તેનું ચિત્ત કોઇ વિષયમાં સ્થિર થતું નથી. ચિત્તની સ્થિરતાવિના કોઈ વસ્તુના ખરા આનંદને અનુભવતું નથી. કોઇ વસ્તુના ખરા રહસ્યને તેનું મન ગ્રહણ કરતું નથી. પ્રત્યેક ક્ષણે વલવલ કરતું તેનું અસ્થિર મન તેને અનેક વિષયોમાં દોરી જઇ કોઈ વસ્તુના સંપૂર્ણ સ્વાદને ગ્રહણ કરવા દેતું નથી. આવા મનુષ્યોનું જીવન પોતાના હાથમાં નથી, પણ પારકાના હાથમાં છે.

પ્રત્યેક ક્ષુદ્ર પ્રસંગો, ક્ષુદ્ર વસ્તુઓ તેની વૃત્તિને વિહ્વલ કરે છે !

બાળકોનું ધ્યાન પણ છેક આરંભમાં સ્થિર હોતું નથી. તેમનામાં નિશ્ચય વૃત્તિનો ઉદય જ હોતો નથી તેથી કરીને નિશ્ચયપૂર્વક ધ્યાનને તે એક જ વિષયમાં સ્થાપી શકતાં નથી. પરંતુ જેમ જેમ તેમની બુદ્ધિ વિકાસને પામે છે, જેમ જેમ મન કેળવાતું જાય છે, અને નિશ્ચય વૃત્તિનો વિકાસ થતો જાય છે તેમ તેમ ઐચ્છિક ધ્યાનની કલાનું તેને જ્ઞાન થાય છે. નિશાળમાં એકડીઆમાં ભણતાં બાળકોતરફ જુઓ. તેમને પાઠ વંચાવો, એક શબ્દ પૂરો વાંચ્યો નહિ હોય તેટલામાં તેમનું મન કંઇ બહારની વસ્તુતરફ દોડે છે ! વળી બીજો શબ્દ વાંચવો શરુ કરે તે પહેલાં તો કોઇ દોસ્તદારના તરફ તે જોઇ લે છે. વળી જો બળાત્કારે ચોપડીમાં જોવાની ફરજ પડે છે અને એટલામાં કાગડો, ચકલું, કુતરૂં, બિલાડું કે કંઇ પણ તેની નજરે પડે છે અને તેના તરફ તે આકર્ષાય છે, અને વાંચવાનું પડતું મેલે છે. એ જ બાળકને મેટ્રિક કલાસ કે કૉલેજમાં અભ્યાસ કરવાના સમયે જુઓ, તે ચાલતા વિષયમાં એકાગ્રતાથી જોડાય છે અને બહારના ક્ષુદ્ર પ્રસંગોપ્રતિ તેનું લક્ષસરખું પણ જતું નથી. અભ્યાસમાં વારંવાર વૃત્તિને જોડવાની અથવા લક્ષને સ્થાપી રાખવાની ટેવ પાડવાથી જ આ કલા કેળવાય છે અને ક્રમે ક્રમે તે એટલી હદ સુધી કેળવી શકાય છે કે તેના વડે અસાધારણ કાર્યો કરી શકાય છે. આપણે જગત્‌માં સ્થળે સ્થળે તેની સત્યતાની ખાતરી કરી શકીશું. જીવનની પ્રત્યેક દિશામાં વિકાસને પામેલાં મનુષ્યોના જીવનનું રહસ્ય એ જ જણાશે કે પોતે સિદ્ધ કરવા ધારેલા વિષયમાં તે વધારેમાં વધારે સમય એકાગ્ર થઇ શકે છે.

ધ્યાનને કેળવવાની બાબતમાં ત્રણ મુખ્ય નિયમો લક્ષમાં રાખવાની અગત્ય છે. આ ત્રણ નિયમોને સંપૂર્ણ સમજીને ધ્યાનની કળા પ્રયત્ન કરનાર સરળતાથી સિદ્ધ કરી શકે છે.

(૧) ધ્યાન અથવા લક્ષ રસવૃત્તિને હંમેશાં અનુસરે છે; તે જ પ્રમાણે રસવૃત્તિ પણ ધ્યાનને અનુસરે છે. અર્થાત્ એકને કેળવવાથી ઉભય કેળવાય છે. આપણે સહજ સમજી શકીએ છીએ કે જે બાબતમાં મનુષ્યોને રસ પડે છે તેમાં તે સરળતાથી એકાગ્રતાપૂર્વક ધ્યાન આપી શકે છે. સામાન્ય તમાસા, નાટકના ખેલો, યુવતિઓની ચેષ્ટાઓ, અને એવા જ પ્રકારના દેખાવોમાં રસવૃત્તિવાળા મનુષ્યો આ વિષયોને જ્યારે કલાકના કલાક ધ્યાનપૂર્વક જુએ છે ત્યારે ઈશ્વરનાં વિવિધ સ્વરૂપોની ધારણા કરવાનું કામ

તેમને અત્યંત કઠિન જણાય છે. તે જ પ્રમાણે તે જ વિષયની વાર્તાઓ, તે જ રસની કવિતાઓ, તેવા જ ભાવવાળાં ભાષણોના શબ્દે શબ્દ તેઓ તલ્લીન થઇને સાંભળે છે, ત્યારે તત્ત્વજ્ઞાનનાં પદો તત્ત્વની કે જ્ઞાનની સૂક્ષ્મ બાબતો વગેરેના વિચારો સાંભળતાં જ તેમને બગાસાં આવવા માડે છે. પરંતુ જે પુરુષોને આવી જ જ્ઞાનની બાબતોમાં પણ રસ પડેલો હોય છે તે કંઇ પણ આ વિષયની ચર્ચામાં રસપૂર્વક જોડાશે અને તેનું ધ્યાન તેમાં લાંબા સમયપર્યંત સ્થાપી શકશે

કોઇ પણ વસ્તુ કે વિચારમાં રસવાળી વૃત્તિને એકાગ્ર કરવાનું કાર્ય અત્યંત સરળ છે. તે જ પ્રમાણે રસરહિત વસ્તુમાં એકાગ્રતા કરવાનું અત્યંત કઠિન છે. આમ છતાં રસવૃત્તિ અને ધ્યાન બનેને સરળતાથી કેળવી શકાય છે. જ્યારે આપણે કોઇ નવીન બાબતમાં શું શું નવીનતાઓ છે, તેમાં શા શા લાભ છે, શા શા ચમત્કાર છે એવી એવી બાબતોને વિચારપૂર્વક જોઇએ છીએ તો આપણને તેમાં રસ પડતો જણાય છે. એવી ઘણી શુષ્ક અને ઉપરથી નીરસ બાબતોના સંબંધમાં જ્યારે વધારે હકીકત જાણવામાં આવે છે ત્યારે તેમાં રસ ઉપજાવનાર કોઇ એક હેતુ પણ આપણને જણાઇ આવે છે અને વારંવાર તેના ઉપર ધ્યાન આપવાથી, તેના લાભના વિચાર કરવાથી, આપણી રસવૃત્તિ તેમા વધારે ને વધારે જાગ્રત્ થતી જાય છે અને આપણું ધ્યાન તેમાં લાગી જાય છે. ગણિત, વિજ્ઞાન, ખગોળ વગેરે વિદ્યાની બાબતો ઘણાને આરંભમાં કેવળ નીરસ જણાય છે, પરતુ જેમ જેમ તેના સ્વરૂપને સમજી મનુષ્યો તેમાં ઉંડા ઉતરવાનો પ્રયત્ન કરે છે, તેમ તેમ તેમાં તેમને કઇ અદ્દભુત રસ જણાતો જાય છે અને તેમની ધ્યાનવૃત્તિ તેમાં અચલતાને ધારણ કરતી જાય છે. આ મહાન્ નિયમને જે સમજે છે અને તેને આચારમાં મૂકે છે તે એક અત્યંત અગત્યનો કોયડો ઉકેલે છે. નીરસ જણાતી વસ્તુઓમાંથી રસ ઉપજાવવાનું અદ્દભુત બળ તેઓ મેળવે છે અને કોઇ પણ વિષયનું સ્વામિત્વ પ્રાપ્ત કરવાનું તેમને મન બાળકની રમત જેવું થઇ રહે છે. આથી કોઇ પણ નીરસ જણાતી બાબત તમને જો યથાર્થ લાભ કરનાર જણાતી હોય તો તેનું અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકના કરો, તેના લાભના જેટલા અંશો હોય તેની ભવ્ય કલ્પનાનું મનોહર ચિત્ર તમારી વૃત્તિમાં આરૂઢ કરો અને તત્કાળ તમારામાં તેને માટે રસ ઉત્પન્ન થશે અને વારંવાર તેમાં એકાગ્ર

થવાનું કાર્ય તમને રસિક અને આનંદ આપનારૂં જણાશે. અને તેમાં વધતાં વધતાં તેની પૂર્ણતાએ તમે સત્વર પહોંચવા ભાગ્યશાળી થશો. પરમાત્માના ધ્યાનમાં તમારી વૃત્તિ સ્થિર ન રહેતી હોય તો તે પરમાત્માના ધ્યાનથી થતા અદ્દ્ભુત લાભોનો વારવાર વિચાર કરો. જે ઉન્નત અવસ્થાને તમે અનુભવવા સમર્થ થશો તે કલ્પનામાં જુઓ, પરમાત્માના દિવ્ય અંશને ધારણ કરવાથી જે અનુપમ સુખને તમે પ્રાપ્ત કરશો તેનું વારંવાર ચિંતન કરો અને તમને તેમાં અસાધારણ રસ પ્રકટશે અને તે સ્વરૂપમાં ધ્યાનવૃત્તિ સ્થિરતાને અનુભવશે.

(૨) એક ને એક જ ધ્યેય વિષયમાં જો નવીનતા પ્રકટાવવામાં નથી આવતી તો ધ્યાનમાં ઉત્તમ પ્રકારનો આનંદ જણાતો નથી. અને તેથી તેના સ્વરૂપમાં અને તેના ગુણમાં ઘણી ન્યૂનતા આવે છે. જ્યાં વિષય નીરસ હોય છે અને તેની ખૂબીઓ સમજવામાં કઠિનતા હોય છે ત્યાં આવું જ બને છે. તેમાં ધ્યાન દઢ રહેતુ નથી. વારંવાર ચલિત થાય છે અને તેના રહસ્યમાં ઉંડા ઉતરાતું નથી. આથી કહીને જેમાં ધ્યાનને એકાગ્ર કરવાનુ હોય તે પદાર્થના સ્વરૂપમાં નવીનતા વગેરે પ્રકટાવવાની અગત્ય રહે છે. અભ્યાસની બાબતમાં પણ વિદ્યાર્થીની વૃત્તિઓને સ્થિર કરવાને આ નિયમને અનુસરીને જો કોઇ વિષયમાં નવીનતા પ્રકટાવવામાં આવે છે તો તેના તે વિષયમાં પણ વિદ્યાભ્યાસીઓ ધ્યાનપૂર્વક જોડાય છે. આવી રીતે નવીનતા પ્રકટાવનાર શિક્ષક કે પ્રોફેસર આજ શું નવું શિખવશે એવો એક પ્રકારનો મોહ દરેકને રહી જાય છે અને તેમના શિક્ષણસમયે અત્યંત એકાગ્ર થઇને બધુ સાંભળે છે. જ્યારે આવી કુશાગ્રતાવિનાના શિક્ષકોના વિદ્યાર્થીઓ શિક્ષકનું જરા પણ સાંભળવાની દરકાર કરતા નથી અને ઉલટો ઘોંઘાટ મચાવી મૂકે છે.

આપણા યોગતત્ત્વવિદ્દ્ પુરુષોએ પણ આ નિયમો લક્ષમાં રાખીને ધારણાનાં વિવિધ સ્વરૂપો, વિવિધ પ્રકારની ધારણાઓ, વગેરે નક્કી કરી છે જેથી આરંભક સાધકને નવીનતા અને રસ જણાય અને તેની વૃત્તિ સરળતાથી એકાગ્રતાનો લાભ મેળવી શકે. અવશ્ય પરમાત્માનું અદ્દ્ભુત સ્વરૂપ તો ક્ષણે ક્ષણે નવીન આનંદને પ્રકટાવવા સમર્થ છે અને પરમાત્માના યથાર્થ સ્વરૂપમાંધ્યાનમગ્ન યોગીઓને કંઇ પણ ફેરફારો કરવાની અગત્ય રહેતી નથી પરંતુ અભ્યાસકોને જ આવા પ્રકારની જરૂર હોય છે.

એક જ પ્રકારના રસરહિત પદાર્થમાં વૃત્તિને વારંવાર જોડવાનો પ્રયત્ન કરવાથી કંટાળો આવે છે, પરંતુ યુક્તિપ્રયુક્તિથી

તેમાં રસ પડે તેવો પ્રયત્ન કરવાથી જ લાભ થાય છે. આવા ફેરફાર કરવાથી ધ્યાનવૃત્તિને એક પ્રકારનો આરામ મળતો જણાય છે. પણ જો આવા પ્રકારના ફેરફાર કરવામાં નથી આવતા તો તે વૃત્તિ સત્વર થાકી જાય છે. આથી એક જ પ્રકારે કંટાળો ઉત્પન્ન થાય ત્યાં સુધી કોઇ વસ્તુમાં એકાગ્ર થવાનો કદી પ્રયત્ન ન કરો. તેમાં નવીનતા પ્રકટાવો. નવીન રૂપમાં તેનું તે કાર્ય કરો. જેમ ખાવાના પદાર્થ દરરોજ તેના તે જ હોય છે તો વૃત્તિમાં કંઇક તે પદાર્થોપ્રતિ અભાવ ઉપજે છે, પરંતુ સમયાનુસાર તેમાં સહજ ફેરફાર થયા કરે છે તો તેના તે પદાર્થો રુચિવાળા જ લાગે છે. ખાવાની અથવા શરીરને પોષણ આપવાની ક્રિયા આ રીતે થયા જ કરે છે પરંતુ તે ઉત્તમ પ્રકારે થાય છે અને તેમાં એક જાતનો રસ–આનંદ રહ્યા કરે છે. ધ્યાનના સંબંધમાં પણ તે જ પ્રમાણે છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરી, તેમાં યોગ્ય ફેરફાર કરવાથી અવશ્ય તેના લાભ ઉત્તમ પ્રકારે મેળવી શકાશે.

(૩) દીર્ઘકાળના અભ્યાસવિના અને યથાર્થ ધ્યાનની કલા સિદ્ધ થયા વિના ધ્યાનને લાંબો સમય એક જ પદાર્થમાં સ્થિર રાખવાનો અભ્યાસ કરવાથી ધ્યાનવૃત્તિ નિશ્ચલ થતી નથી. એક ક્ષણ સ્થિર રહેતી હોય તો ચાર ક્ષણ, દશ ક્ષણ, એમ વધારે સમય તન્મયતાપૂર્વક તે જોડાઇ શકતી નથી. કારણ કે તે પદાર્થમાં હજી જોઇએ તેવી રસવૃત્તિ જાગ્રત્ થઇ નથી. આથી આરંભમાં તો થોડો થોડો સમય તેમાં સ્થિર થવાનો પ્રયત્ન કરી વળી થોડો સમય તેને વિશ્રાંતિ આપવી જોઇએ. ધ્યાનવૃત્તિ શ્રમિત થવાથી બેચેની ઉત્પન્ન થાય છે, આથી કરીને એકને તેને એક જ પદાર્થમાં રાખી ન મૂકતા કેવળ જુદી જ બાબત આપવી જોઇએ. ધારણાના આરંભક અભ્યાસકોને આવું ઘણી વાર બને છે. એકદમ સમાધિમાં પ્રવેશ કરવાની તેમની આતુરતાને લીધે જે અયોગ્ય પ્રયત્નમાં તેઓ દોરાય છે તેના પરિણામે તેમને પછી તે ક્રિયામાં કંટાળો આવે છે. અને તેના યથાર્થ લાભ અનુભવતાપૂર્વે જ તે ક્રિયાને છોડી દેવી પડે છે. આથી શરુઆતમાં તો આવો પ્રયત્ન કંઇક રસ રહે ત્યાં સુધી કરી વૃત્તિને કેવળ જુદી દિશામાં દોરવા જોઇએ. અથવા તો સ્વતંત્રપણે તે જેમાં જોડાય તેમાં જોડાવા દેવી. માત્ર એટલું જ ધ્યાનમાં રાખવું કે તે અયોગ્ય અથવા હાનિકર વસ્તુમાં જોડાતી નથી. પરંતુ શુદ્ધ, નિર્દોષ વસ્તુઓ, વિચારો વગેરેમાં જોડાય તો કંઇ

જ અડચણુ નથી. આથી કરીને ધ્યાનવૃત્તિને એક પ્રકારની વિશ્રાંતિ મળે છે.

નાના બાળકને જો વારંવાર ચોપડી આપીને બેસાડવામાં આવે, વારંવાર ગોખણુપટ્ટી કરવવામાં આવે તો તેની બુદ્ધિ ઘણે ભાગે કેળવાવાને બદલે બુઠ્ઠી અને જડ થઈ જાય છે તે જ પ્રમાણે અભ્યાસથી ધ્યાનનું બળ કેળવાયાવિના પ્રારંભમાં વારંવાર એકાગ્રતાનો પ્રયત્ન કરવામાં આવે તો પૂર્વોક્ત બાળકના જેવી જ દશા તેની પણુ થાય છે, ધ્યાનવૃત્તિનો સ્વભાવ જ છે કે નવીનતા કે યથાર્થ આનંદ જણુાયા વિના જો એકલી જ વસ્તુમાં તેને જોડી રાખવામાં આવે છે તો તે કંટાળી જાઇ છે અને વધારે ચળ સ્વરૂપવાળી થાય છે.

બાળકોને જેમ સ્વતંત્ર રમવાનુ, હરવાનું, ફરવાનું મળે છે અને સાથે સાથે અભ્યાસ મળે છે તો તે ઉભય રીતે ઉત્તમ વિકાસને પામે છે. તે જ પ્રમાણે ધ્યાનવૃત્તિને પણુ કંઇક સ્વતંત્રતાસાથે અભ્યાસ કરાવવાની અગત્ય છે. માત્ર એટલું જ જોવાનું કે સ્વતંત્રતાના ઉપયોગમાં અભ્યાસને હાનિ કરનાર ક્રિયા થવી ન જોઇએ, બાકી શરીરની માફક મનને વિહાર વિશ્રાંતિ અને પુષ્ટિની જરૂર છે. આથીજ શાસ્ત્રાભ્યાસ, કીર્તન, પૂજન વગેરે પ્રકારો આરંભક સાધકને ધ્યાનવૃત્તિને વિશ્રાંતિ આપવાની સાથે તેને કેળવવામાં સહાયભૂત થાય છે.

ધ્યાનને કોઇ પણુ ધ્યેય વિષયમાં એકાગ્ર કરતાં શિખવાની જેટલી અગત્ય છે તેટલી જ કોઇ પણુ વિષયમાં તેને જતું અટકાવવાની અને વૃત્તિને કેવળ નિરાલંબ રાખતાં શિખવાની અગત્ય છે. આ પ્રકારે વૃત્તિને આલંબનરહિત રાખવાનો અભ્યાસ અત્યંત લાભપ્રદ નીવડે છે અને વૃત્તિમાં વિશ્રાંતિદ્વારા અસાધારણુ બળ ભરે છે.

એકાગ્રતા પૂર્વક ધ્યાનના અસાધારણુ લાભ છે. બુદ્ધિપૂર્વક તેનો ઉપયોગ કરનારા પુરુષોએ તેના વડેજ આજે અસાધારણુ ચમત્કારો પ્રકટાવ્યા છે. અસાધારણુ બુદ્ધિસંપન્ન અથવા પ્રતિભાશાળી પુરુષોની એ ચાવી છે. અસાધારણુ સામર્થ્યસંપન્ન પુરુષોનો એ ગુપ્ત મંત્ર છે. પ્રતાપી વીર નરોનું તે વિજયસૂત્ર છે અને પરમાત્માના પ્રદેશનું દિવ્ય દ્વાર છે. સમજીને બુદ્ધિપૂર્વક તે કલાને હસ્તગત કરો અને અસાધારણુ સ્થિતિનો અનુભવ ક

તમે સુભાગી થશો. પરંતુ એ જ કલાનો બુદ્ધિરહિતપણે લાભ લેવા જતાં હાનિ થઇ બેસે છે. તેના યથાર્થ નિયમોના પાલન વિના તેનો પ્રયત્ન કરનાર અનેક મનુષ્યો ગાંડા અને ચક્રમ થઇ ગયા છે. તેમની બુદ્ધિ ભ્રમિત થઈ ગઇ છે અને ધ્યાનથી થતી અસાધારણ ઉન્નતિને બદલે અવનતિને પામ્યા છે. આર્યશાસ્ત્રકારોએ આથી કરીને જ આવાં સાધનોનું છે. જ્ઞાન તત્ત્વજ્ઞ પુરુષો પાસેથી જ મેળવવા વારંવાર જણાવ્યું છે. બધી બાબતો સ્પષ્ટપણે ગ્રંથોમાં જણાવ્યા છતાં તે સાધનોનું અનુષ્ઠાન તત્ત્વવિદ્ પુરુષના આશ્રયમાં રહીને જ કરવાનો બોધ આવ્યો છે. કારણ અભ્યાસકની ભૂલ કયાં થશે તે તેવા પુરુષો જ સમજી શકવા સમર્થ છે. આવું યથાર્થ ધ્યાન જ્ઞાનનું અદ્વિતીય સાધન છે.

(અપૂર્ણ)

चु. ज. ओझा.

તમને શું ગમે છે? ઉદય કે અસ્ત?

તમને શું ગમે છે—ઉદય કે અસ્ત? આ પ્રકારનો પ્રશ્ન કોઇ આપણને પૂછે કે આપણે કોઇને પૂછીએ તો તેનો એક જ ઉત્તર મળવાનો કે ઉદય.

કોઇ પણ મનુષ્ય ઉદયની ઇચ્છા રાખતું ન હોય એમ હોય જ નહિ. પણ ઉદય એટલે શું તેનો વિચાર કોઈએ જ કર્યો હશે. વિચાર કરીને કોઇ વિરલ જ ઉદયને પ્રાપ્ત કરી શકયા હશે.

ઉદય એટલે શું? પ્રત્યેક નીચી સ્થિતિમાંથી ઉંચે ચઢવું અને તે એવી રીતે કે જેથી આપણે પૂર્ણ ઉદયરૂપ થઇને અન્યને તે ઉદયનું સુખ આપી શકીએ. જ્યાં વાસ્તવ ઉદય છે ત્યાં અવશ્ય સુખ હોય છે જ.

પ્રકાશસ્વરૂપ શ્રી સૂર્યભગવાનના ઉદયથી આપણને કેટલું સુખ મળે છે! તમસનો નાશ કરીને તે પ્રકાશસ્વરૂપ દેવ પ્રકાશનો ઉદય કરી નિદ્રિત સૃષ્ટિને પ્રકાશિત કરી મૂકે છે.

વર્તમાન સમયમાં જેમણે જેમણે જે જે વિદ્યાકલાનો ઉદય કર્યો

છે તેમણે અનેકને તેવડે સુખનું ભાન કરાવ્યું છે, કેમકે જ્યાં કોઇ પણ પ્રકારનો ઉદય પ્રકટયો હોય ત્યાં તે ઉદયથી અન્યને પણ સુખ મળવાનું જ.

હવે આપણે એવા પ્રકારનો ઉદય કરવો કે જેથી આપણું જીવન ઉદયરૂપ થઇ તે જીવનથી બીજાને પણ સુખ આપી શકીએ. પ્રથમ આપણું જીવન યથાર્થ ઉદયવાળું કરવું જોઇએ અને તે થતાં જેના જેના સંબંધમાં આવીએ તેનો અવશ્ય કંઇ પણ અંશે ઉદય કરી શકીશું જ.

મનુષ્યજીવન એ જ બીજાં સર્વ જીવનોકરતાં ઉદયવાળું જીવન છે. કુદરતે આપણને પશુજીવન, વનસ્પતિજીવન અને પાષાણજીવન કરતાં અનેક રીતે મનુષ્યજીવન અર્પીને ઉદય કરી આપ્યો છે, જ્યારે પેલાં જીવનોના અણુમાં તેવો ઉદય નથી. જો કે કુદરત ત્યાં પણ ઘણી જ ધીમી રીતે ઉદય કરે છે, પણ તે કરતાં મનુષ્યજીવનમાં આવવું એ તે સર્વકરતાં ઉદયવાળા થવું એ જ છે.

હવે મનુષ્યજીવન અર્પીને કુદરતે મનુષ્યને સ્વતઃ ઉદય કરવા માટે એક શક્તિ આપી છે ને તે શક્તિનો યથાર્થ ઉપયોગ કરતાં મનુષ્ય પોતાનો અતિશય ઉદય કરી શકે છે.

આ શક્તિના ઉપયોગથી મનુષ્ય પાણીઉપર જય મેળવી શકે છે, વાયુપર જય મેળવે છે, અગ્નિપર જય મેળવે છે, એમ અનેક તત્ત્વોપર જય મેળવી પેલી એક શક્તિથી જ્યાં ત્યા ઉદયને પ્રકટાવે છે.

આ શક્તિના બળે મનુષ્ય પોતાના જીવનનો એવો ઉદય કરે છે કે ક્રમે ક્રમે પ્રત્યેક પદાર્થ મનુષ્યને વશ થઇ રહે છે, મનુષ્ય તે મનુષ્ય રહેતો નથી, તે દેવ બને છે દેવથી ઇશ થાય છે ને પરિણામે ઈશ્વરથી પણ પર પરમતત્ત્વસ્વરૂપ થઈ રહે છે. આ પ્રકારનો ઉદય થવા માટે મનુષ્યનુ જીવન કુદરતે અર્પીને પેલી એક શક્તિ આપણુને આપી છે.

હવે આ શક્તિનો વિધિવત્ ઉપયોગ કરતાં—તે શક્તિને યોગ્ય દિશાએ વાળતાં—ઉદયના સાધનો જ્યાં ત્યાંથી મળી આવે છે. કુદરત ત્યારે તેને વિશેષ અનુકૂળ થઇ ઉદયને પ્રકટાવાનાં સાધનો લાવી આપે છે.

વર્તમાન સમયમાં જે જે પ્રકારના ઉદયો મનુષ્યે કર્યા છે ત્યાં પ્રથમ તો તેણે પેલી એક શક્તિનો યોગ્ય ઉપયોગ કરવાની કલા સિદ્ધ

કરી છે. આમ થતાં પછી તેમાં નિશ્ચયપૂર્વક રહેતાં જે કલાનો–જે વિદ્યાનો–ઉદય કરવા તેની ઇચ્છા હોય છે તેને અનુકૂળ સામગ્રી રચાવા માંડે છે.

હવે મનુષ્યે જીવનમાં અન્ય જીવનોકરતાં કઇ શક્તિ કુદરતે વિશેષ મૂકી છે તે સહજ સમજાશે. કેમકે તે વિના મનૂષ્ય રહી શકતો જ નથી. માત્ર તેનો નિત્ય ઉપયોગ કરતાં પણ તેથી શું થાય છે તે આપણે જાણુતા નથી અને તે સદ્ભુત શક્તિનો કેવળ દુરુપયોગ કરી મિથ્યા વ્યય કરી નાંખીયે છીએ.

આશક્તિ વિના આપણે ક્ષણુ પણુ રહેતા નથી. નિદ્રામાં, જાગતાં, હરતાં ફરતાં ખાતાં પીતાં સર્વ સમયે આપણે તેના સંબંધવાળા હોઇએ છીએ. પણુ બધી ક્રિયા તેનાવડે કરીને તેથી જે વિશેષતા, જે ઉદય આપણે કરવાનો છે તે કરતા નથી અને ઉલટાં અવનતિના માર્ગે જવા તત્પર થઇએ છીએ.

કુદરતે આ શક્તિ આપી છે, પછી આપણે જે રીતે તેનો ઉપયોગ કરીએ તેવું તેનું ફ્લ મળે છે, આ જ શક્તિથી આપણે ઉદયને પામી મનુષ્યજીવનનું સાફલ્ય કરીએ છીએ ત્યારે અસાવધતાથી તે શક્તિનો દુરુપયોગ કરી જીવનનો વિનાશ પણ કરીએ છીએ.

આ શક્તિ તે શુ હશે તે જાણવા આપણુને તત્પરતા થઇ હશે કેમ ? પણ તે માત્ર જાણુવાથી વિશેષ કંઇ નથી. તે જાણ્યા પછી આપણુને જ એમ થશે કે આમાં તે શું ? અને ઉદયને માટે શુ આ જ શક્તિ આટલી બધી સહાયક છે ! પણુ અવશ્ય, ઉદયની ઇચ્છા રાખનાર આપણે છીએ તો કુદરતે બક્ષેલી આ દિવ્ય શક્તિને પ્રથમ યોગ્ય રીતે જાણી સાવધતાથી વિહિત માર્ગે વાળીએ તો કુદરત આપણુને જોઇતી સામગ્રી રચી આપશે અને ઉદયને પ્રકટવાનાં દ્વારો ખુલ્લાં કરશે.

આ શક્તિ તે, કોઇ દૈવી શક્તિ નથી, કે કોઇ જાદુવાળી શક્તિ નથી, પણુ આપણુને નિત્યપ્રાપ્ત એવી વિચારશક્તિ છે. આ વિચારશક્તિથી શું આપણે જાણીતાં નથી ? વિચારવિના આપણે કઇ ક્ષણુ રહીએ છીએ ? સર્વ સમયે વિચારવાળાં જ હોઇએ છીએ. અને તેમ છતાં આ વિચારનો માર્ગ જ આપણે અવળો પકડેલો છે.

આ વિચારને યોગ્ય માર્ગે સ્થાપતાં આપણો ઉદય સહજમાં થાય છે. પણુ એ ઉદય થતો ત્યાં જ અટકે છે કે જ્યાં વિચારમાં અસાવધતા થાય છે.

જે વિચારબળે મનુષ્ય પોતાનો એવો તો ઉદય કરી શકે એમ છે કે પછી તેને કંઇ કર્તવ્યશેષ રહેતું નથી. પણ આપણા વિચારો કેવા છે ! અનેક પ્રકારના ખોટા તર્કો, અનેક શંકાઓ ઉપજાવવામાં વળેલા અને તેથી બગડેલા છે. વિચારોમાં વિવિધ પ્રકારના ગોટાળા નિત્ય વાળીએ છીએ. કોઇ સમયે જો સદ્વિચારનું સ્ફુરણ થયુ તો તત્કાળ પાછા તેથી વિરુદ્ધ તર્ક કરીને તે સ્ફુરણને દાબી દઇએ છીએ અને થતા ઉદયનો અસ્ત કરી નાંખીએ છીએ. કુદરત પ્રસંગે પ્રસંગે તેણે આપેલી આ શક્તિદ્વારા યોગ્ય સ્ફુરણ સ્ફુરાવે છે, અને તે દ્વારા તે મનુષ્યનો ઉદય કરવા માર્ગ રચે છે, પણ આપણે આપણા મિથ્યા અહમ્‌ને જાગ્રત્ કરી કુદરતે અર્પેલી શક્તિનો અવરોધ કરી હલકી સ્થિતિમાં પડ્યા રહીએ છીએ. અને પછી ઉદયથી આશા રાખીએ તો તે ક્યાંથી થાય !

આપણને કોઇ પૂછે કે તમને ઉદય ગમે છે કે અસ્ત ? તો ઉદય જ તેનો ઉત્તર આપીએ, પણ આપણે પોતે જ અસ્તની નિત્ય સામગ્રી તૈયાર કરીએ છીએ. આપણો અસ્ત આપણે જ કરીએ છીએ.

હવે જેમણે ઉદય પ્રાપ્ત કર્યો છે તેમણે એક લક્ષ્યબિંદુ દૃષ્ટિ-સંમુખ રાખી તેપર યોગ્ય વિચારપ્રવાહ ચલાવ્યા કર્યો હોય છે અને તે બલે જ તેને અનુકૂળ સામગ્રી રચી આપતાં તેમનો સત્વર ઉદય થયો હોય છે.

વિચારને એક એવું સબળ લક્ષ્ય આપીએ તો અવશ્ય ત્યાં ઉદય થશે જ.

વિચારનું યોગ્ય માર્ગે વળણ થતાં ઉદયમાટે અત્યંત વિદ્વત્તા વગેરે કશાની જરૂર રહેતી નથી. તે સર્વ ધીમેધીમે ઉત્પન્ન થાય છે. કુદરત આપણે માટે ગમે ત્યાંથી સર્વ આકર્ષી લાવે છે.

એકલવ્યને દ્રોણાચાર્યે જ્યારે ધનુર્વિદ્યા શીખવવાની ના કહી ત્યારે તેણે શું કર્યું ! એકલવ્યે આ સ્થળે વિચારથી એક લક્ષ્ય-બિંદુ રાખીને તેમાંથી ચલિત ન થતાં સ્વતઃ પોતાનો ઉદય કર્યો, જે સર્વત્ર પ્રસિદ્ધ જ છે. દ્રોણે ના કહી તો પણ તે તેથી નિરાશ થયો નથી, બલહીન બન્યો નથી; પણ સાવધતાથી વિચારપૂર્વક તેમાં સ્થિર રહ્યો. એકપણ પ્રતિકૂલ વિચાર કર્યો નહિ તો તે ઉદયને પામી શક્યો.

અનેક પ્રકારના પ્રતિકૂલ કારણો જણાતાં છતાં પણ જે પ્રકારનો ઉદય કરવા ધાર્યો હોય તે માટે એક પણ પ્રતિકૂલ વિચારનું

સ્ફુરણ પ્રકટવા દેવું નહિં. આમ થતાં ઉદયનાં કારણો ગુપ્ત રીતે રચાવા માંડશે જ.

આજે જગત્ તો સહજ નિષ્ફળતા જોતાં આરંભેલાં કાર્યોને તોડી પાડવા જ્યાં ત્યાં આગળનું આગળ જ છે ! પણ નિષ્ફળતા મળવામાં આપણે જ તેના કર્તા છીએ તે વિચારી તેવુ થતાં સાવધ રહેવું. એક લક્ષ્ય રાખી તેને અનુકૂળ વિચારો કરવા જેથી જરૂર ઉદય થાય એમ છે, એ વાત તે ભૂલી જતુ હોય એમ લાગે છે.

હવે ઉદયને કરનારી વસ્તુ, એ તો નક્કી થયુ, પરંતુ હજી એ વિચારવાનુ છે કે કેવો ઉદય કરવો. કેમકે ઉદય અનેક પ્રકારના છે

વિદ્યાના ઉદયની ઇચ્છા થાય તો તે માટે એક લક્ષ્ય રાખી તેના જ વિચાર થતાં તેને લગતી ક્રિયામાં જોડાએ તો તેનો ઉદય થવાનો. જ્યા ત્યાંથી વિદ્યાપ્રાપ્તિનાં સાધનો આપણા સમીપ આકર્ષાઇ આવવાના, અનેક વિદ્વાનો સગ જડી આવવાનો, શિક્ષકો મળવાના અને એમ અનેક રીતે આપણા વિદ્યાવિષયક ઉદય થવાના કારણો રચાવાનાં જ.

કોઇ કલા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તે માટે આગ્રહથી તે જ વિચારમા સ્થિર રહેતા જે પ્રકારની કલા સિદ્ધ કરવાની હોય તેને અનુકૂળ સાધનો મળી આવે છે, અને તે વડે આપણે તે કલા સિદ્ધ કરવાને સમર્થ થઇએ છીએ.

આજે રેલ્વે, ટેલીફોન, એરોપ્લેન વગેરે જે જે શોધો થઇ છે તે સર્વમાટે તેના શોધકોને એક જ વસ્તુમા દઢપણે વિચારને વહેવડાવ્યા હોય છે, તેનુ જ એકાગ્રતાથી ચિંતન કર્યા કર્યુ હોય છે, અને તેને પરિણામે તે કલાની સામગ્રી તેમની સમીપ આકર્ષાઇ આવી છે. તેમાં જોઇતુ દ્રવ્ય આપવા અનેક તૈયાર થયા છે. નિષ્ફલતાનો એક ક્ષણ પણ તેમણે વિચાર કર્યો નથી. તેમનો વિચાર તે કલા સિદ્ધ કરવી જ એ હોય છે. તેથી તેમણે તે તે કલા સહજમાં સિદ્ધ કરી જગતને તેનો લાભ આપ્યો છે. અને સૃષ્ટિ તેમનાં કાર્યનાં યશોગાન ગાય છે. આ પ્રકારે જે ઉદયની ઇચ્છા હોય તે નક્કી કરવાની પ્રથમ જરૂર છે.

હવે મનુષ્ય જીવનનો વાસ્તવ ઉદય કરવા માટે આ સર્વ ઉદય છે આટલાથીજ સર્વાંશે ઉદય થતો નથી એક એક વિષય જે ઇચ્છ-

યો હોય તેમાં આપણે ઉદય કરી શકીએ છીએ પણ પૂર્ણ ઉદય કરવા માટે તે રીતે પ્રયત્ન કરવો ઘટે છે.

પૂર્વે જેમણે જેમણે મનુષ્ય જીવનનો ઉદય કર્યો છે તેમને પછી બીજા ત્રીજા ઉદયો પ્રાપ્ત કરવાના રહેતા નથી. તે સર્વ તેમને પ્રાપ્ત થઇજ રહે છે આ ઉદય તે પારલૌકિક અથવા અંતરનો ઉદય છે અને ઉપર કહ્યા તે સર્વ લૌકિક ઉદય છે.

મનનો ઉદય કરવો એ મનુષ્યજીવનનો પૂર્ણ ઉદય કરવો તે છે. આ ઉદય પેલા કરતાં ઉંચા પ્રકારનો છે. મનુષ્યજીવનનું મુખ્ય સાફલ્ય આ ઉદયથી થઇ શકે છે. આના કરતાં ચઢીયાતો આધ્યાત્મિક ઉદય છે. આ ઉદયથી પ્રલ્હાદને પાણી ડુબાડી શક્યું નથી, અગ્નિ દઝાડી શક્યો નથી, મીરાંસમીપ વિષનું અમૃત થઇ ગયું છે. એ રીતે સર્વ આ આધ્યાત્મિક ઉદયને લીધે સર્વપર જય મળ્યો છે. બુદ્ધે જે જ્ઞાનનો ઉદય સૃષ્ટિમા કર્યો તે માટે કોઇ બીજો યત્ન તેમણે કર્યો નથી. પાણિનીને વ્યાકરણનુ જ્ઞાન થયુ તે માટે તેમને બીજી કોઇ સહાય મળી નથી વાલ્મીકીએ રામાયણ રચ્યુ તો તે કયા જ્ઞાનવડે લખ્યું ! આ સર્વએ માનસિક ઉદય કરવાની સાથે આધ્યાત્મિક ઉદય સધાય એવુ કર્યું છે, અને તેથી ઉદય વિવિધ પ્રકારના ઉદયને તેમણે પ્રકટાવ્યા છે, તેઓ પોતે જ પરિણામે ઉદયરૂપ થઇ રહ્યા હોય છે. તેમનો આ ઉદય જ એવા પ્રકારનો છે કે જેમાંથી બીજા ઉદયની ઉત્પત્તિ છે.

આ ઉદયનું ઉત્પત્તિસ્થાન જાણવા આપણને આતુરતા થાય એ સ્વાભાવિક છે. આપણે પણ આ જ ઉદયની ઇચ્છા રાખી તે અર્થે યત્ન કરવો આવશ્યક છે.

આ ઉદય કોઇ બીજાં કેવળ બહારનાં સાધનોથી થતો નથી. તે ઉદય પ્રકટ કરવામાં કે ન કરવામાં આપણે પોતે જ તેના કારણરૂપ છીએ, કેમકે તે આપણામાં જ છે, જેમ ગુપ્ત સ્થલે દ્રવ્ય દાટેલું હોય અને તે જાણતાં હોઇએ તો પછી ખોદીને કાઢવાનો જ વિલંબ તેમાં કારણરૂપ છે, તેમ આ ઉદયને પ્રકટ કરવામાં આપણો પ્રયત્ન કરવાની જ વાર હોય છે.

આ ઉદય થવાનું મૂળ કારણ આપણો આંતર પ્રદેશ છે. જ્યાંથી ઉદયનું મુખ્ય સ્થાન છે. જેમાંથી આપણા ઉદયની સૃષ્ટિ પ્રકટે છે, તેનું એક સ્થળ આ અંતર પ્રદેશ છે.

જે તત્વનો વિચાર કરવો આપણને આવશ્યક છે, તે તત્ત્વ આપણું લક્ષ્યબિંદુ થવું જોઇએ અને તેમ થતાં તે ઉદયસ્વરૂપ પરમતત્ત્વ આપણો ઉદય સર્વ રીતે કરે છે.

આ તત્ત્વમાં અનેક વિદ્યાનો, અનેક કમળાનો, ઐશ્વર્યનો, જ્ઞાનનો, સર્વ પ્રકારનો ઉદય રહેલો હોય છે.

આંતર પ્રદેશમાં એકાગ્ર થવાને, એક તો આપણી વિચારની દિશા સર્વ રીતે ફેરવવાની છે. કેમકે તે પ્રદેશ નિષ્ફલતાનો, નિરાશાનો, નિરુત્સાહનો પ્રદેશ નથી. ત્યાં તો સર્વ પ્રકારના ઉદય હોય છે. તો તે મેળવવા માટે આપણે ગમે તે વિચારો ત્યાં લઇ જઇએ તો તે વિરોધી વિચારોથી આપણને લાભ થતો નથી, અને ઉદય પામી શકાતો નથી. આ ઉપરથી સર્વ પ્રકારે મનુષ્યજીવનનો ઉદય કરવા અર્થે શુ કરવું તે સ્પષ્ટ થાય છે. શું કરવું યોગ્ય છે તે જાણ્યું તો હવે જે જાણ્યુ તેને ક્રિયામા મૂકવાનો વિલંબ શા માટે કરવો ?

આપણે જ આપણો ઉદય કરનાર છીએ અને આપણે જ આપણો અસ્ત કરનાર છીએ. ઉદયની ઇચ્છા તો ઘણી રાખીએ છીએ પણ માત્ર ઇચ્છા જ રાખીએ છીએ. અને આપણી સર્વ ક્રિયા તથા વિચાર આપણો અસ્ત કરનારા રાખીએ છીએ !

આપણે અસાવધતાથી પ્રત્યેક ક્ષણે ઉદય કરવાને બદલે અસ્ત પામવાના સાધનો રચીએ છીએ, તે ન રચાય તેને માટે સાવધાનતા રાખવી જોઇએ.

દિવસમાં એક પણ ક્રિયા કે એક પણ વિચાર ઉદયને અર્થે ન કરીએ છતાં ઉદયની ઇચ્છા રાખીએ તો તે મિથ્યા છે, તેમ ઉદયને યોગ્ય ક્રિયા કરીએ તો પછી તે ન થાય એ વાત પણ મિથ્યા છે.

હવે ઉદય કરવો શી રીતે તે જાણવાનુ બાકી નથી આજથી નિશ્ચય કરો કે ઉદય પામવાના વિચારો અને ક્રિયા કરવા સાવધ રહેવું અને પરિણામે આંતરિક ઉદયને પ્રાપ્ત કરી મનુષ્યજીવનની સફલતા કરવી.

ઉદયને પ્રાપ્ત કરનાર મુખ્ય જે અધ્યાત્મબલ છે, તેને મેળવવાને માટે સરળ અને સુગમ છતાં મુખ્ય સાધન એક છે, અને તે એ કે સદ્‌ગુરુશ્રીવડે જે સાધનો ઉપદેશાયાં હોય, તેને આગ્રહથી સિદ્ધ કરવાં. તેની સાથે વિચારની શુદ્ધિ અને ઉચ્ચતામાટે તત્ત્વજ્ઞાનના ગ્રંથો વાંચવા અને વિચારવા, અને એ ગ્રંથોનું રહસ્ય

આપણને સ્પષ્ટ થાય, તેમ તેમાંના ગૂઢ મર્મો પૂર્ણ રીતે સમજાય તેને માટે સત્સંગતિ અર્થાત્ વિદ્વાનનો સમાગમ રાખવો જોઇએ. આ સહાયક સાધનો આપણા મુખ્ય ઉદ્દેશમાં બહુ ઉપયોગી છે, તેથી એ બધાં સાધનોમાંથી જેટલો બને તેટલો લાભ લેવો એ આપણા ધારેલા લક્ષ્યને જલદી સિદ્ધ કરાવનાર છે.

આ સાધનોવડે ઉદય સધાય છે, તેમ છતાં પણ એ સર્વની સિદ્ધિમાં જેના અનુગ્રહની મુખ્ય જરૂર છે, એવા પરમાત્માપ્રતિ, તે અનુગ્રહ, સાધનશીલ સાધકોપ્રતિ પ્રેરવા કૃપા કરો એ શુભેચ્છાપૂર્વક વિરમીશું.

प्र० बहेन.

॥ ॐ श्री ॥

कीर्तना.

सर्वत्र विलसी रहेला तत्त्वने प्रणति.

પદ ૧ (જ્યારે રહું હું સ્વરૂપ વિચારી, એ લય.)

પરબ્રહ્મ જય જય પરમેશ્વર ! નમો નમો માયેશ મહેશ્વર !
સકલ દેશ સબ બાહિર ભીતર, બસત એક બસ તુંહિ તુંહિ સભર;—
તુંહિ મૂલમેં, તુંહિ શિખરપર, તુંહિ બસત યહ ગુહાકી અંદર,
તુંહિ મિલનકાજે મુનિયતિવર, ધ્યાવત ખૂબ ધ્યાન કર કર કર;—
તુંહિ રૂપ મહા મોહક ધરકર, તુંહિ ખચિત સબકા લે ચિત્ત હર,
તુંહિ રૂપ જબ ધરત ભયંકર, અખિલ વિશ્વ કંપત થર થર થર;—
તુજમેં રહા યહ વિશ્વ નિરંતર, તુજસેં કોહુ ન બસ્તુ અનન્તર,
તુંહિરૂપ હય સબ નારીનર, વ્યાપક ભાસત યહ ઘર ઘર ઘર;—
તુંહિ એક ગર્જત અમ સરપર, દર્શન કરત નયન યહ ભરભર,
જય ઉપેન્દ્ર ! જય જય સદ્ગુરુવર ! તુંહિ તુંહિ ॐ હર હર હર;—

दैवी आनंदने अनुभववाअर्थे साधकोने निमंत्रण.

પદ. ૨ (સંકેલી વૃત્તિને વીરા બ્હારથીરે, એલય.)

લેવા દૈવી આનંદ આ મંદિરમાં રે, સાધક બંધુ કોઇ આવે,
તેને ભરીને આ અંતરૂને બહિરમાં રે, લેજો કંઈ કંઈ સુખલ્હાવો.
બંધુ કોઇ આવો, સંગે સંબંધિ લાવો, સમય મળશે ન આ'વો,
તે ના બીજે ગુમાવો; લેવા૦

ઉપાસી પ્રભુ, આનંદ લઇએ, આજે થઇ એકમેક,
કાં જે આનંદ ગણાય પ્રભુનો, ત્રણુ ગુણુમનો એકરે; સાધક૦
હોય ન એક આનંદ તો આ જીવન આખું વ્યર્થ,
આતુરતા અંતરૂ પ્રકટાવી, આવો અત્ર તદર્થરે; સાધક૦
હૃદયકમલમાં કમલનયન પ્રભુને જોઈ ગ્રહી આનંદ,
ગુંજારવ આનંદનો કરવા, આવો સાધકમકરંદરે; સાધક૦

હસાવીએ આનંદે જગજન, જે જે દુઃખી હોય,
નવપલ્લવરૂપ તેને કરીએ, સિંચિને આનંદતોય રે; સાધક૦
આંખવડે જેમ આંખ જણાતી, તેમ ધર્યે આનંદ,
આનંદરૂપ પ્રભુ દેખાતા, (જેને) જોતા વિરલા સંતરે; સાધક૦
અજર નિશો આનંદતણો કરી, આનંદે બની મસ્ત,
નિજાનંદ નરહરિરૂપ થાવા, આવો બંધુ સમસ્તરે; સાધક૦

શ્રી ज० देवी

संकल्पाविकल्पथी रहित रहेवा मनने उपदेश.

પદ ૩. (ભૂલે ભલભલા ભૂલેરે, એલય.)

કરે મન ! શાને કરે રે,
વિવિધ સંકલ્પવિકલ્પો અરે ! (૨)
કરી કાં હાથે કરી તું મરે; કરે૦

આ જગનાં બંધન તે સઘળાં, છે સંકલ્પાધીન,
બીજરૂપ સંકલ્પ ન ત્યાં છે, ખાલી જગતજમીન; કરે૦
ભલે બાજીના હજાર મહોરાં, પણ ન ચલાવણહાર,
તો પછી કોનાં કયાં મહોરાં, પામે જય કે હાર; કરે૦
ભલે ઇંટ માટીનું સાધન, પણ નથી જો ચણનાર,
વિવિધ પ્રકારે ક્રિયા થઈને, ઘર શી રીતે થનાર; કરે૦
ચતાં એક સંકલ્પ પ્રકૃતિમાંહિ પ્રકંપ થાય,
જે પ્રકંપ પરિણામે કરીને, સ્થૂલરૂપે દેખાય; કરે૦
જેમ જેમ વધતા સંકલ્પો, તેમ વધે ઉપાધિ અનેક,
ઉપાધિ વધતાં ઉપજાવે છે, વિધવિધ દુઃખોદ્રેક; કરે૦
આ વિચારે દુઃખનું કારણ, તું ને તુજ સંકલ્પ,
તે ન છુટ્યા, ત્યાં લગી તું ન છુટીશ, ભલે જાય શતકલ્પ; કરે૦
હે મન ! જો તું ગુરુકળ પામી, સ્વરૂપવિષે જ શમાય,
તથા નિત્ય નિર્લેપ રહે તો, આ બંધનથી છુટાય; કરે૦
તારાપણું તું શમાવી સ્વરૂપે, થઈ રહે નિઃસંકલ્પ,
અનુભવીશ જીવનમાં સહજે, સમાધિ નિર્વિકલ્પ; કરે૦

અંતર્મુખ થવા મનને ઉપદેશ.

પદ ૪. (તરણુને સરળ ઉપાય એ લય.)

અંતરમાં જોનાર, થા મન ! અંતરમાં જોનાર.
સુખને જે તું બાહિર કલ્પે, તે ખાલી ભણકાર,
જે જોઇએ તે છે તુજમાં તો, શાને શોધે બહાર; થા મન૦
રમ્ય વાટિકામાં હોય તારો, વિહાર કરવા વિચાર,
મહા મનોહર હૃદ્‌વાટિકામાં, જઇ કર દિવ્ય વિહાર; થા મન૦
માનુષ સુંદરતા શું જોતો, ત્યજી નેત્રપલકાર,
કમનીય એવું રૂપ જો અંતર, અદ્‌ભુતતા જ્યા અપાર; થા મન૦
વિધવિધ નાદતણી પ્રીતિમાં, થઈ જાતુ તદાકાર,
પણ ઇચ્છે દૈવી નાદ તો ધર, નાદ અનાહતે પ્યાર; થા મન૦
બાહ્ય સાધનો કંઈ કંઇ સેવે, જાણી સુખનાં દ્વાર,
પણ પેસીશ ત્યાં તવ તું જોઈશ, દુઃખતણી લંગાર; થા મન૦
ઉપેન્દ્ર સદ્‌ગુરુ સંતત સ્મરી થા શાંત અને નિર્વિકાર,
પછી અંતર્ શમતામાં થાશે, ઈપ્સિતસાક્ષાત્કાર; થા મન૦

પુજાલાલ.

તેથી તમારે શું ?

પદ ૫. ગઝલ.

ખરા પોતે તમે નથી તેહ જેને કો' તમે 'હું—હું',
જીવે કે જાય જહાનમમાં, કહો તેથી તમારે શું ?
ભલેને અગ્નિ મૂકે કે શરીરને કાપે કરવતથી,
શરીર પોતે તમે નથી કાંઈ, પછી તેથી તમારે શું ?
ભલે આ પ્રાણુ સરળપણે વહે કે ના વહે તોયે,
નથી જ્યાં પ્રાણુ પોતે તો કહો તેથી તમારે શું ?
બની મન માંકડાસરખું કરેને છો કુદંકુદા,
તમે કંઇ મન નથી, તો તો પછી તેથી તમારે શું ?
ભલે જે દુઃખી માને તેહને દો દુઃખમાં સડવા,
તમે તો એથી છો જુદા પછી તેમાં તમારે શું ?
તમે સંસાર ભોગવતા દીસો પણુ છો ન સંસારી,
ભલે સંસાર છૂટે કે ટકે તેથી તમારે શું ?

જણાયે અગ્નિ નીચે તો ચઢી લો જ્ઞાનગઢઉપર,
નીચેનું જાય બળી બધું તોય પણ તેથી તમારે શું ?
ભલે જાયે શરીર ને શરીરનું જે જે ગણાતું તે,
તમે છો શરીરથી અતિરિક્ત પછી તેમાં તમારે શું ?
ભલે લે હાની શોકાદિતણો અનુભવ અભિમાની,
તમે મિથ્યા અભિમાની નથી તો તો તમારે શું ?
થતાં જ્યાં પાપ, ખેદ, વિયોગ, તે સ્થળ નથી તમે પોતે,
જગતમાં કે જીવનમાં થાય પણ તેથી તમારે શું ?
તમે છો સર્વનું આદિ છતાં પણ સર્વથી ન્યારા,
ભલેને ભોગ ભોક્તા ભોગવે તેથી તમારે શું ?
તમે જે સ્થળ વસ્યા તે સ્થાનમાં છે સાચી નિર્ભયતા,
બીજે છો થાય ઉલ્કાપાત પણ તેથી તમારે શું ?
તમે છો કોણ તમને તે ખરૂં જે જ્ઞાન નિજરૂપનું—
દીયે ઉપેન્દ્ર ગુરુ તો તો બીજું જોઇએ તમારે શું ?

जीवननी उन्नति करनार एक मुख्य साधन.

પદ ૬. (હું સાધક છું, હું સાધક છું, એ લય.)

એક જ જોઈએ, એક જ જોઈએ, જીવનની ઉન્નતિ કરવા,
એકવિના છે સર્વ નકામું, શૂન્યે કાર્ય નથી સરવાં.
ઉદ્દેશ ઉંચા ને વળી, વિચાર આચારો કદી,
જાણી પ્રયત્નો સેવીએ, તે સિદ્ધ કરવા મથી મથી;
પણ જેમ જીવનને જરૂર છે, નિત્ય શુદ્ધ હવાતણી,
તે આપીએ ના, તો ઉરે, રહે શક્તિ શી રીતે ઘણી; એક જ૦
તેમ સર્વ યત્નોમાં સદા, જે મુખ્ય પાયારૂપ રહ્યો,
શાસ્ત્રો અને ગુરુએ વળી, જેને સતત ધરવા કહ્યો;
સામર્થ્યમય તે એક છે, ઉત્સાહ જીવનમાં સદા,
જે પ્રકટતાં સર્વત્ર જય જય થઇ રહે ટળી આપદા; એક જ૦
ઉત્સાહથી સુખ, શ્રી અને, યશ જ્ઞાન આદિ આવતાં,
ધારણ કરો તે આજથી, સાધક જગે જો કા'વતા;
આગળ અને આગળ વધી, કર્તવ્યને ઝટ સાધશો,
ઉન્નત સુખદ ને ભવ્ય જીવનયુક્ત તો સહજે થશો; એક જ૦

श्री अ० देवी.

आशायां परमं दुःखम् निराशायां परं सुखम्.

પદ ૭. [સ્વાત્માશ્રયી વીર થાજો, એ લય.]

મિથ્યા ધરે છે દુરાશા, આ જીવ તો, મિથ્યા ધરે છે દુરાશા.
લક્ષાવધિ ધનઆશ ધરે જ્યાંથી, કોડી મળવાના સાંસા;—
સર્વ મનુષ્યોની પાસે છે માત્ર, મોંની મીઠી ભાષા;—
આશા દેખાડે પકવાન્નો પણ, છેવટ ખવાડે બગાસાં;—
મર્મવચનને પણ એ દુરાશા, મનવે વચનો ખાસાં;—
કોડીના માણસના મેંના, આશા ખવડાવે ઝાંસા;—
આશાનો મારો છે જબરો, જે ખોખરા કરતી વાંસા;—
વીતેલો જાણે છે આશા,—અંગનાં દુઃખ છે શાં શાં;—
આશા આવી દુષ્ટ છતા પણ, સંગ્રહે કાં ન નિરાશા;—
રે રે ધિક્ ! જે અન્ય જીવોનાં, આશાર્થે સેવે પાસાં;—
ઉપેન્દ્ર પ્રભુવિણ અન્ય ન પૂરે, જીવની સર્વાભિલાષા.—

मानव बंधुओनी शुश्रूषा करवा कथन.

પદ ૮ (ક્રોધ થાઓ નિજરૂપ સંગી—એ લય.)

નિજ બન્ધુને કાં વિસારો,
ત્યજી સ્વાર્થને હસ્ત પ્રસારો;—
ગાડી ઘોડે મહાલતા, તમે સુખેથી નિત્ય,
બીજા માનવ બંધુની, સ્થિતિ શું ન ધારો તે ચિત્ત;—
બીજા માનવ બંધુઓ, કંઈ ભુખ દુઃખે પીડાય.
ન્યાળો છો નિત્ય તેમને, કેમ ન હૃદય ભરાય;—
કોણ ભૂખ્યું, કોને નથી, વસ્ત્ર પહેરવા કાજ,
કોને કંઇ પ્રતિકૂલતા, ધરો છો કદી દીલદાઝ ?—
કેવલ સ્વાર્થવિષે રહો, રચ્યા પચ્યા શું આમ,
દૃષ્ટિ ઉઘડીને જુઓ, શું નથી એ તમ કામ ?—
પ્રભુપિતા છે સર્વના, કાં ભૂલો એ વાત,
સેવા બંધુની કરી, પ્રસન્ન કરો તે તાત;—
પેટ ભરે છે શ્વાન પણ, એમાં ન કંઇ વિશેષ,
શ્વાનવૃત્તિને ત્યાગીને, સારો અર્થ અશેષ;—
પ્રભુપિતા તો સર્વદા, સંભાળે નરનાર,
તમે કરો નહિ કાંઇ તો, અટકી ન કંઇ પડનાર;—
નિજ હિત અર્થે કાર્ય આ, કરવાનું છે આંહિ,

ક્યાં જે આત્મસ્વરૂપ છે, બંધુ ન્યારા ન કંઇ;–
દધિચિજેવા એ દીધા, પોતાના પ્રિય પ્રાણ,
બની શકે જે આપથી, લ્યો એવી કોઇ લ્હાણ;—
ચહો અધિક નિજ હિત તો, કરો બંધુની સેવ,
ઈપ્સિત વરને આપશે, પ્રભુપિતા તત્ખેવ;—

जगन्नाथ.

विचारने अनुरूप जीवनउपर थती असर.

પદ ૯. (કૃતિ મન વચને એક રહીશ, એ લય.)

" મુજ જીવન છે દુઃખરૂપ".
જ્યાં આવું તમથી કહેવાતું, ત્યાં જીવનદુઃખ દ્વિગુણ થાતું,
દુઃખ વધે જેમ જેમ બોલાતુઃ ' મુજ૦—'
તમ જીવન જેની સાથ ભળે, તે પણ દુઃખેથી સદા પ્રજળે,
તમે આવી કહો જવ દુઃખતળેઃ ' મુજ૦—'
તમે એવાં આંદોલન કરતા, જેથી સુખ ભસ્મીભૂત થતાં,
ચનુ જીવન શુષ્ક યદા વદતાઃ ' મુજ૦—'
દુઃખનો વિચાર જ્યાં ત્યાં કરીને, દુઃખગાડાં લાવે ભરી ભરીને,
જ્યાં બોલ્યા તમે ફરી ફરીનેઃ ' મુજ૦ '

દુઃખ ગમે તેટલું છો હોયે, નવ શબ્દ વદો દુઃખનો તોયે,
કહો શબ્દ સદા તમે એનો એઃ " મુજ જીવન છે સુખરૂપ. "
મોજાં સુખનાં વહેતાં વહેતાં, આવી તમને તન્મય કરતાં,
તમે એવું વચન જ જ્યાં કહેતાઃ ' મુજ જીવન૦—'
જેના સબંધવિષે આવો, તેનામાં પણ સુખ પ્રકટાવો;
જો મુખથી તમે કહેતા જાઓઃ " આ જીવન છે સુખરૂપ. "
દુર્બલતાના દુઃખરૂપતાના, છોડી વિચાર છાનામાના,
કહો કરી વિચાર ઉત્તમતાનાઃ ' મુજ૦—'
આ વિચાર જેમ જેમ પ્રસારશો, જગજનના કંઈ કંઈ દુઃખ હરશો,
જો ઉપેન્દ્રવચન શ્રવણ ધરશોઃ ' મુજ૦—'

अनेक सिद्धिनो एक मार्ग.

પદ ૧૦. [જીવસમુદાય, સુખને ચહાય, એ લય.]

સદ્‌ગુરુરાય ! તમને મળાય, ધાર્યું પમાય, ટાળ્યું ટળાય,
એનો ઉપાય, પામી શકાય ? " હા, શમતાં નિજ અભ્યંતરમાંહ્ય."
અભ્યંતરમાંહ્ય, અભ્યંતરમાંહ્ય, હા શમતાં નિજ૦

ગિરિની ગુહામાં ઓ બેઠેલા સિદ્ધ ! પૂછુંછું તમને તે કરજો પ્રસિદ્ધ,
શાંતિ આત્માકેરી અપરિમિત, દૈવી પ્રસાદ જે ઉપજાવે ચિત્ત,
એવી શાંત ક્યાંહિ તમને જણાય ? "હા શમતાં નિજ અભ્યંતરમાંહ્ય"
અભ્યંતરમાંહ્ય, અભ્યંતરમાંહ્ય, હા૦—

સ્વર્ગસદનમાં વિહરતા ઓ દેવ ! પૂછું તમે મને કહો તત્ખેવ,
જીવતત્વભ્રાંતિની કૂડી કુટેવ, અંતરથી છુટે અવશ્યમેવ,
માર્ગ એવો કહો ક્યાંહિ દેખાય ? "હા શમતાં નિજ અભ્યંતરમાંહ્ય"
અભ્યંતરમાંહ્ય, અભ્યંતરમાંહ્ય, હા૦—

સઘળે પ્રસરેલા ઓ સૂર્યપ્રકાશ ! વિશ્વ સકલમાં છે તારો નિવાસ,
મારે કાજે જરી કર તું તપાસ, સ્થાન એવું જ્યાં ન કંઇ ભયત્રાસ,
જાણે તું ત્યાં કેવી રીતે જવાય ? "હા શમતાં નિજ અભ્યંતરમાંહ્ય,"
અભ્યંતરમાંહ્ય, અભ્યંતરમાંહ્ય, હા૦—

ગંગાના તટવાસિ ઓ યોગિરાજ ! નિત્ય તૃપ્તિનું પરમ સામ્રાજ્ય,
સહજમાં પામી શકાય તે આજ, તેને માટે કોઈ સરળ ઇલાજ,
છે શું જે મુજ સરખાથી સધાય ? "હા શમતાં નિજ અભ્યંતર માંહ્ય",
અભ્યંતરમાંહ્ય, અભ્યંતરમાંહ્ય, હા૦—

સર્વત્ર વ્યાપેલા હે મુજ ઈષ્ટ ! આપનું સર્વઐશ્વર્યવિશિષ્ટ,—
દર્શન થાય સદાય અભિષ્ટ, અગપાયે સર્વ પ્રકારે અરિષ્ટ,
મુજથી એવું શું અનુભવાય ? "હા શમતાં નિજ અભ્યંતરમાંહ્ય,"
અભ્યંતરમાંહ્ય, અભ્યંતરમાંહ્ય; હા૦—

જ્ઞાનભોજનની ઇચ્છાઅર્થે ભિક્ષુકોક્તિની સ્તુતિ.

પદ ૧૧ (આજ શુદ્ધ જ્ઞાન પ્રભુ, એ લય.)

નજર નાંખી નાથ ! દ્વાર, આ ભિખારી ભાળજો,
આ ભિખારી ભાળજો, અમિદ્દષ્ટિએ નિહાળજો,
શક્તિ ના રહી જરાય, ભુખનું દુઃખ ના સે'વાય,
યાચવું હવે પ્રભુ ક્યાંય, રંક ગણી પાળજો; નજર૦
જાઉં ક્યાં હવે હું નિર્ધન, આપે ના પ્રભુ ! કોઇએ અન્ન,
જોઇને દુઃખી શરીરમન, હૃદય કંઇ પલાળજો; નજર૦
થાય ઉરે અતિ સંતાપ, કરૂં છું ખરો પશ્ચાત્તાપ,
ઉદય થયાં હશે પાપ, તે તમે પ્રજાળજો, નજર૦
ભટકીને ઘેર ઘેર આમ, મૂકી છે હામ મેં તમામ,
થઇ નિરાશ સર્યું ન કામ, હવે ન વધુ ઉકાળજો; નજર૦
આપને ત્યાં ભર્યા ભંડાર, મૂકી નાંખો આવી દ્વાર,
જન્મસુધી એ ઉપકાર, ભૂલીશ નહિ તે ન્યાળજો; નજર૦
મળ્યા ઘણા તિરસ્કાર, ફરતાં દ્વાર કંઇ હજાર,
કરશો તમે હવે વ્હાર, ન ગરીબ જીવ બાળજો; નજર૦
હવે ન ટકી શકશે પ્રાણ, જો ન હજી દેશો ધ્યાન,
આપો સદ્ય અન્નદાન, ન સમય વધુ ગાળજો; નજર૦
તૃપ્તિ થાય, ક્ષુધા જાય, પામી શાંતિ રહું સદાય,
જ્ઞાનઅન્ન ગુરુરાય ! એવું આજ આલજો; નજર૦

પ્ર૦ બ્હેન.

અજ્ઞાનના નિશ્ચયો દુઃખ પ્રકટાવનાર હોય છે.

પદ ૧૨ મેવાડો.

અજ્ઞાનના નિશ્ચય રે, સદૈવ દુઃખને આપતા રે,
એ નિશ્ચયને, ત્યજતાં ન કરશો વાર,
આગ્રહને ધારી રે, પ્રયત્ન તે ત્યજવાતણો રે,—
કરવો પડે તો, કરજો ભલેને અપાર; અજ્ઞાનના૦
એ નિશ્ચયને ત્યજતાં રે, વૈભવ જો ત્યજવા પડે રે,
દોપણ તેને ત્યજજો તત્ક્ષણ વીર !
કાં જે એ નિશ્ચય તો રે, વૈભવને ઝડપી લીયેરે,
વળી શોષી લે, મનમતિપ્રાણશરીર; અજ્ઞાનના૦

ભોગ બીજાનો આપી રે, પહેલું આને સાધજો રે,
  છોડી દેજો ભલે બીજા વ્યવહાર;
બીજી બધી વિદ્યા રે, તેને પણ અળગી કરો રે,
  પહેલાં કરજો, અજ્ઞાનનિશ્ચયપરિહાર; અજ્ઞાનના૦
એ નિશ્ચયને ત્યજવા રે, આપવું પડે તે આપજો રે,
  એમાં ઉરથી ધરશો ન જરી સંકોચ;
કાં જે એ નિશ્ચય તો રે, પટકીને પાડે નીચે રે,
  ચઢાવી પહેલાં દુઃખગિરિને ટોચ; અજ્ઞાનના૦
મમત્વ દઢાવે રે, અજ્ઞાનના નિશ્ચયો રે,
  આપણા આ ખોટા જીવત્વમાંહ્ય;
ખોટો અહં ઉપાધિ રે, પ્રકટાવે છે દશ્યમાં રે,
  પોષે છે વળી, અવિદ્યાને તે સહાય; અજ્ઞાનના૦
નશ્વર પદાર્થમાંહિ રે, નિત્ય ભાવ ઉર ઉપજે રે,
  શુચિતા પ્રકટે, શુચિતાનો જ્યાં અભાવ;
દુઃખરૂપ જે વસ્તુ રે, તેમાં સુખબુદ્ધિ થતી રે,
  અનાત્મમાંહિ, પ્રકટાવે આત્મભાવ; અજ્ઞાનના૦
સરળપણે તે ત્યજાવેરે, એવા શ્રીગુરુ એક છે રે,
  આપી કોઈ યુક્તિ સરળ અનુકૂળ;
ઉપેન્દ્રકરુણા થાતાં રે, અનુભવશો મુક્તત્વનેરે,
  ટળી જાતાં આ, અજ્ઞાનનિશ્ચયનું મૂળ; અજ્ઞાનના૦

કર્તવ્ય ન સાધી શકનાર અસંતુષ્ટ વૃત્તિનું ચિંતન.

પદ ૧૩. [જોઈ જોઇ વાટ ગઈ થાકી, એ લય.]

દિવસો નિત્ય વહી જાતા, કશું કરવાનું નથી થાતું,
કશું કરવાનું નથી થાતું, ખુટે નિત્ય સાથનું ભાતું; કશું૦
જાણ્યું જાણવાનું ઘણું, થયું મન જાણી અતિ માતું,
જાણેલું પરંતુ એક આચારે ન મૂકાતુ; કશું૦
જેમ જેમ સમય ચાલ્યો જાય તેમ તેમ વદન કરમાતુ,
જાણ્યા ઉપાયો પણ લેશ વાર્ધક્યથી ન છુટાતું; કશું૦
વિધવિધ નિયમ જાણ્યા જે થકી આ ધન કમાવાતું,
તદપિ ઉધાર બાજુનું હજી પૂરાતું નથી ખાતું; કશું૦
જીવત્વ સહજે ટળે જો ગુરુ શરણુ લેવાતું,
જાણ્યું એ પરંતુ મન હજી ગુરુશરણુ નથી રહાતું; કશું૦

જ્ઞાને મુક્તિ થતી મન એમ કહે મલકાતું મલકાતું,
તદપિ જ્ઞાનપ્રાપ્તિઅર્થે ઉત્સાહે નથી ધાતું; કશું૦
શમતો ઉપાધિમાત્ર જો મન સ્વરૂપને ધ્યાતું,
એ જાણ્યું પણ મન વિષયમાં ધાતાં ન અચકાતું; કશું૦
જે જેવું ચિંતે ઉર થકી તે તેવું થઈ જાતું,
એ નિયમ જાણ્યા છતાં છીએ તેવા જ રહેવાતું; કશું૦
શા કારણોથી આમ બનતું તેય[1] સમજાતું,
પણ કોણ જાણે શાથી કારણ તે ન છોડાતું; કશું૦
આ મૂઢપણું ઉરનું નથી તો ક્યાંહિ કહેવાતું,
આ શોકણું અંતરનું નથી તો લેશ સહેવાતું; કશું૦
જેમ તેમ કરી મન થાય જો પ્રભુમાંહિ પ્રોવાતું,
તો તો મળે અનુભવશરૂ જઈને વાતનું કાતું,[2] કશું૦

વિવિધ પ્રકારની પ્રતિકૂળ સ્થિતિમાં થઇ શકવા યોગ્ય કર્તવ્યનું નિદર્શન.

પદ ૧૪. (પાહિમામ્ પાહિમામ્ એ લય.)

જે જન્મદુઃખી હોય તે પણ આટલું તો કરી શકે,
નિજ દુઃખ વાત વધારી પરને, ના જ કે', ના જ કે';—
જે વ્યાધિવાળો હોય તે પણ આટલું તો કરી શકે,
નિજ વ્હાલસોયાં બાલસાથે, જરી રમે, જરી રમે;—
જે ધનથી હોય દરિદ્ર તે પણ આટલું તો કરી શકે,
મીઠા વચનથી અન્યસાથે, તે વદે, તે વદે;—
જેને ન વિદ્યા પ્રાપ્ત તે પણ આટલું તો કરી શકે,
સુખમૂલ ગણી નિજ ગુરુવચનને, અનુસરે, અનુસરે;—
ગૃહકલહ જેને હોય તે પણ આટલું તો કરી શકે,
એકાંતમાં જરી શાંત ચિત્તે, પડી રહે, પડી રહે;—
જગને સુધારી શકે ન તે પણ એટલું તો કરી શકે,
ગૃહમાંહિ બેસી ગુપ્ત નિજ હિત સાધી લે, સાધી લે;—
વાર્ધક્યથી દુર્બલ બનેલો આટલું તો કરી શકે,
જાગ્રતવિષે સઘળો સમય રહે, સ્મિત મુખે, સ્મિત મુખે;—
પૈસે ટકે તનહા થયો પણ આટલું તો કરી શકે,
ઉર શુભાશા ધરી સુયત્ને વહે, ઉમળકે, ઉમળકે;—
જે કંપ ન બીજું કરે તે પણ આટલું તો કરી શકે,
બોલે હૃદયથી શુદ્ધ ભાવે, નરહરે ! નરહરે !

---

૧ તે પણ ૨ બુટી છરી.

સત્કાર્ય કરવામાં શીઘ્રતા ધરવી યોગ્ય છે.

પદ ૧૫. (ધીરવીર પાય તુજ માર્ગમાં, એ લય)

ઝડપ કર, પ્રિય સખે ! સકલ પ્રાણિપ્રતિ, અતુલ તુજ પ્રેમ વર્ષાવવામાં,
સમય છે સ્વલ્પ, કદી કાલ ઉઠી નહિ, વખત પામ્યો તું દર્શાવવામાં.
વખત છે જગતનાં દુઃખ તારી કને, આવી કાલે કદી ઘેરી લેશે,
તે પછી શુદ્ધ તુજ પ્રેમને જગપ્રતિ, તુજવિના હોંશથી કોણ દેશે?–
ઝડપ કર, પ્રિય સખે ! રસભર્યા સ્નેહનાં, વચન વદવાવિષે આજ તું તો,
પૂર્ણ મમતાભર્યા શબ્દ તું બોલીને, હરણ કરી લે હૃદય સર્વનું તો;
વાણી તુજ બંધ થઈ કે કદિ જગતના, કાનમાંહી બહેરાશ આવે,
તો પછી મધુર–મૃદુતાભર્યા શબ્દ તુજ, સાંભળે કોણ, કો સંભળાવે?–
ઝડપ કર, પ્રિય સખે ! કાર્ય ઉપકારનાં આજ ને આજ કરવા વિષે તું,
હોય તે શત્રુ કે મિત્ર પણ તેમનું, હિત સદા સાધી લે હર્નિષે તુ;
જેમને આજ છે જરૂર તુજ સાચની, તેહ સઘળા કદિ કાલ થાતાં,
શું કરીશ, તું પછી તેહ જો થઈ રહે, તાહરી જરૂરીઆતોવિનાના?–
ઝડપ કર, પ્રિય સખે, સર્વથી ઉચ્ચ તુજ, પાસ જે હોય તે આલવામાં,
અન્ય ને આપી તું તેની ઇચ્છા પુરી, થા શૂરો અન્યદુઃખ ટાળવામાં.
કાલ થાતાં કદી વસ્તુ તુજ પાસથી, જતી રહે તો કહે દઈશ પછી શું?
(કે) યોગ્ય લેનાર જો કાલ કદી ના રહ્યા, અન્યને આપવામાંહી પણ શું?–
ઝડપ કર પ્રિય સખે ? તાહરાં, અન્યનાં, દુઃખ કલેશાદિને સદ્ય દહેવા,
ઝડપ કર પ્રિય સખે ! તુજને–અન્યને, સુખ આનદને સદ્ય દેવા;
ઝડપ કર, પ્રિય સખે ! તીવ્ર તપ સેવવા, તાહરે કાજ કે અન્યકાજે,
ઝડપ કર, પ્રિય સખે ! પ્રેમથી નરહરિસદ્‌ગુરુસ્મરણ કરવા તું આજે.

જ્ઞાનના વિચારે સંસૃતિનાં દુઃખાદિનો સ્પર્શ ન થવા દેવા સુબોધ.

પદ ૧૬. (સત્ય જ્ઞાનની કુંચી મને નાથ બનાવો, એ લય).

કોઇ વાતે આ સંસૃતિમાં દુઃખી નવ થાશો,
વ્હાલા બંધુ ! ન અંતરમાં જરીએ અમુઝાશો.
મિથ્યા છે આ દૃશ્ય સકલ એ નિશ્ચય કરીને જાણોજી,
થયું નથી, છે નહિ, નથી થાવું, શીદ પછી ભય ઉર આણોજી;
વિવિધ કલેશોથી ન પીડાશો, ભયશોકાદિથી ન તવાશો,
શાંતિથી જોજો આ તમાસો;—
નિર્લેપ ને નિર્વિકાર છે વળી વિશુદ્ધ સ્વરૂપ તમારૂં જી,
દુઃખ શોક ભય સ્વલ્પ ન સ્પર્શી શકે, એવું અતિ ચારુજી,

તે નિજ સ્વરૂપે સદા શમાશો, દૂર ન ત્યાંથી કદીએ જાશો,
મિથ્યાભ્રાંતિથી ન ભમાશો;—
આત્મતત્ત્વને પ્રાપ્ત તમે છો, બીજાું શું હવે જોઇએજી,
સર્વોત્કૃષ્ટ વસ્તુ પામીને, બીજે શીદ હવે મોહીએજી,
ધન્ય ધન્ય લહી ગુણ નિજ ગાશો, સુખી થાવા બીજે નવ ધાશો,
તો સુખશાંતિ સાચી કમાશો;—
ધર્મશીલ ને નીતિ આદિથી, સ્વલ્પ ન વીરા ચળીએજી,
પ્રશાંત રહીને સર્વ સમયમાં, પ્રાપ્ત કાર્યને કરીએજી,
નિર્મળ આત્મજળે નિત્ય ન્હાશો, માનવદેહ મળ્યો છે ખાસો,
તત્ત્વજ્ઞાનવિણ અન્ય ન ચહાશો;—

જગન્નાથ.

અજ્ઞાનદૃષ્ટિને સ્થાને જ્ઞાનદૃષ્ટિપૂર્વક કર્તવ્ય કરવાને ઉપદેશ.

પદ ૧૭. [સહેલી વૃત્તિને વીરા બહારથી રે, એ લય.]

કીધું આજ લગી તેં એનું એ હવે રે, કાંઇ કરજે તું જૂદું,
જેને આજ લગી તેં રાખ્યું આ ભવે રે, તેને કરજે તું ઉંધું.[1]
કરજે તું જૂદું, કાંઈ કરજે તું જૂદું, (૨) કીધું૦
આજ લગી તેં બાહ્ય વિષયકેરી લગારો જોઇ,
નિર્વિષયી કંઈ જોવા હાવે, ચિત્ત દે અંતરૂ પ્રોઇ રે; કાંઈ૦
આજ લગી તેં વિવિધ વિકારો, સેવ્યા ઉર ધરી પ્રીત,
નિર્વિકાર કાંઈ થાવા થાજે, દૃશ્યાસક્તિરહિત રે; કાંઈ૦
આજ લગી તેં બહિરૂ જ પ્રેર્યો, તુજ ઇન્દ્રિયસમુદાય,
હવે જરા તે પાછો વાળી, પ્રેર તું નિજ ઘટમાંય રે; કાંઈ૦
ફૂટારીયા તેં ડોળા જગપ્રતિ, સિદ્ધ થવા તુજ આશ,
(હવે) પાછો વળી તુજ આત્માપ્રતિ જો, ધારી દૃઢ વિશ્વાસ રે; કાંઈ૦
આજ લગી તેં જ્યાં ત્યાં આપ્યો શંકાને અવકાશ,
એ જ જીવન તુજ હવે જોઈ લે, કરી શ્રદ્ધાનો પ્રકાશ રે; કાંઈ૦
પરપર[2] આશ્રય ધરનારૂં તેં જીવન કીધું તુજ,
અન્યનો આશ્રય છોડી હાવે, થઈ જો સ્વાશ્રયી તું જ રે; કાંઈ૦
અલ્પશક્ત, અલ્પજ્ઞ આજ લગી, તુજને જાણ્યો તેં જ,
સર્વશક્ત, સર્વજ્ઞ, સ્વરૂપે, જાણ તું છે પોતે જ રે; કાંઈ૦
આમ કરીને પછી તું જો કે, કેવું ન મળતું સુખ,
ઈશ્વરસાક્ષીએ કહું છું કે, રહે પ્રભુ તુજ સંમુખરે; કાંઈ૦

---

૧ જેને આજ સુધી આ જગતમાં રમાડ્યા કર્યું છે અર્થાત્ બહિરૂમુખ રાખ્યું છે તેને અંતર્મુખ કરજે. ૨ પારકા ઉપર.

भक्तिरसने अर्पवा तथा स्वरूपानुभवरसने ग्रहण करवानी इच्छावाळा भक्तोनां श्रीइष्टप्रति प्रेमवचनो.

પદ ૧૮. (ચાલો ચાલોને જળ સિંચવા, સાહેલી રે, એ લય.)

મિઠો, મિઠો, તે રસ ઝીલવા, અમે આવ્યાં રે,
ખોલો, ખોલો તો જરી દ્વાર, અમારા હૈયાહાર; મિઠો તે૦
અમૃતથી અદકો અતિ, મધથી મહા મધુર,
પરમ પ્રેમથી જેમનાં, ભર્યાં જીવન ભરપૂર;
તેવાને કાજે કર્યો, વિધિએ નિઃસંદેહ,
દિવ્ય અને અદ્ભુતસમો, મદભરીયો રસ જેહ,
પીવા–પાવા તે રસઘુંટડા, અમે આવ્યાં રે,
બનો જરી તો પીનાર,–ને પીવડાવનાર; મિઠો તે૦
અમપાસે રસ જેહ તે, 'ભક્તિરસ' કહેવાય,
તમપાસેના રસતણું, 'અનુભવ' નામ ગણાય,
અમારી પ્યાલી આપને, કરશે ઉત્તેજિત,
આપની પ્યાલી અમતણું, કરશે પ્રશાંત ચિત્ત;
(તે) એક બીજાને લેવડાવવા, અમે આવ્યાં રે,
પાઓ, પાઓ, તે પ્રાણાધાર, પી લો, પી લો આ વાર; મિઠો૦
રસ પાવાના નરૂનને, આલિંગન કહેવાય,
અભિમુખતા અનિમેષ તે, નયનકટાક્ષ ગણાય;
આતુરતા અમ ઉરતણી, તે જ હૃદય ધબકાર,
પીવું–પાવું તેહ તો, થાવું એકાકાર;
અચવ્યો રસ એ ચખાડીને, અમે આવ્યાં રે,
કરો સફળ અવતાર, હે અમ ભર્તાર! મિઠો તે૦

साधकत्व कर्तव्यना साधनअर्थ छे.

પદ ૧૯. (નરતનુ પામી પંથિ, એ લય.)

સાધક બન્યા તો બંધુ ! કામ કરવાનું.
અમનચમનમાં મિથ્યા નથી ફરવાનું; બંધુ !
રાખવી પડશે ગુરુમાં અવિચલ શ્રદ્ધા, બંધુ !
કામ ન એને સહેલું સમજવાનું; બંધુ !
સાધન હોય જે જે ગુરુએ બતાવ્યું. બંધુ !
શ્રમ કરીને તેને સદા સાધવાનું; બંધુ !

વિવિધ વિપત્તિમાંહી અડગ રહીને, બંધુ !
મલક મલક મનથી ત્યાં તો હસવાનું; બંધુ !
ગુરુ જય પામે એવું નિજ જીવનમાં, બંધુ !
મુખથી ન માત્ર મોટી 'જય' બોલવાનું; બંધુ !
ઉંચા નિશ્ચયમાં સ્થિર પ્રતિદિન થઈને, બંધુ !
વિશ્વબાજીમાં શાંતિ ધરી ખેલવાનું; બંધુ !
નરહરિનાથ થાય સુપ્રસન્ન એવું, બંધુ !
નિર્ભય પછીથી જ્યાં ત્યાં વિચરવાનું; બંધુ !

શ્રી જ૦ દેવી.

विनाशी आयुष्मां कर्तव्य साधी लेवा सुबोध.

પદ ૨૦. (બહુતેરી સમજાયેરી, એ લય.)

જો ! આયુ જાય એળે રે, કરી લે તુ કાંઇ;
ક્ષણનો ભરોંસો ન, તેની આશે, હજી શું નિરાંતે ખેલે રે; કરી૦
ગઇ જુવાની ઘડપણ આવ્યું તો, ગાડું ઘલાયુ જાણુ નેળે રે; કરી૦
પ્રતાપવાળું એક પ્રહર દઢ, આસન વાળ તુ પહેલે રે; કરી૦
પ્રાણનિરોધનો માર્ગ ગુરુજી, દર્શાવે કરી તે લે રે; કરી૦
નિજ દૃષ્ટિ સ્થિર કરતાં શીખ જે, પલકે ન એની મેળેરે; કરી૦
ધારણા કર પછી બહિરંતર્ કોઈ, સ્થાને દર્શાવેલે રે; કરી૦
કાં તો દઢ ગુરુભક્તિ કરજે, ઉપજાવે સુખ સહેલે રે; કરી૦
કાં તો તત્ત્વતણો અનુભવ કર, જે દશદિશમાં રેલે રે; કરી૦
સર્વોત્તમ કાંઈ સિદ્ધ કરી લે, માર્ગે ગુરુએ કહેલે રે; કરી૦
ઉપેન્દ્રપ્રભુકરુણા પામ્યા વિણ, મુક્તિ મળે ભવ પેલે રે; કરી૦

परमात्मा कोना उपर प्रसन्न थाय छे.

પદ ૨૧.

અમારા તે સ્વામી, કોને કોને વરીયા છે;
કોને કોને વરીયા, કોનાં કોનાં દુઃખ હરીયાં છે; અમારા૦
વરીઆ પેલા મુરુધ્વજને ઉભો જેને વેર્યો,
મણા ન રાખી જરા દુઃખમાં, અંતે સ્વરૂપે હેર્યો; અમારા૦
વચનપ્રહાર તથા વનકષ્ટો ધ્રુવને આપી બાળપણે,
એના એ હરિ પ્રકટ્યા છે પછી, ધ્રુવઆગળ બહુ વ્હાલપણે; અ૦

નાંખ્યો પેલા સુધન્વાને, તાતા તેલે વહાલાએ,
શીતળતા અર્પી પછી વરીયા, પહેલો વીંધી ભાલાએ; અમારા૦
ઘડીઘડીએ અભિમાન ત્યજાવ્યું, વળી વ્યંઢળ પણ કીધો,
તે પછી અર્જુનને વહાલાએ, સખારૂપે કરી દીધો; અમારા૦
વળતી વહાલો બલિને વરીયા, જેને ચાંપ્યો પાતાળે,
પછીથી છડીને ધારણ કરી હરિ, બલિદ્વારાને સંભાળે; અમારા૦
દરિદ્રતામાં તાવ્યા સુદામા, વળી તાંદુલ પણ લીધાં,
ઘરમાંથી કાઢ્યા પછી વહાલે, મનગમતાં સુખ દીધાં; અમારા૦
તલપુર સુટ ઉપર રહી ત્યાં લગી, જળે બુડાડ્યો હાથીને,
તવ વહાલે આવીને ઐાડયો, ગ્રાહના મુખમાંથી તેને; અમારા૦
પુરેપુરી મનમાની કરી, કસોટી વહાલો રીઝે છે,
[ભક્તના] નેત્રે જળ આણી પછી પોતે, કરુણાજળથી ભીંજે છે; અ૦
અંત લગી તાવે ને તાણે પણ એ કદી ના તોડે,
અંતે સઘળું આપે એવો, વહાલો ભજીએ કોડે; અમારા૦

प्रार्थनासमान फळने प्रकटावनारी क्रिया अन्य एक पण नथी.

પદ. ૭૨ (પ્રભુ કેમ દર્શન આપે, એ લય.)

પ્રાર્થનાસમ ફળ દેનારી, ક્રિયા અન્ય ન થઇ કે થનારી
જે છે સરળ અને સુખકારી, ઇચ્છયું અંતરનુ આપનારી.
પ્રથમ તે નિર્મલ ચિત્ત કરીને, ઉપજાવતી ઉરે પ્રેમ,
એકાગ્રતા તે સહજમાં સધાવી, સાધતી સઉ વાતે ક્ષેમ;—
હૃદયવિષે આર્દ્રતા પ્રકટાવીને, રસમય કરતી તેહ,
સાચી અભિમુખતા અંતરથી, પ્રકટાવે પ્રભુપતિ જેહ;—
કાર્યની સિદ્ધિના હેતુઓ જે જે, પ્રકટાવે તે તે સર્વ,
સરળતાપૂર્વક તેહ સધાવી, ઉપજાવે સુખપર્વ;—
સૂક્ષ્મથી સૂક્ષ્મ આંદોલન પ્રકટે, પ્રાર્થના કરતાં સમર્થ,
અર્થની સિદ્ધ કરાવીને ટાળે, સર્વ પ્રકારે અનર્થ;—
પ્રાર્થનાથી જેવો પ્રભુની સાથે, બંધાયે છે એકરાગ,
અન્ય સાધનથી ન તેવી રીતે, પ્રભુપ્રાત પ્રકટે અનુરાગ;—
પાષાણુને પણ પીગળાવી નાંખે, એવી છે પ્રાર્થના એક,
અત્યંત આતુરતાસહ થતાં, ધાર્યું થાયે પ્રત્યેક;—
શાંતિથી પ્રાર્થના કરતાં કરતાં, પ્રભુથી બનો એકતાર,
જુઓ પછી શ્રદ્ધાયુક્ત પ્રાર્થના, શા શા કરે ચમત્કાર;—
બીજે ન જોશો, બીજું ન લેશો, સાંભળો બીજું ન કાંઇ,
જાણજો એક પ્રભુપ્રાર્થનામાં, સઘળું રહ્યું છે શમાઇ;—

अणीने समये साहाय्य करवा श्री इष्टमति प्रेमवचन.

પદ ૨૩. ગઝલ.

દયાની દૃષ્ટિ હુંપર હે દયાળુ ! ઢાળશો ક્યારે ?
અરે ઓ બાપજી ! મારા, વચનને પાળશો ક્યારે ?
ચઢાવી કટક હું કીડીઉપર, ઓ શત્રુઓ આવ્યા,
નહિ તે ખાળશો આજે પછી તો ખાળશો ક્યારે ?
તમે આશ્રયતણા દાતા જગે છો એક આશ્રિતના,
ન આલો આજ આશ્રય તો, પછી તે આલશો ક્યારે ?
અરે ! આ વિપદ્રાક્ષસી જોઇ ભયથી હું થરર કંપુ,
ન અંકે આજ ઘાલો તો પછી તે ઘાલશો ક્યારે ?
તમો છો ચાલનારા સાથ, થઇ સંકટસમે સંગી,
ન ચાલો આજ મુજ સંગે પછી તે ચાલશો ક્યારે ?
જઉં છું યત્નના પંથે, પડ્યા પણ માર્ગમાં કાંટા,
ન બાળો આજ તેને તો પછીથી બાળશો ક્યારે ?
ડુબ્યો હું જાઉં છું આ વિષયના કીચે નીચે નીચે,
ન ઝાલો આ ક્ષણે જો હાથ તો પછી ઝાલશો ક્યારે ?
ખરૂં રક્ષકપણું પ્રભુ આપનું દર્શાવો આ વારે,
ન આજે તો પછી દર્શાવશો, શું મરીશ હું ત્યારે ?

साधकोप्रति प्रश्न.

પદ. ૨૪ દાણ ચાતુરીનો લય.

થઇ સાધક આ ભવમાંહિરે, શું સાધ્યુ, બોલો કોઇ સાધકો રે,
સાચા સદ્ગુરુનું પદ રહાઇરે, શું બાંધ્યું, સાથે રુડું તે જ કો'રે.
પૂર્વે સાધકપદમાંહિ જે ઠર્યારે, તેણે કાર્યો જગે શાં શાં કર્યારે,
તેની જાણો છો કઇ વાતરે ? શું૦
એક સાધક નામે વાલ્મિકી રે, જેણે મેળવ્યા રામ ને જાનકીરે,
હતો જાતે તે ભિલ્લની જાતરે; શું૦
તમો તો જાતે બ્રાહ્મણ કહાવતારે, ત્યાંથી દેવત્વ ઇશત્વ લાવતા રે,
કે શું ઉલટો થાયે અધ:પાતરે; શું૦
એક કોળી હતો પૂર્વે એકલવ્યરે, દ્રોણમૂર્તિ રચીને તેણે ભવ્યરે,
સાધી વિદ્યાને, તમને છે જ્ઞાતરે ? શું૦
હતો કોળી તો એ તપ આદર્યુંરે, કહો એથી અધિક શું શું કર્યુંરે,
તમે મેળવી ગુરુ સાક્ષાત્ રે; શું૦

એક હનુમાન નામે સાધક હવારે, જેણે હ્રદય ચીરી રામ દાખવ્યારે,
જેની જાત તો છે પ્રખ્યાતરે; શું૦
તમે જાતમાં ઉત્તમ માનવીરે, જેમ નદીઓમાં ઉત્તમ જાહ્નવીરે,
કહો શાથી છો વિશ્વે વિખ્યાતરે; શું૦
એક સાધક ધ્રુવ નાનો બાલિડોરે, જેણે પ્રકટ કર્યો નિજ વા'લિડોરે,
ખાઈ પર્ણ,[1] પાણી ને વાત[2]રે; શું૦
તમે તો વય ઝાઝું છે મેળવ્યું રે, વળી ખાઈ ખારૂં ખાટું ને ગળ્યુંરે,
કોને પ્રકટાવ્યા છે ભલિભાતરે? શું૦
નથી જરૂર ઝાઝા દ્દષ્ટાંતોતણીરે, સમજુને ઈશારત છે ઘણીરે,
કંઇ તમને ન આ અજ્ઞાતરે; શું૦
થઈ નૃહરિશિશુ કાં ભૂલા ભમોરે, સાધી લેવા સરીખો છે આ સમોરે
ચેતો, નહિ તો પડી જશે રાતરે;
સાધો કંઈ, સાધો કંઇ સાધકોરે.

શુભનું કથન.

પદ૦ ૨૫

જરી સાંભળો, પ્રિય બન્ધુ! મારે કંઇક કે'વું છે,
જે શ્રવણ તમને સુખ ઉપજાવે જ એવુ છે;—
જે કથન આ તમ જીવનમાં, કંઈ કંઈ પ્રકાશ પ્રસારશે,
તનમનવિષે આનંદકેરી, લહરિ કંઇક ઉછાળશે;
થાઓ પ્રસન્ન, શુણો શુણાવું, એક મુજ સંદેશ આ,
" શુભ ભાવિ છે આવી ઉભું, આજે તમારા માર્ગમાં."
જરી સાંભળ્યું? પ્રિય બન્ધુ! મારે એ જ કે'વુ છે,
એ જ કહી કહી તમને સુખ ઉપજાવી દેવું છે;—
સંપત્તિકેરો સૂર્ય છો ને, આથમ્યો દીસે છતાં,
ઉપરાઉપરી ઉલટાં દીસે, દુર્દૈવ કર્મે આવતા;
ક્ષણ પણ પરંતુ તેમનો, સ્વીકાર ઉર કરશો જ મા,
" શુભ ભાવિ છે આવી ઉભું, કાં જે તમારા માર્ગમાં;"
જરી સાંભળ્યું? પ્રિય બન્ધુ! મારે એ જ કે'વું છે;
એ જ કહી કહી તમને સુખ ઉપજાવી દેવું છે;—
આપત્તિકેરા બાર મેઘ તુટ્યા ભલે સૈ કો કહે,
પણ જાણજો નિશ્ચય સતત એ નહિ રહે—એ નહિ રહે;

---

૧ પાંદડાં. ૨ હવા.

ઉન્નત કરી મુખ, છાતી કાઢી, બોલજો દઢ ભાવમાં,
" શુભ ભાવિ છે આવી ઉભું, આજે જ મારા માર્ગમાં ";
જરી સાંભળ્યું ? પ્રિય બંધુ ! મારે એ જ કે'વું છે,
એ જ કહી કહી તમને સુખ ઉપજાવી દેવું છે;—
એ ઉંચા ને ઉંચી સ્થિતિમાં, ધૈર્ય ધારીને રહો,
ઘડી ઘડી ઉરથી શ્રદ્ધાર્થી એક જ વચન એનું એ જ કો';
તોયે સુફલ પ્રકટાવશે, કદી બોલશો ધીમા ધીમા,
" શુભ ભાવિ છે આવી ઉભું આજે જ મારા માર્ગમાં ".
જરી સાંભળ્યું ? પ્રિય બંધુ ! મારે એ જ કે'વું છે,
એ જ કહી કહી તમને સુખ ઉપજાવી દેવુ છે;—
પાછળ બનેલ પ્રસંગનો, આગળ જ પડછાયો પડે,
તેને ગણો ભાવિજીવનકેરો પ્રસંગ ન ભ્રમવડે;
એ છાય મિથ્યા જાણજો, કહું સત્ય એક જ શબ્દમાં,
" શુભ ભાવિ છે આવી ઉભું આજે તમારા માર્ગમાં;" જરી૦—

संतत सहाय करनारना गर्भित भावपूर्वक श्री इष्टमति मर्मवचनो.

પદ ૨૬. (દીનનાથ દયાળ નટવર, એલય.)

ભરદરીએ હોય છોડવો તો, હાથ મારો ઝાલશો મા.
આપીને દૈવી વિભૂતિ, પાછી લેવી હોય તો,
ધર્મ પણ એ આપકેરી વિભૂતિ મુજને આલશો મા;—
ખરેખરી અણીને સમય જો, છટકવું હોય આપને,
નામમાત્ર ગણાવવાને, મારી સાથે ચાલશો મા;—
દૈવ પ્રતિકૂળ થાય ત્યારે, નિરાધાર કરી મને,
હોય ત્યજવો આજ તો તો પાંખમાંહિ ઘાલશો મા;—
વિપત્તિસમયે ન આવવું હોય તો હમણાંય પણ,
દઇને સોગન કહુંછું કે જ્યાં હો ત્યાંથી જરી હાલશો મા;—
ઘાંચમાંથી ગાડું પાછું વાળવા જો ન આવવુ,
તો પછી તો આજ પણ આ મારૂં ગાડું હકાલશો મા;—
કૃત્ય આવું ભલે કરો પણ કોઈ પણ ભૂલેચુકે,
"ભક્તવત્સલ" આપને જો કે'તો હર્ષે ફાલશો મા;—

निर्माल्य वार्तोमां वखत गुमाववो निरर्थक छे.

પદ ૨૭. (માળીવિનાની વાડી, એ લય.)

કંઈ માલ વિનાની વાતો,–માંહિ વખત બહુ જાતો;
દિવસો અને વળી રાતો, જાતી વહી કંઈ ત્યાં તો.
વીત્યો વખત પુનઃ ન પમાતો,
આયુષ્યમાંથી ઓછો થાતો,
ક્યાં પળાતો ? ના જણાતો,
નર છેવટે પસ્તાતો, યમ આવી જવ કર સ્હાતો; કંઈ૦
' પેલો સફેનું ધૃતી ખાતો '
' કંજુસીયાં છે અમુક ઘરનાં તો '
' અમુક જરાતો, નથી વખણાતો,'
[જ્યાં] આવો લવારો કરાતો, ઉલટો અનર્થ સધાતો; કંઈ૦
તે જ સમય સાર્થક કહેવાતો,
હિતપ્રદ કાર્યોમાં વપરાતો,
તો ગ્રહાતો, આયુષ્યમાં તો,
નિજ અર્થ જે શુભ સ્હાતો, તે ધન્ય દિવસ ગણાતો; કંઈ૦

श्रद्धापूर्वक सर्वमां शुभदर्शन करवा प्रबोध.

પદ ૨૮. (સંકેલી વૃત્તિને વીરા બહારથીરે, એ લય.)

જોયું આજ લગી તેં એના એ વિષે રે, કાંઈ જૂદું તુ જોજે,
દષ્ટિ પલટીને જોઈ જૂદું દશેદિશેરે, મિથ્યા ભ્રાંતિને ખોજે,
જૂદું તુ જોજે; [૪] જોયું૦
કાળામાં કાળું જોવાનો, છે જ તને અભ્યાસ,
કાળામાં ધોળું જોવાનો, કરજે હવે પ્રયાસરે; કાંઈ૦
કંઈક કાળથી રોગીમાં તું, જોતો આવે રોગ,
હાવે જોવા પ્રયત્ન કરજે, રોગીને તું નિરોગરે; કાંઈ૦
તે જ ખરૂ જોવું કે જે દે, જોનારાને સુખ,
સુખ નથી ઉપજતું જોતાં, ભય, ચિંતા કે દુઃખરે; કાંઈ૦
પ્રતિકૂલમાં પ્રતિકૂલ જોવું એ તો છે તુજ સ્વભાવ,
તે સ્વભાવ બદલી પ્રતિકૂલમાં, ધરી જો અનુકૂલ ભાવરે; કાંઈ૦

સારામાં સારૂં જોવું એમાં ન મહત્તા કાંઇ,
ખોટામાં દેખાય સારૂં તો, તે જ જોનારની મોટાઇ રે; કાંઇ૦
તપ્ત સ્તંભ જગતે દીઠો, પ્રહ્લાદે દીઠો શીત,
દૃષ્ટિ પલટતાં પરિણામે ત્યાં, કીધા ધ્યેય પ્રતીત રે; કાંઇ૦
સુરદાસે મુડદાને જોયું, કાષ્ઠ–સાપને દોર,
દૃષ્ટિબદલતાં, એ વિધિ તેણે કર્મ સાધ્યું અતિ ઘોર રે; કાંઇ૦
સુધન્વાએ શીતલ જોયું. કડકડતુ જે તેલ,
ચમત્કારસરખા આ સઘળા, દૃષ્ટિ પલટવાના ખેલ રે: કાંઇ૦
અશાંતિમાં પણ શાંતિ જો તું, કલેશવિષે આનંદ,
એ જોતાં તુ જાણીશ ગર્ભિત, દુઃખ ને પ્રભુનો સંબંધ રે; કાંઇ૦
જીવમાં શિવ શી રીતે જોવા, એની કળ ગુરુદેવ,
બતાવતા તે અર્થે હે જીવ ! ઉપેન્દ્ર શ્રી ગુરુ સેવ રે; કાંઇ૦

चित्तमां जेनुं अधिक चिंतन होय छे, तदनुरूप विचारो बाह्य पदार्थोने जोतां प्रकटे छे.

પદ ૨૯. (કોઇ એક સમે, એ લય)

પેલુ કમલ જોઈ તમને સાંભર્યાં કહો કમલનયન કે કમલનયના [1] ?
પેલો ચંદ્ર નિહાળીને શું સાંભર્યું કહો ચન્દ્રશેખર કે ચન્દ્રાનના [2] ?
વળી અર્ધચંદ્ર જોઇ સાંભર્યાં અર્ધનટીશ્વર કે શું અર્ધાંગના ?
પેલાં કોમલ પુષ્પો જોઇ સાંભર્યાં, સાધુહૃદય કે ગાત્રો નારીતણાં ?
જળમાં ખેલતાં મત્સ્ય ભાળી શુ સાંભર્યાં,મત્સ્યાવતારો(કે)મત્સ્યલોચના [3] ?
પેલુ પદ્મરાગ જોઇ સાંભરીયા ઓષ્ઠ કૃષ્ણકેરા કે કામિનીના ?
જેમાં ચિત્ત અખંડ રમાડ્યું હશે એવા સંસ્કાર થાતા અંતરના,
તેહ જ્યારે ત્યારે ને જેમાં ને તેમાં, પ્રકટી દાખવે ભાવ ભીતરના.
શેમાં ચિત્તને સંતત જોડેલું રાખવું, તેના વિચાર તો કરજો ઘણા,
(કાંજે) જેવું ચિંતન તેવાં ચઢાય પગથિયાં, ઉન્નતિનાં કે અવનતિનાં.

---

૧ કમલસરખાં નેત્રવાળી સ્ત્રી. ૨ ચંદ્રના મુખજેવી સ્ત્રી.
૩ મત્સ્યજેવી આંખોવાળી સ્ત્રી.

નાવિકનું દર્શન, નાવિકનું અદર્શન, નાવિકનું સ્મરણ, નાવિકનું પોતાનામાં આરોપણ.

પદ ૩૦. (તારી કાયાનગરી આ ઉજડ થશે, એ લય.)

હુ તો નાવિક શોધું આ ભવદરીયે,
પાર જાવાને કાજે, નાવિકે નાવ મુજ હંકાર્યું,
મધ્યે લાવીને, નાસી જશે એ મેં ન ધાર્યું;—
સમુદ્રસ્વરૂપ આવું, ગંભીર મેં ન કદી જોયુ,
તેથી સુકાની,—વિના વૃત્તિએ ધૈર્ય ખોયુ;—
નાવ આ ડોલંડોલ, થાય ઘણું નીચે ઉંચે,
તોફાની જળમાં, કયાં જવું તે ન જરી સુઝે;—
પૂછું કોને હું અહિંઆં, ભાળ મને કોણ આપે,
કરુણા કરીને, નાવ કો મારૂં આરે સ્થાપે;—
મધ્ય દરીયે મને ઓચીતા છાંડી ઓ સુકાનિ !
કયાં ચાલ્યા, અહિં તો, ઉપર છે આભ નીચે પાણી;—
હાં, હાં, કહો શું, આપ છુપાયા છો જોઈ જાણી ?
શક્તિ મુજ જોવા, નાવ મારૂં ચલાવવાની ?—
આજ સુધી આ નાવ, ચલવ્યું છે પ્રત્યક્ષ થઈને,
ધાર્યું હવે શું, ચલાવવું અપ્રત્યક્ષ રહીને ?—
કરુણા કરીને નાથ ! મુજ હાથમાં તવ આવો,
હલ્લેસવાનુ, બળ મુજમાં ઉપજાવો;—
આપના સામર્થ્યેથી, નિશ્ચય હું જઈશ પાર પેલે,
આપે[1] નાવિક થઈ, જઈશ સ્વસ્થાને મારી મેળે;
બની આ ભવ દરીયે,
હુ તો નાવિક બનીને આ ભવદરીયે.

શ્રી જ૦ દેવી.

વિપત્તિમાં પીલાતા જીવની રંકભાવે ઇષ્ટને પ્રાર્થના.

પદ ૩૧. (કહું મન કેટલું, એ લય.)

હાડે છેક શું જતો, કાંઈક દોરી તો ઢીલી મેલ.
પીલી પીલીને પુરો કર્યો છે,
હવે કહે કયાં સુધી કાઢીશ તેલ; હાડે છેક૦
બાપ થઇ કાં તાપ તું દેતો,
શીતળ મટી શું તું બન્યો ઉકળેલ; હાડે૦

---

૧ પોતે જાતે.

સહસ્રાક્ષ[1] તું થયો પણ તુજને,
જણાયું ન હું તે ચોર કે કેળ ? હાડે૦
મારો તો જીવ જાવા બેઠો,
તારે મન હસવાનો એ ખેલ; હાડે૦
લોકો પણ તેને આર ન મારે,
સરળતાથી જે ચાલે બેલ; હાડે૦
ધણીનો ધણી તું થયો શું કરવા,—
જગતમાં જેને તેને ખલેલ ?; હાડે૦
આગગાડીસમ ક્યાંથી ચાલે,
કહે આ દુબળા બળદની વહેલ; હાડે૦
જાણે છતાં પણ હજી શું તાણે,
આ તો આવી તુટવાની વેળ; હાડે૦
મૃગલી પણ મૃગને લઈ સોડે,
કરાવે કોડે નિરંતર ગેલ; હાડે૦
મૃગલીથી પણ મૃદુ તું કહાવી,
બતાવે આ તે શું પ્રેમના ખેલ ! હાડે૦
શરણે આવ્યો ઉતારી લે તું,
ન જોવાતી આ દુઃખની રેલ; હાડે૦
ઉપેન્દ્ર પ્રભુ તુજને કોણ કહેશે,
થઈશ [જો] દુઃખ દેવામાં સામેલ, હાડે૦

શાંતિની ગેયભાવના.

પદ ૩૨. (જીવ ભજી લે સદ્‌ગુરુદાતાને, એ લય.)
મારૂ જીવન સતત વહે શાંતિમાં,
શાંતિમાં–વિશ્રાંતિમાં; મારૂં૦
વસ્તુવિચારે કરી મન પડતું,–નથી અવનતિની ભ્રાંતિમાં,
ઉચ્ચ લક્ષ્યને લક્ષી રહેતાં, સતત વહે ઉત્ક્રાંતિમાં;—
હર્ષ શોક ન થતા અનુકૂલ પ્રતિકૂલ સ્થિતિની સંપ્રાપ્તિમાં,
દ્વૈતભાવ ક્યાંથી પ્રકટે આ, ચિન્મયતાની વ્યાપ્તિમાં;—
અતૃપ્તિના અંતરના અંકુર, પરિણમતા પર્યાપ્તિમાં,
ઉપેન્દ્ર એક અચલ સ્વરૂપે રહું, આદિ, મધ્યે કે સમાપ્તિમાં;—

---

૧ હજાર આંખવાળો.

સુખી જીવનગૃહ.

પદ ૩૩. (કહું મન કેટલું, એ લય.)

પનોતું જાણજે, સુખી જીવનગૃહ તો સદાય.
જે ગૃહમાંહિ કુટુંબિ જન સઉ,
પરસ્પરને બહુ સ્નેહથી ચહાય; પનોતું૦
નાનાં મોટાં ઘરનાં જન સઉ,
ઘડીભર સાથે બેસી ગાય; પનોતું૦
ભલે હોયને સૂકો ટુકડો,
પરંતુ સઉ સાથે મળી ખાય; પનોતું૦
દંપતી સાથે સાધે સ્નેહે,
ક્રિયા જે સહકારી કહેવાય, પનોતું૦
કળીસરખાં બાલક પણ જેમાં,
પ્રફુલ્લિત બનતાં-ખીલતાં જાય, પનોતું૦
સર્વત્રડે જ્યાં સદા સર્વદા,
હેતે અતિથિઆતિથ્ય કરાય, પનોતું૦
પતિપત્ની જ્યાં એક બીજાને,
જરી જરી જોતામાં હરખાય, પનોતું૦
બેસી પરસ્પરમાં નિજ હિતની,
નિરંતર કઇ કંઈ વાતો થાય; પનોતું૦
ભલે ન હોયે કોચ ખુરશી પણ,
બિછાતું સ્નેહતું જ્યાં પથરાય; પનોતું૦
એકરાગ ને એકરૂપતા,
સદોદિત જ્યાં અનવધિ રેલાય; પનોતું૦
(જે) હર્ષે હસતાં, ક્લેશે હસતાં,
રહે જે સદા સંતોષની માંય; પનોતું૦
પ્રભુનું નામસ્મરણ જ્યાં થાતું,
સુખી જીવનગૃહ તે જ ગણાય, પનોતું૦
નિજ ગૃહને એવું કરવાને,
થતો તત્પર સજ્જનસમુદાય; પનોતું૦

इष्टवचननुं माहात्म्य.

પદ ૩૪.

सर्व धर्मान् परित्यज्य मामेक शरणं व्रज ।
अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥[1]

એ મધુર પ્રભુના વચન ! તુજમાં અમૃતથી પણ અધિક છે,
શ્રદ્ધાલુ જનને હૃદય તું, દૃઢ ધૈર્યકેરૂં પ્રતીક છે;
રણકાર તુજ કર્ણે પડે ત્યાં ઉરે કંઇ કંઈ થાય છે,
કોઈ અવનવી અદ્‌ભુત ખુમારી, ઉરવિષે ઉભરાય છે.
જવ ઉપાધિથી ત્રસ્ત ને વળી ભયાકુલ મન થાય છે,
આ મર્મવાળા શબ્દકેરૂં મૂલ્ય તવ સમજાય છે;
આ દશદિશાથી દુઃખ, ક્લેશ, વિપત્તિની વૃષ્ટિ થતી,
તવ મઢીરૂપ થઈ દિવ્ય વાણી ! તુ જ મુજને રક્ષતી.
આ નિત્યના જીવનતણા રગડાથી થૈને શ્રમિત હું,
વળી આધિવ્યાધિઉપાધિ નિરખી થયો હઉં ભયભીત હું;
શંકા, પ્રતિકૂલ ભાવનાથી, બન્યો હઉં શંકિત હું,
તે ક્ષણે સાવધ કરે મુજને, એવી વાણી તુ જ તું.
હું પદચ્યુત થઈને કદી, અચ્યુતસ્મરણથી વિમુખ થઈ,
કે કોઈ દુસ્સંસ્કારથી હું વિપથમાંહિ જઉં વહી;
કે આ જીવનની વિષમ ક્ષણ જેમાં કશું સુઝે નહિ,
તે સમય આશ્વાસન દીયો, પ્રભુ ! દિવ્ય વાણી એ કહી;—

सर्व धर्मान् परित्यज्य मामेकं शरण व्रज ॥
अह त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥

लौकिक अभ्युदयकरतां पारलौकिक अभ्युदय अधिक स्पृहणीय छे.

પદ ૩૫. (કૃતિ મન વચને એક રહીશ, એ લય.)

મારે મન એ ન અધિક,
હું કયાં જન્મ્યો ને કોને ત્યાં, કે મારા પૂર્વજ કોણ હતા,
હૂ ભલે ભિખારી હોઉં છતાં; મારે મન એ ન અધિક.
કુળવાન્ ગણાઉં કે હું નહિ, લોકે મુજ ખ્યાતિ થઈ કે ગઇ,
કે' મને ખુશામતિયા ભાઇ ભાઇ, મારે મન એ ન અધિક.
પણ મારા પોતામાં શું છે, મુજ જીવન પવિત્ર કેવું છે;
મુજ બંધુ ! ખરેખર કહું છું કે, મારે મન એ જ અધિક.
જીવું કે ન જીવું વર્ષ બહુ, સંસારી રહું કે ત્યાગી થઉં,

---

[1] ધર્મમાત્રનો પરિત્યાગ કરીને મારા એકલાનું જ શરણ ગ્રહણ કર, હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ. શોચન ન કર.

વસું મહેલે કે ઝુંપડીમાં હું, મારે મન એ ન અધિક.
પણ મુજથી જે કંઇ થઈ શકતું, તે સર્વોત્તમ થતું કે ન થતું,
(મુજ) વાસ્તવ હિત કરતું ન કે કરતું, મારે મન એ જ અધિક.
મુજ બંધુના નેત્રથી પડતાં, અશ્રુદુ:ખનાં ઉર કંપવતાં,
જો મને આવડ્યાં તે લુછતાં; મારે મન એ જ અધિક.
સુખશય્યામાં આ દેહ જશે, કે જંગલમાં રઝળી પડશે,
એને બુરાડશે કે ફુંકશે, મારે મન એ ન અધિક.
પણ જવ અવસાનસમય આવે, તે ક્ષણ સાક્ષાત્ પ્રભુ ભાવે,
આવી કહે "મુજ રૂપ થા હાવે," મારે મન એ જ અધિક.
જો આવાં કર્તવ્યોઅર્થે, આ જીવન સદોદિત પ્રવર્તે:
તો જે આનંદ ઉરે વર્તે, મારે મન એ જ અધિક.

अमर्याद स्वरूपप्रदेशमां विहरनारनी उक्ति.

પદ ૩૬. (છોડી દે આ ઉદાસી, એલય)

રહીએ કાં દ્વાર વાસી,
વહીએ થઇ વિશ્વવિલાસી રે; રહીએ.
શરીરમાં બંધાઇ રહીએ શીદ, થઈને દેહાધ્યાસીરે; રહીએ૦
આશ્રમનું બંધન શીદ વ્હોરવું, થઈ યતિ કે સંન્યાસી રે; રહીએ૦
મનથી બંધાઇએ શી રીતે, એ પણ (જ્યાં) મિથ્યાભાસીરે; રહીએ૦
દેશ કાલ વસ્તુ ના બાંધે, છઈએ સતત પ્રવાસી રે; રહીએ૦
દગ્ધરજ્જુવત્ માયાથી બં—ધાવાની (તો) આશા શી રે; રહીએ૦
અહં મમત્વ શી રીતે બાંધે, એ જ ગયું જ્યાં નાસીરે; રહીએ૦
બંધનકર્તા દ્વારમાત્ર ખોલ્યાં થઈ તત્ત્વાભ્યાસી રે; રહીએ૦
અનંત આ આકાશે ઉડીએ, ચઢીને અગમ અગાસીરે; રહીએ૦
ઉપેન્દ્ર પ્રભુપદમાં રમીએ ત્યાં, કહો ક્યાંના રહેવાસીરે; રહીએ૦

मिथ्या ज्ञानी थवानुं छोडी अनुभव ज्ञानी थवा अर्थे मर्मवचनो.

પદ ૩૭ (જરી ધીમે ગાડી હાંકોરે, એ લય.)

મારૂં ઢોલકડુંએ[1] કહે છે રે, કાંઇ વેદાંતની વાતો.
મારો તંબુરોએ કહે છે રે, કાંઇ વેદાતની વાતો.
મારા મંજીરાએ કહે છે રે, કાંઇ વેદાતની વાતો.
જીવ શિવ મિથ્યા ભેદ છે, હું તું તે એ ભ્રમ,
કહે ઢોલકડા! શું બધે, વ્યાપ્યું છે એક? 'બ્રહ્મ' રે. મારૂં૦
પણ એમ કીધે શું વળ્યું, સમજાયો નહિ મર્મ,
એવું ને એવું રહ્યું આ, 'બ્રહ્મ' બોલતું ચર્મ રે; મારૂં૦

---

1 ઢોલક પણ.

બોલ્યાથી ન વળે કશું, કરો કૃતિમાં કાંઇ,
તો તો મનુષ્ય છો નહિ તો, આ ઢોલકના ભાઇરે; મારું૰
તત્‌રૂપ જે ચૈતન્ય તે, શું એ મોટો ભ્રમ,
કહે તબુરા ! આત્મતત્ત્વ જે કહે છે તે કોણ ! 'ત્વમ્'રે; મારું૰
રણકારી લરકારીને, કહે તંબુરો ' તું ',
ક્યાં છે તેને જાણવું પછી; કોણ તું ને કોણ હું; મારું૰
તત્ત્વમસિ ઉપદેશનું, પામો અનુભવ જ્ઞાન,
તો તો જ્ઞાની નહિ તો મારા, આ તંબુરાસમાન: મારો૰
મજીરા પણ બોલતા, જાણે ' અહમ્ અહમ્ ',
પણ હું તું તે વસ્તુ શી, તેની તો નથી ગમરે; મારો૰
સમજે નહિ ને મો'વડે, મિથ્યા બોલ્યે જાય,
મંજીરાની પેઠે તે પણ, માંહ્યોમાંહ્ય કુટાયરે. મારો૰
જ્ઞાન તો છે સારું ઘણું, પણ સમજી જો ગ્રહાય,
તો તો સાર્થક નહિ તો મિથ્યા, જ્ઞાનથી હાસ્ય જ થાયરે; મારા૰

હૃદયમાં પ્રત્યક્ષ થવા શ્રી ઇષ્ટને વિકલ વૃત્તિનાં વચનો.

પદ. ૩૮ (મોહબાણુ ન મારો, એ લય.)

આવો, આવો, મનાઓ, હૃદયમણિ.
હૃદયમણિ, મારા સાચા ધણિ,—
વૃત્તિ ચણચણતી અહોરાત, કહો કહેવી કોને વત,
જાણી જોઇ કાં મુઝાવો; હૃદયમણિ.
કરતા આવ્યા પેલેથી આવાં કામ, જાણ્યા નિષ્ઠુર તમને શ્યામ
તો એ કરુણાળુ કહાવો !: હૃદયમણિ.
ગાંડી ઘેલી કીધી વ્રજનાર, પછી ત્યજતાં ન કીધો વિચાર,
કર ત્યજવા શું સ્હાઓ ? હૃદયમણિ,
સાચો આશ્રય આપનો નાથ, જાણી ચરણે ભરી મેં બાથ,
તો ત્યાં પગને ઉઠાવો; હૃદયમણિ.
એ શું યોગ્ય તમારી રીત, આ શું કરવી પરાણે પ્રી ! ?
જરી તો લજવાઓ; હૃદયમણિ.

મન મારૂં જ છે મતિમંદ, જેથી આપની સાથ સંબંધ,
બાંધી [પછી] કરે પસ્તાવો; હૃદયમણિ.
કોઇ તમને તો ન કહે કાંય, ભાવ મારો જ ન્યૂન ગણાય,
ધારો ઉલટો છે આવો; હૃદયમણિ.
પણ સર્વજ્ઞ છો તમે નાથ ! તેથી સમજી જાઓ મનસાથ,
કોના ન્યૂન છે ભાવો; હૃદયમણિ.
મારા હૃદયતણો શૃંગાર ! મારા હૈયાકેરા હાર,
(આ) રંક હૃદય દીપાવો; હૃદયમણિ.

प्र० बहेन.

पोतानामां स्वरूपैश्वर्यनुं भान करनार अभिमानीनां उद्गार.

પદ ૩૯. ગઝલ.

વૃથા શંકા બધી છોડી, હવે નિઃશંક થા ભાઇ !
ધરી શ્રદ્ધા અચલ ઓ વીર ! ઝટ તું આવી જા આંહિં.
ખરેખર સુખ શાંતિ શું ચહે છે તુજ જીવનમાં ?
અરે તો યાર આવી જા અમારા અખાડામાંહી,—
અરે કાં જંગલે શોધે, જડીબુટ્ટી ચમત્કારી,
બતાવું આવ એ તો છે, અમારા હાથની માંહી.
અરે શું શોધ તો તુ પ્રેમ—પ્રેમતણી બૂમો પાડી,
અખિલ આ વિશ્વપ્રેમ ભર્યો અમારી આંખની માંહિ.
અરે સંપત્તિકાજે કાં ગુલામોં ગુલામની કરતો,
જરી તો જો ભરી સંપત્તિઓ. અમ ચરણની માંહિ.
ભર્યું છે ગૂઢથી પણ ગૂઢ સઉ અમ ભજનની માંહિ.
અરે શું સિદ્ધિ સિદ્ધિઓ કરી તું શોધતો ફરતો,
રહી છે સિદ્ધિની કુંચી અમારી વાણી ની માંહિ.
અરે શું સઉથી ઉંચું ભાળવા આંખો ઉંચી કરતો,
જરી નીચો વળીને જો અમારા હૃદયની માહિ
નથી જે સિદ્ધની પાસે, નથી જે યોગિની પાસે,
નથી જે જ્ઞાનીપાસે તે અમારી ઝોળીની માંહિ.
અરે જોવા ચહે શુ અચલ અનુભવકેરી ખુમારી,
જુએ છે કાં બીજે, જો તો અમારી ખોપરી માંહિ

જગત્‌નું કે જગત્‌ની બ્હારનું જે કાંઈ તું ઇચ્છે,
ભર્યું છે જાણ નિશ્ચય તે બધું આ અમારા માંહિ.
કરી લે યત્ન જોવાનો, નહિ તો માગી લે યુક્તિ,
છું તત્પર આપવા, છે જોર લેવા, તમારામાંહિ ?

सर्व कोईनी श्रद्धानी कसोटी थाय छे.

પદ ૪૦. [બદકીસમતીસેં હો ગયે સામાં નયે નયે એ લય.]

આ શ્રદ્ધાની કસોટીમાં આવ્યા ભલા ભલા,
ભક્ત, યોગી જ્ઞાની ને મુનિ ભલા ભલા;—આ૦
આવ્યા, જેણે ધાર્યા જટા, અજિન મેખલા,
કસોટીમાંહિ બ્રહ્મચારીઓ ભલા ભલા;—
ઘોર અરણ્યે વસી રહે જે એકલા,
સપડાયા કસોટીમાં તપસ્વી ભલા ભલા;—
વ્યવહારકેરી ઉત્તમ જે આપતા સલા,
આવ્યા છે તેવાએ કસોટીમાં ભલા ભલા;—
સીતા, સાવિત્રી, અનસૂયા ને અહલ્યા,
મૂકાયાં કસોટીમાં એવાં પણ ભલાં ભલાં;—
કેટલા દઉં દાખલા આગલા ને પાછલા,
કસોટીમાંથી બાકી નથી રહ્યા ભલા ભલા;—
માટે કહું છું ડર નહિ કસોટીથી અલ્યા !
આ શ્રદ્ધાની કસોટીમાં આવ્યા ભલા ભલા.

आत्मस्वरूपनो अंतरमां साक्षात्कार करवा उपदेश.

પદ ૪૧ [બોલતા કયું નહિ રે હરનામ, એ લય.]

જોતો કાં નથી તું નિજ રૂપ.
દેવને જોતો, દેવીને જોતો, જોતો સાધુ સંત,
એથી ન કંઈ સાચું વળે છો, શોધે યુગપર્યંત; જોતો૦
શાસ્ત્રને જોતો, વેદને જોતો, જોતો વિધવિધ પંથ,
અન્ય પુરુષથી શું વળે, જ્યાં લગી ન જડે નિજ કંથ; જોતો૦
અંતરૂથી પણ અંતર જે તે—ને તું શોધે બહાર,
આ જ કિનારે ભટકયેથી, શી રીતે જઈશ તું પાર; જોતો૦
આંખ ઉઘાડયે જે ન જણાતું, આંખ મીંચ્યે દેખાય,
યત્નવડે તે નથી પમાતું, વિણ યત્ને જ પમાય; જોતો૦

જેને તારૂં ગણી રહ્યો છે, કેવળ તેની પૂંઠ,—
વાસ્તવ તારૂં નિજરૂપ ઝળકે, દૃષ્ટ અને અદૃષ્ટ; જોતો૦
તુજપણું જેને તું જાણે, તેની ભીતર પહોંચ,
ભીતર જાતાં, અગમ્ય ગતિથી, ચઢી જઈશ તું ટોચ; જોતો૦
પૂરેપૂરે ઉંડો ઉતર્યે, જોઈશ તું નિજરૂપ,
બાહ્ય ભૂમિ તો ઉખર ભૂમિ છે, [એ] અંતરભૂમિ ફળદ્રુપ; જોતો૦
એ તારૂં રૂપ જોવા અર્થે, દૃશ્યનો કરજે બાધ,
છોડીશ તુજ લઘુતા તો જોઈશ, વાસ્તવ વસ્તુ અગાધ; જોતો૦

શ્રી ઇષ્ટમાતિ અભ્યર્થના.

પદ૦ ૪૨. (થઈ પ્રેમવશ પાતળીયા, એ લય)

જાગો, જીવનપતિ ! જાગો,
મુખઘુંઘટને કરી આઘો રે; જાગો૦
જગાડવા મનરંજન ગાયા, મેં કંઇ કંઇ સુંદર રાગો,
અન્નજળવિણ કરી ઘણી લાંઘો, કર્યા જપ ને વિધવિધ યાગોરે;—
સમજી શકું નહિ હજી રહ્યો શું, આપનો આપવો લાગો,
નિદ્રા હવે તો ત્યાગો, મળી બોલવો વિરહની આગોરે;—
અલ્પ પ્રયત્નથી પ્રસન્ન થઇને, ઉરની અવિદ્યા ભાંગો,
રંકપાસે અધિક ન માગો, અન્ય ચિંતનથી હવે તાગોરે;—
નરહરિ નાથ ગણી મુજને નિજ, અંતરથી અનુરાગો,
હરવા આ ભેદનો ડાઘો, નિજ રૂપ કરો સર્વાંગોરે;—

શ્રી જ૦ દેવી.

મૂર્ધારૂપ ગગનમંડળમાં ઉડ્ડયન કરવા જીવપક્ષીને સૂચના.

પદ૦ ૪૩ (ચલા જારે, બેદર્દી, સિપઇયા, એ લય.)

ઉડી જા રે, ગગનમાં, પંખિડા ! શું અહિંયાં તહિંયાં,
ભટકે આમ નીચી ભૂમિમાં.
ઝટ વહી જા, સ્થિર થઇ જા, શું
કેવું, કેવું, કેવું છે પેલું, આકાશ ભૂરૂં દ્રવ્યભરેલું,
તારો ત્યાં માળો, અગમ રૂપાળો, પંખિ ! ઉડાણ ત્યાં કરવાને હાલો;—
જે છે, જે છે, સઉથી પર જે છે, સ્થાનક તારા નિવાસનું તે છે,
જીવત્વગાળો, ત્રોડીને ચાલો, ઊર્ધ્વ પ્રદેશ જે બૃહદ્ રસાળો;—
તું તો, તું તો, અધોદેશ ફરતો, મુક્તત્વ તારૂં સમૂલ જે હરતો,
છોડી એ ફાંસી, બનીને ઉલ્લાસી, થઇ રહે તું આજ ગગનનિવાસી;—

जगत्‌मां आवीने वास्तव कर्तव्य न करनारप्रति उपालंभवचनो.

પદ ૪૪ (મઝા દેતે હૈ કયા યાર એ લય.)

કયા કીયા કહો યહાં આઈ, આલમમેં આને વાલે !
લે કર ખુબ ષડ્રસ સ્વાદ, યહ જીંદગી કી બરબાદ,
કુછ કિયા પ્રભુકાં યાદ ? લ ુ ઉડાનેવાલે !—
ધું ધું કર પ્રાનાયામ, લે લીયા યોગીકા નામ,
કુછ દેખા સ્વરૂપ લલામ ? ફુકી સુકાનેવાલે !—
લે કર ભક્તિકા વેશ, ખુબ કીયા ઠાઠ હમેશ;
કુછ દેખા હૃદય, હૃષીકેશ ! ઝાંઝર બજાનેવાલે !—
કહેતે તુમ કરતે જાપ, કુછ ધોયા હૃદયસેં પાપ,
ધોઈ જીવપનેકી છાપ ? માલા ફીરાનેવાલે !—
લે મિથ્યા ગુરુકાવેશ, જો દેતે હો ઉપદેશ,
વો આચરતે હો લેશ ? દુનીયા બુડાનેવાલે !—
જો ચાહો તુમ કલ્યાન, તો ધરો ઇસીવર ધ્યાન,
ફીર નહિ મિલે ભગવાન્, ઐસે સુનાનેવાલે;—

इष्टमूर्तिने संमुख जोती वृत्तिनां रसभरित वचनो.

પદ. ૪૫ [શીતલચંદ્ર જેવું વદન કાંતિ માન, એલયે.]

કંદર્પ કોટિસરખી, આ મૂર્તિ શી ! લહાય,
અવનવું આ નેત્રે ન્યાળી, ઉરમાં કંઈ-કંઇક થાય.
જોવા એ ઇચ્છું ન તો એ, જોવાઇ જવાયે છે,
સાવધ રહું તોએ છુપાં રોમાંચ થાયે છે,
મનથી ચહું એના દૂર જાય, જાય, જાય કે વિલાય,—
લજ્જાનું કારણ નહિ પણ લજવાઇ જવાયે છે,
ઇચ્છું ન. તો એ ભાવો ભજવાઇ જવાયે છે,
કારણ જે આનું ગુપ્ત કાંય, કાંય, કાંય [તે] ન જણાય;—
એને હું હસતી જોતા હુંથી હસાયે છે,
એને હું વસતી જોતાં હુંથી ધસાયે છે,
પ્રેમામૃત આંખલડીએ પાય, પાય, પાય, હરખાય;—
એને કરૂં પરવશ કે એ મુજને બનાવે છે,

ન જઉં હું કે એ મારા પ્રતિ આવે છે,
ું આ શું થાય, થાય, થાય, ન કળાય;–
ન એ મુજમાં કે હું એમાં શમાઉં છું,
ારાથી એ કે એનાથી હું શરમાઉં છું,
ી જાણ્યુ ન જાય, જાય, જાય, એ જરાય;–
જાણ્યો–જાણ્યો આ બધો ખેલ તો ઠાલો છે,
આકર્ષે–આકર્ષે, એ તો મુજ વહાલો છે,
શમીએ આ એક બીજામાંહ્ય, માંહ્ય, માંહ્ય, તે સદાય;–

જયગુરુ.

પદ. ૪૬ [દશદિશ શાંતિ કેવી છવાઇ, એલય.]
સાધક બંધુપ્રતિ સસ્નેહ, વદીએ જયગુરુ,
અર્પો શ્રેય નિ:સંદેહ, તમને સદ્ગુરુ.
હોયે પરમ હિતકર જેહ,
દેજો શીઘ્રતાથી તેહ; તમને સદ્ગુરુ.
સાર્થક થવા માનવ દેહ,
સિંચો નિજ કૃપારૂપ મેહ, તમને સદ્ગુરુ.
નિજ રૂપ કરો દાખવી નેહ,
અભિલાષા અમારી એહ; તમને સદ્ગુરુ.